# સ્વાધ્યાય

અક્ષયતૃતીયા
વિ. સં. ૨૦૨૪

પુસ્તક ૫
અંક ૩



વામનાવતાર–વિષ્ણુ
( ખજુરાહો-મ્યૂઝિયમ )

કૉપીરાઈટ, ડિરેક્ટર જનરલ ઑફ આર્કર્યોલૉજી ઇન ઇન્ડિયા

સ્વાધ્યાય
અને
સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય
વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષય-તૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલ ખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે ...૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉકસ નં. ૭૫,
**વડોદરા.**

**સંપાદક**

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા. જૂન, ૧૯૬૮.

સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૨૪ | પુસ્તક ૫
ને
એપ્રિલ, ૧૯૬૮ | અંક ૩

# ગૂર્જરદેશરાજવંશાવલી

અંબાલાલ પ્રેમચંદ શાહ

આ 'ગૂર્જરદેશરાજવંશાવલી' નામનું ૯૫ પદ્યોનું કાવ્ય છે. એને શતક કહી શકાય. આ કાવ્ય હજી સુધી પ્રકાશિત થયું નથી. કેટલાક વિદ્વાનોએ આનો ઉલ્લેખ માત્ર કર્યો છે પણ કાવ્યની વિસ્તારથી કોઈએ માહિતી આપી નથી.

મને આ કાવ્યની બે હસ્તલિખિત પ્રતિઓ અમદાવાદના લા૦ દ૦ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના સંગ્રહમાંથી મળી આવી છે. તેમાં શ્રી. કીર્તિમુનિના ભંડારની નં. ૮૨૬ની પ્રતિ ૬ પાનાંની છે. તેને અંતે આ પ્રકારે પુષ્પિકા છે:—

**इति श्रीगूर्जरदेशनिर्मितराज्यस्थितीनां नामानि निबन्धितानि, पं० रंगविजय० पं० सं० १९३५मा माघमासे ल० दवे केशवलाल रामचन्द्र। लीमडि।**

બીજી પ્રતિ નં. ૮૩૯૬ની ૪ પાનાંની છે. તેને અંતે આ પ્રકારે પુષ્પિકા છે:—

**पं० रंगविजयग० पं० अमृतसत्के पं. श्रीलब्धिविजयजित्कस्यार्थे लि० पं० धर्मविजयेन वृद्धश्रीजीसत्केन सं. १८७२ मासोत्तममासे ज्येष्ठमासे कृष्णपक्षे चतुर्थीवासरे श्रीतडित्पुरवरे श्रेयोऽस्तु।**

ત્રીજી બે પાનાંની એક અપૂર્ણ પ્રતિ અમદાવાદના ભો. જે. ઇન્સ્ટિટ્યૂટના સંગ્રહ નં. ૭૨૯ની મળી હતી.

બીજા નંબરની પ્રતિ કર્તાએ સં. ૧૮૬૫માં આ કાવ્યની રચના કરી તે પછી ૭ વર્ષે લખાયેલી છે.

આ ત્રણે પ્રતિઓ ઉપરથી મૂળ પાઠનું સંશોધન કરી તે મૂળ પાઠ, તેનો ટૂંકો સારાંશ અને તેની આલોચનાત્મક માહિતી અહીં રજૂ કરું છું.

આ કાવ્યના કર્તા પં. રંગવિજયજી જૈન મુનિ છે. તેમણે પહેલા પદ્યમાં મંગલાચરણ કરવા સાથે જ ગૂર્જર દેશમાં થયેલા રાજાઓની નામાવલી આપવાની પ્રતિજ્ઞા કરી છે. કાવ્યનાં પદ્યોમાં અનુષ્ટુપ્, આર્યા, ઉપજાતિ, વસંતતિલકા, શાર્દૂલવિક્રીડિત, સ્રગ્ધરા વગેરે છંદોનો કર્તાએ

ઉપયોગ કર્યો છે. પદ્યબંધ શિથિલ લાગે તેનું કારણ તો પદ્યમાં તેમને નામ, વર્ષો અને સંવતની યથાસ્થિત નોંધ ગૂંથવાની છે તે છે. તેમની કોઈ બીજી રચના હોય તો જાણવામાં આવ્યું નથી. આ એકમાત્ર કૃતિ ઉપરથી તેમની રચનાશૈલી પ્રાસાદિક હોવાનો ખ્યાલ આવે છે. તેઓ કોના શિષ્ય હતા એ વિશે તેમણે કંઈ પણ જણાવ્યું નથી, પણ તેમણે સં. ૧૮૬૫માં આ કાવ્યની રચના કરી છે એટલે તેમનો સમય નિશ્ચિત છે. ઇતિહાસના આલેખક આ મુનિ પોતાના ઇતિહાસ વિશે મૌન સેવે છે તે આશ્ચર્યકારક છે.

તેમણે આ કૃતિ યવન રાજવી રોમટના આદેશથી ખત્રી ભગવંતરાય પાસેથી રાજાઓની માહિતી સાંભળીને રચી છે, પરંતુ રોમટ રાજા અને ભગવંતરાય વિશે કોઈ વિશેષ માહિતી આપી નથી. તેમણે રોમટ રાજાને દાની અને નીતિશાલી દર્શાવ્યો છે. તેથી તેઓ રોમટ રાજાના આશ્રિત યતિ હશે ને તેમણે એ રાજા ઉપર ધાર્મિક પ્રભાવ પાડી નીતિમાન બનાવ્યો હશે એવું અનુમાન સહેજે નીકળે છે.

કાવ્યમાં કર્તાએ (૧) મગધના રાજવીઓ અને તે પછી ઉજ્જૈનીની ગાદીએ આવેલા રાજવીઓનાં નામો અને તેમનાં રાજકાળનાં વર્ષો આપ્યાં છે. તે પછી (૨) ચાપોત્કટ વંશ, (૩) ચૌલુકયવંશ, (૪) વાઘેલાવંશ અને (૫) યવનવંશના રાજવીઓનું વર્ણન આપ્યું છે. આમ આ કાવ્ય પાંચ વર્ગમાં વિભક્ત થયેલું છે.

કર્તાની સામે જે પરંપરા છે તે શ્રી. મેરુતુંગસૂરિની 'વિચારશ્રેણિ'ને ઘણીખરી મળતી આવે છે. તેમણે ભ૦ મહાવીરના નિર્વાણથી લઈને યવનવંશીય મહમ્મુદ સં. ૧૭૬૯, જેણે ૩૨ વર્ષ રાજ્ય ભોગવ્યું—ત્યાં સુધીની નોંધ લીધી છે. આમ તેમણે ૨૨૭૧ વર્ષોના ગાળાના રાજવીઓને નોંધ્યા છે. છેલ્લા ત્રણ રાજાઓનો રાજકાળ દર્શાવ્યો નથી. એટલે સંભવ છે કે, પોતાના સમય સુધીના રાજવીઓનાં નામો તેમણે ગણાવી દીધાં હોય.

પ્રત્યેક રાજા માટે કર્તાએ મોટે ભાગે એકેક પદ્યમાં નામ અને તેનાં રાજકાળનાં વર્ષો આપ્યાં છે. ચાવડા, સોલંકી, વાઘેલા તેમજ યવનવંશના રાજાઓનાં રાજકાળનાં વર્ષો ઉપરાંત વિક્રમ સંવત્ વારીની નોંધ આપી છે. એક કરતાં વધારે પદ્યોમાં જેમનું વર્ણન આપ્યું છે તેમાં ખાસ કરીને ચંદ્રગુપ્ત મૌર્ય, વિક્રમાદિત્ય, બલમિત્ર, ભાનુ, કુમારપાલ અને અકબરનાં નામો ગણાવી શકાય. આ રાજવીઓએ પ્રજાજીવનમાં દયા, દાન, અમારિ જેવા સંસ્કારોનું સિંચન કરવા ભારે પ્રયત્ન કર્યો હતો. તેથી તેમને વધુ સ્મરણીય બતાવ્યા છે. ખાસ કરીને કુમારપાળ વિશે તેમણે ૮–૯ પદ્યોમાં વર્ણન આપ્યું છે. તેમાંયે તેમના મંત્રી બાહડ (વાગ્ભટ)નાં ધર્મકૃત્યોની ધ્યાન ખેંચે તેવી નોંધ આપી છે. આ બાહડ તે સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના વખતમાં પણ મહામાત્ય તરીકે પ્રસિદ્ધિ પામેલા વિચક્ષણ રાજનીતિજ્ઞ ઉદયન મંત્રીના પુત્ર હતા.

એ પછી ધોળકામાં રાજ્ય કરતા વીરધવલ રાજવીના મહામાત્ય વસ્તુપાલ અને તેજપાલની પણ નોંધ લીધી છે. એમના સમયે જ્ઞાતિભેદ થયાની હકીકત ધ્યાન ખેંચે તેવી છે. વીસલદેવરાજાના વર્ણનમાં એ સમયે જગડૂ નામે શ્રેષ્ઠી થયાની યાદ આપી છે (જેમણે ગુજરાતમાં પડેલા દુકાળમાં પોતે સંગ્રહી રાખેલા અનાજના ભંડારો ખોલી નાખી લોકોને બચાવ્યા હતા).

એ પછી અકબરના વર્ણનમાં આ૦ હીરવિજયસૂરિના ઉપદેશથી અમારિ ઘોષણા વગેરે કૃત્યોની યાદગાર નોંધ છે. આમ તેમણે જૈન અગર જૈનોના પ્રભાવ તળે આવેલા રાજાઓ અને મંત્રીઓને વધુ યાદગાર બનાવ્યા છે.

કાવ્યના આરંભમાં મગધ અને ઉજ્જૈનીના રાજવીઓનાં નામો ગણાવ્યાં છે. વસ્તુત: એ સમયે 'ગુજરાત' નામ અસ્તિત્વમાં આવ્યું નહોતું. અલબત્ત, એ સમયે આજના ગુજરાતનાં સૌરાષ્ટ્ર, આનર્ત, લાટ એવાં જે વિભાગીય નામો હતાં તે પ્રદેશો ઉપર એ રાજવીઓનો સીધો નહિ તો આડકતરો અમલ હશે એવું અનુમાન કરવાને કર્તા આપણને દોરવે છે. એ રાજવીઓના રાજકાળનાં વર્ષોની નોંધ પણ બરાબર જણાતી નથી. 'વિચારશ્રેણિ'માં આપેલી નોંધથી પણ કંઈક ભિન્નતા છે.

બલમિત્ર (પદ્ય: ૧૮) સુધીનાં નામો એક યા બીજી રીતે આપણને પરિચિત છે પણ તે પછીનાં હરિમિત્ર, પ્રિયમિત્ર અને ભાનુ રાજાઓ કયા વંશના હતા અને કયા પ્રદેશ ઉપર તેમનો અમલ હતો એ બીના ઉપર અંધકાર પથરાયેલો છે. જૈનો જેને આમરાજના નામથી ઓળખે છે તે નાગાવલોક અગર નાગભટ (ઈ. સ. ૮૦૮ થી ૮૩૪) અને ભોજ (ઈ. સ. ૮૪૦ થી ૮૯૦) તો પ્રતીહારવંશના રાજવીઓ તરીકે જાણીતા છે. તેઓ કનોજ અને માલવા (ગ્વાલિયર)માં રાજ્ય કરતા હતા. ગુજરાતમાં મોઢેરામાં આમરાજનો જન્મ થયેલો. જૈનાચાર્ય બપ્પભટ્ટિસૂરિ સાથે આમરાજે અભ્યાસ કરેલો એવી નોંધ 'પ્રભાવકચરિત'કાર આપે છે (પૃ. ૮૨ શ્લો. ૬૧ થી ૭૫). પણ ગુજરાતમાં તેમના અમલ વિશે કંઈ પણ જાણવા મળતું નથી. કોઈ પ્રબંધકારે ગુજરાતમાં પ્રતીહારવંશના રાજવીઓના રાજઅમલ વિશે નોંધ આપી નથી. આથી જણાય છે કે, કર્તાની સામે કોઈ જૂની પરંપરા અવશ્ય છે જે એક કાળે પ્રતીહારવંશના રાજાઓના ગુજરાતમાં પ્રભુત્વનો નિર્દેશ કરતી હોય.

એ પછી ચાપોત્કટ, ચૌલુક્ય અને વાઘેલા વંશના રાજવીઓનો રાજકાળ સંવત્વારી-પૂર્વક આપ્યો છે ને તેમાં થોડાક તફાવત સિવાય વધુ ચોકસાઈ જણાઈ આવે છે.

એ પછી યવનવંશ વિશે એમણે દિલ્હીના રાજવીઓની નોંધ આપી છે. તેમનાં નામો અને વર્ષો તેમ જ સંવતોમાં ખૂબ ગરબડ છે. આ બધા રાજવીઓનો ગુજરાત ઉપર અમલ હોવાનું કર્તા સૂચવે છે, પરંતુ ગુજરાતમાં દિલ્હીના રાજવીઓથી સ્વતંત્ર બની બેઠેલા મુસ્લિમ સુલતાનો હતા; છતાં એ બધાને દિલ્હીના બાદશાહોના પ્રભાવતળેના કે ખંડિયા માની લઈએ તોપણ તે રાજાઓનાં નામો અને વર્ષોની માહિતી ખામીભરી છે. એ વિશે વધુ ચોકસાઈથી ખાતરી કરવાની જરૂર છે.

જે હકીકત જૈન ગ્રંથોમાંથી મળી આવે છે તેનો સાર આ પ્રમાણે છે:

ઉજ્જૈનીના રાજવી ચંડપ્રદ્યોતને પાલક અને ગોપાલ નામે બે પુત્રો અને વાસવદત્તા નામે એક પુત્રી હતી. વિ. સ. પૂર્વે ૪૭૦માં ભ. મહાવીરના નિર્વાણ સમયે પ્રદ્યોત રાજા પણ મરણ પામ્યો ને પાલક રાજા તેની ગાદીએ આવ્યો. તેણે ૬૦ વર્ષો રાજ્ય કર્યું. પાલક વંશના વિનાશ પછી અવંતીનું રાજ્ય મગધરાજ નંદોના હાથમાં ગયું.

નંદવંશનો પહેલો રાજા મહાપદ્મ નંદ હતો. તે પછી એ વંશના આઠ રાજાઓએ કુલ ૯૫ વર્ષ સુધી મગધનું રાજ્ય ભોગવ્યું.

એ પછી ચંદ્રગુપ્ત મૌર્ય નંદવંશનો નાશ કરી વીર નિ. સં. ૧૫૫માં મગધની ગાદીએ બેઠો. એના મહામાત્ય ચતુર ચાણક્યે એના રાજ્યનો પાયો મજબૂત બનાવી રાજ્યવિસ્તાર વધાર્યો. તે વંશના રાજાઓએ ૧૦૮ વર્ષ રાજ્ય ભોગવ્યું.

મૌર્ય વંશના છેલ્લા રાજવી બૃહદ્રથને મારીને તેનો સેનાપતિ પુષ્યમિત્ર વીર નિ. સં. ૩૦૪માં મગધની ગાદીએ ચડી બેઠો.

એ પછી મૌર્ય રાજવી સંપ્રતિએ ઉજ્જૈનીને પોતાની રાજધાની બનાવી એટલે મગધ અને ઉજ્જૈનીના રાજવીઓના રાજકાળનો મેળ બંધબેસતો નથી. પટ્ટાવલીઓ અને જૈન ગ્રંથો જુદી જુદી પરંપરાને અનુસરીને નોંધ આપે છે. ખાસ કરીને 'તિત્થોગાલીપયન્ના' તેમ જ 'દુષમગંડિકા' અને 'યુગપ્રધાનગંડિકા'ના આધારે પં. શ્રી. કલ્યાણવિજયજીએ એક રાજાવલી તૈયાર કરી શક સંવત્ સુધીનાં જે વર્ષો ગણાવ્યાં છે તેની સાથે પ્રસ્તુત 'ગૂર્જરદેશરાજાવલી'માં આપેલાં વર્ષોમાં જે તફાવત છે તે નીચેના કોષ્ટક ઉપરથી સમજાશે.

| | ગૂર્જરદેશરાજાવલી | તિત્થોગાલીપયન્ના | | દુષમગંડિકા, યુગપ્રધાનગંડિકા | |
|---|---|---|---|---|---|
| | વર્ષો | | વર્ષો | | વર્ષો |
| પાલક | ૬૦ | | ૬૦ | | ૨૦ |
| નંદ | ૧૫૫ | | ૧૫૦ | | ૧૫૮ |
| મૌર્ય | ૧૦૮ | | ૧૬૦ | | ૧૦૮ |
| પુષ્યમિત્ર | ૩૦ | | ૩૫ | | ૩૦ |
| બલમિત્ર-ભાનુમિત્ર | ૬૦ | | ૬૦ | | ૬૦ |
| નરવાહન | ૪૦ | નભઃસેન | ૪૦ | દધિવાહન | ૪૦ |
| ગર્દભિલ્લ | ૧૩ | | ૧૦૦ | | ૪૪ |
| શક | ૪ | | ૬૦૫ | | ૫૦ |
| વિક્રમાદિત્ય | ૮૬ | | | | ૯૭ |
| વિક્રમાદિત્યપુત્ર | ૪૯ | | | | ૩૮ |
| | ૬૦૫ | | | | ૬૦૫ |

એ જ રીતે ચાવડાવંશના રાજાઓના ક્રમ અને રાજકાળનાં વર્ષોમાં પ્રચલિત ઇતિહાસ મુજબ જે તફાવત છે તે નીચેના કોષ્ટક ઉપરથી ખ્યાલમાં આવી શકશે :

## ચાપોત્કટવંશ

| | | ગુર્જરદેશરાજાવલી | | ગુજરાતના ઇતિહાસો | | |
|---|---|---|---|---|---|---|
| | | સંવત્ | રાજકાળ | | સંવત્ | રાજકાળ |
| ૧ | વનરાજ | ૮૦૨ | ૬૦ | વનરાજ | ૮૦૨ | ૫૯ |
| ૨ | યોગરાજ | ૮૬૨ | ૨૫ | યોગરાજ | ૮૬૧ | ૯ |
| ૩ | ક્ષેમરાજ | ૮૯૭ | ૨૬ | રત્નાદિત્ય | ૮૭૦ | ૩ |
| ૪ | ભૂહડ | ૯૨૨ | ૨૯ | વૈરિસિંહ | ૮૭૩ | ૧૧ |
| ૫ | વયરસિંહ | ૯૫૧ | ૨૫ | ક્ષેમરાજ | ૮૮૪ | ૨૯ |
| ૬ | રત્નાદિત્ય | ૯૭૬ | ૧૫ | ચામુંડ | ૯૧૩ | ૩૧ |
| ૭ | સામંતસિંહ | ૯૯૧ | ૭ | રાહડ કે ઘાઘર | ૯૪૪ | ૨૭ |
| | | | ૧૯૬ | ભૂવડ | ૯૭૧ | ૨૭ |
| | | | | | | ૧૯૬ |

ચૌલુક્યવંશના રાજાઓનો રાજકાળ ખૂબ ચોકસાઈથી આપેલો જોવાય છે. છેલ્લા બાલ મૂલરાજમાં તે પછી થયેલા ભીમદેવ અને ત્રિભુવનપાલના રાજકાળનાં વર્ષો ગણીને ૬૩ મૂકેલાં છે. નીચેના કોષ્ટક ઉપરથી આ હકીકત સમજાશે.

## ચૌલુક્યવંશ

| | | ગુર્જરદેશરાજાવલી | | | ગુજરાતના ઇતિહાસો | |
|---|---|---|---|---|---|---|
| | | સંવત્ | વર્ષો | | સંવત્ | વર્ષો |
| ૧ | મૂળરાજ | ૯૯૮ | ૫૫ | | ૯૯૮ | ૫૫ |
| ૨ | ચામુંડરાજ | ૧૦૫૩ | ૧૩ | | ૧૦૫૩ | ૧૩ |
| ૩ | વલ્લભરાજ | ૧૦૬૬ | ૬ મહિના | | ૧૦૬૬ | ૬ મહિના |
| ૪ | દુર્લભરાજ | ૧૦૬૬ | ૧૧ાા | | ૧૦૬૬ | ૧૧ાા |
| ૫ | ભીમદેવ | ૧૦૭૮ | ૪૨ | | ૧૦૭૮ | ૪૨ |
| ૬ | કર્ણદેવ | ૧૧૨૦ | ૩૦ | | ૧૧૨૦ | ૩૦ |
| ૭ | સિદ્ધરાજ જયસિંહ | ૧૧૫૦ | ૪૯ | | ૧૧૫૦ | ૪૯ |
| ૮ | કુમારપાળ | ૧૧૯૯ | ૩૧ | | ૧૧૯૯ | ૩૧ |
| ૯ | અજયપાળ | ૧૨૩૦ | ૩ | | ૧૨૨૯ | ૩ |
| ૧૦ | બાલ મૂળરાજ | ૧૨૩૩ | ૬૩ | | ૧૨૩૨ | ૨ |
| | | | ૩૦૦ | ભીમદેવ | ૧૨૩૪ | ૬૩ |
| | | | | ત્રિભુવનપાલ | ૧૨૯૯ | |
| | | | | | | ૩૦૦ |

વાઘેલા વંશમાં તો રાજાઓનો ક્રમ બરાબર છે પણ તેમનાં રાજકાળનાં વર્ષોમાં ખૂબ ગરબડ છે તે નીચેના કોષ્ટક ઉપરથી જણાશે.

## વાઘેલાવંશ

| ગૂર્જરદેશરાજાવલી | સંવત્ | વર્ષો | ગુજરાતના ઇતિહાસો | સંવત્ | વર્ષો |
|---|---|---|---|---|---|
| વીરધવલ | ૧૨૯૮ | ૧૦ | વીરધવલ | ૧૨૭૬ | ૧૮ |
| વીસલદેવ | ૧૩૦૮ | ૧૮ | વીસલદેવ | ૧૨૯૪ | ૨૪ |
| અર્જુનદેવ | ૧૩૨૬ | ૧૪ | અર્જુનદેવ | ૧૩૧૮ | ૧૩ |
| સારંગદેવ | ૧૩૪૦ | ૨૧ | સારંગદેવ | ૧૩૩૧ | ૨૨ |
| કર્ણદેવ | ૧૩૬૧ | ૭ | કર્ણદેવ | ૧૩૫૩ | ૩ |
| | | ૭૦ | | | ૮૦ |

યવનવંશના રાજાઓ અને તેનાં રાજકાળનાં વર્ષોમાં તો બધી રીતે ગરબડ છે. તે વિશે બરાબર ચોકસાઈ કરવાની રહે છે.

# श्रीरङ्गविजयरचिता

# गूर्जरदेशराजवंशावली ।

**[ रचनासंवत् १८६५ ]**

श्रीगौतमगणधराय नमः ।

( १. प्रकीर्णकराजवंशाः )

प्रणम्य भारतीं भक्त्या विधाय हृदि सद्गुरुम् ।
श्रीमद्गूर्जरभूपानां नामानि कीर्त्यते मया ॥ १ ॥

[ पालकनृपः ]

वीरतीर्थपतिराप निर्वृतिं यत्र तत्र धरणीधरो निशि ।
पालकाह्वयनृपोऽजनि क्षितौ षष्टिवर्षमित ( ६० ) राज्यपालकः ॥ २ ॥

[ नवनन्दभूपाः, पालकाश्च ]

नवानां नन्दभूपानां राज्यानीह महीतले ।
तेन नाम्नैकवंशेषु बभूवुः पालकात् पुनः ॥ ३ ॥

[ मौर्यचन्द्रगुप्तराजा, चाणक्यमन्त्री ]

तेषां राज्याब्दानि पञ्चपञ्चाशदधिकशतमितानि ( १५५ ) ।
चाणक्य-चन्द्रगुप्तौ तत्समये प्रवरबुद्धिधरौ ॥ ४ ॥

तत्पृष्ठतो मौरिकराजराजा भूपो बभूवाथ महान् गुणज्ञः ।
अष्टाधिकं तत् सशताब्दसंख्यं ( १०८ ) राज्यं विशालं प्रभुतासमेतम् ॥ ५ ॥

[ पुष्यमित्रनृपतिः ]

पुष्यमित्रनृपतिर्गुणाग्रणीर्भूपतिः प्रबलभाग्यवानभूत् ।
त्रिंशदब्धमित ( ३० ) राज्यसंभवां संपदं सुरसमां चकार सः ॥ ६ ॥

[ बलमित्र-भानुमित्रराजानौ ]

बलमित्र-भानुमित्रौ बभूवतुश्च राज्यधारकौ प्रवरौ ।
षष्ठ्यब्दप्रमितं ( ६० ) चैतयोः सुराज्यं च विज्ञेयम् ॥ ७ ॥

[ नरवाहनमहीपतिः ]

नरवाहननामाऽभूत् तत्पृष्ठस्थो महीपतिः ।
राज्यं चकार भूपीठे चत्वारिंशच्छरन्मितम् ( ४० ) ॥ ८ ॥

[ गर्दभिल्लभूपतिः ]

तत्पृष्ठस्थमहीपतिः समजनि श्रीगर्दभिल्लाभिधो
धैर्यौदार्यगुणैश्च संभृततनुः क्ष्मामण्डलाखण्डलः ।
राज्यं तेन कृतं त्रयोदशशरन्मानं ( १३ ) महीमण्डले
श्यामाचार्यसरस्वतीहरणतो राज्यं स्वहस्ताच्च्युतम् ॥ ९ ॥

[ शकराजा ]

गर्दभिल्लस्य पट्टस्थः शकराजा बभूव च ।
कृतं तेन शुभं राज्यं चतुरब्दप्रमाणकम् ( ४ ) ॥ १० ॥

चन्द्रश्च चन्द्रचन्द्रश्च तृतीयश्चाभिवर्द्धितः ।
अभिवर्धितश्चन्द्रश्च चन्द्राभिवर्धितः पुनः ॥ ११ ॥

[ विक्रमादित्यपृथ्वीपतिः ]

वीरमोक्षाच्च सप्तत्या युते वर्षचतुःशते ( ४७० ) ।
व्यतीते विक्रमादित्य उज्जयिन्यामभूदिति ॥ १२ ॥

सत्त्वसिद्धाग्निवेतालप्रमुखानेकदैवतः ।
विद्यासिद्धो मन्त्रसिद्धः सिद्धसौवर्णपूरुषः ॥ १३ ॥

धैर्यादिगुणविख्यातः स्थाने स्थाने नरामरैः ।
परीक्षाकषपाषाणनिःघृष्टसत्त्वकाञ्चनः ॥ १४ ॥

ससन्मानैः श्रियां दानैरनृणामखिलामिलाम् ।
कृत्वा संवत्सराणां स आसीत् कर्ता महीतले ॥ १५ ॥

[ विक्रमादित्यपुत्रः राजा ]

षडशीतिमितं ( ८६ ) राज्यं वर्षाणां तस्य भूपतेः ।
विक्रमादित्यपुत्रस्य ततो राज्यं प्रवर्तितम् ॥ १६ ॥

[ शालिवाहनभूपः ]

पञ्चत्रिंशद्युते भूपाद् वत्सराणां शते गते ( १३५ ) ।
शालिवाहनभूपोऽभूद् वत्सरे शककारकः ॥ १७ ॥

[ बलमित्रभूपतिः ]

तस्य राज्यमभूत् पूर्णं पञ्चाशत्प्रमिताब्दकैः ( ५० ) ।
तत्पट्टे बलमित्रोऽभूत् तपस्वी विजितेन्द्रियः ॥ १८ ॥

कृतं तेन शुभं राज्यं शतवर्षप्रमाणकम् ( १०० ) ।
बाणाष्टक-करे वर्षे ( २८५ ) विक्रमादित्यतो नृपः ॥ १९ ॥

[ हरिमित्रभूपः ]

हरिमित्राभिधो भूप आखण्डलपराक्रमः ।
अभूत् तेन कृतं राज्यं गूर्जरे शरदां शतम् ( १०० ) ॥ २० ॥

[ प्रियमित्रभूपतिः ]

प्रियमित्रस्ततो जज्ञे शरदीषु-वसु-त्रिके ( ३८५ ) ।
अशीतिवर्षप्रमितं ( ८० ) तस्य राज्यं बभूव सत् ॥ २१ ॥

[ भानुमहीपतिः ]

भूमिभोक्ता ततो भानुर्भानुवत् तेजसाऽधिकः ।
दोर्दण्डमण्डलाक्रान्तः त्रिखण्डक्षोणीमण्डलः ॥ २२ ॥

ज्ञाता दाता नयी धर्मी विनयी स पराक्रमी ।
बाण-राग-युगे वर्षे ( ४६५ ) बभूव भूमिपाग्रणीः ॥ २३ ॥

द्विनवतिवर्षमितं ( ९२ ) राज्यं तेन कृतं महत् ।
तदग्रे भूभुजो जातास्तेषां संख्या प्रकथ्यते ॥ २४ ॥

[ आम-भोजादिराजानः ]

आम-भोजादिका भूपा बभूवुः सप्तसंख्यकाः ।
तेषां राज्यं च द्वि( ? त्रि )शतं बाण-वेदाब्दसंयुतम् ( २४५ ) ( ३४५ ) ॥ २५ ॥

( २. चापोत्कटवंशः )

[ वनराजराजा ]

अब्दे युग्म-नभो-मदालयमिते ( ८०२ ) चापोत्कटो भूपति-
र्दाताऽभूद् वनराज इत्यभिमतो विद्वज्जनैराश्रितः ।
षष्ठ्यब्दप्रमितं ( ६० ) सुराज्यमखिलं भुक्तं च तेनातुलं
व्यक्तश्रीरणहिल्लपत्तनपुरं सन्निर्मितं भूतले ॥ २६ ॥

[ योगराजनृपः ]

योगराजश्च तत्पट्ट अब्दे द्वि-रस-पर्वते ( ८६२ ) ।
पञ्चत्रिंशच्च वर्षाणि ( ३५ ) तेन राज्यं कृतं महत् ॥ २७ ॥

[ क्षेमराजनृपतिः ]

अश्वाङ्क-नागप्रमितेऽब्दकाले ( ८९७ )
तत्पट्टगामी नृपतिर्बभूव ।
क्षेमाह्वयस्तस्य नृपस्य राज्य-
वर्षाणि षड्( पञ्च )विंशतिसम्मितानि ( २६ ) ( २५ ) ॥ २८ ॥

[ भूहडभूपः ]

युग्म-द्वि-नन्दप्रमिते ( ९२२ ) च वर्षे
तत्पट्टगो भूहडराजनामा ।
नन्दाधिका विंशतिरेकवाचा ( २९ )
तद्राज्यसंख्या कथिता कवीन्द्रैः ॥ २९ ॥

[ वयरसिंहभूपतिः ]

वयरसिंघनृपस्तदनु ह्यभूच्छशि-शराङ्कमिते ( ९५१ ) वरहायने ।
शर-कराब्दमिता ( २५ ) च पदस्थिती( ति )रजनि तस्य सुगूर्जरदेशगा ॥ ३० ॥

[ रत्नादित्यमहीपतिः ]

रत्नादित्यमहीपतिस्तदनुगो रागाऽश्व-नन्दप्रमे ( ९७६ )
वर्षे गूर्जरदेशमध्यविभूतां पाति स्म शक्रोपमः ।
सौभाग्यादिगुणैः सुसंभृततनुर्वर्षाणि राज्यं क्रमा-
च्चक्रे पञ्चदश ( १५ ) प्रवीणविदुषां सम्मानदानप्रदः ॥ ३१ ॥

[ सामन्तसिंहभूमिपतिः ]

सामन्तसिंघ इति भूमिपतिर्विनीतो
भू-नन्द-नन्दमितहायनके ( ९९१ ) बभूव ।
राज्यं चकार रुचिरं वरगूर्जरान्ते
वर्षाणि सप्त ( ७ ) विबुधैः परिसेव्यमानः ॥ ३२ ॥
इत्थं सुचापोत्कटवंशभूपाः
सप्तार्चितुल्या विजितारिपक्षाः ।
एषां च वर्षाणि पदस्थितानां ।
शताधिकाः षण्णवतिः क्रमेण ( १९६ ) ॥ ३३ ॥

( ३. चौलुक्यवंशः )

[ मूलराजपृथ्वीपतिः ]

मूलराजस्ततो जज्ञे वसु-नन्दाङ्कहायने ( ९९८ ) ।
पञ्चपञ्चाशच्छरदां स्वच्छं राज्यं चकार सः ॥ ३४ ॥

[ चामुण्डराजनृपतिः ]

चामुण्डराजनृपतिः सुतरां वदान्यो
वह्नीषु-शून्य-शशिहायनके ( १०५३ ) बभूव ।
राज्यं त्रयोदशमितानि ( १३ ) च हायनानि
पूर्णं चकार विविधानि सुखानि भुक्त्वा ॥ ३५ ॥

[ वल्लभराजनृपः ]

तत्पट्टगो वल्लभराजराजा
रागाङ्ग-शून्येन्दुमिते ( १०६६ ) हि वर्षे ।
षण्मासपर्यन्तकृतं सुराज्यं
महौजसा तेन नृपेण पृथ्वी( थ्व्याम् ) ॥ ३६ ॥

[ दुर्लभराजभूपतिः ]

रसाङ्ग-शून्येन्दुमितेऽब्दके च ( १०६६ )
महीपतिर्दुर्लभराजनामा ।
एकादशाब्दप्रमितं च सार्द्धं ( ११॥ )
राज्यं कृतं तेन नृपेण सम्यक् ॥ ३७ ॥

[ भीमराजभूपः ]

भीमराजनृपतिस्ततोऽब्दके
चाष्ट-सप्त-दशसम्मिते ( १०७८ ) ह्यभूत् ।
नेत्र-नीरधिमिताब्दसंस्थिता ( ४२ )
तस्य राज्यपदवी गरीयसी ॥ ३८ ॥

[ कर्णराजनृपः ]

श्रीकर्णनृपतिर्धरणीतलेऽस्मिन्
शून्य-द्वि-चन्द्र-शशिसम्मित( ११२० )हायनेऽभूत् ।
त्रिंशत्प्रमापरिमितं ( ३० ) च सुराज्यमङ्ग
शुद्धं दधार भुवि सद्गुणिनां गरिष्ठः ॥ ३९ ॥

[ सिद्धराजजयसिंहराजा ]

श्रीसिद्धराजजयसिंहनृपो बभूव
शून्येषु-भूमि-शशिसम्मितहायने ( ११५० ) च ।
राज्यं चकार नव-वेदमिताब्द( ४९ )संख्यं
वापी सरस्सु रचनादिविधिप्रवीणः ॥ ४० ॥

[ कुमारपालनृपतिः ]

नन्दाङ्क-चन्द्र-भूमिप्रमिते ( ११९९ ) वर्षे च तस्य पट्टेऽभूत् ।
राजा कुमारपालो जामेयः सिद्धराजस्य ॥ ४१ ॥

कुमारपालचौ( श्चौ )लुक्यभूपालकुलचन्द्रमाः ।
महाबाहुर्महीनेता प्रचण्डाखण्डशासनः ॥ ४२ ॥

पराक्रमेण दानेन धैर्येण दययाऽऽज्ञया ।
कीर्त्या गुण्यनुरागेण नयेन विनयेन च ॥ ४३ ॥

विज्ञानेन विवेकेन धर्मेण राजलीलया ।
सोऽद्वितीयो नृपो जज्ञे महासत्त्वोऽपि तैर्गुणैः ॥ ४४ ॥

एकादशशतानीभा रथास्तस्यायुतप्रमाः ( १०,००० ) ।
एकादशलक्षहयाः पत्त्यष्टादशलक्षकाः ॥ ४५ ॥

अष्टादशसुदेशेषु मारिव्यसनवारकः ।
सेनाचङ्क्रमणत्यागं स वर्षास्वकरोन्नृपः ॥ ४६ ॥

तस्य भूपस्य सचिवो निपुणो बाहडाह्वयः ।
धर्मकर्मसमायुक्तो देव-साधुप्रपूजकः ॥ ४७ ॥

[ कुमारपालमन्त्री बाहडः ]

श्रीमद्बाहडमन्त्रिणा भृगुपुरे श्रीलाटदेशाश्रिते
सत्पाषाणविनिर्मितं जिनपतेः स्वश्रेयसे मोक्षदम् ।
सद्गेहं मुनिसुव्रतस्य रुचिरं सूर्यारुणाब्दे ( १२१२ ) वरे
राज्यं तेन कृतं पुरस्य सुखदो दुर्गोऽपि तेन कृतः ॥ ४८ ॥

एकत्रिंशद्वर्षमितं ( ३१ ) राज्यं कुमारभूभृतः ।
विषयोगेन मरणं बभूव तस्य धीमतः ॥ ४९ ॥

[ अजयपालभूपः ]

अजयपालभूपोऽभूत् ख-त्रि-सूर्यमितेऽब्दके ( १२३० ) ।
राज्यं तस्य नृपस्याभूदग्नि( ३ )हायनसंज्ञकम् ॥ ५० ॥

[ मूलराज ( बाल ) भूपतिः ]

तत्पट्टे मूलराजोऽभूत् त्रि-त्रि-सूर्यमितेऽब्दके ( १२३३ ) ।
त्रिषष्टिवर्षपर्यन्तं ( ६३ ) तस्य राज्यं बभूव च ॥ ५१ ॥

इत्थं चौलुक्यवंशस्था नृपाश्चैकादश स्मृताः ।
तेषां च राज्यवर्षाणि त्रिशतप्रमितानि ( ३०० ) च ॥ ५२ ॥

## ( ४. वाघेलावंशः )

[ वीरधवलनृपः ]

ततश्चाष्टाङ्क-सूर्याब्दे ( १२९८ ) श्रीवीरधवलो नृपः ।
चकार दशवर्षाणि ( १० ) राज्यं न्यायप्रदं नृणाम् ॥ ५३ ॥

[ वीरधवलनृपमन्त्रिणौ वस्तुपाल-तेजःपालौ ]

वस्तुपाल-तेजःपालौ तस्य प्रवरमन्त्रिणौ ।
ज्ञातिभेदाः कृता याभ्यां विख्यातौ जगतीतले ॥५४ ॥

[ वीसलदेवनृपतिः ]

अष्ट-शून्य-विश्वमिते ( १३०८ ) काले वीसलदो नृपः ।
अष्टादशवर्षमितं ( १८ ) राज्यं चक्रे महामतिः ॥ ५५ ॥

वीसलनगरस्यैव स्थापना तेन निर्मिता ।
दर्भावत्यां कृतो दुर्गस्तत्काले जगद्गुरभूत् ॥ ५६ ॥

[ अर्जुनदेवभूपतिः ]

राजाऽर्जुनदेवनामा राग-द्वि-विश्वसम्मिते ( १३२६ ) ।
समयेऽभूत् तस्य राज्यं चतुर्दशशरन्मितम् ( १४ ) ॥ ५७ ॥

[ सारङ्गदेवभूपः ]

भूपः सारङ्गदेवोऽभूत् ख-चतुर्विश्वसम्मिते ( १३४० ) ।
समयेऽभूत् तस्य राज्यमेकविंशतिहायनम् ( २१ ) ॥ ५८ ॥

[ कर्णदेवराजा ]

श्रीकर्णदेवनृपतिर्बभूवकाङ्गविश्वके ( १३६१ ) ।
काले राज्यमभूत् तस्य सप्त( ७ )हायनसंख्यया ॥ ५९ ॥

अष्टाङ्ग-विश्वसमये ( १३६८ ) नृपविक्रमाच्च भूमण्डलं यवनपुङ्गवभूपतीनाम् ।
भूपात् पृथोश्च वरगूर्जरदेशमध्ये राज्यं च पत्तनपुरे प्रबलं बभूव ॥ ६० ॥

( ५. यवनवंशः )

[ खिदरशाहखिलचीनृपः ]

खिदरशाहखिलची यवनाग्रणीः
प्रवरगूर्जरसीम्नि समागतः ।
प्रथमतस्तदनुक्रमतोऽग्रजा
यवनपुङ्गवपङ्क्तिरिलाङ्गना ॥ ६१ ॥

खिदरशाहखिलची राज्यं त्रयस्त्रिंशत्समामितम् ( ३३ ) ।
चकार धरणीपीठे नवमासाधिकं महत् ॥ ६२ ॥

[ मुबारखशानृपः ]

तत्पट्टगो वरमुबारखशाभिधश्च
राज्यं च पञ्चदशवर्षमितं ( १५ ) चकार ।
श्रीविक्रमाद् द्व्यधिकशाकमितेऽब्दके ( १४०२ ) च
सप्ताङ्कमाससहितं वरगूर्जरेशः ॥ ६३ ॥

[ सामुद्दीनखिरामनृपः ]

रस-भूमि-वेद-कुमिते ( १४१६ ) वर्षे यवनेशभूपतिर्जज्ञे ।
पञ्चाब्द( ५ )राज्यधारी हि शामुद्दीनखिरामाह्वः ॥ ६४ ॥

[ निर्मलशानृपः ]

शशि-कर-शक्रमितेऽब्दके ( १४२१ )
समये म्लेच्छाधिपश्च निर्मलशा ।
जज्ञे हय ( ७ ) मासाधिक-
वर्षमितं ( १ ) तस्य राज्यं च ॥ ६५ ॥

[ तहेमूलनृपतिः ]

शरद्द्वयब्धिद्व्यब्दे ( १४२२ ) समजनि तहेमूलनृपतिः
सुराज्यावस्थायां प्रबलतरभूपान् विजिगि( गी )षुः ।
शरैर्मासैर्युक्तं विभवविभुताया वरगृहं
त्रिकाब्दं ( ३ ) तद्राज्यं निखिलजनतानन्दजनकम् ॥ ६६ ॥

[ महम्मुदशानृपतिः ]

शर-कर-शक्रमितेऽब्दे ( १४२५ ) मम्मुदशा म्लेच्छपो हि संजज्ञे ।
मासत्रिकयुक्सप्तवर्षमितं ( ७ ) तस्य राज्यमभूत् ॥ ६७ ॥

[ बहावुद्दीन्नृपः ]

बहावुद्दीन्नृपस्तस्मात् संजज्ञे त्रि-त्रि-शक्रके ( १४३३ ) ।
समये तस्य राज्यं च त्रयोदशसमामितम् ( १३ ) ॥ ६८ ॥

[ अल्लावद्दीन्नृपः ]

अलावद्दीन् भूमिपतिस्त्रिवर्ष( ३ )राज्यधारकः ।
रस-वेद-शक्रमिते ( १४४६ ) काले विक्रमभूपतः ॥ ६९ ॥

[ रकीफिसानृपः ]

म्लेच्छाधिपस्ततो जज्ञे पत्तनेशरकीफिसा ।
नंसा( ? नन्दा )ब्धि-शक्रतुल्याब्दे ( १४४९ ) त्रि-कु( १३ )हायनराज्यभाक् ॥ ७० ॥

[ बहलोललुधीनृपः ]

युग्म-राग-युग-चन्द्रसम्मिते ( १४६२ )
हायने च बहलोललुधीश्च ।
युग्म( ? राग )-वेद( ४२ )( ४६ )मितहायनसंख्यं
तस्य राज्यमभवत् सुखप्रदम् ॥ ७१ ॥

[ शिकन्दरनृपः ]

आसीत् त्रि( शि )कन्दरनृपः प्रबलप्रतापी
अष्टाभ्र-बाण-शशिसम्मित( १५०८ )वर्षकेऽभूत् ।
त्रिंशत्प्रमाब्दमितकं ( ३० ) च कृतं सुराज्यं
तेनेह गूर्जरतले नवमासयुक्तम् ॥ ७२ ॥

[ इभराइमनृपतिः ]

इभराइमहमभूपपट्टधरश्चाष्ट-राम-तिथिवर्षे ( १५३८ ) ।
जज्ञे च तस्य राज्यमष्टाब्दं ( ८ ) सप्तमाससयुक्तम् ॥ ७३ ॥

[ बाबरनृपतिः ]

रस-युग-शर-चन्द्रसम्मितेऽब्दे ( १५४६ )
यवनपतिर्भुवि बाबराख्यभूपः ।
समजनि वरसप्त( ७ )वर्षसंख्यं
हयमितमासयुतं कृतं च तेन ॥ ७४ ॥

[ हमाऊनृपः ]

हमाऊनृपतिर्जज्ञे त्रि-पञ्च-तिथिवर्षके ( १५५३ ) ।
दश( १० )वर्षावधिराज्यं कृतं तेन सुखप्रदम् ॥ ७५ ॥

[ शेरशानृपः ]

गुण-रस-शर-चन्द्रसम्मितेऽब्दे ( १५६३ )
यवनकुले नृपशेरशा बभूव ।
कर-रसमित( ६२ )मासं राज्यमङ्गे
रुचिरतरं स दधार भूमीपीठे ॥ ७६ ॥

[ सालिमशानृपः ]

अष्टाङ्ग-पञ्चेन्दुमितेऽब्दकेऽभूत् ( १५६८ )
सालिमशा भूमिपतिर्महौजाः ।
अष्टाब्दकं ( ८ ) वै नवमासयुक्तं
राज्यं चकारोत्तमसद्गुणाढ्यः ॥ ७७ ॥

[ पीरोजशानृपः ]

पीरोजशा मुद्गलसार्थनायकः
सप्ताश्व-पञ्चेन्दुमिते ( १५७७ ) च हायने ।
तुरङ्ग( ७ )मासाधिकसप्तवर्षकं ( ७ )
चकार राज्यं भुवि सौख्यकृन्नृणाम् ॥ ७८ ॥

[ मम्मुदालिनृपः ]

मम्मुदालिनृपो नृपमुख्यः पञ्च-पर्वत-तिथिप्रमितेऽब्दे ( १५८५ ) ।
अब्दयुग्म( २ )मितराज्यधरोऽभूद् गीत-नृत्यनिपुणो बलवाँश्च ॥ ७९ ॥

[ अभरायमहमनृपः ]

अभरायमहमनृपतिः सप्ताष्ट-शर-चन्द्रसम्मिते ( १५८७ ) वर्षे ।
नवमासाधिकवर्षावधि( १ ) राज्यं तस्य भूपीठे ॥ ८० ॥

[ शिकन्दरनृपः ]

अष्टाचल-तिथिवर्षे ( १५८८ ) समजनि पृथ्व्यां शिकन्दरो भूपः ।
हय( ७ )मासाधिकवाजि( ७ )प्रमिताब्दमितं कृतं राज्यम् ॥ ८१ ॥

[ हमाऊनृपतिः ]

बाणाङ्क-बाण-शशिसम्मित( १५९५ )हायनेऽभूत्
पृथ्वीपतिर्गुणनिधिश्च पुनर्हमाऊः ।
राज्यं च तस्य नृपतेर्हय( ७ )मासयुक्तं
सप्ताब्दकं ( ७ ) यवनभूपतिवृन्दवन्द्यः ॥ ८२ ॥

[ अकब्बरनृपतिः ]

अकब्बरो म्लेच्छपतिर्बभूव
रामाभ्र-रागेन्दुमितेऽब्दके ( १६०३ ) च ।
नाम द्वितीयं च जलालदींश्च
जज्ञे प्रसिद्धिं भुवि तस्य सम्यक् ॥ ८३ ॥

यो जीवाभयदानडिण्डिममिषात् स्वीयं यशोडिण्डिमं
षण्मासान् प्रतिवर्षमुग्रमखिलं भूमण्डलेऽवीवदन् ।
भेजे धार्मिकतामधर्म्मरसिको म्लेच्छाधिपोऽकब्बरः
श्रुत्वा हीरमुखादनाविलमतिर्धर्मोपदेशं शुभम् ॥ ८४ ॥

सप्तमासाधिकं राज्यमेकपञ्चाशदब्दकम् ( ५१ ) ।
अकब्बरस्य भूपस्य विज्ञेयं जगतीतले ॥ ८५ ॥

[ जिहांगीरनृपतिः ]

वेदेषु-राग-चन्द्रे ( १६५४ ) म्लेच्छाग्रणीर्जिहांगीरः ।
द्वाविंशतिहायनकं ( २२ ) राज्यं हयमासयुक् तस्य ॥ ८६ ॥

[ शाहजहाननृपः ]

रागाद्रि-राग-चन्द्रे ( १६७६ ) समये शाहजानभूपतिर्जज्ञे ।
त्रयस्त्रिंशद्वर्षाब्दं ( ३३ ) राज्यं चक्रे महत्तरं जगति ॥ ८७ ॥

[ औरंगजेबनृपः ]

**आरङ्गजेबनृपति**र्यवनाधिपश्च नन्दाभ्र-सप्त-शशिसम्मित( १७०९ )हायनेऽभूत् ।
शास्ता समस्तनृपतीन् वरगूर्जरेशान् नेत्रेषु ( ५२ )वर्षमिति राज्यधरः प्रतापी ॥ ८८ ॥

[ बाहदुरनृपः ]

म्लेच्छाग्रिमो नृपति**बाहदुर**( रो ) बभूव
चन्द्रागमे सप्त-कुमिते ( १७६१ ) शुभहायने च ।
वाजीभ-पत्ति-रथ-सैन्यपतिः प्रवीणः
शता( एका )ब्दकं( १ ) रुचिरराज्यपदं चकार ॥ ८९ ॥

[ फरुक्शेरनृपः ]

राज्यं त्रिवर्ष( ३ )पर्यन्तं निश्वामिकं महीतले ।
गतं तत्पृष्ठकं राज्यं **फरुक्शेरनृप**स्य च ॥ ९० ॥

चतुः-षट्-सप्त-चन्द्रेऽब्दे ( १७६४ ) **फरुक्शेरनृपो** बभौ ।
राज्यं पञ्चा( ५ )ब्दकं तस्य विज्ञेयं जगतीतले ॥ ९१ ॥

[ मम्मुदनृपः ]

नन्दाङ्गाश्व-शशि( १७६९ )मितेऽब्दके च काले
भूपोऽभूद् यवनपतिश्च **मम्मुदाह्वः** ।
द्वात्रिंशच्छरदि( ३२ ) भवं च तस्य राज्यं
विख्यातं निखिलविभूति-कीर्त्तियुक्तम् ॥ ९२ ॥

[ अहम्मदनृपः, आलिमगिर–आलिघोर नृपौ च ]

**अहम्मदो** नृपस्तस्मादालिम्गिराभिधः [ ...... ] ।
**आलिघोरनृप**स्तस्माद् बभूवुर्यवनोत्तमाः ॥ ९३ ॥

[ गूर्जरराजवंशावलीकर्ता रङ्गविजयः ]

श्रीविक्रमात् प्रवरगूर्जरभूपतीनां नामानि **रङ्गविजये**न निबन्धितानि ।
बाणाङ्ग-पर्वत-शशिप्रमिते (१८६५) च वर्षे वारे गुरौ धवलफाल्गुणपूर्णिमायाम् ॥ ९४ ॥

[ रोमटनृपः, भगवन्तरायक्षात्रः ]

श्रीमद् **रोमटयावनेन्द्रनृपति**र्दाता नयी वर्तते
तस्यादेशमवाप्य **रङ्ग**विजयः श्रीमद्भृगूणां पुरे ।
क्षात्रश्री**भगवन्तराय**वचनाद् भूपाभिधानान्यहं
हर्षेणाकरवं च **गूर्जर**भवान्याकर्ण्य संदर्भतः ॥ ९५ ॥

इति श्रीगूर्जरदेशनिर्मितराज्यस्थितीनां नामानि निबन्धितानि
पं० रङ्गविजयगणिना ।

## સારાંશ

'ગૂર્જરદેશવંશાવલી'ના કર્તા મુનિ શ્રી. રંગવિજયજી **પ્રથમ** શ્લોકમાં સરસ્વતીદેવીને નમસ્કાર કરી, સદ્‌ગુરુઓનું સ્મરણ કરીને ગૂર્જરદેશના રાજાઓની નામાવલિ રજૂ કરવાની પ્રતિજ્ઞા કરે છે. (૧)

ભ. મહાવીરના નિર્વાણસમયે **પાલક** નામનો રાજા થયો, જેણે ૬૦ વર્ષો સુધી રાજ્ય કર્યું. (૨)

તે પછી નવ નંદવંશના રાજાઓ થયા અને તે પછી ફરીથી પાલકવંશના રાજાઓ થયા, જે સૌએ મળીને ૧૫૫ વર્ષ સુધી રાજ્ય કર્યું. (૩)

તે પછી મૌર્યવંશીય ચંદ્રગુપ્ત અને તેનો કુશળ મંત્રી ચાણક્ય થયા. (૪)

એ ચંદ્રગુપ્તમૌર્યવંશીય રાજવીઓએ ૧૦૮ વર્ષ સુધી રાજ્ય કર્યું. ચંદ્રગુપ્તને ચાણક્ય મંત્રીએ સાથ આપ્યો. (૫)

તે પછી પુષ્યમિત્ર રાજા થયો, જેણે ૩૦ વર્ષ રાજ્ય કર્યું. (૬)

તે પછી બલમિત્ર-ભાનુમિત્ર રાજાઓએ ૬૦ વર્ષ રાજ્ય કર્યું. (૭)

એ પછી નરવાહન રાજા થયો જેણે ૪૦ વર્ષ રાજ્ય કર્યું. (૮)

એ પછી ગર્દભિલ્લ રાજા થયો. તેણે **પ્રસિદ્ધ** જૈનાચાર્ય કાલકસૂરિની બહેન સાધ્વી સરસ્વતીનું અપહરણ કર્યું હતું. તેણે ૧૩ વર્ષ રાજ્ય કર્યું. (૯)

એ પછી શક રાજાએ ૪ વર્ષ રાજ્ય કર્યું. (૧૦)

આ રીતે ભ. મહાવીરના નિર્વાણ પછી ૪૭૦ વર્ષ પૂરાં થયે વીર વિક્રમાદિત્ય રાજા ઉજ્જૈનીની ગાદીએ બેઠો. તેના પરાક્રમ અને દાનવીરતાથી તે લોકવિશ્રુત બન્યો અને પોતાના નામનો સંવત્સર **પ્રવર્તાવ્યો**. તેણે ૮૬ વર્ષ રાજ્ય કર્યું. (૧૧-૧૫)

એ પછી વિક્રમાદિત્યનો પુત્ર રાજા થયો. (તેણે ૨૯ વર્ષ રાજ્ય કર્યું.) (૧૬)

આ રીતે ૧૩૫ વર્ષ વીત્યા પછી શકસંવત્સરપ્રવર્તક શાલિવાહન રાજા થયો. તેણે ૫૦ વર્ષ રાજ્ય કર્યું. (૧૭)

તે પછી સંયમી અને તપસ્વી એવા બલમિત્ર રાજાએ ૧૦૦ વર્ષ રાજ્ય કર્યું. (૧૮)

આ રીતે વિક્રમાદિત્ય પછી ૨૮૫ વર્ષ થતાં ગૂર્જરભૂમિ ઉપર હરિમિત્રે ૧૦૦ વર્ષ, પ્રિયમિત્રે ૮૦ વર્ષ અને ભાનુ રાજાએ ૯૨ વર્ષ સુધી રાજ્ય કર્યું. (૧૯-૨૪)

તે પછી આમ અને ભોજ વગેરે (ગૂર્જરપ્રતીહારવંશીય) સાત રાજાઓ થયા, જેમણે કુલ ૩૪૫ વર્ષ રાજ્ય કર્યું. (૨૫)

## ચાવડાવંશ

જૈન વિદ્વાનોના આશ્રયથી પ્રસિદ્ધિ પામેલા ચાપોત્કટવંશમાં વનરાજ સં. ૮૦૨માં રાજા થયો. તેણે અણહિલ્લપુર પત્તન નામે નગર વસાવ્યું ને ૬૦ વર્ષો સુધી રાજ્ય કર્યું. (૨૬)

તેની ગાદીએ સં. ૮૬૨માં યોગરાજ નામે રાજા થયો, જેણે ૨૫ વર્ષ રાજ્ય કર્યું. (૨૭)

તે પછી સં. ૮૯૭માં ક્ષેમરાજ રાજા થયો. તેણે ૨૬ વર્ષ રાજ્ય કર્યું. (૨૮)

તે પછી સં. ૯૨૨થી ભૂહડ રાજાએ ૨૯ વર્ષ રાજ્ય કર્યું. (૨૯)

તે પછી સં. ૯૫૧થી વયરસિંહ નામે રાજા થયો. તેણે ૨૫ વર્ષ રાજ્ય કર્યું. (૩૦)

તે પછી સં. ૯૭૬થી રત્નાદિત્ય રાજાએ ૧૫ વર્ષ રાજ્ય કર્યું. (૩૧)

તે પછી સં. ૯૯૧થી સામંતસિંહ રાજાએ ૭ વર્ષ રાજ્ય કર્યું. (૩૨)

આ રીતે વિજયી એવા ચાવડાવંશના સાત રાજાઓએ કુલ ૧૯૬ વર્ષ સુધી આ ગૂર્જર ભૂમિનું રાજ્ય ભોગવ્યું. (૩૩)

## ચૌલુક્યવંશ (સોલંકીવંશ)

ચાવડાવંશના સામંતસિંહ પછી સં. ૯૯૮માં મૂળરાજ નામના રાજાએ ૫૫ વર્ષો સુધી રાજ્ય કર્યું. (૩૪)

તે પછી સં. ૧૦૫૩થી ચામુંડ રાજાએ ૧૩ વર્ષ રાજ્ય કર્યું. (૩૫)

તેની ગાદીએ સં. ૧૦૬૬ થી વલ્લભરાજે ૬ મહિના રાજ્ય કર્યું. (૩૬)

પછી સં. ૧૦૬૬ થી દુર્લભરાજ રાજાએ ૧૧॥ વર્ષ રાજ્ય કર્યું. (૩૭)

પછી સં. ૧૦૭૮થી ભીમદેવે ૪૨ વર્ષ રાજ્ય ભોગવ્યું. (૩૮)

પછી સં. ૧૧૨૦ થી કર્ણ નામક રાજાએ ૩૦ વર્ષ રાજ્ય કર્યું. (૩૯)

પછી સં. ૧૧૫૦માં સિદ્ધરાજ જયસિંહ રાજા થયો. તેણે ૪૯ વર્ષ રાજ્ય કરી લોકોપકારી કાર્ય કર્યાં. (૪૦)

પછી સં. ૧૧૯૯માં કુમારપાલ નામે રાજા થયો. તે પરાક્રમી, દાનવીર, દયાળુ અને ગુણી હતો. તેણે અઢાર દેશોમાં 'અમારિ'ની ઉદ્ઘોષણા કરાવી હતી. તેને બાહડ નામે ચતુર મંત્રી હતો. તે ઉદ્યમશીલ, ધર્મી અને નીતિનિપુણ હતો. તેણે સં. ૧૨૧૨માં ભરૂચમાં શ્રી. મુનિસુવ્રતજિનનું સર્વોત્તમ જિનાલય બંધાવ્યું ને તે નગરનો કોટ પણ ચણાવ્યો. કુમારપાલે ૩૧ વર્ષ રાજ્ય કર્યા પછી તે વિષયોગથી મરણ પામ્યો. (૪૧-૪૯)

પછી સં. ૧૨૩૦માં અજયપાલ રાજા થયો. તેણે ૩ વર્ષ રાજ્ય કર્યું. (૫૦)

પછી સં. ૧૨૩૩માં બાલ મૂલરાજ રાજા થયો, જેણે ૬૩ વર્ષ રાજ્ય કર્યું. (૫૧)

આ રીતે ચૌલુક્યવંશમાં થયેલા અગિયાર રાજાઓએ કુલ મળીને ૩૦૦ વર્ષો સુધી રાજ્ય કર્યું. (૫૨)

## વાઘેલાવંશ

ચૌલુક્યવંશ પછી વાઘેલાવંશનો વીરધવલ નામે રાજા સં. ૧૨૯૮માં થયો. તેણે ૧૦ વર્ષ રાજ્ય કર્યું. (૫૩)

તેને વસ્તુપાલ, તેજપાલ નામના બે બંધુઓ મહામાત્ય હતા, જેમણે રાજનીતીનિપુણતાથી ખ્યાતિ મેળવી. તેમનાથી જ્ઞાતિભેદ થયા. (૫૪)

પછી સં. ૧૩૦૮માં વીસલદેવ રાજા થયો. તેણે ૧૮ વર્ષ રાજ્ય કર્યું. (૫૫)

તેણે વીસલનગર વસાવ્યું. દર્ભાવતીમાં કિલ્લો બંધાવ્યો. એ સમયે જગડૂ નામે શ્રેષ્ઠી થયો. (૫૬)

તે પછી સં. ૧૩૨૬માં થયેલા રાજા અર્જુનદેવે ૧૪ વર્ષ રાજ્ય કર્યું. (૫૭)

તે પછી સં. ૧૩૪૦માં થયેલા રાજા સારંગદેવે ૨૧ વર્ષ રાજ્ય કર્યું. (૫૮)

તે પછી સં. ૧૩૬૧માં થયેલા રાજા કર્ણદેવે ૭ વર્ષ રાજ્ય કર્યું. (૫૯)

આ રીતે આ ભૂમંડલ ઉપર પૃથુ રાજાથી ક્ષત્રિયોનું રાજ્ય ચાલ્યું આવતું હતું તે આ ગૂર્જર દેશ ઉપર સં. ૧૩૬૮ થી વીર એવા યવન રાજાઓએ રાજ્ય હાથ કરી શાસન કર્યું. (૬૦)

## યવનવંશ

ખિદરશાહ ખિલચીએ સં. ૧૩૬૮ થી ૩૩ વર્ષ ને ૯ મહિના રાજ્ય કર્યું. (૬૧-૬૨)

મુબારખશાહે સં. ૧૪૦૨ થી ૧૫ વર્ષ ને ૭ મહિના રાજ્ય કર્યું. (૬૩)

સમસુદ્દીન ખિરામે સં. ૧૪૧૬ થી ૫ વર્ષ રાજ્ય કર્યું. (૬૪)

નિર્મલશાએ સં. ૧૪૨૧ થી ૧ વર્ષ ૭ મહિના રાજ્ય કર્યું. (૬૫)

તહેમૂલે સં. ૧૪૨૨ થી ૩ વર્ષ ને ૫ મહિના રાજ્ય કર્યું. (૬૬)

મહમ્મુદશાહે સં. ૧૪૨૫ થી ૭ વર્ષ ને ૩ મહિના રાજ્ય કર્યું. (૬૭)

વહાવુદ્દીને સં. ૧૪૩૩ થી ૧૩ વર્ષ રાજ્ય કર્યું. (૬૮)

અલ્લાવદીને સં. ૧૪૪૬ થી ૩ વર્ષ રાજ્ય કર્યું. (૬૯)

શરકી ફિસાએ સં. ૧૪૪૯ થી ૧૩ વર્ષ રાજ્ય કર્યું. (૭૦)

બહલોલ લોદીએ સં. ૧૪૬૨ થી ૪૨ વર્ષ રાજ્ય કર્યું. (૭૧)

સિકંદરે સં. ૧૫૦૮ થી ૩૦ વર્ષ ને ૯ મહિના રાજ્ય કર્યું. (૭૨)

ઈભરાઈમે સં. ૧૫૩૮ થી ૮વર્ષ ને ૭ મહિના રાજ્ય કર્યું. (૭૩)

બાબરે સં. ૧૫૪૬ થી ૭ વર્ષ ને ૭ મહિના રાજ્ય કર્યું. (૭૪)

હુમાઉએ સં. ૧૫૫૩ થી ૧૦ વર્ષ રાજ્ય કર્યું. (૭૫)

શેરશાહે સં. ૧૫૬૩ થી ૬૨ માસ રાજ્ય કર્યું. (૭૬)

સલીમશાહે સં. ૧૫૬૮ થી ૮ વર્ષ ને ૯ મહિના રાજ્ય કર્યું. (૭૭)

પીરોજશાહે સં. ૧૫૭૭ થી ૭ વર્ષ ને ૭ મહિના રાજ્ય કર્યું. (૭૮)

મમ્મુદાલિએ સં. ૧૫૮૫ થી ૨ વર્ષ રાજ્ય કર્યું. (૭૯)

અભરાયમહમે સં. ૧૫૮૭ થી ૧ વર્ષ ને ૯ મહિના રાજ્ય કર્યું. (૮૦)

સિકંદરે સં. ૧૫૮૮ થી ૭ વર્ષ ને ૭ મહિના રાજ્ય કર્યું. (૮૧)

હુમાઉએ સં. ૧૫૯૫ થી ૭ વર્ષ ને ૭ મહિના રાજ્ય કર્યું. (૮૨)

અકબરે સં. ૧૬૦૩ થી ૫૦ વર્ષ ને ૭ મહિના રાજ્ય કર્યું. (૮૩)

અકબરનું બીજું નામ જલાલદીન હતું. તેણે જૈનાચાર્ય હીરવિજયસૂરિના ઉપદેશથી દેશમાં વર્ષના ૬ મહિના 'અમારિ' પાળવાની ઉદ્‌ઘોષણા કરી અને ધાર્મિક રાજા તરીકે કીર્તિ સંપાદન કરી. (૮૪-૮૫)

જહાંગીરે સં. ૧૬૫૪ થી ૨૨ વર્ષ ને ૭ મહિના રાજ્ય કર્યું. (૮૬)

શાહજાને સં. ૧૬૭૬ થી ૩૩ વર્ષ રાજ્ય કર્યું. (૮૭)

ઔરંગઝેબે સં. ૧૭૦૯ થી ૫૨ વર્ષ રાજ્ય કર્યું. (૮૮)

બહાદુરશાહે સં. ૧૭૬૧ થી ૧ વર્ષ રાજ્ય કર્યું. (૮૯)

એ પછી ૩ વર્ષ સુધી નિશ્વામિક રાજ્ય રહ્યું. (૯૦)

એ પછી ફરુકશેર રાજા થયો. તેણે સં. ૧૭૬૪ થી ૫ વર્ષ રાજ્યઅમલ ચલાવ્યો. (૯૧)

મમ્મુદે સં. ૧૭૬૯ થી ૩૨ વર્ષ રાજ્ય કર્યું. (૯૨)

તે પછી સં. ૧૮૦૧ થી અહમ્મદ, આલમગિર, આલિઘોર નામે રાજાઓ થયા. (૯૩)

સં. ૧૮૬૫ના ફાગણ સુદિ ૧૫ ને ગુરુવારે રંગવિજયમુનિએ વિક્રમથી લઈને શ્રેષ્ઠ એવા ગૂર્જર રાજાઓનાં નામો શૃંખલાબદ્ધ કર્યાં. (૯૪)

રામટ નામના દાની અને નીતિશાલી રાજાના આદેશથી ખત્રી ભગવંતરાય પાસેથી ગુજરાતના રાજાઓની નામાવલિ સાંભળી, સંદર્ભ જોડીને આ કાવ્યની રચના કરી. (૯૫)

આ રીતે ગુજરાત દેશમાં રાજાઓનાં રાજ્ય અને તેની કાળસ્થિતિ પં. રંગવિજય મુનિએ આલેખી.

# પશ્ચિમી ક્ષત્રપો: રાજવંશો અને સમયનિર્ણય

રસેશ જમીનદાર

ગૂજરાતમાંથી વિશેષ કરીને અને ભારતના અન્ય કેટલાક ભાગોમાંથી અલ્પ પ્રમાણમાં ઉપલબ્ધ ચાંદીના સંખ્યાબંધ સિક્કાઓ અને તાંબા પોટીન વગેરે ધાતુના થોડા સિક્કાઓ પરનાં લખાણો ઉપરથી પશ્ચિમ ભારતના ક્ષત્રપ રાજાઓ વિશેની વિપુલ માહિતી પ્રાપ્ત થાય છે. ભારતના પશ્ચિમ પ્રદેશ ઉપર લગભગ ત્રણસોથી ય વધારે વર્ષો સુધી રાજ્ય કરી ગયેલા આ રાજાઓ ઇતિહાસમાં "પશ્ચિમી ક્ષત્રપો" તરીકે ઓળખાય છે.

## 'ક્ષત્રપ'નો અર્થ:

આ રાજાઓના સિક્કાઓ અને શિલાલેખોમાં 'ક્ષત્રપ'[1] અને 'મહાક્ષત્રપ' શબ્દો પ્રયોજાયેલા વારંવાર જોવા મળે છે.[2] આ 'ક્ષત્રપ' શબ્દ મૂળ ઈરાની 'ક્ષથ્રપાવન' શબ્દનું સંસ્કૃત રૂપાંતર હોય એમ જણાય છે.[3] ઈરાનના હખામની વંશના રાજા મહાન દારયના બેહિસ્તૂન શૈલલેખ નં. ૩માં 'ક્ષથ્રપાવન' રૂપ બે વાર પ્રયોજાયેલું છે.[4] આ સિવાય અન્યત્ર આ રૂપ પ્રયોજાયું હોવાનું જાણમાં નથી. 'ક્ષથ્રપાવન'નો અર્થ 'પૃથ્વીનો રક્ષક' કે 'પ્રાન્તનો સૂબો' એવો થાય છે.[5] રાજા મહાન દારયે પોતાના વિશાળ સામ્રાજ્યને પ્રાન્તોમાં વિભાજ્યું હતું અને દરેક પ્રાન્ત ઉપર એક એક સૂબો નીમ્યો હતો. દારયે નીમેલા આ સૂબાઓ–ગવર્નરો 'ક્ષથ્રપાવન' નામે ઓળખાતા હતા[6]—એ એના શૈલલેખથી આમ સ્પષ્ટ થાય છે. ભારત જ્યારે ઈરાનની રાજકીય અસર નીચે આવ્યું અને જ્યારે ઈરાનથી પહલવો અને શકો ભારત આવ્યા ત્યારે ઈરાનનો આ વહીવટી શબ્દ અહીં પ્રચારમાં આવ્યો હોવો જોઈએ.[7]

આ રાજ્યકર્તાઓ એકીસાથે 'રાજા' અને 'ક્ષત્રપ' એમ બંને બિરુદો ધરાવતા હતા. આમાંના 'ક્ષત્રપ' શબ્દ પરથી તેઓ કોઈ મોટા રાજાના સૂબેદાર હોવાનું અનુમાન થયું છે;[8] જ્યારે એમના 'રાજા' બિરુદ પરથી તેઓ રાજસત્તા ધરાવતા હતા એવું મંતવ્ય પણ વ્યક્ત થયું છે.[9] વસ્તુત: આ રાજ્યકર્તાઓ પોતે રાજસત્તા ધરાવતા હોઈ 'રાજા'ની જેમ 'ક્ષત્રપ' બિરુદ પણ ભૂમિપાલ(ભૂપતિ)ના અર્થમાં પ્રયોજતા હોવા સંભવે છે.[10]

## પશ્ચિમી ક્ષત્રપોની જાતિ:

આ રાજાઓ કઈ જાતિના હતા તે પ્રશ્ન અહીં તપાસવો પ્રાપ્ત થાય છે. પશ્ચિમી ક્ષત્રપોના અભિલેખોમાં સામાન્યત: એકાદ અપવાદ સિવાય તેમની જાતિ વિશે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળતો નથી. નહપાનના સમયના નાસિક ગુફાના એક ખંડિત લેખમાં એના જમાઈ ઉષવદાતને શક જાતિનો કહ્યો છે.[11] આ આખાય લેખમાંની પ્રત્યેક પંક્તિનો પૂર્વાર્ધ નાશ પામેલો હોઈ, એમાંથી એ શબ્દનો સંભવિત અર્થ તારવવો મુશ્કેલ છે. છતાંય ઉષવદાત શક જાતિનો છે એમ સ્વીકારીએ તો એના સસરા નહપાન ઘણું કરીને એ જ જાતિના હશે એવું અનુમાની શકાય.[12]

વાસિષ્ઠીપુત્ર પુળુમાવીના તેના રાજ્યકાલના ૧૮મા વર્ષના નાસિકના એક લેખમાં શકો, યવનો અને પહલવોને હરાવ્યાનો ઉલ્લેખ છે. સાથે સાથે તેણે ક્ષહરાત વંશને હણ્યાનો અલગ ઉલ્લેખ પણ કર્યો છે.[૧૩] આથી શકો અને ક્ષહરાતો ભિન્ન હોવાનું સૂચિત થતું નથી. પ્રાય: જેમ આંધ્ર જાતિમાં સાતવાહન કુલ હતું તેમ શક જાતિમાં ક્ષહરાત કુલ હોય એ તદ્દન સંભવિત જણાય છે.[૧૪]

કાર્દમક વંશના રાજાઓ શક જાતિના હોય એમ આ વંશના પહેલા રાજા ત્સામોતિકના નામ પરથી સૂચવાય છે; કેમ કે આ નામ સીથિયન ભાષાનું છે.[૧૫] ઉત્તર ભારતમાંથી પ્રાપ્ત શાહદૂરના વર્ષ ૬૦ના દામીજદના એક ખરોષ્ઠી લેખમાં 'શકસ'નો ઉલ્લેખ છે.[૧૬] પશ્ચિમી ક્ષત્રપોના ચાષ્ટન કુલમાં 'દામજદ' એ નામના ત્રણ રાજાઓ થઈ ગયા હોવાનું સ્પષ્ટ છે. 'દામીજદ' અને 'દામજદ'ના નામ સામ્યને ધ્યાનમાં લેતાં એવું અનુમાન થઈ શકે કે ચાષ્ટન કુલીય રાજાઓ પણ શક જાતિના હોય.

'તિલોય પણ્ણતિ' નામના પ્રાકૃત જૈન ગ્રંથમાં 'ણરવાહણ' અને 'ભત્થઠ્ઠણ'નો ઉલ્લેખ છે.[૧૭] આ જ ગ્રંથમાં વીરના નિર્વાણ પછી ૪૬૧ વર્ષ બાદ શક રાજા થઈ ગયો અને એના વંશજોએ ૨૪૨ વર્ષ રાજ્ય કર્યું એમ નોંધાયું છે. આ સાથે અન્ય રાજવંશોના ઉલ્લેખો ય છે.[૧૮] આ બધાંના સંદર્ભને ધ્યાનમાં લેતાં નહપાન અને ચાષ્ટન વંશના રાજાઓ શક જાતિના હોવાના ઉપર્યુક્ત મંતવ્યને સમર્થન મળે છે. કેટલાક ઐતિહાસિકો એવી પણ અટકળ કરે છે કે કાલકાચાર્ય સાથે આવેલા શકો જ પશ્ચિમી ક્ષત્રપો હોવા જોઈએ.[૧૯]

વળી ક્ષહરાત વંશ અને ચાષ્ટન વંશના લેખોમાં નિર્દિષ્ટ વર્ષો પણ કોઈ એક જ સંવતનાં છે, જે સંવત 'શક સંવત' હોવાનું હવે તો પ્રતિપાદિત થયું છે.[૨૦] એમની જાતિ શક હોય તો જ એમણે પ્રયોજેલો સંવત પછીથી એ નામે ઓળખાયો હોવાનો સંભવ અહીં ધ્યાનમાં લેવો ઘટે.

આ બધી દલીલો ઉપરથી એવું અનુમાન માત્ર થઈ શકે કે પશ્ચિમી ક્ષત્રપ રાજાઓ શક જાતિના હતા. છતાં એ માટે એમના કુલનાં વધુ સીધાં અને અસંદિગ્ધ પ્રમાણોની અપેક્ષા રહે છે.

આ રાજાઓના સિક્કાઓ ઉપર આરંભમાં એક બાજુ ઉપર ગ્રીક ભાષા અને લિપિ તેમ જ બીજી બાજુ ઉપર પ્રાકૃત ભાષા અને ખરોષ્ઠી લિપિ પ્રયોજાયેલી. આગળ જતાં ખરોષ્ઠી લિપિની જગ્યાએ બ્રાહ્મી લિપિ પ્રચલિત થઈ; તેમ જ પ્રાકૃત ભાષા ઉપર પણ સંસ્કૃત ભાષાની કેટલીક અસર થઈ.

આરંભકાલના સિક્કાઓની ભાષા અને લિપિ ઉપરથી એવું ફલિત થાય છે કે આ વંશના શરૂઆતના રાજાઓ અથવા એમના નજીકના પૂર્વજો ભારતમાં વાયવ્ય પ્રદેશમાં રહેતા હશે, જ્યાં પ્રાકૃત ભાષા અને ખરોષ્ઠી લિપિ ઈરાની સામ્રાજ્યના સમયથી પ્રચલિત હતી; અને જ્યાં ભારતીય યવન રાજાઓના સમયથી ગ્રીક ભાષા અને લિપિ પણ પ્રચલિત હતાં. ભાષા અને લિપિમાં આગળ જતાં થયેલો ફેરફાર આ આગંતુક રાજાઓના ઉપર થયેલી પશ્ચિમ ભારતની સ્થાનિક અસર સૂચવે છે.

## સાલવારી :

ક્ષત્રપ રાજાઓના અસંખ્ય સિક્કાઓને આધારે તેમના રાજવંશની લગભગ સળંગ સાલવારી મેળવી શકાઈ છે. જોકે, શરૂઆતના રાજાઓના સિક્કાઓ હજી સુધી મિતિવાળા પ્રાપ્ત થયા નથી; પરન્તુ તેમાંના ક્ષહરાત રાજા નહપાન અને ચાષ્ટન–રુદ્રદામાના શિલાલેખો મળ્યા છે, જેમાં કોઈ સળંગ સંવતનાં વર્ષો હોવાનું જણાય છે. તેથી આ ક્ષત્રપ રાજકુલોના શાસનકાળની ઉપલી અને નીચલી મર્યાદા નક્કી કરવામાં બહુ મુશ્કેલી પડતી નથી.

નહપાનના સમયના નાસિક, કાર્લા અને જુન્નરની ગુફાઓમાંના શિલાલેખોમાંથી કેટલાકમાં કોઈ એક અનિર્ણીત સંવતનાં વર્ષ ૪૧, ૪૨, ૪૫ અને ૪૬નો ઉલ્લેખ છે, જ્યારે ચાષ્ટન–રુદ્રદામાના આન્ધૌ(કચ્છ)ના લેખોમાં વર્ષ ૫૨નો ઉલ્લેખ છે. સિક્કાઓ ઉપર વહેલામાં વહેલું પ્રાપ્ય વર્ષ ૧૦૧ છે, અને તે સિક્કો કાર્દમક ક્ષત્રપ કુલના પાંચમા પુરુષ રુદ્રસિંહ ૧લાનો છે; જ્યારે મોડામાં મોડું જ્ઞાત વર્ષ ૩૨૦ છે, જે કાર્દમક ક્ષત્રપોના પાંચમા કુલના રુદ્રસિંહ ૩જાના સિક્કા પર છે. હવે આમાં નહપાનની કારકિર્દી વર્ષ ૪૬ના અરસામાં પૂરી થતી જણાતી હોઈ એનું રાજ્યારોહણ વર્ષ ૪૧ પહેલાં ઠીક ઠીક વર્ષો ઉપર થયું હોવા સંભવે. અને એની પહેલાં એના કુલનો ભૂમક નામે રાજા થયો હતો. આ ગણતરીએ ભૂમકનું રાજ્ય ઉપર જણાવેલાં વર્ષોમાં વપરાયેલા સંવતની શરૂઆતથી અથવા એનાં શરૂઆતનાં વર્ષો પૈકીના કોઈ વર્ષથી શરૂ થયું હોવાનું જણાય છે. આ ક્ષત્રપોએ વાપરેલા સંવતનાં શરૂઆતનાં વર્ષોથી માંડી તે જ સંવતના ૩૨૦મા વર્ષ સુધીનાં લગભગ ત્રણસો–સવા ત્રણસો વર્ષ જેટલા દીર્ઘકાળ પર્યંત આ રાજાઓએ ગૂજરાત ઉપર રાજ કર્યું હોવાનું અનુમાન થઈ શકે છે.

## વંશાવળીઓ :

ક્ષત્રપ રાજાઓના સિક્કાઓ તેમની વંશાવળીઓ તૈયાર કરવામાં ખૂબ જ ઉપયોગી થઈ પડચા છે. આ રાજાઓના ૨૦ જેટલા શિલાલેખો પણ મળ્યા છે.[૨૧] આમાંના કેટલાક શિલાલેખોમાં વર્ષો અને વંશાવળીઓ આપેલી હોવાથી સિક્કાઓના આધારે સૂચિત થતી વંશાવળીને કેટલુંક સમર્થન મળી રહે છે. ક્ષત્રપોના સિક્કાઓ ઉપર સિક્કા પડાવનાર રાજાના નામની પૂર્વે તેના પિતાનું હોદ્દાસહિતનું નામ પણ જોવા મળે છે. તેમના સિક્કાલેખોની આ વિલક્ષણતાને લીધે કયા ક્ષત્રપ કે મહાક્ષત્રપ રાજા પછી એના ઉત્તરાધિકારી તરીકે કયો ક્ષત્રપ કે મહાક્ષત્રપ રાજા ગાદીએ આવ્યો એની લગભગ સળંગસૂત્ર માહિતી પ્રાપ્ત થાય છે. સિક્કાઓમાં કોઈક સંવતનાં સળંગ વર્ષો હોવાથી લગભગ પ્રત્યેક રાજાની ઉપલી અને નીચલી જ્ઞાત સમય-મર્યાદાનો પણ ખ્યાલ ઠીક ઠીક પ્રમાણમાં મળી રહે છે.

એમના સિક્કાલેખો અને શિલાલેખો પરથી આ રાજાઓની વંશાવળીઓ નીચે પ્રમાણે ગોઠવી શકાય છે :

(૧) ભૂમક (રા. ક્ષ.)[૨૨]

|

નહપાન (રા. ક્ષ. ૪૧-૪૫)
(રા. મક્ષ. ૪૬)

|

દક્ષમિત્રા–(પતિ ઉષવદાત)

(૨)

- ઝ્સામોતિક
  - ચાષ્ટન (રા. મક્ષ. ૫૨)
    - જયદામા (રા. ક્ષ.)
      - રુદ્રદામા ૧લો (રા. ક્ષ. ૫૨) (રા. મક્ષ. ૭૨)
        - દામજદશ્રી ૧લો (રા. મક્ષ.)
          - સત્યદામા (રા. ક્ષ.)
          - જીવદામા (રા. મક્ષ. ૧૧૯-૧૨૦)
        - રુદ્રસિંહ ૧લો (રા. મક્ષ. ૧૦૩-૧૧૯)
          - રુદ્રસેન ૧લો (રા. મક્ષ. ૧૨૨-૧૪૪)
            - પૃથિવીષેણ (રા. ક્ષ. ૧૪૪)
            - દામજદશ્રી ૨જો (રા. ક્ષ. ૧૫૪-૧૫૫)
              - વીરદામા (રા. ક્ષ. ૧૫૬-૧૬૦)
                - રુદ્રસેન ૨જો (રા. મક્ષ. ૧૭૭-૧૯૯)
                  - વિશ્વસિંહ (રા. મક્ષ. ૨૦૦-૨૦૧)
                  - ભર્તૃદામા (રા. મક્ષ. ૨૦૪-૨૨૧)
                    - વિશ્વસેન (રા. ક્ષ. ૨૦૫-૨૨૬)
              - યશોદામા ૧લો (રા. મક્ષ. ૧૬૦-૧૬૧)
              - વિજયસેન (રા. મક્ષ. ૧૬૧-૧૭૨)
              - દામજદશ્રી ૩જો (રા. મક્ષ. ૧૭૨-૧૭૭)
          - સંઘદામા (રા. મક્ષ. ૧૪૪-૧૪૫)
          - દામસેન (રા. મક્ષ. ૧૪૫-૧૫૮)

(૩)

સ્વામી જીવદામા
|
રુદ્રસિંહ ૨જો
(રા. ક્ષ. ૨૨૬-૨૩૭)
|
યશોદામા ૨જો
(રા. ક્ષ. ૨૩૭-૨૫૪)

(૪)

રુદ્રદામા ૨જો
(રા. મક્ષ.)
|
રુદ્રસેન ૩જો (રા. મક્ષ. ૨૭૦-૩૦૨) — પુત્રી

(૫)

? — રુદ્રદામા ૨જો
|
? ⟶ પતિ ⟵ પુત્રી–નામ ?
|
સ્વામી સિંહસેન
(રા. મક્ષ. ૩૦૪-૩૦૬)
|
સ્વામી રુદ્રસેન ૪થો
(રા. મક્ષ.)

(૬)

સ્વામી સત્યસિંહ
(રા. મક્ષ.)
|
સ્વામી રુદ્રસિંહ ૩જો
(રા. મક્ષ. ૩૧૦-૩૨૦)

[ **નોંધ** :—ઉપરની વંશાવળીમાં રાજાની સમયમર્યાદા સૂચવતી વર્ષસંખ્યા શક સંવતની છે અને સિક્કાલેખો તેમ જ શિલાલેખોમાં જે નિર્દિષ્ટ છે તેનો જ સમાવેશ કર્યો છે. ]

ઉપર્યુક્ત વંશાવળીઓમાંથી એકંદરે ૩૨ વ્યક્તિઓનાં નામ જાણવા મળે છે.

## ક્ષહરાત વંશ :

આમાંના પહેલા બે રાજાઓ ક્ષહરાત કુલના છે, એટલે અહીં 'ક્ષહરાત'ની ચર્ચા કરવી આવશ્યક જણાય છે.

પશ્ચિમી ક્ષત્રપ વંશોમાંના પહેલા વંશના રાજાઓના શિલાલેખોમાં એમને 'ક્ષહરાત ક્ષત્રપ'[२३] અને 'ખહરાત ખતપ'[२४] તરીકે ઓળખાવવામાં આવ્યા છે; જ્યારે એમના સિક્કાલેખોમાં તેઓને "ચહરદ (કે છહરદ) ચત્રપ (છત્રપ)", 'ક્ષહરાત ક્ષત્રપ,' 'રાઞો ક્ષહરાત' 'રઓ છહરત'[२५] વગેરે નામે ઓળખાવવામાં આવ્યા છે. દક્ષિણ ભારતના સાતવાહન રાજાઓના શિલાલેખોમાં 'ખખરાત'[२६] રૂપ પ્રયોજાયેલું જોવા મળે છે. ઉત્તર ભારતના ક્ષહરાત ક્ષત્રપ રાજાઓના શિલાલેખોમાં 'ક્ષહરાત ક્ષત્રપ' રૂપ જોવા મળે છે.[२७] આમ 'ક્ષહરાત' માટે ખખરાત, ખહરાત, છહરાત, છહરત, છહરદ કે ચહરદ તેમ જ ક્ષહરાત જેવાં વિવિધ રૂપો પ્રયોજાયેલાં પ્રાપ્ત થાય છે.

આમાં 'ક્ષત્રપ' અગાઉ જણાવ્યા મુજબ વહીવટી હોદ્દો સૂચવે છે. પરન્તુ 'ક્ષહરાત'ના અર્થ માટે વિદ્વાનોમાં વિભિન્ન મતો પ્રવર્તેલા જોવા મળે છે. તક્ષશિલા અને મથુરાના ક્ષત્રપ-વંશીય શિલાલેખોમાં ઉલ્લિખિત આ શબ્દની ચર્ચા કરતાં પ્રો. સ્ટેન કોનૌ 'ક્ષહરાત' શબ્દને બિરુદના અર્થમાં ઘટાવે છે.[२८] શ્રી. બાખલે પ્રાકૃત શબ્દ 'ખરઓસ્ત' (સંસ્કૃત 'ખરવસ્ત' Kharaosta)માંથી 'ક્ષહરાત' શબ્દ પ્રયોજાયો હોવાનું જણાવી, તેને કુલનામના અર્થમાં ઘટાવે છે. પ્રો. રેપ્સન આનો વિરોધ કરતાં જણાવે છે કે 'ખરઓસ્ત—ખરવસ્ત' એ તો મથુરાના ક્ષત્રપ રાજા રાજુલના પુત્રનું નામ છે;[३०] એટલે 'ખરઓસ્ત' પ્રાકૃતનું સંસ્કૃત રૂપ 'ક્ષહરાત' છે એમ માનવું બરાબર નથી.[३१] કેટલાક ઇતિહાસવિદો[३२] 'ક્ષહરાત' એ અટક છે એમ જણાવી ક્ષહરાતોને તોલમાયની ભૂગોળમાં ઉલ્લિખિત 'કરતાઈ' (Karatai) નામની એક શક જાતિ સાથે સંબંધ હોવાનું સૂચવે છે, તો વળી શ્રી ગુપ્તે[३३] દક્ષિણ ભારતના ભરવાડોમાં 'ખરત' અટક પ્રચલિત હોવાનું જણાવી સૂચવે છે કે 'ખરત'એ 'ખખરત'નું સંક્ષિપ્ત નામ હોય. એટલે તેઓ પણ 'ખખરત'(સં. ક્ષહરાત)ને અટક ગણાવે છે.[३४] 'રાજા' અને 'ક્ષત્રપ'ની જેમ 'ક્ષહરાત' અને 'ક્ષત્રપ'એ બન્ને પણ અધિકારસૂચક બિરુદો હોવા સંભવે છે. પરન્તુ વાસિષ્ઠીપુત્ર પુળુમાવીના શિલાલેખમાં "શક-યવન-પહ્લવ" તથા "સાતવાહનકુલ"ની જેમ 'ક્ષહરાત વંશ'નો સ્પષ્ટ અલગ ઉલ્લેખ થયેલો છે.[३५] આ ઉપરથી આ શબ્દ વંશસૂચક હોવાનું નિશ્ચિત થાય છે.

### કાર્દમક કે ચાષ્ટન વંશ?

કન્હેરી ગુફાના એક લેખમાં[३६] રુદ્ર(દામા)ની પુત્રી પોતાને 'કાર્દમક' વંશની હોવાનું જણાવે છે. આ નિર્દેશને આધારે મોટા ભાગના ઐતિહાસિકો ચાષ્ટનાદિ રાજાઓને કાર્દમક કુલના ગણાવે છે.

આ "કાર્દમક" નામ કર્દમા નદી ઉપરથી પડ્યું હોવાની અટકળ વિદ્વાનોએ ગણપતિ શાસ્ત્રીની કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' પરની ટીકાને આધારે કરી હોવાનું જણાય છે. શ્રી ગણપતિ શાસ્ત્રીની આ ટીકામાં "કાર્દમિક" નામનું મોતી પારસીક(ઈરાન)માં આવેલી 'કર્દમા' નદીમાં ઉત્પન્ન થાય છે એવી નોંધ છે.[३७]

આ બે હકીકતોને સાંકળીને વિદ્વાનોએ ઈરાનથી આવેલા આ શકો કર્દમા નદીના રહેવાસી હોવાની અટકળ કરી તેમને 'કાર્દમક વંશ' તરીકે ઓળખાવ્યા છે.

કલ્હણની 'રાજતરંગિણી'માં 'કર્દમરાજ' એવો ઉલ્લેખ છે.[૩૮] અને મહાભારતના 'વિરાટપર્વ'માં 'કર્દમિલ' નામના સ્થળનો નિર્દેશ છે.[૩૯] આ બે વિગતોના આધારે શ્રી બ્યૂહલર 'કાર્દમકરાજ' એ પશ્ચિમી ક્ષત્રપોનું બિરુદ હોવાનું સૂચવે છે.[૪૦] પરન્તુ 'રાજતરંગિણી'માંનો 'કર્દમરાજ' શબ્દ એ વ્યક્તિસૂચક નામ છે અને તેથી એના આધારે વંશનું સૂચન થઈ શકે નહીં.[૪૧]

ડૉ. સત્યશ્રાવ વળી એક જુદી જ અટકળ કરે છે.[૪૨] તેઓના મતે ગૂજરાતમાં આવેલો હાલનો સિદ્ધપુરનો પ્રદેશ પ્રાચીન કાળમાં 'કર્દમ' પ્રદેશ તરીકે ખ્યાત હતો. કર્દમ ઋષિનો અહીં આશ્રમ હોઈ એની આસપાસનો વિસ્તાર ઋષિના નામ પરથી 'કર્દમ' તરીકે જાણીતો હતો. તેથી કાર્દમક એ વંશનું નામ ન હોઈ શકે પણ પ્રદેશસૂચક નામ છે, જ્યાં રુદ્રદામાના પૂર્વજો રાજ્ય કરતા હતા. ડૉ. સત્યશ્રાવની આ દલીલ સ્વીકાર્ય લાગતી નથી, કેમ કે સિદ્ધપુરનું પ્રાચીન નામ તો 'શ્રીસ્થલ' હતું.[૪૩] વળી આ પ્રદેશમાંથી હજી સુધી ક્ષત્રપકાલના કોઈ અવશેષો મળ્યા નથી.

રામાયણના 'ઉત્તરકાંડ'માં[૪૪] એક રાજવંશને 'કાર્દમેય' કે 'કાર્દમ' નામે ઓળખાવ્યો છે, અને તેઓ કર્દમ પ્રજાપતિના વંશજો હતા[૪૫] તેમ જ બાહ્લિક (હાલનું બલ્ખ) ઉપર રાજ્ય કરતા હતા.[૪૬] આ ઉલ્લેખો પરથી ડૉ. રાયચૌધરી ઈરાનમાં આવેલી કર્દમ નદીને ઝરફશન નદી સાથે સરખાવે છે.[૪૭] એન્સાયક્લોપીડિયા બ્રિટાનિકામાં ઝરફશન નદી સમરકંદ પ્રદેશની મોટી નદી હોવાનું નોંધ્યું છે.[૪૮] પ્રાચીન સમયમાં આ નદી આમૂદરયા નદીની એક શાખા હતી, પરન્તુ પછીના કાળમાં કારાકુલ સરોવર આગળ રેતીમાં લુપ્ત થઈ ગઈ છે.[૪૯] એન્સાયક્લોપીડિયા બ્રિટાનિકામાં આપેલા તુર્કસ્તાનના નકશામાં આ નદી (જે ૪૦° અને ૪૧° પૂર્વ રેખાંશ તેમ જ ૬૪° અને ૭૨° ઉત્તર અક્ષાંશ વચ્ચે વહેતી) દર્શાવી છે.[૫૦] અહીં આ નદીનું સ્થાન ધ્યાનમાં લેતાં અને મધ્ય એશિયામાં થયેલી ઊથલપાથલને લીધે સિરદરયા અને આમૂદરયા નદી વચ્ચે ભટકતી શક ટોળીઓને ત્યાંથી ખસવું પડયું તે ધ્યાનમાં રાખતાં ઝરફશન નદી એ કર્દમ નદી હોવાની ડૉ. રાયચૌધરીની અટકળને સમર્થન મળે છે.

તાજેતરનાં વર્ષોમાં ઉત્ખનન દ્વારા ઉત્તર ગૂજરાતમાં શામળાજીના પ્રસિદ્ધ તીર્થની નજીક દેવની મોરીનો એક બૌદ્ધ મહાસ્તૂપ અને એક મહાવિહારના અવશેષો મળી આવ્યા છે. આ સ્તૂપના પેટાળમાંથી જે શૈલસમુદ્ગક (પથ્થરનો દાબડો) મળી આવ્યો છે એના પરના ઐતિહાસિક ભાગવાળા લખાણમાં "કથિક નૃપોના ૧૨૭મા વર્ષે રાજા રુદ્રસેન રાજ્ય કરતો હતો ત્યારે" એવું વાક્ય છે.[૫૧] આ ઉપરથી આ રાજા રુદ્રસેન કથિક વંશનો હતો એવી અટકળ થઈ શકે, તો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ચાષ્ટન વંશના રુદ્રસેન નામના ચાર રાજાઓ પૈકીનો કોઈ રુદ્રસેન અને લેખવાળો આ રાજા રુદ્રસેન એક હોઈ શકે? એમ હોય તો ચાષ્ટન વંશના રાજાઓ કથિક વંશના ગણાય. તે પછી બીજો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે કાર્દમક વંશ અને કથિક વંશ એ ભિન્ન વંશો છે કે એક જ? જોકે આ પ્રશ્નોનો કોઈ ચોક્કસ ઉકેલ આપવો મુશ્કેલ છે. હાલના તબક્કે તો એટલું જ કહી શકાય કે 'કથિક' એ પ્રાયઃ "બૌદ્ધ ધર્મના ઉપદેશકો"નો અર્થ દર્શાવતું સામાન્ય નામ હોય અને બૌદ્ધધર્મના પ્રભાવક એવા કોઈ રાજવંશને

માટે અહીં પ્રયોજાયું હોય એમ લાગે છે, પણ એ અજ્ઞાત રાજવંશને ભારતની જ્ઞાત જાતિઓ કે વંશોમાંના કોઈની ય સાથે નિશ્ચિતપણે ઓળખાવવો મુશ્કેલ છે.

આભીરીઓમાં ઈશ્વિરસેન રાજા હતો અને શૈલસમુદ્ગકમાંનું વર્ષ કલચુરિ-ચેદિ સંવતનું હોવાની અટળક કરી ડૉ. વા. વિ. મિરાશી આ રાજા રુદ્રસેન આભીર વંશના ઈશ્વરસેનનો વંશજ હોય એમ માને છે. [૫૨] જોકે આ મંતવ્ય સ્વીકારવા કોઈ ચોક્કસ સાધનો કે આધારોનો નિર્દેશ તેમણે કર્યો નથી. વળી દેવની મોરીના લેખમાં રુદ્રસેન કથિક નૃપોમાંનો હતો એવું સ્પષ્ટ જણાવેલું નથી, માત્ર વર્ષ ૧૨૭ કથિક નૃપોનું હતું એમ કહેલું છે. રુદ્રસેનને મહાક્ષત્રપ કે ક્ષત્રપ તરીકે પણ ઓળખાવ્યો નથી, તેથી આ રાજા રુદ્રસેન ક્ષત્રપ વંશનો ન હોય એમ માની લેવામાં આવ્યું છે તે પણ બરાબર નથી.

આથી ચાષ્ટન વંશના ક્ષત્રપો કથિકો હોય કે ન હોય, પરન્તુ કાર્દમકો હતા એમ માની શકાય, જો કન્હેરી લેખમાં ઉલ્લિખિત "રુદ્ર" એ ક્ષત્રપવંશીય ચાષ્ટન પૌત્ર રુદ્રદામા હોય એમ સ્વીકારીએ તો.

આમ આ કોયડાઓનો જ્યાં સુધી ઉકેલ ન આવે ત્યાં સુધી તો એમ લાગે છે કે આ રાજાઓમાંના સૌ પ્રથમ રાજા ચાષ્ટનના નામ ઉપરથી "ચાષ્ટન વંશ"ના રાજાઓ તરીકે ઓળખવાની પદ્ધતિ વધારે સરળ જણાય છે. [૫૩]

## ઇતર ક્ષત્રપવંશો :

ચાષ્ટન કુળના છેલ્લા રાજા વિશ્વસેન પછી ઉપર્યુક્ત વંશાવળીને આધારે સ્વામી જીવદામાનું નામ જાણવા મળે છે. આ રાજાનો ઉલ્લેખ એના પુત્ર રુદ્રસિંહ ર્જાના સિક્કામાં થયેલો છે. જીવદામાનો પોતાનો એકેય અભિલેખ મળ્યો ન હોઈ એના પિતાનું નામ જાણવા મળતું નથી. તેથી એના પિતા અને વિશ્વસેનની વચ્ચે પૈતૃક સંબંધ હતો કે કેમ? અને હતો તો કેવા પ્રકારનો હતો તે વિશે કંઈ જ જાણવા મળતું નથી. જીવદામાના કુળમાં ફક્ત ત્રણ રાજાઓનો જ સળંગ વંશ દેખા દે છે.

ઉપર્યુક્ત વંશના છેલ્લા રાજા યશોદામા ર્જા પછી સિક્કાઓના આધારે સ્વામી રુદ્રદામા ર્જાનું નામ જાણવા મળે છે. પરન્તુ એ બે રાજાઓ વચ્ચે શી સગાઈ હતી તે બિલકુલ સ્પષ્ટ થતું નથી. રુદ્રદામા ર્જા પછી એનો પુત્ર રુદ્રસેન ૩જો ગાદીએ આવે છે. આ વંશમાં માત્ર આ બે જ રાજાઓની માહિતી મળે છે. આ વંશનુંય કોઈ વિશિષ્ટ કુલનામ જાણવા મળ્યું નથી.

રુદ્રસેન ત્રીજા પછી એની બહેનનો પુત્ર સ્વામી સિંહસેન રાજા થયેલો જણાય છે. આથી સિંહસેનનું કુલ રુદ્રસેન ૩જાના કુલ કરતાં ભિન્ન હોવાનું સ્પષ્ટ થાય છે. સિંહસેન પછી એનો પુત્ર રુદ્રસેન ૪થો ગાદીએ આવ્યો. આ વંશમાં આ બે જ રાજાઓ થયા હોવાનું જણાય છે. એમના કુલનામ વિશે પણ કોઈ માહિતી ઉપલબ્ધ થતી નથી.

રુદ્રસેન ૪થા પછી રુદ્રસિંહ ૩જાના સિક્કાના પરથી તેના પિતા સત્યાસહની માહિતી પ્રાપ્ત થાય છે. પરન્તુ રુદ્રસેન ૪થા અને સત્યસિંહ વચ્ચે શો સંબંધ હતો તે જાણી શકાતું નથી.

સત્યસિંહના પોતાના સિક્કા મળ્યા નહીં હોવાથી એના પિતાની માહિતી મળતી નથી. રુદ્રસિંહ ૩જા પછી ક્ષત્રપ રાજાઓના સિક્કા મળતા નથી. એટલે રુદ્રસિંહ ૩જો ઉપર્યુક્ત રાજ્યકર્તાઓમાં સંભવતઃ છેલ્લો જ્ઞાત રાજા હોવાનું સ્પષ્ટ થાય છે.

આમ કાર્દમકોની સીધી સળંગ મળતી વંશાવળી પછી કુલ ચાર જગ્યાએ સંબંધ તૂટે છે; જેમાંના એકમાં કુલ જુદું હોવાનું જણાય છે. શેષ ત્રણ કુલોના સંબંધો વિશે એકેય બાજુથી કશું જ ચોક્કસપણે કહી શકાય એવી સામગ્રી કે પુરાવાઓ પ્રાપ્ત થતા નથી.

## સમયનિર્ણય :

ક્ષત્રપોના સિક્કાઓ પરનાં લખાણોમાં તથા તેમના શિલાલેખોમાં વર્ષની સંખ્યાઓ આપેલી છે અને એ સંખ્યાઓનો સળંગ ક્રમ દર્શાવે છે કે તે વર્ષો કોઈ અમુક સંવતનાં હોવાં જોઈએ. પશ્ચિમી ક્ષત્રપોમાંના સાતમા રાજા રુદ્રસિંહ ૧લાથી વર્ષની સંખ્યા કોતરેલા સિક્કાઓ મળે છે. તેની પૂર્વેના રાજાઓના સિક્કાઓ તો મળ્યા છે પણ તેમાં વર્ષની સંખ્યા સૂચવતી વિગતો આપેલી જણાતી નથી. રુદ્રસિંહ ૧લાના સિક્કાઓ પર નોંધાયેલી વર્ષ સૂચવતી સંખ્યા ૧૦૧ છે; અને છેલ્લા જ્ઞાત રાજા રુદ્રસિંહ ૩જાની નોંધાયેલી વર્ષસૂચક સંખ્યા ૩૨૦ છે. ૧૦૧નું વર્ષ સાતમા રાજાનું છે, તેથી પહેલા રાજાનું રાજ્ય લગભગ એ સંવતના આરંભથી શરૂ થયું હોવું જોઈએ. આમ સિક્કાઓના આધારે આ બે વર્ષસૂચક સંખ્યા ક્ષત્રપકાળની ઉપલી અને નીચલી મર્યાદા નિશ્ચિત કરવામાં સહાયભૂત થાય છે.

આ રાજાઓના જે શિલાલેખો પ્રાપ્ત થયા છે તેમાંના કેટલાક ઉપર વર્ષસંખ્યા સૂચવતા આંકડાઓ કોતરેલા છે. એમાં વહેલામાં વહેલી સંખ્યા ૪૧ની છે. એ વર્ષ ક્ષત્રપવંશના બીજા જ્ઞાત રાજા નહપાનના રાજ્યકાલનું છે. એના રાજ્યકાલનાં જ્ઞાતવર્ષ ૪૧ થી ૪૬નાં છે ને એના અનુગામીના રાજ્યનો જ્ઞાત કાલ વર્ષ ૫૨થી શરૂ થાય છે. એ ઉપરથી નહપાનનું રાજ્ય વર્ષ ૪૧ કરતાં ઠીક ઠીક વહેલું શરૂ થયું હોવાનું સંભવે છે અને એની પહેલાં ભૂમકનું રાજ્ય હતું. આ ઉપરથી ભૂમકનું રાજ્ય આ સંવતની પહેલી સદીના પહેલા ચરણમાં શરૂ થયું ગણાય.

હાલ આપણે જે અર્થમાં 'સવંત' શબ્દ વાપરીએ છીએ તે અર્થમાં પહેલાં સામાન્યતઃ 'કાલ' શબ્દ વપરાતો હતો. 'સંવત' શબ્દ તો વસ્તુતઃ 'સંવત્સર' શબ્દનું સંક્ષિપ્ત રૂપ છે અને એનો મૂળ અર્થ 'વર્ષ' થાય છે. ક્ષત્રપોના લેખોમાં મિતિની સંખ્યાની આગળ માત્ર 'વર્ષ' શબ્દ જ આવે છે અને એ 'વર્ષ' શબ્દની અગાઉ 'શકકાલ' જેવા કોઈ કાલ(સંવત)નો સંબંધ દર્શાવવામાં આવતો નથી. પરન્તુ વર્ષ શબ્દની પહેલાં એ સમયે રાજકર્તા રાજાનું નામ મૂકવામાં આવે છે. રાજાનું નામ અને વર્ષ વચ્ચે આપેલો વ્યાકરણીય સંબંધ તો જાણે તે વર્ષ તે રાજાના રાજ્યકાળનું ન હોય એવું સૂચવે છે. પણ આ વંશના રાજાઓના લેખોમાં વર્ષની સંખ્યા સળંગ ક્રમમાં ઉત્તરોત્તર વધતી જાય છે અને એનો આંકડો ૪૧ થી માંડીને છેક ૩૨૦ સુધી પહોંચે છે. આ ઉપરથી આ વર્ષો તે તે રાજાના રાજ્યકાળનાં નહીં પણ કોઈ સળંગ સંવતનાં હોવા વિશે શંકા રહેતી નથી.

પરન્તુ આ વર્ષ ૪૧ થી ૩૨૦ એ કયા સંવતનાં સમજવાં એ સ્પષ્ટ થાય તો જ આ

રાજાઓનો સમય અન્ય રાજવંશોના સંદર્ભમાં તેમ જ ઇતિહાસની સાલવારીના સંદર્ભમાં સમજી શકાય. આ રાજાઓના લેખોમાં એ વર્ષોના સંવત વિશે કોઈ જ ઉલ્લેખ કરેલો નથી.

ક્ષત્રપોના સમય દરમ્યાન ભારતમાંના પ્રચલિત સંવતોનાં કોઈ ચોક્કસ નામ જાણવા મળતાં નથી એટલે ક્ષત્રપોએ વાપરેલા સંવતનું નામ નિશ્ચિત કરવાનું કામ મુશ્કેલ જણાય છે. અનેક અધ્યેતાઓએ આ વિશે વિવિધ મંતવ્યો રજૂ કર્યાં છે. અત્યારે તો મોટા ભાગના વિદ્વાનો ક્ષત્રપોએ વાપરેલા સંવત શક હોવાનું માને છે.

જોકે આ શક સંવત પ્રવર્તાવનાર કુષાણ રાજા કણિષ્ક ૧લો હતો એમ હવે ઘણાખરા ઇતિહાસકારો સ્વીકારે છે. તો પ્રશ્ન એ ઉદ્‌ભવે છેકે કુષાણ રાજા કણિષ્કે પ્રવર્તાવેલો આ સંવત 'શક' નામે કેમ ઓળખાયો? ભારતીય સાહિત્યમાં કુષાણકુલ જાણીતું નથી, જ્યારે શક જાતિ અતિ પરિચિત હતી.[૫૪] કુષાણોની સરખામણીમાં શક ક્ષત્રપોએ એને લાંબા સમય સુધી ચાલુ રાખી લોકપ્રિય બનાવ્યો અને જ્યારે એનું નામ પડયું ત્યારે કુષાણો ભૂલાઈ ગયા હશે અને શકોની સ્મૃતિ તાજી હશે; કેમ કે એમણે ત્રણસોથીય વધારે વર્ષો સુધી રાજસત્તા ચલાવી હતી. વળી જેમ આભીર સંવત પ્રાયઃ આભીર રાજા ઈશ્વરસેને પ્રવર્તાવ્યો હોવા છતાંય કલચુરિ રાજાઓએ એને ચાલુ રાખતાં એનું નામ કલચુરિ સંવત પડયું અને ચેદિ પ્રદેશમાં એ લોકપ્રિય હતો માટે એની સાથે ચેદિ નામ જોડાયું.[૫૫] તેમ કણિષ્કે ચલાવેલો સંવત શક ક્ષત્રપોએ લાંબા સમય સુધી વાપર્યો હોવાને કારણે એનું નામ શક સંવત પડયું હોવાનો સંભવ સ્પષ્ટ થાય છે અને પછીના સમયમાં એ 'શાલિવાહન શક' નામે ઓળખાયો.

આ શક સંવતનો આરંભ વિક્રમ સંવત પછી ૧૩૫ વર્ષ અને ઈસ્વીસન પછી ૭૮ વર્ષે થયો છે. આ ગણતરીએ આ ક્ષત્રપ રાજાઓ માટે ઉપર અંદાજેલો વર્ષ ૬-૧૦થી ૩૨૦નો સમય તે વિક્રમ સંવત ૧૪૧-૧૪૫થી ૪૫૫ અને ઈસ્વીસન ૮૪-૮૮થી ૩૯૮ સુધીનો ગણાય.

## પાદટીપ

૧ સંસ્કૃતમાં 'ક્ષત્ર' શબ્દના અનેક અર્થ થાય છે; જેમ કે પ્રદેશ, સત્તા, બળ, ક્ષત્રિય, સૈનિક, હિંસા ઇત્યાદિ (જુઓ મોનિયર વિલિયમસંપાદિત સંસ્કૃત-ઇંગ્લિશ શબ્દકોશ, પૃ. ૩૨૫, ૧૯૬૦). આમાંના પહેલા અર્થમાં એ શબ્દ ઉપરથી 'ક્ષત્રપતિ' એવો શબ્દ પ્રયોજાતો હતો, જેનો પ્રયોગ 'વાજસનેયિ સંહિતા' જેટલા પ્રાચીન ગ્રંથમાં જોવા મળે છે (એજન પૃ. ૩૨૫). પરન્તુ પ્રશિષ્ટ શંસ્કૃત કે પ્રાકૃત સાહિત્યમાં આ શબ્દપ્રયોગ ક્યાંય જોવા મળતો નથી [જુઓ રેપ્સન, એ કેટેલૉગ ઑફ ઈન્ડિયન કૉઈન્સ ઇન બ્રિટિશ મ્યૂઝિયમ, ૧૯૦૮, પ્રસ્તાવના ફકરો ૮૦ તથા ભાંડારકર, ઈન્ડિયન ઍન્ટીકવેરી (હવે પછી ઈએ) પુ. ૪૭, ૧૯૧૮, પૃ. ૭૨].

૨ ભારતના શક રાજાઓના લેખોમાં શરૂઆતમાં 'ક્ષત્રપ' શબ્દનાં 'ક્ષત્રવ,' 'છત્રવ' કે 'ખતપ' એવાં પ્રાકૃત રૂપો પ્રયોજાયેલાં જણાય છે [જુઓ દિનેશચંદ્ર સરકાર, સીલેક્ટ ઈન્સ્ક્રિપ્શન (હવે પછી સીઈ)નં. ૨૪, પૃ. ૧૧૨ થી ૧૧૬; નં. ૬૧-૬૨, પૃ. ૧૬૫-૬૬ વગેરે]
ઉપરાંત જુઓ રેપ્સન, કેટલૉગ, ફકરો ૮૦; વિશ્વનાથ રેઉ, ભારત કે પ્રાચીન રાજવંશ, પુ. ૧, ૧૯૨૦ પૃ.૧ જનાર્દન ભટ્ટ, બૌદ્ધકાલીન ભારત (હિન્દી), ૧૯૨૫, પૃ. ૨૮૫.

૩ રેપ્સન, કેટલૉગ, ફકરો ૮૦; ભાંડારકર, ઈએ., પુ. ૪૭, ૧૯૧૮, પૃ. ૭૨; સ્ટેઈન કાનૌ, મૉડર્ન રીવ્યૂ, પુ. ૨૯, ૧૯૨૧, પૃ. ૪૬૪; ભટ્ટ જનાર્દન, બૌદ્ધકાલીન ભારત, ૧૯૨૫, પૃ. ૨૮૫; શાસ્ત્રી નીલકંઠ (સંપાદક), કૉમ્પ્રિહેન્સિવ હિસ્ટરી ઑફ ઈન્ડિયા (હવે પછી કોહિઈ), પુ. ૨, ૧૯૫૭, પૃ. ૨૬૩; ત્રિપાઠી, આર. એસ., હિસ્ટરી ઑફ એન્શિયન્ટ ઇન્ડિયા (હવે પછી હિએઈ), ૧૯૬૦, પૃ. ૨૧૪ અને પાદટીપ ૧; સરકાર, સીઈ., પૃ. ૧૧૨ અને પાટી નં. ૨.

૪ શ્રી જમશીદ કાવસજી કત્રાકના પત્રના આધારે.

૫ આ શબ્દનું મૂળ અવેસ્તામાં જોવા મળે છે. એમાં 'ક્ષથ્રપાત' (ક્ષથ્ર = રાજ્ય, ઉમરાવપણું અને પાત = રક્ષક) શબ્દ છે. આમાંથી 'શત્રોપન' એવું પહલવી રૂપ પ્રયોજાયું જે ફારસી 'શેહેરબન'નો પર્યાય છે. પહલવી એ જૂની ઈરાની ભાષા છે. આમાંથી દારયના કયૂનિફોર્મ લેખમાં 'ક્ષથ્રપાવન' શબ્દ વપરાયો. જ્યારે સિકંદરે દારયને હરાવી અને ઈરાનને ગ્રીસ સાથે જોડી દીધું ત્યારે 'ક્ષથ્રપાવન' શબ્દનું 'સત્રપસ' (Satrapes i.e. Satrap) એવું ગ્રીક સંક્ષિપ્ત રૂપ પ્રચારમાં આવ્યું. (આ માહિતી આપવા માટે હું શ્રી જમશીદ કાવસજી કત્રાકનો આભારી છું.)

૬ બેન્જામીન, એસ. જી. ડબલ્યુ, પર્શિયા, પૃ. ૧૦૪.

૭ ઈરાની સામ્રાજ્યના શાસનકાળ દરમ્યાન ભારતમાં ગંધાર અને સિંધુ પ્રદેશમાં આ વહીવટી શબ્દ પ્રચલિત થયો હશે અને આગળ જતાં મૌર્ય સામ્રાજ્યના સમયમાં એનો પ્રયોગ પ્રાયઃ લુપ્ત થયો હશે. ત્યાર પછી બાહ્‌લિક યવનો શક-પહ્‌લવો અને કુષાણો આ દેશમાં આવ્યા; તે બધા ઈરાનમાંથી આવેલા હોઈ એમના શાસનકાળ દરમ્યાન ઈરાનનો એ વહીવટી શબ્દ ભારતના એ ભાગમાં પુનઃપ્રચલિત થયો હોય.

૮ રેપ્સન, કેટલૉગ, ફકરો ૮૬; ડૉ. રાયચૌધરી, પોલિટિકલ હિસ્ટરી ઑફ એન્શિયન્ટ ઈન્ડિયા (હવે પછી પોહિએઈ), ૧૯૫૩, પૃ. ૩૧૦; સ્મિથ, ધી અર્લી હિસ્ટરી ઑફ ઈન્ડિયા (હવે પછી અહિઈ), ૧૯૫૩, પૃ. ૩૧૦; સ્મિથ, ધી અર્લી હિસ્ટરી ઑફ ઈન્ડિયા (હવે પછી અહિઈ), ૧૯૫૭, પૃ. ૨૨૩; સરકાર, સીઈ., પૃ. ૧૫૭, પાદટીપ ૧ અને ધી એઈજ ઑફ ઈમ્પિરિયલ યુનિટી (હવે પછી એઈયુ), ૧૯૬૦, પૃ. ૧૮૨; ત્રિપાઠી, આર. એસ., હિએઈ., પૃ. ૨૧૭, પાટી નં. ૪; ભટ્ટ જનાર્દન, બૌદ્ધકાલીન ભારત, પૃ. ૨૮૫ અને સ્ટેન કાનૌ, ઈન્ડિયન હિસ્ટોરિકલ કવાર્ટર્લી (હવે પછી ઈહિકવા), પુ. ૧૪, પૃ. ૧૪૦.

૯ સરકાર, એઈયુ., પૃ. ૧૮૦.

૧૦ જુઓ 'ક્ષત્રપકાલીન ગૂજરાત: ઇતિહાસ અને સંસ્કૃતિ,' ટાઈપ્ડ હસ્તપ્રત પૃ. ૯૭, ૧૦૭, ૧૦૮.

૧૧ જુઓ સેનાર્ત, એપિગ્રાફિકા ઇન્ડિકા (હવે પછી એઈ), પુ. ૮, પૃ. ૮૫ થી, નં. ૧૪ અ, ૧૯૦૫.

૧૨ ઉષવદાત શક જાતિનો હોવાથી એનો સસરો નહપાન અન્ય કોઈ જાતિનો હોવો જોઈએ એવી ય દલીલ કરવામાં આવી છે. તેથી તે પહ્‌લવ જાતિનો હોવાની અટકળ થઈ છે (જુઓ રેપ્સન, કેટલૉગ ફકરો ૮૪). પરંતુ શક જાતિનાં જુદાં જુદાં કુલો વચ્ચે લગ્નસંબંધ યોજાતો જ નહીં હોય એમ માનવું વધારે પડતું છે. શક જાતિનાં સ્થળ વિસ્તાર તથા એમની સંખ્યાવિપુલતા જોતાં એ જાતિની અંદર પરસ્પર લગ્નસંબંધ યોજી શકાય તેવાં પેટાજૂથ અર્થાત્ ગોત્ર રચાયાં હોય એ તદ્દન સંભવિત છે.

૧૩ સરકાર, સીઈ, નં. ૮૬, પૃ. ૧૯૭.

૧૪ સ્મિથ વગેરે ઇતિહાસકારો ક્ષહરાતોને શકો સાથે સાંકળી તેઓ શકસ્તાન (અર્વાચીન સીસ્તાન)થી આવ્યા હોવાનું જણાવે છે (અહિઈ., પૃ. ૨૨૦).

૧૫ ટોમસ, જર્નલ ઑફ ધી રૉયલ એશિયાટિક સોસાયટી (હવે પછી જરોએસો), ૧૯૦૬, પૃ. ૨૧૫ અને ડૉ. સત્યશ્રાવ, ધી શકસ ઇન ઇન્ડિયા (હવે પછી સત્યશ્રાવ), ૧૯૪૭, પૃ. ૬૯.

૧૬ સ્ટેન કોનો, કૉર્પસ ઇન્સ્ક્રિપ્શનમ્ ઇન્ડિકેરમ (હવે પછી કોઇઇ), પુ. ૨, ભા. ૧, પૃ. ૧૬.

૧૭ છાપેલી આવૃત્તિમાં 'मत्थट्टणाण' એવો પાઠ છે, જ્યારે શ્રી આર. બી. હીરાલાલની હસ્તપ્રતમાં 'मच्छट्टणाण' એવો પાઠ આપ્યો છે. (જુઓ કેટલૉગ ઑફ સંસ્કૃત ઍન્ડ પ્રાકૃત મેન્યુસ્ક્રીપ્ટ ઇન સી. પી. ઍન્ડ બેરાર, પૃ. ૧૬). આ બે વાચનમાં શ્રી હીરાલાલનો પાઠ વધારે સાચો લાગે છે (સત્યશ્રાવ, પૃ. ૬૭). 'मच्छट्टणाण' અહીં બહુવચનમાં હોઈ તે વંશનું સૂચન કરે છે.

૧૮ वसुमित्त अग्गिमित्तासट्ठीगंधव्वया वि सयमेकं ।
णरवाहणा य चालं तत्तो मत्थट्ठणा जाया ॥ १५०७ ॥
मत्थट्ठणाण कालो दोण्णि सयाई हवंति बादाला ।
तत्तो गुत्ता ताणं रज्जे दोण्णि य सयाणि इगितीसा ॥ १५०८ ॥
(જુઓ ઉપાધ્યે અને જૈન (સં.), તિલોયપણ્ણત્તી, પૃ. ૩૪૦–૩૪૨)

૧૯ માંકડ, ડો. ૨., ઇતિહાસ-સંમેલન નિબંધ-સંગ્રહ, ૧૯૪૩, પૃ. ૫૨, ૫૭, ૫૯.

૨૦ જુઓ આગળ 'સમયનિર્ણય' અને પાદટીપ.

૨૧ આમાં મુદ્રાલેખો અને મૃદ્‌ભાણ્ડલેખોનો પણ સમાવેશ કર્યો છે. (જુઓ 'ક્ષત્રપકાલીન ગૂજરાત' ની ટાઈપ્ડ હસ્તપ્રત, પરિશિષ્ટ ૧લું).

૨૨ હવે પછી જ્યાં રા. ક્ષ. કે રા. મક્ષ. આવે ત્યાં અનુક્રમે રાજા ક્ષત્રપ અને રાજા મહાક્ષત્રપ સમજવું.

૨૩ એઈ., પુ. ૮, પૃ. ૭૮, ૮૧, ૮૨, ૮૫.

૨૪ એઈ., પુ. ૭, પૃ. ૫૭.

૨૫ ભૂમક અને નહપાનના સિક્કાઓમાં ખરોષ્ઠી અને બ્રાહ્મી લિપીમાં (જુઓ, રેપ્સન, કેટલૉગ, નં. ૨૩૭–૨૪૦ અને ૨૪૩–૨૫૧).

૨૬ વાસિષ્ઠીપુત્ર પુળુમાવીના રાજ્યઅમલના ૧૯મા વર્ષના નાસિકના ગુફાલેખમાં (જુઓ સરકાર, સીઈ, પૃ. ૧૯૭).

૨૭ પતિકના તક્ષશિલાના તામ્રપત્રમાં (જુઓ એજન, પૃ. ૧૨૦).

૨૮ ન્યૂઈએ, પુ. ૭, પૃ. ૮૨, પાટી. નં. ૩ અને ઈહિક્વા, પુ. ૧૪, પૃ. ૧૪૦.

૨૯ જર્નલ ઑફ ધી બૉમ્બે બ્રાન્ચ ઑફ રોયલ એશિયાટિક સોસાયટી (હવે પછી જબોબ્રારોએસો), ન્યૂ સીરિઝ, પુ. ૩, પૃ. ૬૧.

૩૦ જરોએસો, ૧૮૯૪, પૃ. ૫૪૯.

૩૧ દેવસસ, વી. આર., પ્રોસીડિંગ્સ ઑફ ઈન્ડિયન હિસ્ટરી કૉંગ્રેસ (હવે પછી પ્રોઈહિકૉં), લાહોર અધિવેશન, ૧૯૪૦, પૃ. ૧૪૯. તેઓ ક્ષહરાતને કુલનામ ગણે છે, પણ સ્પષ્ટતા કરતાં જણાવે છે કે તેથી 'ખરઓસ્ત' અને 'ક્ષહરાત' વચ્ચે કોઈ સીધો સંબંધ હોવાનું સાબિત થતું નથી (એજન).

૩૨ જુઓ ઈએ., ૧૮૮૪, પૃ. ૪૦૦ અને ૧૯૨૬, પૃ. ૧૭૮ તેમ જ પોહિએઈ., પૃ. ૪૩૬, ૪૮૪.

૩૩ ગુપ્તે, વાય. આર., ઈએ., ૧૯૨૬, પૃ. ૧૭૮.

૩૪ આપણાં ભારતીય નામ દેવરાત, વિષ્ણુરાત વગેરે જેમ ક્ષહરાત એ વિશેષ નામ પણ હોઈ શકે (જુઓ ઈએ, પુ. ૧૦, પૃ. ૨૨૫, પાદટી. ૬૭).

૩૫ સરકાર દિનેશચંદ્ર, સીઈ., પૃ. ૧૯૭.

૩૬ રેપ્સન, કેટલૉગ, પ્રસ્તાવના ફકરો ૮૨...... "कार्दमक-वंश-प्रभावा महाक्षत्रप रुद्र ...... पुत्री',

૩૭ "कार्दमिकं कर्दमा नाम पारसीकेषु नदी तस्यामुत्पन्नं" જુઓ ગણપતિ શાસ્ત્રીસંપાદિત 'અર્થશાસ્ત્ર', પ્રથમ ભાગ, અધ્યાય-૨, શ્લોક ૧૧, પૃ. ૧૭૯ ઉપરની પાદટીપ. શામશાસ્ત્રીએ પણ 'અર્થશાસ્ત્ર' ઉપરની પોતાની અંગ્રેજી ટીકામાં આ જ અર્થ આપ્યો છે (જુઓ સાતમી આવૃત્તિ, ૧૯૬૧, પૃ. ૭૬, પાદટી નં. ૫). પતંજલિના 'મહાભાષ્ય'માં પણ 'કાર્દમિક'નો ઉલ્લેખ છે (જુઓ અધ્યાય-૪, શ્લોક-૨).

૩૮ अस्थीनि क्षेमगुप्तस्य गृहीत्वा जाह्नवीं गते ।
पुत्रे कर्दमराजाख्ये प्रबलैरन्वितौ बलैः ॥

(અધ્યાય-૬, શ્લોક ૨૦૦)

૩૯ જુઓ ઈએ, પુ. ૧૨, પૃ. ૨૭૩.

૪૦ બ્યૂહ્લર, ઈએ., પુ. ૧૨, પૃ. ૨૭૩ અને પાદટી. નં. ૨.

૪૧ રાયચૌધરી, ઈહિકવા., પુ. ૯, પૃ. ૩૮.

૪૨ સત્યશ્રાવ, પૃ. ૬૮-૬૯.

૪૩ रुद्रावर्ते कुरुक्षेत्रे पुष्करे श्रीस्थलस्तथा ।
प्रभासे पंचमे तीर्थे पंचप्राचीस्मराम्यहम् ॥ (મહાભારત, ૩, ૯)

૪૪ उत्तिष्ठोत्तिष्ठ राजर्षे कार्दमेय महाबल । અધ્યા૦ ૧૦૦, શ્લોક ૧૯).
न सन्तापस्तया कार्य कर्दमेय महाबल । (અધ્યા૦ ૧૦૨, શ્લોક ૨૦).
एवं स राजा पुरुषो मासं भूत्वाथ कार्दमः । અધ્યા૦ ૧૦૦, શ્લોક ૨૯).

૪૫ श्रुयते हि पुरा सौम्य कर्दमस्य प्रजापतेः । (અધ્યા૦ ૧૦૦, શ્લોક ૩)

૪૬ पुत्रो बाह्लीश्वरः श्रीमान ईलो नाम सुधार्मिकः ।—(અધ્ય૦ ૧૦૦, શ્લોક ૭)

૪૭ પોહિએઈ., પૃ. ૪૩૭, પાદટી. નં. ૧. આ માટે તેઓ દારયના લેખોનું સંપાદન કરનાર હર્ઝ-ફેલ્ડનો આધાર લે છે. તેમના મતે બેક્ટ્રિયાના જૂના હખામની સામ્રાજ્યમાં ઝરફશાન નદીની ફળદ્રુપ ખીણનો સમાવેશ થતો હતો (જુઓ રાયચૌધરી, ઈહિકવા, પુ. ૯, ૧૯૩૩, પૃ. ૩૮).

૪૮ In Samarkand province the chief river is Zarafshan, which, under the name of Mach, rises in the Zarav glacier in the Kok-su mountain group. (૧૧-મી આવૃત્તિ, પુ. ૨૪, પૃ. ૧૧૨),

૪૯ Beyond lake Kara-kul it is lost in the sands, before reaching the Amuderya to which it was formerly tributary ( એજન ).

૫૦ એજન, પુ. ૨૭, પૃ. ૪૨૦ સામેનો નકશો.

૫૧ મહેતા અને ચૌધરી, જઓઈ., પુ. ૧૨, નં. ૨, પૃ. ૧૭૩–૧૭૬.

૫૨ વિશ્વેશ્વરાનંદ ઈન્ડોલોજિકલ જર્નલ, પુ. ૩, ભા. ૧, પૃ. ૧૦૪.

૫૩ ભારતીય ઇતિહાસની પરંપરાનું નિરીક્ષણ કરતાં જણાય છે કે રાજવંશોનું નામ વંશના સ્થાપક રાજા કે શક્તિશાળી રાજાના નામ ઉપરથી પાડવામાં આવતું હતું: જેમ કે યાદવ વંશ, પૌરવ વંશ, ઈક્ષ્વાકુ વંશ, ગુપ્ત વંશ વગેરે. આથી વિદેશી એવા આ રાજાઓ કે જેમનું ભારતીયકરણ થયું છે અને જેમનો પહેલો રાજા ચાષ્ટન હોવાનું મનાય છે, તેના નામ પરથી આ રાજવંશને 'ચાષ્ટન વંશ' તરીકે ઓળખવો જોઈએ.

૫૪ સરકાર દિનેશચંદ્ર, ઈન્ડિયન એપિગ્રાફી, ૧૯, પૃ. ૨૬૨.

૫૫ મિરાશી, સ્ટડીઝ ઈન ઈન્ડોલૉજી, પુ. ૨, પૃ. ૯૫, પાદટી. નં. ૨.

# ઇતિહાસમાં કાર્યકારણભાવ*

## [ ઇતિહાસમીમાંસાનો એક પ્રશ્ન ]

રસિકલાલ છો. પરીખ

[ ૧ ]

ગુજરાત ઇતિહાસ પરિષદના ત્રીજા અધિવેશનમાં, ઈ. સ. ૧૯૬૬ના માર્ચમાં આ પરિષદના પ્રમુખ તરીકે બે વર્ષ માટે મને ચૂંટવામાં આવ્યો હતો. તે માટે આભાર માનવાનો પ્રસંગ મારી ફરજનો સમય પૂરો થાય છે ત્યારે મારે માટે આવે છે. મારાથી પરિષદની પૂરતી સેવા થઈ શકી નથી તે માટે ક્ષમા માગવાનો પણ મારે માટે આ પ્રસંગ છે. તેથી આભાર અને ક્ષમા માગી લેતાં પણ મને મારા ચિંતનના એક વિષય ઉપર કંઈક કહેવાનો આ પ્રસંગ છે એનો સંતોષ વ્યક્ત કરું છું.

[ ૨ ]

મહાભારતની કથા વૈશંપાયન જનમેજય રાજા સમક્ષ કહી સંભળાવે છે એ સુવિદિત છે. એ કથનપ્રસંગ યાદ કરવા જેવો છે. જનમેજયને સર્પસત્ર કાજે દીક્ષિત થયેલો સાંભળી વિદ્વાન ઋષિ કૃષ્ણ દ્વૈપાયન એ સમારંભમાં પધારે છે. પૂજાસત્કારનો વિધિ પૂરો થયા પછી જનમેજય ભગવાન વ્યાસને વિજ્ઞપ્તિ કરે છે: 'કુરુઓનું અને પાણ્ડવોનું આપ પ્રત્યક્ષ જોનાર છો (તેથી) તેમનું ચરિત તમે કહો એમ હું ઇચ્છું છું. તેમનાં કર્મો અક્લિષ્ટ અર્થાત્ કોઈને પણ પીડા નહિ કરનારાં પુણ્યશાલી હતાં; તો તેમની વચ્ચે 'ભેદ' કેમ ઉત્પન્ન થયો? અને ભૂતમાત્રનો અંત કરનારું તે યુદ્ધ દૈવથી આવિષ્ટ થયેલા સર્વે પિતામહો વચ્ચે કેમ થયું? આ આખી વાત આપ કહો, કારણ કે એ કહેવામાં આપ કુશળ છો.' (આ. પ. અ. ૫૪, શ્લો. ૧૭–૨૦).

કૃષ્ણ દ્વૈપાયન પાસે બેઠેલા શિષ્ય વૈશંપાયનને આજ્ઞા કરે છે: "કુરુઓ અને પાણ્ડવો વચ્ચે જે રીતે ભેદ થયો તે તેં મારી પાસેથી જે સાંભળ્યું છે તે બધું આને કહે (શ્લો. ૨૧)." વૈશંપાયન કુરુ-પાણ્ડવોનો ભેદ અને રાજ્યવિનાશનો વૃત્તાન્ત સંક્ષેપમાં કહી બતાવે છે. આ સંક્ષિપ્ત વૃત્તાન્ત સાંભળતાં જનમેજયને એ વિસ્તારથી સાંભળવાનું કુતૂહલ થાય છે; અને પોતાને થતા કુતૂહલનું કારણ પણ જણાવે છે:

न तत्कारणमल्पं हि धर्मज्ञा यत्र पाण्डवाः ।
अवध्यान् सर्वशो जघ्नुः प्रशस्यन्ते च मानवैः ॥

(आ. प. अ. ५६ श्लो. ४)

* વલ્લભ વિદ્યાનગર ખાતે ગુજરાત ઇતિહાસ પરિષદના પ્રમુખસ્થાનેથી તા. ૧૦મી માર્ચ, ૧૯૬૮ને રોજ અપાયેલું વ્યાખ્યાન.

જનમેજયની ઇચ્છામાં ઇતિહાસવિદ્યાનાં અને એના કુતૂહલમાં ઇતિહાસમીમાંસાનાં બીજ છે;—ભગવાન વ્યાસ એના પ્રત્યક્ષ સાક્ષી છે અને તેથી એ કથા કહેવામાં એ જ કુશલ છે. અર્થાત્ ઘટનાઓના પ્રત્યક્ષ સાક્ષી હોવું એ ઇતિહાસનું મૂલ પ્રમાણ છે. એવા સાક્ષી પાસેથી સાંભળેલો ઇતિહાસ શ્રદ્ધેય થાય. પરંતુ વ્યાસ પોતે એ ઇતિહાસ કહેતા નથી. પોતે જે ઇતિહાસ વૈશંપાયનને કહ્યો છે તે ઇતિહાસની કથા તેની દ્વારા કહેવાય છે. આ ઐતિહ્ય પ્રમાણ થયું, જેના ઉપરથી ઇતિહાસનું ‘ કલ્પન ’ થાય છે.

પરંતુ ઇતિહાસ એ કેવળ વૃત્તાન્તકથન નથી; ઘટનાઓનું બ્યાન નથી. માનવો આમ કેમ વર્તે એ કુતૂહલ પણ તેમાં થાય છે.

જનમેજયના એ કુતૂહલમાં ઇતિહાસનું કુતૂહલ છે. પૂર્વજોની મહિમાવાળી કથા સાંભળવાનો–તેમનો ઇતિહાસ જાણવાનો રસમાત્ર એમાં નથી. ભારતયુદ્ધ કેમ થયું ?–અક્લિષ્ટકર્મી પિતામહોમાં ‘ ભેદ ’ કેમ થયો ? એ પ્રશ્નો એ રસના—જિજ્ઞાસાના મૂલમાં છે; જે જાણ્યું છે તે ઉપરથી તો આવા પુણ્યશાલી પૂર્વજો આવું યુદ્ધ ન કરે; તેથી તેમનાં ચિત્તો દૈવથી આવિષ્ટ થયેલાં હતાં એટલું સમાધાન જનમેજયે કરી લીધેલું હતું; પરંતુ સંક્ષિપ્ત વૃત્તાન્ત સાંભળ્યા પછી એની પૂર્વજોનું ચરિત સાંભળવાની ‘ તૃષા ’ વધી અને એમાં સૌથી પહેલું અને કદાચ મોટું કુતૂહલ એ કે જે ઘટનાપરંપરામાં ધર્મજ્ઞ એવા પાણ્ડવોએ, પોતાના સીધા પ્રપિતામહોએ, અવધ્યોને સર્વથા હણી નાખ્યા—આ અવધ્યો એટલે સ્વજનો ગીતાના આરંભમાં નિર્દેશેલા પિતૃઓ, પિતામહો, આચાર્યો, મામાઓ, ભાઈઓ, પુત્રો, પૌત્રો, સાથીઓ, સાસરિયાં અને સુહૃદો (ભ. ગી. અ. ૧ શ્લો. ૨૬-૨૭), જેમને જોઈને અર્જુનનાં ગાત્રો લાગણીથી ઢીલાં થઈ ગયાં અને હાથમાંથી ગાણ્ડિવ સરી પડયું. આનું કારણ તે અલ્પ ન હોય ! વળી પૂર્વજોએ આવું કર્યું છતાં માનવીઓ એમની પ્રશંસા કરે છે.

જનમેજયના આ કુતૂહલમાં ઇતિહાસમીમાંસાના મહાન પ્રશ્નો ગર્ભિત થાય છે. વર્તમાન યુગના બે મહાન વિશ્વયુદ્ધો પછી ઐતિહાસિકોને જે પ્રશ્નો થયા છે એનું આમાં અનુસંધાન થાય છે. ઘટના ઘડનારા તો માનવો છે. એટલે ઘટનાને સમજવા એના ઘડનારા માનવો આવું કેમ કરે તે હૃદયને વલોવી નાખતો પ્રશ્ન છે. જનમેજયને એટલું તો સમજાય છે કે આવી સર્વધ્વંસી મોટી ઘોર ઘટનાઓનું કારણ અલ્પ તો ન હોય.

આમાં ધારણા એ છે કે ઘટનાઓમાં કારણ કે કારણો, કારણપરંપરા કે કારણપરંપરાઓ હોય છે. એ શોધ્યા વિના અને જણાવ્યા વિના ઇતિહાસનું કાર્ય પૂરું થતું નથી.

## [ ૩ ]

આધુનિક ઇતિહાસમીમાંસામાં જે પ્રશ્નો ચર્ચાય છે તેમાં આ એક મહત્ત્વનો પ્રશ્ન છે. એની ટૂંકી ચર્ચા આપની સમક્ષ રજૂ કરું.

ઇતિહાસ એટલે શું ?—સંસ્કૃત ઇતિહાસ શબ્દનો અર્થ ઐતિહ્ય પ્રમાણથી નિર્ણીત થયેલો ભૂતકાલને સ્પર્શતો વિષય એવો કરી શકાય; મોટે ભાગે માનવને લગતો ભૂતકાળ અને એમાં મુખ્ય એનાં કાર્ય અથવા ઘટનાઓમાં ઘાટ લેતી કાર્યપરંપરાઓ. હિસ્ટરી શબ્દનું મૂળ ગ્રીક

શબ્દ હિસ્ટોરિયા છે, જેનો અર્થ થાય છે inquiry. અર્થાત્ અન્વેષણ-ભૂતકાળની ઘટનાઓ અંગે થતા અન્વેષણમાં હિસ્ટોરિયા મર્યાદિત થતાં આજનો અર્થ—ગતકાળના માનવ-કૃત્યોના અન્વેષણપૂર્વક થતા નિર્ણયો અથવા એ રીતે નિર્ણયો કરતી વિદ્યા. બીજો પણ એક અર્થ હિસ્ટરી શબ્દથી અભિપ્રેત થાય છે. ગતકાળની ઘટનાઓ—અસ્તિત્વનો એક વિભાગ, ગત થયો છે તે. આ બન્ને અર્થો હિસ્ટરી શબ્દમાં મળી જતાં એની મીમાંસા સરલ રહેતી નથી. હિસ્ટરી શબ્દના અર્થમાં ઇતિહાસ શબ્દ યોજી આપણે પૂછી શકીએ કે ઇતિહાસવિદ્યા જે ગત છે તેનું જ્ઞાન કેવી રીતે મેળવી શકે છે? અને એ જ્ઞાનનું સ્વરૂપ કેવું છે? અને બીજું એ પૂછી શકીએ કે એ રીતે જાણેલા અસ્તિત્વના એ ગત અંશને સમગ્ર અસ્તિત્વ સાથે કેવી રીતે સંબદ્ધ કરી શકીએ? પ્રથમ પ્રકારના પ્રશ્નોમાં ઐતિહ્ય પ્રમાણો અને પદ્ધતિઓની ચર્ચાઓ આવે અને બીજામાં ગતકાળની ઘટનાઓના સ્વરૂપની અને તેના વર્તમાન ઘટનાઓ અને ભાવિ ઘટનાઓ સાથેના સંબંધો કેવા?—એ ચર્ચાઓ આવે. ઐતિહાસિકે યોગ્ય પ્રમાણપદ્ધતિથી ગત ઘટનાને શોધવી અને એને બને તેટલી શુષ્ક ભાષામાં એટલે કે મૂલ્યોની ભાવનાથી તટસ્થ (Value neutral) એ રીતે નિરૂપવી એટલાથી સંતોષ ન માનવો? એમાં જ એ વિદ્યાની મર્યાદા ન જોવી?

અહીંયાં એમ પ્રશ્ન થાય કે આવી રીતે નિરૂપણ કરવું શક્ય છે? જે ઘટનાઓનું ઐતિહાસક નિરૂપણ કરે તે સમજાય અને સમજાવી શકાય એવું તો હોવું જોઈએ. સમજાયનો અર્થ ફક્ત શબ્દાર્થ સમજાય એટલો નહિ, પણ ઘટના ઘટાવી શકાય એટલો કરીએ તો ઇતિહાસીય નિરૂપણમાં એ અર્થવત્તા—એટલે કે કંઈક આગળપાછળના અંશોમાં બંધબેસવાપણું, કંઈક પ્રયોજનવત્તા સ્પષ્ટ થવાં જોઇએ; અને એમાં મૂલ્ય—ભાવના પણ અંતર્ગત થઈ જાય. તાત્પર્ય કે ઇતિહાસનું કાર્ય પ્રમાણોથી અનુમિત થયેલી બીનાઓનું વર્ણન કર્યું એટલે પૂરું થયું એમ નહિ કહેવાય. આવા કેવળ અનુકથન કે અનુકીર્તનને વૃત્તાન્તકથન—ક્રૉનિકલ કહેવું શોભે. ઇતિહાસે તો એ કથનને બુદ્ધિમાં ઊતરે એવું કરવું પડે.

પરંતુ આમ કરવા જતાં અનુમિત ઘટનામાં બહારથી કંઈ દાખલ ન થઈ જાય? ઐતિહાસિક જે ઉપપત્તિ અંતર્ગત કરે તે પોતે ઉપજાવેલી હોય, તે ઉપજાવવા જતાં તેની પોતાની મૂલ્યભાવના પણ પ્રવિષ્ટ થઈ જાય! અને આવું થાય તો ઇતિહાસ વિજ્ઞાન શી રીતે કહેવાય?

## [ ૪ ]

ઇતિહાસવિદ્યાના સ્વરૂપની ચર્ચામાં આધુનિક સમયમાં આ એક મોટો પ્રશ્ન ઊભો થયો છે: ઇતિહાસ એ વિજ્ઞાનવિદ્યા (સાયન્સ) કહેવાય? અહીં વિજ્ઞાન શબ્દ વાપરતાં ભૌતિક વિદ્યાઓનું વિજ્ઞાનત્વ અભિપ્રેત છે. એનું લક્ષણ એ છે કે એનાં કાર્યકારણનો સંબંધ એવો નિયત અને અનન્યથા સિદ્ધ બતાવવામાં આવે છે કે તે ઉપરથી તારવેલા નિયમો ઉપરથી ભવિષ્યની આગાહી કરી શકાય છે. આજે પ્રયોગશાળામાં જે સિદ્ધ થયું તે પ્રમાણે ભૂતકાળમાં વસ્તુસ્થિતિ હતી અને ભવિષ્યકાળમાં પણ તેવી જ વસ્તુસ્થિતિ રહેશે. આજે જે પૂર્વવર્તી ભાવ કે બનાવથી તત્પશ્ચાદ્વર્તી ભાવ કે બનાવ બન્યો તે ભાવ કે બનાવ ભવિષ્યમાં પૂર્વવર્તી થતાં આજનાં પશ્ચાદ્વર્તી બનાવ કે ઘટના થશે; અથવા એ પશ્ચાદ્વર્તી ઘટના નજરે પડત/ એમ કહી શકાય

કે તેની પૂર્વે પેલી પૂર્વવર્તી ઘટના હશે. ભૌતિક વિદ્યાઓ એમના પદાર્થોમાં આવો જે સંબંધ બતાવે છે તેવા સંબંધોના જ્ઞાનને જ વિજ્ઞાન–સાયન્સ કહી શકાય એવો મત પ્રવર્તે છે. અલબત્ત ભૌતિક વિજ્ઞાન પણ હવે આવી ચોકસાઈ વિષે સાશંક થતું રહ્યું છે. કારણતાની શોધને બદલે આંકડાશાસ્ત્ર સ્ટેટિસ્ટિક્સ–ના ગણિતથી નીપજતી બુદ્ધિગ્રાહ્ય તારવણીઓની, સંભાવનાઓની probabilitiesની શોધથી સંતોષ માને છે. પરંતુ તે ગણિતના માપ કે માપના ગણિતની સંભાવનાઓ છે. વૈજ્ઞાનિકો કહે છે કે જે પદાર્થો માપી શકાય તે જ વિજ્ઞાનના, સાયન્સના વિષય બની શકે.

વૈજ્ઞાનિકો ભૌતિક વિષયોમાં આ પદ્ધતિથી કામ કરે છે. તેમાં વૈજ્ઞાનિકોનું એક બુદ્ધિલક્ષણ તેમને સફળતા આપે છે, આ લક્ષણ તે મૂલ્યતટસ્થ (value–neutral) બુદ્ધિવ્યાપાર. અન્વેષણમાં વૈજ્ઞાનિકો લાગણીઓના વ્યાપારને અવકાશ આપતા નથી. એમને વસ્તુસત્ય જોવું છે, એમની રુચિ-અરુચિને એમાં અવકાશ નથી; અથવા એમ કહીએ કે the true–સત્ય, the good–શિવ અને the beautiful–સુંદર–એ ત્રણ મૂલ્યોમાંથી ફક્ત વસ્તુમાંથી નીકળતા સત્યના મૂલ્યથી જ તેઓ દોરવાય છે. આને objectivity—વસ્તુ પ્રત્યયિતા—કહીએ તો વૈજ્ઞાનિકનું આ લક્ષણ કહેવાય. એનું નિરૂપણ વસ્તુપ્રત્યયિત હોય. એમાં subjectivity-અહં-પ્રત્યયિતાને અવકાશ ન હોય. ભૌતિકવિદ્યાઓની અપૂર્વ સિદ્ધિઓ આ વિજ્ઞાનપદ્ધતિઓને અનુસરવાથી થઈ છે. આની અસર નીચે માનવીય વિદ્યાના અભ્યાસીઓ પોતપોતાની વિદ્યાઓને વિજ્ઞાન બનાવવા આ લક્ષણો તેમાં લાવવા મથે છે. કાર્યકારણના સંબંધો અને/અથવા આંકડા–શાસ્ત્રજન્ય સંભાવનાઓ પોતપોતાના પદાર્થોમાં દાખલ કરવા મથે છે: જેમકે અર્થશાસ્ત્ર, રાજ્ય-શાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ચિત્તશાસ્ત્રો પણ. ઇતિહાસ એ ભૌતિક વિદ્યા નથી, માનવીય વિદ્યા છે. તો તેણે પણ કાર્યકારણના સંબંધો, સંભાવનાઓ પોતાના વિષયમાં લાવવાં જોઈએ, જો તેણે પણ વિજ્ઞાન થવું હોય તો.

પરંતુ જે વિદ્યાઓનો વિષય માનવ છે એમાં તો એકલું એનું શરીર અને એની ક્રિયાઓ માપવાનો વિષય બની શકે છે. શરીર ઉપરની ક્રિયાઓ અને વિક્રિયાઓને માપી અદ્યતન ચિત્તશાસ્ત્ર મનોવિજ્ઞાન થવા મથે છે, અને એ પ્રક્રિયામાં આગળ વધતાં મન કે ચેતના જેવા અંતર્ગત પદાર્થને સ્વતન્ત્ર કે કારણ કે કાર્યરૂપે સ્વીકારવો એમને જરૂરનો લાગતો નથી. મનોવિજ્ઞાન એ બહાર દેખાતા વર્તન કે આચરણનું વિજ્ઞાન થયું છે.

ઇતિહાસનો વિષય પણ ગતકાલનું માનવ વર્તન કે આચરણ છે. એ વર્તન કે વ્યવહારને કેવળ ભૌતિક ગણી સમજી શકાતો નથી. માનવવ્યવહારને એને પ્રેરતા મનોભાવોનું અસ્તિત્વ સ્વીકારવાની ફરજ પાડે છે; અને એ વ્યવહારોને મનની ક્રિયાઓ સાથે જોડીને જ તેનો અર્થ સમજી શકાય છે: જેમકે નેપોલિયને કે હિટલરે રશિયા ઉપર ચઢાઈ કરી,–એ ઘટનાને, શા પ્રયોજને એ ચઢાઈ થઈ એ જાણ્યા વિના સમજી શકાય નહિ; અને એ ચઢાઈઓના આદેશ કરનારા નેપોલિયન અને હિટલરના એટલે કે એમના મનમાં શા ભાવો, આકાંક્ષાઓ, લાગણીઓ, ગણતરીઓ, વિચારો હતાં એ જાણ્યા વિના એ ચઢાઈરૂપી ઘટનાઓનું પ્રયોજન સમજી શકાય નહિ. ગતકાલના પણ માનવવ્યવહારને વિષય બનાવતો ઇતિહાસ આમ એક રીતે માનવમનો-

વિજ્ઞાનની એક શાખા બની જાય. ઐતિહ્ય પ્રમાણોના આધારે અમુક માનવવ્યવહાર જે નિર્ણીત થયો એટલો એમને સમજવાનું કામ મનોવિજ્ઞાન કરી આપે. પરંતુ મનોવિજ્ઞાન આવો આધાર આપી શકે, વિવિધ આચરણોને સમજાવી શકે એ સ્થિતિએ હજી પહોચ્યું નથી. એટલે ઐતિહાસિકે માનવવ્યવહારની તેની જે સાધારણ સમજ હોય તે પ્રમાણે તે તે આચરણનો ખુલાસો કરવો પડે.

પરંતુ માનવવ્યવહાર એ કોઈ એકાકી વ્યવહાર નથી, સામુદાયિક સામાજિક વ્યવહાર છે. માનવની ગતકાલની ઘટનાઓને પણ આ તત્ત્વ લાગુ પડે છે. ઇતિહાસની ઘટનાઓને પણ તેના સામાજિક સંદર્ભમાં જ વિચારવી જોઈએ. આ દૃષ્ટિએ વિચારીએ તો ઇતિહાસની ઘટનાઓનો ખુલાસો સામાજિક વિદ્યાઓની વૈજ્ઞાનિક તારવણીઓને આધારે થઈ શકે. અહીં પણ મુશ્કેલી એ છે કે આ વિદ્યા પણ હજી એ કક્ષાએ પહોંચી નથી કે ઇતિહાસની ઘટનાઓનો સંતોષકારક ખુલાસો આપી શકે. એટલે આમાં પણ ઐતિહાસિકે એની સમાજવ્યવહારની સમજ પ્રમાણે ખુલાસો કરી સંતોષ માનવો પડે.

આ બધી માનવીય સામાજિક વિદ્યાઓને ભૌતિક વિદ્યાઓનું વિજ્ઞાનતત્ત્વ લાગુ પાડવામાં સૌથી મોટી મુશ્કેલી એ છે કે ભૌતિક પદાર્થોની જેમ આ વિદ્યાઓના પદાર્થોને છેદી, ભેદી, કે ભેગા કરી માપી શકાતા નથી: અને વિજ્ઞાન બનવા માટે આ આવશ્યક પ્રથમ શરત હોય તો, માનવીય વિદ્યાઓએ ભૌતિક વિજ્ઞાનના અર્થમાં વિજ્ઞાન થવાની આકાંક્ષા છોડી દેવી જોઈએ.

અહીંયાં પ્રશ્ન થાય કે વિજ્ઞાનનો ઉદ્દેશ યથાર્થ જ્ઞાન મેળવવાનો હોય તો યથાર્થજ્ઞાન મેળવવાનું શું આ એક જ માપવાનું પ્રમાણ છે? એક રીતે જોઈએ તો પ્રમાણ શબ્દના અર્થમાં જ માપવું આવી જાય છે. પરંતુ ભૌતિક પદાર્થોને જે ભૌતિક રીતે માપી શકાય છે એટલામાં જ સત્ય જ્ઞાનની ક્રિયા સમાપ્ત થતી નથી. ભૌતિક નથી એવા પદાર્થોનું જ્ઞાન માનવ અન્ય રીતે પણ મેળવતો આવ્યો છે, એમાં યથાર્થતા અને વિપર્યાસનો વિવેક કરતો આવ્યો છે અને એ આધારે આચરણ કરતો આવ્યો છે. આ બીજી રીતોએ પ્રાપ્ત થતા જ્ઞાનને સાયન્સ કહેવું કે નહિ એ પરિભાષાનો પ્રશ્ન છે.

વિજ્ઞાન (સાયન્સ)ની બીજી અપેક્ષા કાર્યકારણના સંબંધની છે અને એ ન બને તો આંકડાશાસ્ત્રના નિયમોથી તારવણીઓ કાઢવાની છે. માનવીય વિદ્યાઓ વિજ્ઞાન થવા આ અપેક્ષા પૂરી કરવા મથે છે. આ માટે તે તે વિદ્યાઓ પોતપોતાના પદાર્થોને ચોક્કસ રીતે વ્યક્ત કરી સમાનતાના ધોરણે તેના વર્ગો પાડે છે, અને આ વર્ગીકૃત સમુદાયોના સામાન્યોને પકડી તેમાં વ્યાપ્તિઓને શોધે છે. આ વ્યાપ્તિઓમાં કાર્યકારણની વ્યાપ્તિ શોધવી એ વિજ્ઞાનનું લક્ષ્ય હોય છે; એ વ્યાપ્તિઓ સિદ્ધાન્તોના રૂપમાં રજૂ થાય છે અને એના આધારે તે તે પદાર્થો અમુક સંજોગોમાં કેમ વર્તશે કે શું પરિણામ પામશે એવી ભવિષ્યની આગાહી કરી શકાય છે: જેમ કે ઉષ્ણતા વસ્તુપિંડને વિસ્તારે છે એ સામાન્ય સિદ્ધાન્તનો નિયમ ભવિષ્યમાં કોઈ વસ્તુને ઉષ્ણતા સ્પર્શતાં તેનું પિંડ વિસ્તરશે એમ આગાહી કરી શકાય છે. માનવીય વિદ્યાઓ કે સામાજિક વિદ્યાઓ પણ આવા સામાન્ય સિદ્ધાન્તો શોધવાનું લક્ષ્ય રાખે છે.

પરંતુ ઇતિહાસ તો પદાર્થવિશેષને—પદાર્થવ્યક્તિને પોતાનો વિષય બનાવે છે. ઇતિહાસનો અન્વેષક ફ્રેન્ચ રેવોલ્યુશનને પોતાનો વિષય બનાવે, સામાન્ય રેવોલ્યુશનને બનાવતો નથી; અને

પછી રશિયન રેવૅાલ્યુશનનો અભ્યાસ કરે તો તેમાં બંનેનું પૌર્વાપર્ય તેને જુદું દેખાશે. અર્થાત્ વિજ્ઞાનનો વિષય સામાન્ય છે, જ્યારે ઇતિહાસનો વિષય વિશેષ છે.

આ દૃષ્ટિએ, ઇતિહાસને માનવવિદ્યાઓના વિજ્ઞાનમાં મૂકવાથી પણ લાભ નથી.

આ બધાં કારણોથી કેટલાક ઇતિહાસમીમાંસકો ઇતિહાસને પોતાના અલગ સ્વરૂપવાળી વિદ્યા માને છે. ઇટાલિયન ફિલસૂફ ક્રોચે અને અંગ્રેજ ફિલસૂફ કોલિંગવુડ વગેરે આ મતનું સમર્થન કરે છે.

આમાંથી ઇતિહાસદૃષ્ટિ જેવી પદાર્થોને જાણવાની જ્ઞાનની એક અલગ દૃષ્ટિ ઉદ્‌ભવે છે, જેને જર્મન વિદ્વાનોએ Historismus એવું નામ આપ્યું છે. આ ઇતિહાસદૃષ્ટિ એટલે કોઈ પણ ઘટનાને એના કાલક્રમનાં પરિણામોથી સમજવાની દૃષ્ટિ. એની શ્રદ્ધા એવી કે કોઈ પણ પદાર્થના સ્વરૂપનું પર્યાપ્ત જ્ઞાન અને મૂલ્યાંકન તે પદાર્થને તેના વિકાસના ક્રમમાં એનું શું સ્થાન હતું અને એણે શો ભાગ ભજવ્યો હતો તે જાણવાથી મળે (p. 24 En. Ph.). આવા આગ્રહ સામે, આ Historicism—ઇતિહાસવાદનો વિરોધ પણ કેટલાક કરે છે, પરંતુ વિશ્વદૃષ્ટિ તરીકે એને ફિલસૂફીમાં સ્થાન છે. સાંખ્યનો પ્રકૃતિ-પરિણામવાદ અને જૈનનો પુરુષ અને પ્રકૃતિનો પરિણામવાદ અથવા આધુનિક વિજ્ઞાનના આધારે થયેલો વિશ્વ-ઉત્ક્રાન્તિવાદ આ ઇતિહાસદૃષ્ટિના સમર્થક વાદો છે.

પરંતુ આ પરિણામવાદોમાં પણ કાર્યકારણના નિયત સંબંધોની અપેક્ષા છે. ઇતિહાસ-વાદની સામે મોટામાં મોટો પ્રતિપ્રશ્ન એ છે કે એમાં કોઈ પ્રકારનો કારણવાદ સંભવી શકે છે? ઇતિહાસનો વિષય ઘટનાવિશેષ છે એટલે એ એક પદાર્થમાંથી સામાન્ય-જે અનેક પદાર્થોમાં રહેતું તત્ત્વ છે તે—તેમાં સંભવી શકતું નથી, અને એવા સામાન્યના અભાવે કાર્યકારણની વ્યાપ્તિનો નિયમ જોઈ શકાતો નથી. એટલે પદાર્થવિશેષનું જ્ઞાન આપતા ઇતિહાસ પાસે ભાવી વિષે આગાહી કરવાનું કોઈ સાધન નથી, કારણ કે એક વાર બની ગયેલો બનાવ ફરી બરાબર એ રીતે બનતો ઇતિહાસમાં નજરે પડતો નથી; અને તેથી પહેલા બનેલા બનાવના જ્ઞાનનો કોઈ ભાવી પરિસ્થિતિ માટે ઉપયોગ દેખાતો નથી.

ઐતિહાસિકોનો પ્રયત્ન પણ અમુક ઘટનાને—જેમકે ફ્રેન્ચ રેવૅાલ્યુશનને ફ્રાન્સની પૂર્વવર્તી સ્થિતિ સાથે સંકલિત કરવાનો હોય છે. એ પરિસ્થિતિમાંથી કોઈ કોઈ અંશોને ફ્રેન્ચ રેવૅાલ્યુશન-ના નિયત કારણરૂપે સિદ્ધ કરવાનું કેટલાક ઐતિહાસિકો સાહસ કરે છે, કેટલાક આખી સ્થિતિ-શ્રેણીને; પણ તેમાં વિજ્ઞાનને આવશ્યક એકમતી સિદ્ધ થતી નથી. કોઈ અમુક અંશોને કારણ ગણે તો કોઈ બીજાને. વળી જે અંશોને કારણરૂપ ગણવામાં આવે તેમાંથી નિયતરૂપે ફ્રેન્ચ રેવૅાલ્યુશન જ જન્મે એવું પણ સાબિત થઈ શકતું નથી. દા. ત. જૂની માન્યતાઓને તોડનારા લેખકોના વિચારોને કેટલાક આ ક્રાન્તિનું કારણ ગણે છે, પરંતુ દરેક પ્રસંગે આવા વિચારો આવી વિઘાતક ક્રાન્તિ ઉપજાવે છે એવું બનતું દેખાતું નથી. અર્થાત્ ઇતિહાસથી પૂર્વાપર ઘટનાઓમાં કોઈ નિયત અને અનન્યથાસિદ્ધ સંબંધ બતાવી શકાતો નથી, વધારેમાં વધારે પૂર્વાપરતા જ બતાવી શકાય છે. આટલાને જ કારણ કહો તો આપણા નૈયાયિકો એમ કહે કે જેમાંથી ઘટ બનાવવાનો

છે એ માટી જે રાસભ લાવે તે ઘટપૂર્વવર્તી હોવાથી ઘટનું કારણ ગણાય. આ અને આવી બીજી દલીલોથી ઇતિહાસદૃષ્ટિવાદ—Historicismની નિરર્થકતા બતાવવામાં આવે છે.

કોલિંગવુડ જેવા ઐતિહાસિકો ઇતિહાસનું તથ્ય બીજી રીતે ઘટાવે છે. ઐતિહાસિક પોતે એ ઘટનાઓનું જીવન પોતાના મનમાં સાક્ષાત્ કરે છે, જીવે છે અને જુએ છે કે તેમાં ઉપપત્તિ છે; અને એ રીતે ઘટનાઓને સમજે છે. એને ભવિષ્યવાણી ભાખવાની મહત્ત્વાકાંક્ષા નથી.

[ ૫ ]

ઇતિહાસની ઘટનાઓના સંબંધની આ અનિયતતા તેની ઘટનાઓનો ઘડનાર માણસ છે એને લઈને છે. માણસ એક પ્રસંગે એક વાર અમુક રીતે વર્તે માટે બીજી વાર પણ તેવા પ્રસંગે એમ જ વર્તશે એવું એને વિષે કહેવાતું નથી. તોલ્સ્તોયે એની War and Place નામની નવલકથામાં થોડીક મહત્ત્વની ઇતિહાસમીમાંસા કરી છે (એ મહત્ત્વ એવું છે કે પેટ્રિક ગાર્ડિનર એના Theories of History ગ્રન્થમાં એને સ્થાન આપે છે.) એમાં એ કહે છે કે માનવને ફ્રી વિલ–સ્વેચ્છા–છે એનો અર્થ જ એ છે કે એ કાલે શું કરશે તે નિયમથી કહી શકાય નહિ ( p. 176 T.H. ). એ પોતે તો કહે છે કે "The conception of a cause is inapplicable to the phenomena (historical) we are studying" (p. 177 T.H.). પરંતુ આમાં કારણનો અર્થ તોલ્સ્તોય મર્યાદિત રીતે કરે છે. ફ્રેન્ચ રેવોલ્યુશન જેવા બનાવો વિચારકોની અસરના કારણે થયા કે રશિયા ઉપરના આક્રમણનું જનક કારણ નેપોલિયનની સ્વેચ્છામાં જોવું—એ જાતનાં કારણો એના જમાનાના ઐતિહાસિકો આપતા હતા અથવા આજે પણ જેઓ આપે છે તેની વિરુદ્ધ આ મત છે. અમુક વિગ્રહ કોના ઇચ્છાબળે કર્યો કે અમુક ક્રાન્તિ કે પરિવર્તન કયા લેખકોના વિચારબળે કર્યાં એવા પ્રશ્નોનો ઉત્તર ઇતિહાસ આપી શકે નહિ એવું એનું માનવું દેખાય છે; પરંતુ સ્વેચ્છા ( free will ) અને નિયતિ ( determinism )ના દ્વન્દ્વની ચર્ચા કરતાં તે કહે છે કે સ્વેચ્છા એ માનવનું અંતરંગ, સંવેદન કે ચેતના છે; પરંતુ તટસ્થભાવે નિરીક્ષણ કરતી માનવબુદ્ધિ એને બતાવે છે કે માણસ જે સંયોગમાં વર્તે છે તે સંયોગ તેવી સ્વેચ્છાને મર્યાદિત કરતા હોય છે. ટૂંકામાં તોલ્સ્તોય એવો મત રજૂ કરે છે કે માનવબુદ્ધિને એમ દેખાય છે કે તેનું આચરણ સ્વેચ્છા અને નિયતિ બંને પાસાવાળું હોય છે; અથવા એની સ્વેચ્છા સંજોગોથી મર્યાદિત થયેલી છે, અને માનવબુદ્ધિ જેમ જેમ અમુક આચરણનું તેના કર્તાના બાહ્ય જગત સાથેના, કાલ સાથેના અને જે કારણોએ એને એ આચરણ કરવા પ્રેર્યો એની સાથેના સંબંધોથી વિચાર કરશે તેમ તેમ માનવ આચરણ વધારે ને વધારે નિયતિબદ્ધ તેને દેખાશે. આ દૃષ્ટિએ ઇતિહાસમાં માનવઆચરણ નિયમબદ્ધ દેખાશે—અમુક સંજોગોમાંથી અમુક આચરણ થયું એ ઇતિહાસની ઘટનામાં સિદ્ધ થયેલું દેખાશે.

તોલ્સ્તોય કહે છે કે, History examines the manifestations of men's free will in connection with the external world in time and in dependence on cause, that is it defines this freedom by the laws of reason, and so history is a science only in so far as this free will is defined by those laws ( p. 185 T.H. ).

આમ તૉલ્સ્તૉય ઇતિહાસની અમુક ઘટના કોના બળે જન્મી એ જાતના કારણવાદને નકારતાં છતાં એ સ્વીકારે છે કે ગતકાળમાં થયેલી ઘટનાઓ અને આચરણો સ્થળ, કાલ અને કારણથી નિયત થયેલાં જ માલૂમ પડે છે, અર્થાત્ બુદ્ધિ જે ધોરણો સ્વીકારે તે પ્રમાણે જ નિયત થયેલાં એ પ્રાપ્ત થાય છે; અને ઇતિહાસ એટલા પૂરતું જ વિજ્ઞાન થઈ શકે જેટલા પૂરતું માનવની સહજ સ્વેચ્છા આ ધોરણોથી નિયત થઈ હોય. એના માટે ઇતિહાસનો કોયડો આ નિયમો શોધવા અને તેમની વ્યાખ્યા કરવામાં રહેલો છે.

'ઇતિહાસ માટે માનવની ઇચ્છાશક્તિઓની ક્રિયાઓની રેખાઓ મોજૂદ છે. એમનો એક છેડો અજ્ઞાતમાં ગૂઢ રહેલો છે, પણ એને બીજે છેડે માનવની વર્તમાન ઇચ્છાશક્તિની ચેતના સ્થલમાં, કાલમાં અને કારણ આધીનતામાં ક્રિયા કરે છે.

'આ ગતિનુ અર્થાત્ ક્રિયાનું ક્ષેત્ર આપણી નજર સમક્ષ જેમ વધારે ને વધારે ફેલાય છે તેમ તેમ ક્રિયાના નિયમો વધારે ને વધારે સ્પષ્ટ થાય છે. ઇતિહાસનો કોયડો એ છે કે આ નિયમો શોધવા અને તેમની વ્યાખ્યા કરવી—તેમને સ્પષ્ટતાથી રજૂ કરવા.' *

તૉલ્સ્તૉયે કરેલી ચર્ચાનું મહત્ત્વ ઇતિહાસમીમાંસામાં ઘણું છે. આજના વિચારકો પણ આ મુદ્દાની વિવિધ બાજુઓનો પરામર્શ કરે છે. ઐતિહાસિકો એમનાં અન્વેષણોમાં ઘટનાઓનાં કારણો વિષે જે અભિપ્રાયો આપે છે તેનાં સ્વરૂપ, અર્થ, સ્થાન અને યોગ્યતા પણ તેઓ તપાસે છે. તેમાં કેનેથ સ્ટેમ્પ જેવા ઐતિહાસિક અમેરિકાના આંતરવિગ્રહનાં કારણોની ચર્ચા કરતાં નિરાશા વ્યક્ત કરે છે કે એ વિગ્રહની કાર્યકારણતા ઐતિહાસિકો ક્યારે પણ જાણી શકશે નહિ. (Philosophy of History, p. 41).

બીજા કેટલાકને આ પ્રશ્ન અન્વેષણની મુશ્કેલીનો એટલો નથી લાગતો જેટલો કારણથી શું સમજવું એને લાગે છે, 'કારણ' શબ્દના ભાવાર્થનો લાગે છે. અમેરિકાના ઐતિહાસિકોના એક સમુદાયે થોડાંક વર્ષો પહેલાં એવો અભિપ્રાય વ્યક્ત કર્યો કે "કારણ" એ વિવિધ અને જટિલ અર્થવાળો શબ્દ છે, એ એક જાતનો સગવડિયો અલંકાર છે...જેમાં પ્રવૃત્તિપ્રેરકો (motives), અસરો, બળો અને પૂરા ન સમજાયેલા પૂર્વવર્તી આંતરસંબંધો બધું ભેગું સૂચવાય (એજન, પૃ. ૪૨). તાત્પર્ય કે કારણની બાબત ઐતિહાસિકોએ છોડી દેવી.

પરંતુ બીજા જેઓ ઇતિહાસમાં વિજ્ઞાનદૃષ્ટિ સેવે છે તેઓ આ બાબતમાં આટલા નિરાશ નથી. તેઓ એમ. આર. કોહને કારણતાની જે વ્યાખ્યા આપી છે તેની સાથે સંમત થાય છે: 'કારણતાનું ચોક્કસ સ્વરૂપ એટલે કોઈ પણ ઘટનાના બનાવ માટે આવશ્યક અને પર્યાપ્ત

---

* For history, lines exist of the movement of human wills, one end of which is hidden in the unknown but at the other end of which is a consciousness of man's will in the present, moves in space, time and dependence on cause.

The more this field of motion spreads out before our eyes, the more evident are the laws of movement.

To discover and define those laws is the problem of history (p. 185).

સ્થિતિઓનો સરવાળો' (એજન, પૃ. ૪૨). આમાં મુશ્કેલી એ છે કે ઐતિહાસિકને બધી આવશ્યક સ્થિતિઓની માહિતી ન મળે તો ? તો જેટલી મળે તેટલીને સમગ્ર કારણ તરીકે નહિ તો કારણના ભાગ તરીકે ગણાવી શકે, અથવા ચોકસાઈ થોડીક ઢીલી કરી જેટલું જણાયું છે તેને જ કારણ ગણાવી શકે, પરંતુ આમાં પૂર્વસ્થિતિઓમાંથી કોને કારણ ગણવું એ વિવાદાસ્પદ રહે છે (એજન, પૃ. ૪૨).

આ કારણતાની ચર્ચામાં મોટી મુશ્કેલી એ છે કે ભૌતિક ઘટનાઓના સંબંધમાં એ શબ્દનો જે ભાવ આવે છે તે માનવપ્રેરિત ઘટનાઓમાં નથી આવતો. પહેલો તફાવત એ દેખાય છે કે ભૌતિક ઘટનાઓમાં આવશ્યક પૂર્વસ્થિતિઓ પૂરી આવી જાય કે તે ઘટનાઓ સિદ્ધ થઈ જાય. વચમાં કોઈ બીજો અંતરાય રહેતો નથી. માનવપ્રેરિત ઘટનાઓમાં માનવને જ્યારે એ આવશ્યક પૂરી પૂર્વસ્થિતિ, એ ઘટનાને સમજથી, મને કે કમને, કરવા પ્રેરે ત્યારે એ ઘટના થાય. અર્થાત્ આવશ્યક પૂરી પૂર્વસ્થિતિ અને એના કાર્ય વચ્ચે માનવનું મન—જેમાં એનાં જ્ઞાન, લાગણી અને ઇચ્છાશક્તિ છે—આવે છે. આ સ્થિતિને લઈને ભૌતિક કારણતા માનવવ્યવહારોમાં અને તેથી ઇતિહાસમાં બંધબેસતી નથી.

[ ૬ ]

પરંતુ આ મુશ્કેલીને લીધે ઇતિહાસમાં કારણની વિચારણા મૂકી દેવાતી નથી. કોલિંગવુડે આ વિષયની ચર્ચામાં cause અને reason—નો કારણ અને પ્રયોજનનો વિવેક કર્યો છે. કોઈપણ પૂર્વ પૂરી સ્થિતિ માનવને અનુરૂપ કાર્ય કરવા માટે આવશ્યક તરીકે, જે સમજાય તે સમજ માનવ માટે reason—હેતુ કે પ્રયોજન બને છે. એટલે ઇતિહાસની ઘટનાઓને કારણોથી નહિ પણ પ્રયોજનોથી સમજવી જોઈએ. આમાં ભૌતિક કારણતા = માનવ પ્રયોજનતા એ સમીકરણ તજવું પડે; પણ એ છોડવાથી ઐતિહાસિકનું પ્રયોજન શોધવાનું કામ સહેલું બનતું નથી, અથવા જેઓ આવા પ્રયોજનો આપે છે તેઓ શા આધારે અને ક્યારે માનવ આમ કરે છે તે સમજવાનું બાકી રહે છે.

કોલિંગવુડે આનો એક ખુલાસો causeના લેટિન શબ્દ causaના મૂળ અર્થથી કર્યો છે. Causaનો મૂળ અર્થ ગુનો, ઠપકો, તહોમત એવો થાય છે; અને જ્યારે પાંચમા સૈકાના સાહિત્યમાં 'કારણ'ના અર્થમાં એ વપરાતો થયો ત્યારે પણ તે વિગ્રહ કે એવી ઘટનાઓ માટે વપરાતો. આ અર્થનું સમર્થન સામાન્ય વ્યવહારમાં પણ મળે છે. જ્યારે કોઈને માથે જવાબદારી મૂકવાની કે તેને દોષિત ઠરાવવાનો હોય ત્યારે 'Cause'—'કારણ' શોધાય છે. ઇતિહાસમાં પણ અમુક અસાધારણ કે અનિષ્ટ બનાવ બને ત્યારે એની જવાબદારી કોની છે એ શોધવા કારણની કલ્પના કરવામાં આવે છે; જો કે કારણ જાણ્યા પહેલાં જવાબદારી ગણવાની બાબતમાં પૌર્વાપર્ય ઊંધું થઈ જાય છે (એજન, pp. 46-47)

કોલિંગવુડની આ વિચારસરણીમાં કેટલીક મુશ્કેલીઓ છે જે અમેરિકાના આંતરવિગ્રહનાં કારણોની એક શતક સુધી ચાલેલી ચર્ચાઓથી ડ્રેએ (William Dray) બતાવી છે.

આનો કંઈક પરિહાર 'H. L. A. Hart અને A. M. Honore' એ 'Causation in the Law'માં કરેલાં સૂચનોથી થાય છે. એમનું એવું કહેવું છે કે રોજિંદા

જીવનવ્યવહારમાં તેમ જ ઇતિહાસ અને કાયદાની બાબતોમાં કઈ પૂર્વસ્થિતિઓને કારણ તરીકે પસંદ કરવી એની બે કસોટીઓ (criteria) છે. એક એ કે કારણો અનપેક્ષિતો છે (abnormalities), જો કે અપેક્ષિત (normal) સંદર્ભે સંદર્ભે સૂક્ષ્મ રીતે બદલાતાં હોય છે; બીજું, સિદ્ધાન્ત પ્રમાણે સ્વેચ્છાજન્ય માનવઆચરણ અકારિત હોવાથી તે કારણ ગણાવાનો ખાસ અધિકાર ધરાવે છે. પહેલાંની સમજૂતી આ લેખકો એવી આપે છે કે માનવવ્યવહારોના અન્વેષણમાં જેમનો ખુલાસો કરવાનો હોય છે તે પોતે ઘટનાઓના ચાલુ કે અપેક્ષિત ક્રમથી કંઈક ને કંઈક ચ્યુત થયેલા હોય છે; અને તેથી અનપેક્ષિતનો ખુલાસો અનેપેક્ષિતથી કરીએ એ સ્વભાવિક છે (એજન, પૃ. ૫૬).

આપણે પ્રારંભમાં મહાભારતમાંથી જોયું કે જનમેજય કહે છે કે અવધ્યોનો સર્વથા વધ કરનાર છતાં પ્રશંસા પામનાર તેના પૂર્વજોએ આવું કેમ કર્યું? અર્થાત્ આવું અનપેક્ષિત કેમ કર્યું? તેનું કારણ નાનું ન હોય, અર્થાત્ એ પણ અનપેક્ષિત હોય.

ઇતિહાસની ઘટનાઓમાં પણ કારણોની શોધ અનપેક્ષિત ઘટનાઓની જ વિશેષ કરીને થતી હોય છે: જેમકે વિગ્રહો, ક્રાન્તિએ, રાજપલટાઓ, મોટા વિજયો કે મોટા પરાજયો, મોટા અભ્યુદયો કે મોટી આપત્તિઓ, જે ક્રમપ્રાપ્ત હોય તેને પણ જો કે કારણ હોય તોપણ તેની શોધ થતી નથી, કારણ કે તે જ્ઞાત મનાય છે માટે તેની જિજ્ઞાસા થતી નથી.[1] જ્યારે આવી અનપેક્ષિત ઘટનાઓ અનપેક્ષિત માનવ-આચરણોની અપેક્ષા રાખે છે, એથી જ એનો ખુલાસો થાય છે.

આ દૃષ્ટિ કેટલેક અંશે ઇતિહાસનિરૂપણોમાં અંતર્ગત હોય છે; જો કે એથી પૂરો ખુલાસો થતો ન પણ હોય. કારણની પસંદગીમાં બીજી કસોટી સ્વેચ્છાપ્રેરિત માનવ-આચરણને ડ્રે (Dray) વધારે સ્વીકાર્ય માને છે. કારણ એટલે કંઈક કરનાર એવી આપણી વ્યવહારુ માન્યતા સાથે એ સંગત છે.

બીજું એ કે વચમાં પડવાની ક્રિયાને (intervention) આપણે કારણ ગણીએ છીએ. કાર્યક્રમમાં વિક્ષેપ પડે ત્યારે એનું કરનાર—કારણ કોઈનું આચરણ હોય છે; એટલે એ રીતે પણ માનવના સ્વેચ્છાપ્રેરિત આચરણને કોઈ ઘટનાનું કારણ ગણીએ એ ઉચિત છે. અમુક ઘટના જે અનેક માનવ-આચરણોનું પરિણામ છે તેમાં કયાં આચરણ કે આચરણોને એ ઘટનાનાં કારણ માનવાં?—એના અન્વેષણમાં જે આચરણો વધારેમાં વધારે સ્વેચ્છાપ્રેરિત હોય તેમને જ કારણનું સ્થાન આપવું જોઈએ. બંદૂકની અણીએ એક માણસ પોતાનું પાકીટ બીજાને આપી દે એ ઘટનાનાં બે આચરણોમાં બંદૂક ધરનારનું આચરણ વધારે સ્વયંપ્રેરિત છે માટે તે ઘટનાનું કારણ ગણાય; તાબે થનારનું આચરણ તો વશ થઈને થયેલું છે એટલે તેને કારણનું સ્થાન ન અપાય (એજન, પૃ. ૫૭). ઇતિહાસની મોટી ઘટનાઓ—અમેરિકાનો આંતરવિગ્રહ, બે વિશ્વયુદ્ધો, ભારતના ભાગલા, વિયેટનામનું યુદ્ધ—ઇત્યાદિમાં કારણ કોને ગણવું? એમાં સ્વેચ્છાપ્રેરિત આચરણ કોનું અને કોણે જવાબરૂપે આચરણ કર્યું?—એનું અન્વેષણ ઇતિહાસનિરૂપકો કરે છે. અને એ અંગેના અભિપ્રાયોના મતભેદમાંથી જવાબદારી કોની, દોષિત કોણ—અર્થાત્ કારણ કોણ એ અંગેના મતભેદો ઉત્પન્ન થાય છે.

પરંતુ વિજ્ઞાનમાં કારણોનો નિર્ણય જેમ 'મૂલ્યતટસ્થતા'થી કરવામાં આવે છે એવો આગ્રહ ઇતિહાસમાં પણ રાખવાનો હોય તો એમ કહેવું જોઈએ કે સ્વેચ્છાપ્રેરિત આચરણ એ લગભગ નૈતિક મૂલ્યથી અંકિત છે. સ્વેચ્છાપ્રેરિત આચરણનો હાર્ટ (Hart) અને હોનોરે (Honore)નો ખ્યાલ એવો છે કે તે વિવિધ રીતે વિચારતાં ઊણું કે દોષવાળું ન હોય. આ નિર્ણય કરવામાં તે તે આચરણનું નૈતિક રીતે મૂલ્યાંકન કરવું પડે, જો કે આડકતરી રીતે. તેથી કારણોના અભિપ્રાયોમાં જેઓ પસંદગીની આ કસોટી વાપરે છે તેમાં મૂલ્ય અંગેના અભિપ્રાયો અંતર્ગત હોય છે; પરંતુ આનો એવો અર્થ નથી કે કારણો અંગેના અભિપ્રાયો અને મૂલ્ય અંગેના અભિપ્રાયો એક જ છે (એજન, પૃ. ૫૮). ડ્રેના આ વિધાનનું એવું તાત્પર્ય હશે કે કારણોમાં અંતર્ગત નૈતિક મૂલ્યો એ જ અન્વેષકનાં નૈતિક મૂલ્યો છે એમ માનવાની જરૂર નથી.

ઇતિહાસનો વિષય સ્વેચ્છાપ્રેરિત માનવ આચરણોથી બનતી ઘટનાઓ છે—એ જો સ્વીકારીએ તો ઇતિહાસનું વસ્તુ પોતે જ મૂલ્યાંકિત બને છે. બીજી બધી બાબતોની જેમ મૂલ્યો પણ ઇતિહાસનું વસ્તુ છે એ સ્વીકારવું જોઈએ (એજન, પૃ. ૩૭); પણ આનો અર્થ એવો નથી કે ઇતિહાસનાં અન્વેષક મૂલ્યો અંગેના પૂર્વગ્રહથી એ મૂલ્યો સાબિત કરવા ઇતિહાસને સાધન તરીકે વાપરે, અગર પોતાનાં અદ્યતન મૂલ્યોથી ઇતિહાસગત આચરણને મૂલવે એ પ્રામાણિક છે. અલબત્ત મૂલ્યોની વિચારણામાં અને એના અંકનમાં ઐતિહાસિક માટે સર્વથા મૂલ્યશૂન્ય થવું શક્ય છે કે નહિ એ પ્રશ્ન છે.

જર્મન ઇતિહાસમીમાંસક ફ્રિડરિક માઈનેક (Friedrich Meineake, 1862-1954) 'ઇતિહાસમાં મૂલ્યો અને કારણતાઓ' (Values and Causalities)ના વિષય ઉપર તલસ્પર્શી અને માર્મિક વિચારણા કરી છે. એના અભિપ્રાયે કારણોનાં અને મૂલ્યોનાં અન્વેષણો એ ઇતિહાસવિજ્ઞાનની વર્તમાન અવસ્થાનાં બે મુખ્ય લક્ષણો છે. પરંતુ આ બંને અન્વેષણો અલગ અલગ થઈ ન શકે. બંને એકબીજામાં એટલા બધા ઓતપ્રોત છે કે એક-બીજા વિના સમજી શકાય નહિ. બંને એકબીજા ઉપર પ્રકાશ પાડે છે, એટલે એક કે બીજાને ઉવેખી શકાય નહિ, બંનેને સમજવા જોઈએ.

ઇતિહાસનું સીધું નિરીક્ષણ કરતાં માઈનેકને ત્રણ પ્રકારની કારણતાઓ દેખાય છે: mechanistic, biological, spiritual–moral. આ ત્રણનો ભાવાર્થ જડશક્તિજન્ય, જીવ(પ્રાણ)શક્તિજન્ય અને ચેતનાશક્તિજન્ય કારણતાઓમાં આવે અથવા ટૂંકમાં જડકારણતા, જીવકારણતા અને ચેતનાકારણતા શબ્દોથી સમજી શકાય. જડકારણતામાં કારણ અને કાર્યનું સંપૂર્ણ સમીકરણ છે. જેવું અને જેટલું કારણ તેટલું અને તેવું કાર્ય. જીવકારણતામાં દેખીતી રીતે કાર્ય કારણની પાર ઘણો મોટો વિકાસ પામે છે, જેમકે નાના બીજરૂપી કારણમાંથી મોટા વૃક્ષરૂપી કાર્ય થાય કે ગર્ભબીજરૂપી કારણમાંથી સંપૂર્ણ ઘાટવાળું પ્રાણી કાર્યરૂપે વિકસે. ચેતના આનાથી યે વધારે જડકારણની જાળને તોડી બહાર નીકળે છે. વ્યક્તિની સ્વેચ્છાજન્ય અને પ્રયોજનસાધક પ્રેરણાઓ, જેનો જડશક્તિના કે પ્રાણશક્તિના નિયમોથી ખુલાસો થઈ શકતો નથી, તે માનવની પ્રવૃત્તિઓ ઉપર અસર પાડે છે અને એ રીતે જડશક્તિજન્ય જાળને અવરોધે છે. અન્યથા તો આ જડશક્તિની જાળ આપણી બુદ્ધિને કાંઈ પણ અવરોધરહિત સર્વવ્યાપી અને સતત ચાલતી દેખાય છે (p. 268. V.H.).

માઈનેક કહે છે: ચમત્કાર ઉપર ચમત્કાર ! પ્રત્યેક કારણતા કોયડારૂપ છે, અને આપણી બુદ્ધિ એનો ખુલાસો કરી શકતી નથી, છતાં ખુલ્લા મનના વિદ્વાનના ચિત્ત ઉપર આ ત્રણમાંની પ્રત્યેક કારણના ઇતિહાસગત જીવનના વાસ્તવિક બળ તરીકે મુદ્રિત થાય છે ( ibid 268 ).

માઇનેકના કથનનું એ તાત્પર્ય લાગે છે કે ઇતિહાસને સમજવા આ ત્રણે બળોને ધ્યાનમાં રાખવા જોઈએ. જડવાદમાં ખેંચાઈ બધું જડશક્તિનું કાર્ય છે એવી ભૂલ ન થવી જોઈએ. આ ત્રણે શક્તિઓ ઓતપ્રોત થઈ વર્તે છે.

ઇતિહાસની ઘટના સમુદાયરૂપ છે; આ સમુદાયના અવયવો માનવ આચરણો છે. આ આચરણોના કર્તા માનવમાં પણ ત્રણ તત્ત્વો છે, જડભૌતિકતત્ત્વ, જીવાતું પ્રાણતત્ત્વ અને ચેતન તત્ત્વ. તેનાં આચરણોમાં પણ આ ત્રણ ઘટક તત્ત્વો છે; પરંતુ દરેક આચરણમાં ત્રણે તત્ત્વો સમાન શક્તિથી કામ કરતાં નથી, એમાં તારતમ્ય હંમેશાં હોય છે. તેથી જે તત્ત્વ મુખ્ય વરતાતું હોય તે પ્રમાણે આચરણોમાં વર્ગ પાડી શકાય છે. સાંખ્યની પરિભાષા થોડાક ફેરફાર સાથે વાપરી એમ કહેવાય કે જેમાં જડ ભૌતિક મુખ્યપણે હોય તેને તામસિક, પ્રાણતત્ત્વ મુખ્ય હોય તેને રાજસિક અને ચેતનતત્ત્વ મુખ્ય હોય તેને સાત્ત્વિક કે આત્મિક કહી શકાય ( જો કે એ યાદ રાખવું જોઈએ કે સાત્ત્વિક પણ સાંખ્યમાં જડ પ્રકૃતિનું જ લક્ષણ છે). ઇતિહાસની વિષયભૂત ઘટનાઓ પણ આ પ્રમાણે તામસિક, રાજસિક અને સાત્ત્વિક કહી શકાય; અને આવી અનેક ઘટનાઓના તાણાવાણાથી વણાતા, કાલમાં વિસ્તરતા ઈતિહાસપટના યુગોને પણ આ પ્રધાન-ગૌણના નિયમે અંકિત કરી શકાય.

આ જાતના ઇતિહાસપટને બરાબર સમજવા માટે માઈનેકે નિરૂપેલી ત્રણે કારણ-માલાઓથી ઇતિહાસની ઘટનાઓને સમજવી જોઈએ. વસ્તુસ્થિતિ ઇતિહાસના અન્વેષકને એમ કરવાની ફરજ પાડે છે. એમાં જે જાતની ઘટનાઓનું એ અન્વેષણ કરે તેને અનુરૂપ કારણમાલા શોધવી પડે. જેમકે માઈનેક કહે છે કે અન્વેષક જો પ્રજાઓની દરિદ્રતા અને સંપત્તિનાં કારણો રણભૂમિ ઉપર તેમના વિજયો અને પરાજયોના હેતુઓ શોધતો હોય તો તેની સામે એવી કારણમાલા ઊભી રહેશે કે જે એની પ્રક્રિયામાં જડ ભૌતિક શક્તિના નિયમોને આધીન હશે.

એ અન્વેષકને આ ત્રિગુણાત્મક બનાવો સ્ફટિકની જેમ ઘાટ પકડી માનવસમાજોના ભિન્ન ભિન્ન આકારોમાં પરિણમતા દેખાય, અને પોતાની નજર સમક્ષ તેમને પોતાની મેળે ઉદ્ભવતા વિકાસ પામતા, આબાદ થતા અને ક્ષય પામતા જુએ ત્યારે તેને એવો મત બંધાય કે ઇતિહાસનું દરેક દૃશ્ય, સમગ્ર માનવજીન પણ, આ સમવાયોના ધર્મોથી નિયંત્રિત છે. આ ધર્મો કે બળો વ્યક્તિની ઉપરવટના દેખાય છે. આ સમવાય ધર્મોને કેટલાક જડ શક્તિના નિયમોથી વર્તતા જુએ તો કેટલાક પ્રાણી–અવયવીની જેમ (organic) વર્તતા જુએ; એટલે કે પૂર્વ બીજમાંથી જન્મ પામતા, આપોઆપ વિકસતા અને આપોઆપ ક્ષય પામતા સમજે. સ્પેંગ્લરની વિચારસરણી ઇતિહાસ પરત્વે આ જાતની હતી.

પરંતુ ઇતિહાસની ઘટનાના અન્વેષકને એક ત્રીજું તત્ત્વ હવે દેખાય છે. માનવનાં સ્વેચ્છાજન્ય આચરણો આ સમવાયોના પ્રવર્તનમાં વચમાં પડી તેમાં અંતરાયો નાંખે છે, તેમની દિશા બદલાવે છે, સમવાયોને ગાઢ બનાવે છે કે નબળા બનાવે છે. આ ત્રીજું બળ તે માનવનું

ચેતન બળ છે, જે સ્વેચ્છાએ પ્રવર્તે છે. તે ઇતિહાસને એવી જટિલતા અને વિશેષતા અર્પે છે કે અપરિવર્તનીય નિયમોથી ઇતિહાસને સમજવાના સર્વ પ્રયત્નોને ઉપહસનીય બનાવે છે ( V. H., pp. 168-169 ) ઇતિહાસની દરેક ઘટના ઉપર માઇનેક કહે છે તેમ આ ત્રણે કારણોની મુદ્રા પડેલી છે અને એ રીતે ઇતિહાસની મીમાંસા થવી જોઈએ.

પરંતુ ઇતિહાસમાં–ગતજીવનમાં જે મૂલ્યો ઉદ્ભવ્યાં છે તે જડમાંથી નહિ પણ ચેતનમાંથી ઉદ્ભવ્યાં છે. આ ચેતનપ્રેરિત ભાવોએ અને આચરણોએ પહેલા બે પ્રકારની કારણનિયતિને વશ ન થતાં માનવસમાજમાં મૂલ્યો પેદા કર્યા છે. ઇતિહાસના અભ્યાસમાં, માઈનેકના મતે, આ મૂલ્યોનો અભ્યાસ સૌથી વધારે મહત્ત્વનો છે. એને મતે ઇતિહાસના અભ્યાસનું આકર્ષણ પણ આ મૂલ્યોના પ્રાદુર્ભાવમાં છે. એથી ઐતિહાસિક પોતાના ચેતનને પૂર્વજોના ચેતન સાથે અનુસંધાનમાં જોઈ શકે છે.

એના મતે ઇતિહાસના આલેખનમાં પાઠ લેવાની, દાખલા શોધવાની, શિખામણ લેવાની ઇચ્છા એ ભૂંસી ન શકાય એવી પાયાની પ્રેરણા છે ( એજન, p. 183 ). પરંતુ એ ચેતવે છે કે એમાં જ ઇતિહાસવિદ્યાની પ્રમાણતાને મોટામાં મોટું જોખમ છે; કારણ કે આ ઇચ્છામાંથી ઇતિહાસને પોતાની વૃત્તિને અનુકૂલ થાય એ રીતે વિકૃત કે વક્ર કરવામાં આવે અથવા એનું આદર્શીકરણ કરવામાં આવે અથવા એને ખોટી રીતે રજૂ કરવામાં આવે ( p. 245, એજન ).

મૂલ્યોના લાગણીવેડાની ભ્રમજાળમાં ન પડી જવાય માટે કારણતાના આધારે જ મૂલ્યો જાણવાં આવશ્યક છે. આ માટે માઈનેકે સૂત્રાત્મક રીતે કહ્યું છે કે no causalities without values, no values without causalities—મૂલ્યો વિના કારણતાઓ નહિ, અને કારણતાઓ વિના મૂલ્યો નહિ ( p. 276, એજન ). અર્થાત્ ક પ્રમાણપુરઃસર સિદ્ધ થયેલી ઘટનાઓમાંથી મૂલ્યો—કાર્યકારણના સંબંધથી પ્રાદુર્ભૂત થતાં મૂલ્યો જ—ઇતિહાસના અન્વેષકને ખપે. પોતાનાં મૂલ્યોને ગમે તેમ કરી ઇતિહાસમાંથી ઠોકી બેસાડવાની કે તારવવાની પદ્ધતિ ઐતિહાસિકની ન હોય.

આ સાવચેતી આપી માઈનેક ઇતિહાસમાં મૂલ્યોનો મહિમા કરે છે. એના મતે કલ્ચર કે જીવનરીતિ જે આ મૂલ્યો પ્રકટ કરે છે તેનો ઇતિહાસ એ ઐતિહાસિકનો મુખ્ય વિષય હોય ( p. 278, એજન ). તાત્પર્ય એ છે કે ચેતનાએ પ્રકટ કરેલાં મૂલ્યો જે જીવનમાં જીવવાનાં છે તેનાં મૂળ પહેલા બે પ્રકારની જડભૌતિક અને પ્રાણશક્તિની કારણતાઓમાં છે; અને આ જ કોયડો ઐતિહાસિકે ઉકેલવાનો છે. ( p. 283 એજન ).

આ મૂલ્યોનું સેવન વ્યવસ્થિત રાજ્ય( State )માં જ થઈ શકે છે; અને તેથી એનું સંસ્કૃતિના ઇતિહાસમાં મહત્ત્વ છે, પણ એથી શું રાજ્ય એ સૌથી મહત્ત્વનું સાંસ્કૃતિક મૂલ્ય છે ? હેગેલ વગેરેનો એવો મત હતો, પણ માઈનેક એ સ્વીકારતો નથી. એને મતે શુદ્ધરૂપમાં ધર્મભાવના ( religion ) ( આપણે એને શું આધ્યાત્મિકતા કહીએ ? ) અને કલાના ઉચ્ચતમ આવિષ્કારો એ ઉચ્ચતમ સાંસ્કૃતિક મૂલ્યો છે. બીજા સ્થાને આવે ફિલસૂફી અને વિજ્ઞાન ( p. 285 ).

આની સામે એવો પ્રશ્ન થાય કે આમ માનવામાં ચિંતનાત્મક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓની તરફેણમાં માનવના કર્મપ્રધાન અને ઉત્પાદક જીવનને ઉતારી પડાતું નથી? જીવનથી નાસી

છૂટવાની વૃત્તિને જીવનને ઘડનારી પ્રવૃત્તિ કરતાં ઊંચું સ્થાન આપવું? (p. 285 એજન) આનો કોઈ સાદો હા કે નામાં ઉત્તર આપી શકાય નહિ. આમાં મૂલ્યો એકબીજા સાથે કેવાં ગૂંથાઈ જાય છે એનો દાખલો છે. માનવજીવનનું લક્ષ્ય મૂલ્યની ભાવનાઓને સાક્ષાત્ કરવાનું છે, અને તે સુવ્યવસ્થિત રાજ્યમાં જ સંભવે. પણ રાજ્ય તો અર્થમૂલક છે, ભૌતિક બળોને અધીન છે. એટલે કેટલાક વિચારકો આદર્શ રાજ્યોની કલ્પનાઓ કરે છે, અને એ કલ્પનાઓ ઇતિહાસ ઘડવામાં બળરૂપ પણ બને છે. જેમણે સ્વતંત્રતા (liberty), સમાનતા (equality) અને બંધુભાવ (fraternity)વાળો માનવસમાજ કલ્પ્યો. તેઓ સ્વપ્નદ્રષ્ટાઓ જેવા હશે, પણ તેમની ભાવનાઓએ ઇતિહાસને ઘડ્યો છે અને ઘડે છે. આ કારણથી માઇનેક રાજકીય ઇતિહાસને માનવજીવનની નજીકમાં નજીક ગણે છે, કારણ કે એમાં કુદરત (nature) અને સંસ્કૃતિ (culture) એકબીજાની અંદર પ્રવેશે છે. રાજ્ય ભલે સંસ્કૃતિના ઉચ્ચતમ વિજયો પ્રાપ્ત કરતું નથી, પણ કુદરત સામે સંસ્કૃતિના યુદ્ધનું પ્રભાવ પાડે એવું દૃશ્ય તે રજૂ કરે છે.

માઈનેકના મતે પ્રથમ ધ્યેય જો કે માનવ પોતાના વ્યક્તિત્વને આધ્યાત્મિક અને નૈતિક રીતે ઉન્નત કરે એ છે, પણ ઉપરની રાજ્યની દૃષ્ટિએ વિચારતાં બીજું ધ્યેય પોતે જે રાજ્યમાં રહેતો હોય તેને આધ્યાત્મિક અને નૈતિક બનાવવાનો પુરુષાર્થ કરે એ છે. પોતે પૂરેપૂરો એ કાર્યમાં સફળ થઈ નહિ શકે એ જાણવા છતાં એ પ્રયત્ન કરે છે. આ ચારિત્રની ઉત્તમ કોટિ છે. (p. 285, એજન).

હકીકતમાં માનવ જાતે આધ્યાત્મિક અને નૈતિક ઉન્નતિ સાધ્યા વિના સમાજની આધ્યાત્મિક–નૈતિક ઉન્નતિ સાધી ન શકે એટલે એનું પહેલું લક્ષ્ય જાતની ઉન્નતિ સાધવાનું હોય. પરંતુ અહીંયાં પોતે અટકી જાય એવું બનતું આવ્યું છે. એનામાં સામાજિક દૃષ્ટિ નથી હોતી અથવા અધૂરી હોય છે અથવા એ વિષે પોતે નિરાશ હોય છે. તેથી અને એટલું એનું આધ્યાત્મિકપણું—નૈતિકપણું અધૂરું કહેવાય—નિરાશ કહેવાય. સમાજને એ માર્ગે લઈ જવા મથામણ કરે ત્યારે જ એ સાચું આધ્યાત્મિક નૈતિક ચારિત્ર થાય!

[ ૮ ]

જગતના ઇતિહાસમાં આવું અદ્વિતીય ચારિત્ર મહાત્મા ગાંધીનું હતું. પોતે સત્ય અને અહિંસાને રાજકીય જીવનમાં આચરી ઉપાસ્યાં હતાં અને જનસમાજને સત્ય અને અહિંસાને રાજકીય જીવનમાં આચરી ઉપાસક બનાવવા એ જીવન જીવ્યા અને જીવનનો ભોગ આપ્યો.

[ ૯ ]

પરંતુ ઇતિહાસના પટમાં વિસ્તરેલા માનવજીવનને જોતાં ઇતિહાસે સમયે સમયે પ્રકટ કરેલાં આધ્યાત્મિક નૈતિક મૂલ્યો વિજય પામતાં દેખાય છે?—એ ઇતિહાસમીમાંસાનો અકળાવે એવો મહાન પ્રશ્ન છે. એનો હકાર કે નકારમાં ઉત્તર આપવાનું સાહસ ઇતિહાસનો અભ્યાસી ન કરી શકે. પણ ઇતિહાસમાં કારકતા કોની એની શોધ કરતાં મીમાંસકને લોકવાયકામાં રહેલું સૂત્ર ધર્મે જય, પાપે ક્ષય' ગૂઢ રીતે ઇતિહાસપટમાં વણાયેલું દેખાશે?

દા. ત. ગાંધીજીએ મૂર્ત કરેલાં મૂલ્યો આજે ભારતમાં રહ્યાં છે?

જનમેજયે ભગવાન વ્યાસને પ્રશ્ન પૂછ્યો કે પુણ્યશાળી એવા એના પૂર્વજો—પાણ્ડવો-કૌરવો વચ્ચે ભેદ કેમ થયો અને ભૂતમાત્રનો અંત કરનારુ યુદ્ધ કેમ થયું ?—ત્યારે તેને પોતાના પ્રપિતામહો દૈવથી આવિષ્ટ થયેલા લાગ્યા હતા: નહિ તો આવા સારા માણસો આવું ઘોર યુદ્ધ કેમ કરે ? વૈશંપાયન પાસેથી કથાસંક્ષેપ સાંભળ્યા પછી એનું કુતૂહલ વધ્યું: ધર્મજ્ઞ એવા પાણ્ડવોએ અવધ્ય એવા સંબંધીઓનો પૂરેપૂરો વધ કર્યો અને માનવો તેમની પ્રશંસા કરે છે, આનું કારણ નાનું ન હોય !

આના ઉત્તરમાં આખું મહાભારત છે. એ નાનું નહિ એવું કારણ કયું ? દૈવ, કાલ એવી ગૂઢ સંજ્ઞાઓમાં જવાબ અપાય છે.

જગતના ઇતિહાસના મહાભારતમાં પણ ઇતિહાસમીમાંસકો આને મળતા પ્રશ્નો પૂછે છે. કેટલાક એના ઉત્તર ઇતિહાસ બહારનાં ચિંતનોમાંથી આપે છે—ફિલસૂફી, ધર્મ આદિનાં ચિંતનો-માંથી; ઇશ્વર અને શયતાનનો સંઘર્ષ, આદમનું મૂળ પાપ ઇત્યાદિ, દેવાસુરસંગ્રામ ઇત્યાદિ. પરંતુ ઇતિહાસમીમાંસકો ઇતિહાસમાંથી ઘટનાઓનાં કારણો શોધે છે—જેમકે—માર્ક્સનો આર્થિક સંઘર્ષવાદ, કેટલાક સ્પેન્ગલર જેવા સંસ્કૃતિઓને પ્રાણીઅવયવીના ઉપમાનથી ઉદય, વિકાસ અને અસ્તની અનિવાર્યતા બતાવે છે. હેગલ થિસિસ-ઍન્ટિથિસિસ અને સિન્થેસિસના ત્રિક દ્વારા પરમ ચૈતન્ય-Absolute પોતાનો આવિષ્કાર સાધે છે, તેનાથી ઇતિહાસની ઘટનાઓને સમજાવે છે. ટૉઇનબી challenge-response—પડકાર અને પ્રતિકારના ન્યાયથી પ્રજાઓની ચડતીપડતી સમજવા પ્રયત્ન કરે છે.

પરંતુ ઇતિહાસમાં આમ કેમ બને છે એનો ખુલાસો કેવળ ઇતિહાસમાંથી મળતો નથી. છતાં કંઇક કારણ છે, એવી દૃઢ પ્રતીતિને લઈને સ્પષ્ટ ઉત્તર ન મળે તો ગૂઢ સંજ્ઞાઓમાં માનવ ઉત્તર શોધે છે: દૈવ, કાલ, ઇત્યાદિ

મહાભારતમાં કાલનું તત્ત્વ વારંવાર ઉચ્ચારાય છે. આ કાલ શું ?—તેનો એક ખુલાસો ધૃતરાષ્ટ્ર પોતે—જે કાલવશ છે તે કાલ નાશ કેવી રીતે કરે છે તેનો અનુભવ કહી કહે છે; ‘કાલ દંડ ઉગામીને કોઈનું શિર છેદતો નથી. કાલનું બલ આ છે: તે વિપરીત અર્થદર્શન કરાવે છે:

न कालो दण्डमुद्यम्य शिरः कृन्तति कस्यचित् ।
कालस्य बलमेतावद् विपरीतार्थदर्शनम् ॥

(स. प. अ. ७२ श्लो. ११)

આની પ્રસ્તાવનારૂપે જે પુરુષને દેવો પરાજય આપે છે તેનું તેઓ શું કરે છે તે કહે છે. એમાં ‘દૈવ’ની ગૂઢ સંજ્ઞાનો પણ અર્થ છે. દેવો પરાભવ આપતા પહેલાં તે પુરુષની બુદ્ધિનો અપકર્ષ કરે છે, અને તે અપાચીને કહેતાં ઊંધાં જુએ છે. બુદ્ધિ કલુષિત થતાં અને વિનાશ પાસે આવતાં નય જેવો લાગતો અનય (નીતિ જેવી લાગતી અનીતિ) હૃદયમાંથી ખસતો નથી. વિનાશકાળે અનર્થો અર્થરૂપે અને અર્થો અનર્થરૂપે તે માણસ પાસે ઊભા થાય છે, અને તે તેને રુચે છે !

यस्मै देवाः प्रयच्छन्ति पुरुषाय पराभवम् ।
बुद्धिं तस्यापकर्षन्ति सोऽप्यपाचीनानि पश्यति ॥

बुद्धौ कलुषभूतायां विनाशे प्रत्युपस्थिते ।
अनयो नयसंकाशो हृदयान्नापसर्पति ॥

अनर्थाश्चार्थरूपेण अर्थाश्चानर्थरूपिणः ।
उत्तिष्ठन्ति विनाशान्ते नरं तच्चास्य रोचते ॥

(એજન, શ્લો. ૮-૯-૧૦)

આમાં જે ક્રમ છે તે નોંધવા જેવો છે—બુદ્ધિ કલુષિત થવી, અનીતિ નીતિ જેવી લાગતી હૃદયમાંથી ખસે નહિ. અનર્થો અર્થરૂપે ઊભા થાય! અને એ રુચે આ બધું રુચે—એ ખાસ ધ્યાનમાં લેવા જેવું છે!

આ ક્રમથી વીસમી સદીનાં બે યુદ્ધોની મીમાંસા કરવા જેવી છે, ભારતના ભાગલાની મીમાંસા કરવા જેવી છે, ગાંધીજી જેવાએ નય બતાવ્યો છતાં, પડેલા ભાગલાનાં અથવા આપણી હાલની વિટંબનાઓનાં કારણો શોધવા જેવું છે.

## [૧૧]

આ પરિસ્થિતિ એટલે અધર્મ. એ અધર્મનો નાશ કરવા પાંડવોએ અવધ્યોનો વધ કર્યો, છતાં લોકોએ એમની પ્રશંસા કરી—આ એનું નાનું નહિ એવું કારણ કલ્પીએ તો ચાલે? જો કે ધર્મનું લક્ષણ વિચારકો પોતપોતાની રીતે બાંધે!

મહાભારતને આજના અર્થમાં ઇતિહાસ ન ગણી શકાય, પણ બોધ લેવા માટે એમાં પૂરતો ઇતિહાસ નથી? મહાભારતનો બોધ એ છે કે ધર્મ છે તો કૃષ્ણ છે; અને કૃષ્ણ છે તો જય છે:

यतो धर्मस्ततः कृष्णो यतः कृष्णस्ततो जयः ॥

(ભી. પ. અ. ૪૧, શ્લો, ૫૫)

ધર્મ છે તો ઈશ્વર છે અને ઈશ્વર છે તો જય છે.

આનું તાત્પર્ય માનવના આચરણમાં છે. માનવના આચરણ પ્રમાણે—વ્યક્તિ તરીકે, રાષ્ટ્ર તરીકે કે જાતિ તરીકે—માનવનું આચરણ ઇતિહાસને ઘડતું રહ્યું છે, અને ભાવીને ઘડશે એવી શ્રદ્ધામાં છે. આમાં કર્મનો સિદ્ધાન્ત અંતર્ગત છે.

ઇતિહાસને સમજવા માટે કર્મનો સિદ્ધાન્ત વિચારવા જેવો છે. બધા પ્રશ્નોનો એનાથી નિકાલ થશે એમ નથી, બીજા પ્રશ્નો એમાંથી ઊભા નહિ થાય એમ નથી, છતાં ઇતિહાસમાં કર્મનો સિદ્ધાન્ત વિચારવા જેવો છે—ટૂંકા અર્થમાં નહિ તેમ જ ગૂઢ અર્થમાં પણ નહિ.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં કર્મનો સિદ્ધાન્ત સર્વમાન્ય જેવો હતો. એ એક જાતનો કાર્યકારણભાવ છે; માનવના આચરણ સાથે એનો સંબંધ છે. માનવો એમની વાસનાઓથી-પ્રેર્યા વર્તે છે. આ સંબંધ પ્રેરકપ્રેર્ય ભાવનો છે. પરંતુ પ્રેરિત આચરણ કે કર્મ એનું કાર્ય

ઉત્પન્ન કરે છે. માનવ કર્તાના સંબંધમાં તે ફલરૂપ છે, જેનો એને આસ્વાદ લેવાનો હોય છે; અથવા જે એને ભોગવવાનું હોય છે. આ કર્મફલનો સંબંધ નિયતસંબંધ મનાયો છે. કોઈ પણ માનવ પોતાના કર્મના—ફલમાંથી બચી શકે નહિ અને રાષ્ટ્ર પણ. આટલા પૂરતો એ નિયતિવાદ છે. પરંતુ, પ્રત્યેક કર્મ વાસનાજન્યભાવથી પ્રેરાય છે. આ ભાવને બદલવાની માનવના આત્મામાં શક્તિ છે એમ મનાયું છે, વાસનાપ્રેરિત ભાવને વશ ન થતાં આત્માના ઇષ્ટભાવમાં તે પરિવર્તિત કરી શકે છે. આમાં માનવનું સ્વાતંત્ર્ય છે. પરંતુ બાણમાંથી તીર છૂટ્યા પછી જેમ એ ગતિના નિયમોને અનુસરે છે તેમ કર્મ, થયા પછી કર્મ–ફલના નિયમોને અનુસરે છે. આ નિયમો કયા એ પ્રશ્ન છે. ઇતિહાસનો અભ્યાસ એનો થોડોક ખ્યાલ તો આપી શકે એમ મારું માનવું છે અને એ જેવો અને જેટલો ખ્યાલ આપે તેટલો ઇતિહાસ બોધક અને માર્ગદર્શક થાય છે. ઇતિહાસમાંથી ઇતિહાસનો કાર્યકારણભાવ અથવા માનવસંબંધી એ હોવાથી કર્મ-ફલભાવ સમજવા પ્રયત્ન થવો જોઈએ.

ઇતિહાસ પણ અસ્તિત્વનો જ ભાગ છે. ભૂત હોવા છતાં વર્તમાનમાં એ અંતર્ગત છે અને ભવિષ્યમાં એ ડોકિયું કરે છે. એ એક અવિભાજ્ય સ્રોત છે. સમગ્ર અસ્તિત્વ જેમ જેમ વધારે જાણીએ તેમ ઇતિહાસના અભ્યાસીને તે વધારે ગહન લાગે છે. કર્મ-ફલનો ભાવ પણ એ રીતે ગહન છે. ગીતાકારનું વાક્ય **गहना कर्मणो गतिः** ધ્યાનમાં રાખીને ઇતિહાસમાં કર્મ—ફલનો સંબંધ શોધવા જેવો છે.

આ તક આપવા માટે અને મને સાંભળી લેવા માટે આ પર સૌનો આભાર માનું છું.

---

# નાનાસાહેબ પેશ્વાની ઉત્તરાવસ્થા

ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ

નાના સાહેબ પેશ્વા ઈ. સ. ૧૮૫૭ પછી ક્યાં ક્યાં રહ્યા, ક્યાં સ્થાયી થયા, ક્યારે અને ક્યાં એમનું અવસાન થયું તે બાબતમાં કંઈક મતભેદ રહ્યા છે. સુભાષબાબુ બોઝ વિષે જેમ લોકવાયકાઓ ફેલાય છે, અને આજે પણ ભારતમાં એઓ અમુક સ્થળે સાધુવેશે છે વગેરે વગેરે વાતો ઊડતી રહે છે તેમ નાનાસાહેબ અંગે છેલ્લા લગભગ નેવુંથી સો વર્ષના ગાળામાં અફવાઓ ઊડી તે સ્વાભાવિક છે.

શ્રી. નાના સાહેબ ગુજરાતમાં, સૌરાષ્ટ્રમાં રહ્યા હતા એ અંગેની અનુશ્રુતિ, લોકવાયકા જાણીતાં છે. હમણાં જ આ વાતોમાં તદ્દન નવી જ એક વાત ચાંદોદના એક સાધુએ, ઑગસ્ટ તા. ૮મીના લોકસત્તા (વડોદરા) દૈનિકમાં આવેલી હકીકત મુજબ, એવી વાત જણાવી છે કે ગંગનાથના સુપ્રસિદ્ધ સંત અને યોગી સ્વામી શ્રી બ્રહ્માનંદજી એઓ પોતે જ નાના સાહેબ હતા. આ વાત ગંગનાથ પાસેના ચાંદોદમાં રહેતા સાધુ શ્રી બ્રહ્માનંદજીના દેવ થયા પછી લગભગ સાઠ વર્ષ પછી, અને આઝાદી પછી લગભગ અઢાર વર્ષે જણાવવાની હિંમત કરી શક્યા તે જ શંકા ઊભી કરવા પૂરતું કારણ હતું. મારા પિતા અને વડોદરાની તે વખતની કેટલીક જાણીતી પ્રતિષ્ઠિત વ્યક્તિઓ (જેમ કે શ્રી. ગોખલે વકીલ, બેરિસ્ટર દેશપાંડે, શ્રી. પુણેકર વકીલ, શ્રી. મજમુંદાર વગેરે) ગંગનાથ જતા-આવતા અને મહારાજશ્રી પ્રત્યે શ્રદ્ધા ભક્તિ રાખતા. મારા પિતાજીને શ્રી. બ્રહ્માનંદજી કેટલીક વખત કેટલુંક વ્યવસ્થાનું કામ સોંપતા. શ્રી. બ્રહ્માનંદજીને ઘણા પ્રિય એવા અને એમના એક લાયક શિષ્ય તથા નિઃસ્પૃહી ત્યાગી મહાત્મા શ્રી નિત્યાનંદજી મારે ત્યાં આવતા અને મેં પણ મારી બાલ્યવસ્થામાં ઘણી વખત એમને જોયેલા, ઘરમાં વાતો કરતા સાંભળેલા. બીજા એકબે શિષ્યોને મારે મળવાનું થએલું. એટલે આ વાતમાં જો કાંઈ તથ્ય હોય અને તે કાળે જો જરા પણ આ વાત બહાર આવી હોય તો શ્રી બ્રહ્માનંદજીએ શરીર છોડયા પછી તો એમના શિષ્ય દ્વારા મારા પિતાને અને મને સાંભળવા મળી હોત. વળી, શ્રી બ્રહ્માનંદજીના સંપર્કમાં આવેલા અને હાલ સંન્યાસી જીવન ગુજારતા, ચાંદોદના સુપ્રસિદ્ધ વૈદ્ય નાનુરાવ હાર્ડીકર, જેઓ આજે વૃદ્ધ પણ હયાત છે, (જેમને ત્યાં પણ ગુરુભાઈના નાતે મારા પિતાજી જતા, અને સાથે હું પણ જતો) તેમની પાસેથી પણ આ કદી સાંભળ્યું નથી. શ્રી અરવિંદ ઘોષના લઘુબન્ધુ શ્રી બારીન્દ્રકુમારના લખેલા પુસ્તક પરથી ગુજરાતીમાં 'બૉમ્બયુગનું બંગાળ' નામનું પુસ્તક પ્રસિદ્ધ થયું હતું તેમાં શ્રી બારીન્દ્રકુમારે એવી હકીકત જણાવી છે કે બંગભંગ સમયે ગંગનાથમાં એક ગંગનાથ વિદ્યાલય નામક પાઠશાળા શરૂ થયેલી જેને શ્રી બ્રહ્માનંદજીના એક આગળ પડતા શિષ્ય શ્રી કેશવાનંદજીના આશીર્વાદ અને કદાચ આશ્રય હતાં. આ ગંગનાથ વિદ્યાલયના બહાના નીચે વડોદરાના શ્રી બેરિસ્ટર દેશપાંડે વગેરેએ બૉમ્બ બનાવવા શરૂ કરેલા એ વાત સાચી છે. મારા પિતાજીને આ ખબર હતી. ગંગનાથના ઓવારે, નદીકિનારે સાધુવેશે એક છૂપી

પોલિસના અમલદારે પડી રહી આ માહિતી મેળવી આ યોજના પકડી પાડી હતી પણ સંત પ્રત્યેની સન્માનની લાગણીથી, ધર્મસ્થાન પ્રત્યેની લાગણીથી પ્રેરાઈ એક મોડી રાત્રે એ અમલદારે શ્રી કેશવાનંદજી પાસે જઈ તેમને કહ્યું હતું કે પોતે પોલિસ અમલદાર છે અને બધી વાત જાણી ગયેલા છે. એ ભાઈએ બૉમ્બ બનાવવાનું બંધ કરવા અને ગંગનાથ વિદ્યાલય બંધ કરવાની સૂચના આપી. આ હકીકત જે બારીન્દ્રકુમારે નથી જણાવી તે મને વધારામાં મારા પિતાજી પાસેથી જાણવા મળેલી.

શ્રી લેલે પાસે બારીન્દ્ર યોગ શીખતા હતા તે અથવા બીજી ગંગનાથમાં મળેલી વ્યક્તિઓ પાસેથી બારીન્દ્રે સાંભળેલું કે ચાંદોદમાં સ્વામીના મઠમાં રહેતા સાકરિયા-સ્વામી ઝાંસીની રાણી સાથે છેવટના સમયે હતા અને એઓએ રાણીને અગ્નિદાહ દીધો હતો. બારીન્દ્રકુમારને મળેલી અને એમણે નોંધેલી આ હકીકત સાચી હોય તો સાકરિયા-સ્વામી ઈ. સ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય યુદ્ધના કોઈ લડવૈયા અને લક્ષ્મીબાઈના સાથી હતા જેઓ પાછળથી સંન્યાસી થઈ ગયા. મારા પિતાજી (શ્રી પ્રેમાનન્દ મોહનલાલ શાહ) પાસેથી મેં સાંભળેલું કે ગંગનાથના શ્રી બ્રહ્માનંદજી પોતે સાધુ હતા પણ એમણે રીતસરનો સંન્યાસ લીધેલો નહોતો. દેહ છોડવાનો સમય પાસે આવ્યો ત્યારે શ્રી બ્રહ્માનંદજીએ સાકરિયા-સ્વામી પાસે આતુર-સંન્યાસ ગ્રહણ કરેલો. આ પરથી હું ધારતો હતો કે શ્રી બ્રહ્માનંદજી અને સાકરિયા-સ્વામીને સારો સંબંધ હતો અને તેથી જો બારીન્દ્રકુમારે સાંભળેલી વાત સાચી હોય તો બ્રહ્માનંદજી પણ પૂર્વાશ્રમમાં કોઈ બ્રિટિશ વિરોધી નેતા કે શૂર લડવૈયા હોય. પણ તેઓ નાના સાહેબ હોવાની વાત પહેલી જ વાર લોકસત્તામાં આવેલી (ચાંદોદના હાલ હયાત એક વૃદ્ધ સાધુએ હમણાં જણાવેલી) હકીકતમાં જ જાણી.

મને આ વાતમાં બરોબર વિશ્વાસ પડ્યો નથી, અને એ વાત તે સાધુ મહારાજે જ્યાંથી જાણી હોય તે જણાવનારની પણ કોઈ ગેરસમજ હોય એમ માનવાને સબળ કારણ છે જે નીચે પ્રમાણે છે:

મહારાષ્ટ્રમાં ગોંદવલા ગામમાં એક સાચા ભક્ત સંત થઈ ગયા; તેઓ મહારાષ્ટ્રની જનતાને ગોંદવલેકર મહારાજ એ નામથી જાણીતા છે. શ્રી ગોંદવલેકર મહારાજશ્રી, પાછળથી શંકરાચાર્યની પદવી પામેલા ડૉ. કુર્તકોટીના ગુરુ હતા. એઓશ્રીનું ચરિત્ર તથા તેમના ઉપદેશનો એક ગ્રન્થ પ્રાધ્યાપક કેશવ વિષ્ણુ બેલસરે (સિદ્ધાર્થ કૉલેજ, મુંબઈ)એ લખી પ્રસિદ્ધ કર્યો છે. પ્રા. બેલસરે એક સત્યપ્રિય ચરિત્રકાર અને અધ્યાત્મપરાયણ વ્યક્તિ છે. એમણે એકઠી કરેલી હકીકત પૂરતી ચકાસણી કરીને જ રજૂ કરેલી હોય છે, "શ્રી સદ્‌ગુરુ બ્રહ્મચૈતન્ય ગોંદવલેકર મહારાજ યાંચે ચરિત્ર આણિ વાઙ્‌મય" એ નામક ગ્રન્થની (ઈ. સ. ૧૯૬૧માં પૂનાથી પ્રસિદ્ધ થયેલી) બીજી આવૃત્તિમાંથી (પૃ. ૨૧૮ થી ૨૨૦માંથી) નીચેની હકીકત લગભગ (મૂળ કર્તાના શબ્દોમાંની) ગુજરાતી રૂપાંતર કરી રજૂ કરું છું:

"××× ઉપર જણાવેલી તારીખો અનુસાર શ્રીમંત નાનાસાહેબ પેશ્વા એમનું મરણ ઑકટોબર ૩૦-૩૧ કિંવા નવેમ્બર ૧ તારીખે (સને ૧૯૦૬) થયું હોવું જોઈએ. એમનાં અસ્થિ શ્રી મહારાજે (એટલે કે શ્રી ગોંદવલેકર મહારાજે) પોતે પ્રયાગમાં ગંગામાં વિસર્જન કર્યાં હતાં. અસ્તુ. શ્રી મહારાજ હર્દાથી લખનૌ અને લખનૌથી અયોધ્યા પધાર્યા. ત્યાં કુર્તકોટીને એમણે

કહ્યું, 'અરે જો અહીંથી હું એકલો નૈમિષારણ્ય જવાનો છું, તું હર્દ્વા પાછો જા. મને પરત આવતાં પંદર દિવસ લાગશે. આ કારણે કુર્તકોટી હર્દ્વા પાછા આવ્યા અને શ્રી મહારાજ આગળ નૈમિષારણ્ય ગયા. સને ૧૮૬૦ની સાલમાં નાનાસાહેબ પેશ્વાને અભય આપીને "તમારા અંતકાળ વખતે હું હાજર રહીશ," એવું શ્રી મહારાજે વચન આપ્યું હતું. તે પૂર્ણ કરવાનો સમય હવે આવ્યો હતો. ઈ. સ. ૧૮૬૦ થી ૧૯૦૬ સુધી, જ્યારે જ્યારે બની શકતું ત્યારે ત્યારે શ્રી મહારાજ નૈમિષારણ્ય જઈ આવતા. નૈમિષારણ્ય વારંવાર જવા જેવું શું છે એમ પૂછવામાં આવતું ત્યારે તેઓ કહેતા કે "ત્યાં મોટા મોટા તપસ્વી ભગવાનના ચિંતનમાં કાલક્રમણ કરતા હોય છે તેમના દર્શન માટે હું જઉં છું." સિવાય કોઈ કોઈ પ્રસંગે ત્યાંની (નૈમિષારણ્યની) જીવનસરણીની ખૂબીઓ તથા બીજી બાબતો સમજાવતા. નાનાસાહેબ પેશ્વાની ઉંમર ૮૨ની આસપાસ હતી; તેમને હમણાં હમણાં એક વર્ષથી ક્ષીણતા આવતી જતી હતી. તે જે ગુફામાં રહેતા હતા ત્યાં ઠંડીથી તકલીફ ન થાય એવી વ્યવસ્થા હતી. તેમને સૂવા માટે પલંગ હતો. એ સિવાય, ગુફામાં ચાંદીની કડીઓ લગાડેલો હિંચકો હતો. ચોવીસ કલાક પૈકી ઘણો વખત તે હિંચકા ઉપર ગાળતા. એમના ગળામાં રુદ્રાક્ષની માળા અને પગમાં ચંદનની પાવડીઓ રહેતી. તેઓ વૈરાગીની માફક કૌપીન પહેરતા. એમની પાસે સોના, ચાંદી, મોતી, હીરા, માણેક વગેરે ઘણું જવાહિર હતું. એમનો ઘણોખરો વખત શ્રીરામનામનો જપ કરવામાં તથા જ્ઞાનેશ્વરી અને દાસબોધ વાંચવામાં જતો. તેઓ નિયમપૂર્વક "કેસરી" વાંચતા હતા. એમની પાસે બે માણસો હતા. એમનો માણસ દર અઠવાડિયે અયોધ્યા આવતો અને ત્યાંથી સીધુ–સામાન તથા કેસરી વેચાતું લઈ પાછો જતો. દર વર્ષે તેઓ પશુપતેશ્વરના દર્શન માટે જતા અને ત્યાંથી પાછા ફરતાં કઠમંડુ ઊતરી શમશેરજંગ અને પોતાના કુટુંબને મળી આવતા. પહેલાં પહેલાં, મારું રાજ્ય ગયું એનું એમને ઘણું દુ:ખ થતું. રાજ્ય પાછું મેળવવા શું કરવું જોઈએ તે પ્રશ્ન પર શ્રી મહારાજ સાથે વારંવાર વાટાઘાટ કરતા. આવા વિચારોથી તેમની કેટલીક રાત્રીઓ ઉજાગરામાં જતી. "આવી રીતે આપનું રાજ્ય જાય, આપને વનવાસ ભોગવવો પડે, અને ફરીથી સૈન્યની જમાવટ કરી અંગ્રેજો જોડે ટક્કર મારવા જોઈતાં સાધનો અનુકુળ ન હોય આ વિધિઘટના છે. આપનું રાજકીય કર્તૃત્વ પૂરું થયું. આ પછીની રાજકારણ ચલાવનારી પેઢી જુદી છે અને તે પોતાના કામનો આરંભ કરી રહી છે. મુસલમાની સત્તા સામે ઝૂઝવું અને બ્રિટિશ સત્તા સામે ઝૂઝવું એ બન્નેમાં ફરક છે. સૌથી પહેલાં (આખા) દેશનું મન તૈયાર કરવાની જરૂર છે; તેમ કરવા રાજાઓ નિરુપયોગી છે, (તેમ કરવા તો) મધ્યમ સ્થિતિના ઈંગ્રેજી ભણેલા આગેવાનો જ યોગ્ય છે. આપ આપનું અવશેષ રહેલું આયુષ્ય ભગવાનની ઉપાસનામાં ગુજારો એ જ સર્વોત્તમ છે." આ વિચાર નાના-સાહેબને ગળે ઉતારવા શ્રી મહારાજે ખૂબ પ્રયત્ન કર્યો. વિચાર તેમના ગળે ઊતરતાં વાર લાગી ખરી; પરંતુ એક વખત તે ગળે ઊતર્યા પછી તેમનું મન શાંત થયું અને તેમની ઉદાસીનતા અને દુ:ખી અવસ્થા બન્ને ગઈ. આ પછી તેમણે પોતાનો વખત રામનામનો જપ કરવામાં તથા અધ્યાત્મગ્રન્થોનાં વાચન અને મનનમાં ગાળ્યો. ભગવાન માટે ખરો પ્રેમ તેમનામાં ઉત્પન્ન થયો અને પરમાર્થમાર્ગમાં તે સારા આગળ વધ્યા. નવેમ્બર મહિનામાં હિમાલયમાં વિલક્ષણ ઠંડી પડે છે. નાનાસાહેબ પહેલેથી જ વધારે ઠંડી સહન કરી શકતા નહીં અને ઠંડીના લીધે તેમને કફવિકાર જલદી થઈ જતો. આ વખતે પણ તેમને તાવ આવવા માંડ્યો ત્યારથી કફ થવા લાગ્યો.

૭ દિવસ પસાર થયા પણ તાવ ઊતરે નહીં. આ સંજોગોમાં મારો તાવ સાદો નથી એવું એમને લાગ્યું અને આ કારણે તેઓ એકસરખા શ્રી મહારાજની રાહ જોવા લાગ્યા. સાતમે દિવસે સ્હવારે શ્રી મહારાજ એમની પાસે હાજર થયા. એકમેકની દૃષ્ટિ ભેગી થતાં જ બન્નેની આંખોમાં અશ્રુઓ વહેવા લાગ્યાં. શ્રી મહારાજે તેમને કહ્યું: "નાનાસાહેબ! આપ જીતી ગયા છો. હવે ગભરાવાનું કારણ નથી. તમે કોઈ પણ વસ્તુનો વિચાર ન કરતાં નામ સ્મરણમાં રહો, ભગવાન તમારે ઉશીકે બેઠા છે." નવમે દિવસે બપોરે તે જરા અસ્વસ્થ થયા, શ્રી મહારાજે (તેમનું માથું) પોતાના ખોળામાં લીધું અને તેમના મુખમાં ગંગાજળ મૂક્યું. થોડી વાર પછી તેમણે આંખો ઉઘાડી બધાને નમસ્કાર કર્યા અને "હે રામ! મહારાજ! રામા! ચાલ હું આવ્યો" આવો શબ્દોચ્ચાર કરી દેહ છોડ્યો. શ્રી મહારાજે પોતે તેમને અગ્નિસંસ્કાર કર્યો. તેમનાં અસ્થિ ગંગાજીમાં પધરાવ્યાં અને મરાઠાશાહીના છેવટના પુરુષને વૈકુંઠ પહોંચાડ્યો.[૧]"

* * *

મને લાગે છે કે શ્રી ગોંદવલેકર મહારાજે જ પાછળથી જે વ્યક્તિને શ્રી નાનાસાહેબ તરીકે ઓળખાવી પોતાના શિષ્યોને જે હકીકત જાહેર કરી તે જ સહુથી વધુ વિશ્વસનીય ગણવી જોઈએ. નાનાસાહેબ કદાપિ ગુજરાત કે સૌરાષ્ટ્રમાં અમુક વખત ફર્યા કે છુપાયા હોય તોપણ અહીં તેઓ દેહાન્ત સુધી રહ્યા નથી. એમનું કુટુંબ નેપાલમાં રાજ્યાશ્રય પામ્યું હતું તે હકીકત ઉપરના લખાણ પરથી સાચી અને વિશ્વસનીય કરે છે.

ઉત્તર પ્રદેશની સરકારના માહિતીખાતા તરફથી એક મોટું પુસ્તક ઈ. સ. ૧૯૬૧માં બહાર પડ્યું છે. શ્રી. આનંદસ્વરૂપ મિશ્રાએ લખેલા આ અંગ્રેજી પુસ્તકનું નામ છે, "નાના-સાહેબ પેશ્વા એન્ડ ધ ફાઈટ ફોર-ફ્રીડમ". આ પુસ્તકના પ્રકરણ ૪૩, પૃ. ૪૭૨-૪૮૭માં જે જે વ્યક્તિઓ નાનાસાહેબ હોવાનો વહેમ ગયેલો તેમની હકીકત આપી છે. ખાસ કરીને કરાંચીમાંથી પકડેલા હુરજીભાઈ બ્રહ્મચારી, અજમેરમાંથી પકડેલા અપ્પારામ, અને ગ્વાલિયરમાંથી પકડેલા જમનાદાસ જેમને શક પરથી બ્રિટિશ સરકારે પકડ્યા હતા. આ ઉપરાંત સરાઈ મીરાનના 'બાબા' અને નૈમિષારણ્યના કાલીસદન બાબાને લોકો નાનાસાહેબ હોવાનું ધારતા હતા પણ તેમને માટે ખાસ વહેમ નહિ પડવાથી સરકારે કોઈ પગલાં લીધાં નહોતાં એવું શ્રી. આનંદસ્વરૂપે પોતાના ગ્રન્થના પૃ. ૪૭૩ ઉપર નોંધ્યું છે.

આ જ ગ્રન્થના પૃ. ૪૫૮-૪૫૯ અને પૃ. ૪૬૪-૪૬૬ ઉપરથી જણાશે કે નાનાસાહેબનું ૧૮૫૯ આસપાસ નેપાલમાં મૃત્યુ થયાની હકીકત બહુ વિશ્વાસપૂર્વક માનવામાં આવતી નહોતી.

પૃ. ૪૮૪ ઉપર નૈમિષારણ્યના કૈલાશન બાવાની હકીકત આપી છે. આ સંન્યાસી અથવા સાધુ કાલીસદન બાબા અથવા કૈલાશન બાબા તરીકે ઓળખાતા અને ઈ. સ. ૧૮૮૫-૮૬માં

---

૧ ઉપરની હકીકત નીચેના પુસ્તકમાંથી, મૂળ મરાઠીમાંથી સ્વતંત્ર ગુજરાતી સારાનુવાદ રૂપે લીધી છે:—श्री सद्गुरु ब्रह्मचैतन्य श्री गोंदवलेकर महाराज यांचे चरित्र आणी वाङ्मय (आवृत्ति बीजी, ता. १९-१०-१९६१) [लेखक, प्रा. केशव विष्णु बेलसरे, प्रकाशक. य गो. जोशी, प्रसाद प्रकाशन, पूना.] पृ. २१८-२२०.

નૈમિષારણ્ય આવી જાનકી કુંડ પાસે રહ્યા હતા. કહેવાય છે કે નૈમિષારણ્યમાં લલિતાદેવીના મંદિરમાં આરસનુ ફ્લોરીંગ આ બાબાએ કરાવ્યું હતું અને નૈમિષારણ્યથી દસેક માઈલ દૂર એક શિવમંદિર બંધાવડાવ્યું હતું.

તેઓ દર શુક્રવારે મજૂરોને મજૂરીના પૈસા આપતા. જ્યારે જ્યારે પૈસા ખૂટે ત્યારે ત્યારે તેઓ જંગલમાં જઈ પૈસા લાવતા. એમનો એક નોકર હતો જે તેમને રસોઈ કરી આપતો. સામાન્ય કદની ઊંચાઈના, ઘઉંવર્ણા આ બાબાને લાંબા સફેદ વાળ તથા દાઢી હતાં અને તેઓ સફેદ વસ્ત્રો પહેરતા.

જાનકી કુંડમાં ત્રણેક વર્ષ રહ્યા પછી બાબા ગોમતીકિનારે, નૈમિષારણ્યથી દસેક માઈલ દૂર, કૈલાશન નામની જગ્યાએ રહેવા ગયા હતા એમ કહેવાય છે. બેઉ સ્થળોએ મળી લગભગ વીસ વર્ષ તેઓ રહ્યા કહેવાય છે. ત્યાં કાર્તિક વદી બીજે કૈલાશનમાં એઓએ દેહ છોડયો ગણાય છે.

આ હકીકત જોતાં ઈ. સ. ૧૮૮૫-૮૬માં જાનકી કુંડ પધારેલા બાબાના મૃત્યુનું વર્ષ આશરે ઈ. સ. ૧૯૦૫-૦૬ આવે તે વર્ષ પૂ. શ્રી ગોંદવલેકર મહારાજના જીવનચરિત્રમાં આપ્યા પ્રમાણે નાનાસાહેબના મૃત્યુના વર્ષ સાથે મળતું આવે છે. અને ઓકટો. ૩૦ અથવા નવેમ્બર ૧ તારીખ પણ લગભગ આ જ સમયમાં આવતી હોવાથી આ બેઉ હકીકતો, બે જુદી જુદી વ્યક્તિઓએ એકમેકથી સ્વતંત્ર રીતે મેળવેલી તે મળતી આવતી હોવાથી, વધુ વિશ્વસનીય ઠરે છે.

---

# યુગચક્રપ્રવર્તક શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

ઉપપ્લાય નગરમાં પાંડવોની છાવણીમાં દૂતકાર્ય કરીને નિપુણ રાજપુરુષ, તત્ત્વવેત્તા, વફાદાર સેવક અને સ્પષ્ટવક્તા સંજય રાત્રે પાછો હસ્તિનાપુર આવ્યો. આવીને રાત્રે જ ધૃતરાષ્ટ્રને મળ્યો. સમાચાર નિવેદન કર્યા. વફાદાર સુહૃદ સેવક જ કહી શકે એવી રીતે ધૃતરાષ્ટ્ર, દુર્યોધન અને એના મન્ત્રીઓનાં કુકૃત્યો, કુરાજનીતિ, લોભ અને અધર્મની નિંદા કરી, આવનારા ભયની ચેતવણી આપી. યુધિષ્ઠિરની ક્ષમા, દયા અને ધર્મબુદ્ધિની પ્રશંસા કરી.[1] 'અત્યારે રથના વેગથી હડદોલાઈને થાકી ગયો છું. એટલે સવારમાં સભામાં અજાતશત્રુ યુધિષ્ઠિરનો સંદેશો સંભળાવીશ', એમ કહીને ઘેર ગયો. ('ઉદ્યોગપર્વ' અ. ૩૨).

આથી ફિકર થવાથી ધૃતરાષ્ટ્રની ઊંઘ ઊડી ગઈ, અને તેણે મહાપ્રાજ્ઞ વિદુરને મળવા બોલાવ્યા. આવતાં વેંત જ દીર્ઘદર્શી વિદુરે કહ્યું: 'બળવાનથી દબાયેલા દુર્બળ અને હીનસાધન પુરુષને, જેનું ધન હરાઈ ગયું હોય તેને, કામીને અને ચોરને ઉજાગરા થાય છે. આ મહાદોષો તમને તો નથી સ્પર્શ્યાને? પારકા ધનમાં ગૃધ્યા (ગીધ જેવી લોભી દૃષ્ટિ) રાખવાથી તો પરિતપ્ત નથી થયાને?[2]

---

૧ સંજયના વક્તવ્યમાંનો એક શ્લોક ગીતાવાક્ય સાથે સર°

परप्रयुक्तः पुरुषो विचेष्टते
सूत्रप्रोता दारुमयीव योषा ।
इमं दृष्ट्वा नियमं पाण्डवस्य
मन्ये परं कर्म दैवं मनुष्यात् ॥ ५-३२-१२

સર° ૫-૩૯-૧નું ધૃતરાષ્ટ્રવચનઃ સંજયનું વાક્ય ૫-૧૫૬-૧૪, ૧૫; જુઓ 'ભાગવત', ૧-૬-૭.

'દોરામાં પરોવેલી લાકડાની પૂતળીની જેમ, પુરુષ પણ બીજાની (ઈશ્વરની) પ્રેરણાથી ચેષ્ટા કરે છે. પાંડવ યુધિષ્ઠિરની આ પરવશતા જોઈને હું દૈવને મનુષ્ય પ્રયત્ન કરતાં શ્રેષ્ઠ માનું છું.'

ગીતાવાક્ય: ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥ ગીતા. ૧૮-૬૧ (૬-૪૦-૪૧).

'અર્જુન! ઈશ્વર બધાં પ્રાણીઓનાં હૃદયમાં રહેલો છે. અને પોતાની માયાથી યન્ત્ર ઉપર ચઢાવેલાં (પૂતળાંની) જેમ સર્વ ભૂતોને ભમાવે છે.'

૨ ૫-૧૩-૧૩, ૧૪; સર° 'આદિપર્વ'ની વિગત, ૧-૨-૧૪૦ થી ૧૪૩.
જુઓ 'ભારત-રત્ન' બીજી આવૃત્તિ, (ઉ. જ. સાંડેસરા), પૃ. ૩૮૪ થી ૩૮૬માં ૫-૩૩-૧૩નું ઉદ્‌ઘાટન.

અને પછી સૌમ્ય સુરાજનીતિ તથા લોકયાત્રા પ્રબોધતું 'વિદુરનીતિ' નામથી પ્રખ્યાત નીતિશાસ્ત્ર સંભળાવ્યું.[3] ('ઉદ્યોગપર્વ' અ. ૩૩ થી ૪૧). પછી સનાતન ઋષિ સનત્સુજાતને મનથી ચિંતન કરીને બોલાવ્યા. તેમની પાસે શ્રેષ્ઠ બ્રહ્મવિદ્યાનો અને સદા અપ્રમત્ત રહેવાનો ઉપદેશ અપાવ્યો.[4] (ઉદ્યોગપર્વ અ. ૪૨ થી ૪૫). એમ વાર્તાલાપમાં રાત્રિ વીતી ગઈ.

પ્રભાત થતાં સંજય પાસેથી પાંડવોનો સંદેશો સાંભળવા કૌરવસભા ભરાઈ. સંજય આવ્યો. (ઉદ્યોગપર્વ' અ. ૪૬). ધૃતરાષ્ટ્રે સેનાધિપતિ, ઉદારચરિત્ર ધનંજયનો સંદેશો સાંભળવા પ્રશ્ન કર્યો. એટલે યુધિષ્ઠિરની અનુમતિથી, શ્રીકૃષ્ણની ઉપસ્થિતિમાં શ્રીકૃષ્ણના સાંભળતાં અર્જુને મોકલેલો સંદેશો, સંજયે કહેવા માંડ્યો. એ સંદેશામાં અન્ય નિર્દેશો ઉપરાંત શ્રીકૃષ્ણના નિર્દેશો કરતાં અર્જુને કહ્યું હતું: 'દુર્યોધન જો યુધિષ્ઠિરનું રાજ્ય પાછું નહિ આપે, તો તો કૌરવોએ પૂર્વે કરેલાં પાપકર્મનું ફળ ભોગવવાનું બાકી રહ્યું છે એમ સમજવું. કારણ કે તેને ભીમ, અર્જુન, નકુલ, સહદેવ, શ્રીકૃષ્ણ, સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી અને (ધર્માચરણથી સમર્થ હોઈ) અપધ્યાસ કરવા માત્રથી (બૂરું ચિંતવવાથી) જે પૃથ્વી અને સ્વર્ગને બાળી મૂકે એવા છે તે ઇન્દ્ર જેવા યુધિષ્ઠિરનો તેમણે સામનો કરવો પડશે. (૫-૪૭. ૧ થી ૭) ......જ્યારે શત્રુવીરોને સંહારનારો, શ્રીકૃષ્ણના જેવો અસ્ત્રનિષ્ણાત અભિમન્યુ શત્રુઓ ઉપર મેઘધારાઓની જેમ શરવર્ષા વરસાવશે ત્યારે દુર્યોધનને યુદ્ધ જગાવવા માટે પસ્તાવો થશે. (૫-૪૭-૨૮)......જેવા વૃષ્ણિસિંહ શ્રીકૃષ્ણ આશ્ચર્યજનક સૂક્ષ્મ, નિપુણ અને બીજાથી ચઢિયાતા અસ્ત્રપ્રયોગવાળા છે (નિપુણ અસ્ત્રવેત્તા છે) એવો જ પ્રશસ્ત અસ્ત્રલાભ સાત્યકિને પણ થયો છે. (૫-૪૭-૪૪). આવો સાત્યકિ તમારો કચ્ચરઘાણ વાળશે, ત્યારે અજિતેન્દ્રિય અને મન્દ દુર્યોધન સંતાપ કરશે. (જુઓ શ્લોક ૩૯ થી ૪૫) ...... જ્યારે દુર્યોધન (મારા) સુવર્ણ અને મણિઓથી ચમકતા, શ્વેત ઘોડા જોડેલા અને ઉગ્ર વાનરકેતુ રથને કેશવ હાંકે છે એવું જોશે ત્યારે એ અસંયમી મૂર્ખ સંતાપ કરશે. (૫-૪૭-૪૬)........ જ્યારે રથમાં ગાંડીવ, વાસુદેવ, (એમનો) દિવ્ય પાઞ્ચજન્ય શંખ, દિવ્ય ઘોડાઓ, બે અક્ષય ભાથાઓ, (મારો) દેવદત્ત શંખ અને મને, એકઠા મળેલા લૂંટારાઓના સંઘને પ્રલયકાળે બીજા યુગ(ધર્મ)ને પ્રવર્તાવવા માટે બાળી મૂકતા અગ્નિની જેમ, કૌરવોને બાળી મૂકતાં જોશે ત્યારે પુત્રોની સાથે ધૃતરાષ્ટ્ર વલોપાત કરશે. (૫-૪૭-૫૮, ૫૯)........ એક વખતે પ્રાતઃકાળમાં હું સન્ધ્યાવન્દન અને જપ કરી રહ્યો હતો ત્યારે એક વિપ્રે મને મનોરમ વાણીથી કહ્યું હતું: 'સવ્યસાચી ! તારે દુષ્કર કર્મ કરવાનું છે. તારે શત્રુઓ સાથે લડવાનું છે. તેમાં તારી મરજી મુજબ કાં તો વજ્રધારી ઇન્દ્ર તારા શત્રુઓનો નાશ કરતાં કરતાં આગળ ચાલશે, અથવા કૃષ્ણ

---

૩ ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ 'વિદુરનીતિ'ને પ્રજ્ઞાદર્શન' અથવા 'પ્રજ્ઞાવાદ'ના રોચનાત્મક શાસ્ત્ર તરીકે ઓળખાવે છે. જુઓ 'સ્વાધ્યાય'માં (સં ૨૦૨૦, અક્ષયતૃતીયા અંક) તેમનો લેખ, વિદુરનીતિના અધ્યયનનો નવો દૃષ્ટિકોણ: પ્રજ્ઞાદર્શન', પૃ. ૨૫૧-૨૫૪.

૪ સનત્ = સર્વદા, સુજાતા = સારા જન્મવાળા. અર્થાત્ સર્વદા કુમાર રહેતા હોવાથી જરામરણથી રહિત એવું 'સનત્સુજાત' શબ્દનું નિર્વચન છે. (પં. નીલકંઠ). 'સનત્સુજાતીય'ના કેટલાક મહત્ત્વના શ્લોકોના વિવેચન માટે જુઓ, 'ભારત-રત્ન' (ભો. જ. સાંડેસરા) બીજી આવૃત્તિ, પૃ. ૧૯૪-૧૯૭, ૨૦૩-૨૦૮.

વાસુદેવ સુગ્રીવાદિ ઘોડાઓ જોડેલા રથમાં બેસીને તારું પાછળથી રક્ષણ કરશે. (તારી શું ઇચ્છા છે?)'. પણ મેં તો આ યુદ્ધને માટે વજ્રધારી મહેન્દ્રને બદલે શ્રીકૃષ્ણને સહાયક તરીકે પસંદ કર્યા. દસ્યૂઓના—લૂંટારાઓના નાશ માટે કૃષ્ણ મને મળ્યા છે, અને મને લાગે છે કે દેવોએ જ મારે માટે આ (દસ્યૂનાશનું કાર્ય કરવાનું) નિર્મ્યું છે. પોતે લડે નહિ છતાં કૃષ્ણ જેના જયનું અભિનન્દન કરે (જયને સંમતિ આપે), તે પુરુષ, ઇન્દ્ર સહિત દેવો શત્રુ થયા હોય તો તેમને પણ હરાવી દે તો, માનુષ શત્રુઓ માટે શી ફિકર કરવાની હોય? જે માણસ તેજસ્વી અને અત્યન્ત શૂરા શ્રીકૃષ્ણને યુદ્ધમાં જીતી લેવા ધારે તે તો બે હાથ વડે અથાગ જળવાળા મહાસાગરને તરી જવા ઇચ્છે છે. જે માણસ અત્યંત ઊંચા કૈલાસ જેવા પર્વતને હથેળીથી તોડી નાખવા ઇચ્છે છે તેના હાથના નખ સાથે ચૂરા થઈ જાય છે, પર્વતને તો કશું થતું નથી. જે યુદ્ધમાં વાસુદેવને હરાવવા ઇચ્છે છે તે તો હાથથી ભડકે બળતા અગ્નિને બુઝાવવાની કે ચંદ્ર અને સૂર્યને ઢાંકી દેવાની, અથવા દેવોના અમૃતને બળાત્કારે ઉઠાવી લાવવાની હામ ભીડે છે. આ શ્રીકૃષ્ણ એક રથ વડે જ (એટલા ટાંચા સાધનથી) ભોજ્યા રુક્મિણીનું રાજાઓની વચ્ચેથી બળાત્કારે હરણ કરીને, યશથી દીપતી એવી તેને ભાર્યા તરીકે લાવ્યા છે, જેમાં મહાત્મા રૌક્મિણેય (=પ્રદ્યુમ્ન) જન્મ્યા છે. એમણે ગાન્ધારોને વેગથી મથી નાખી, નગ્નજિતના સર્વ પુત્રોને જીતીને, કેદ કરેલા, રડતા, દેવોને પણ શ્રેષ્ઠ તરીકે માન્ય (એવા સદ્‌ગુણી) તથા અત્યંત રૂપાળા—સુદર્શનીય, તેને (નગ્નજિતને?) બલપૂર્વક છોડાવ્યો હતો.[5] (૫-૪૭-૬૧ થી ૬૯) આમણે કવાટ નગરમાં પાણ્ડ્યને માર્યો છે. (સર૦ 'દ્રોણપર્વ' ક્ષેપક ૧૬૭, લીટી ૧, ૨). કલિંગોનું દન્તકૂરમાં[6] મર્દન કર્યું છે. વળી આમણે બાળી મૂકેલી વારાણસી નગરી અનેક વર્ષ સુધી અનાથ રહી હતી (૫-૪૭-૭૦).[7] બીજાઓ જેને અપરાજિત માનતા હતા તે નિષાદરાજ એકલવ્ય, જેમ જમ્ભાસુર પર્વત સાથે વેગથી ટકરાઈને માર્યો ગયો હતો, એમ શ્રીકૃષ્ણની સામે આવતાં માર્યો ગયો હતો. (૫-૪૭-૭૧). વળી ઉગ્રસેનનો મહાદુષ્ટ પુત્ર કંસ, વૃષ્ણિ-અન્ધકોની વચ્ચે તેમને તપાવતો બેઠો હતો, તેને શ્રીકૃષ્ણે બલદેવની સહાયથી મારી નાખીને ઉગ્રસેનને રાજ્ય આપ્યું હતું. માયાને લીધે ભયંકર અને આકાશસ્થ શાલ્વ સાથે આમણે યુદ્ધ કર્યું હતું, અને (શાલ્વે ફેંકેલી) શતઘ્નીને સૌભના દરવાજામાં જ બે હાથે પકડી લીધી હતી, એમની સામે કયો મનુષ્ય ટક્કર લઈ શકે? (૫-૪૭-૭૨, ૭૩).

પ્રાગ્જ્યોતિષ નામનું અસુરોનું દુર્ગમ નગર હતું. ત્યાંનો ભૌમ (ભૂમિ નામની સ્ત્રીનો દીકરો) નરકાસુર અદિતિનાં બે કુંડલ ઉઠાવી ગયો હતો. શક્ર સહિત દેવો પણ તેની સામે ટકી શક્યા નહોતા. એટલે તેમણે શ્રીકૃષ્ણનું બળ, અમોઘ અસ્ત્ર અને એમની (દુર્જનોનો નિગ્રહ

---

૫ ૫-૪૭-૬૯. આ સન્દર્ભ ઘણું કરીને શ્રીકૃષ્ણની ગાન્ધારી રાણીને અનુલક્ષીને હોય એમ લાગે છે. જુઓ, 'ભગવાન શ્રીકૃષ્ણનાં લગ્નો' (ઉ. જ. સાંડેસરા), એ શીર્ષક નીચે 'સ્વાધ્યાય', પુ. ૩, અંક ૨, જાન્યુઆરી ૧૯૬૬માં રાણી ગાંધારીનો સંદર્ભ.

૬ દન્તકુર કલિંગોનું મહત્ત્વનું નગર છે. સહદેવે પણ તેમને હરાવ્યા છે. ૫-૨૩-૨૩.

૭ વારાણસી-દહન માટે જુઓ મ. ભા. ૫-૨૮-૧૩; 'વિષ્ણુપુરાણ' ૫, અ. ૩૪; સર૦ 'ભાગવત' ૧૦, અ. ૬૬; આ સાથે જુઓ 'હરિવંશ', ૩, અ. ૯૧ થી ૧૦૧.

કરવાની) પ્રકૃતિ જોઈને, (નરકાસુર –) દસ્યૂના વધ માટે શ્રીકૃષ્ણને નિયુક્ત કર્યા. સફળતા મેળવવામાં સમર્થ શ્રીકૃષ્ણે આ દુષ્કર કાર્ય કરવાનું વચન આપ્યું. પછી શ્રીકૃષ્ણે નિર્મોચન નગરના ૭ હજાર રાક્ષસો (સૈનિકો)ને મારી નાખીને, ધારદાર પાશોને તોડી નાખ્યા. (સેનાપતિ) મુર અને ઔઘ રાક્ષસને મારી નાખીને નિર્મોચનમાં પ્રવેશ કર્યો. ત્યાં મહાબળવાન નરક સાથે અને બળવાન વિષ્ણુ (= કૃષ્ણ)એ યુદ્ધ કરીને, પવને ઢાળેલા કર્ણિકાર વૃક્ષની જેમ એને મારી નાખ્યો. આવી રીતે નરક તથા મુરને મારી નાખીને, શ્રી અને યશથી શોભતા અપ્રતિમ પ્રભાવશાળી શ્રીમાન્ શ્રીકૃષ્ણ બે મણિકુંડલ લઈ પાછા આવ્યા. યુદ્ધમાં એમનું ભયાનક કાર્ય જોઈ ને દેવોએ એમને વરદાન આપ્યાં કે, 'તમને યુદ્ધમાં થાક નહિ લાગે. આકાશ તથા જળમાં તમારી ગતિ થશે. તમારા શરીરને (સંગ્રામમાં) શસ્ત્રો ભેદી શકશે નહિ.' આવાં વરદાનોથી શ્રીકૃષ્ણ કૃતાર્થ થયા છે. આવા અપ્રમેય મહાબલી વાસુદેવમાં સદૈવ ગુણસંપત્તિ રહેલી છે.[૮] આવા અનન્તપરાક્રમી અસહ્ય વિષ્ણુને દુર્યોધન બળથી તાબે કરવાની આશા રાખે છે, અને એમનાં (છિદ્ર) તાકયા કરે છે, પરંતુ શ્રીકૃષ્ણ અમારા તરફ જોઈ ને એ સહન કરી લે છે. મારી અને શ્રીકૃષ્ણની મૈત્રીમાં એ કલહ કરાવવા તાકે છે, અને પાંડવોની શ્રીષ્ણ ઉપરની મમતા દૂર કરી શકાય એમ માને છે; પણ એની તો યુદ્ધભૂમિ ઉપર ખબર પડશે. (૫-૪૭-૭૪ થી ૮૩)...... જો કૌરવો ઇન્દ્રાદિ દેવોની સહાયથી (યજ્ઞયાગાદિ અનુષ્ઠાનોથી) અમને હરાવશે તો ધર્માચરણ કરતાં અધર્માચરણ વધું સારું ગણાશે અને સત્કર્મ જેવું કંઈ નથી એવું થશે. (પણ એવું નથી). જો દુર્યોધન એમ માનતો હોય કે પુરુષ કર્મથી બંધાયેલો નથી, અને અમે તેનાથી ચઢિયાતા નથી (તો ભલે માને !) પણ હું 'તો વાસુદેવની મદદથી દુર્યોધનને તેના સહાયકોની સાથે સાફ કરી નાખવાની આશા સેવું છું ......... (૫-૪૭-૮૪થી૮૮). એ પછી પાંડવોનો વિજય નિશ્ચિત છે એ દર્શાવતાં બહુશ્રુત, શીલવાન અને જ્યોતિષના નિષ્ણાત બ્રાહ્મણોના અભિપ્રાય અને વિજયસૂચક નિમિત્તો ટાંકતા અર્જુને કહ્યું: 'શત્રુઓનો નિગ્રહ કરવામાં સંપૂર્ણ સફળ અમારા રાજા અજાતશત્રુ યુધિષ્ઠિર એમ માને છે. **અપરોક્ષવિદ્ય** વૃષ્ણિસિંહ જનાર્દનને પણ અમારા વિજય માટે શંકા નથી. હું પોતે પણ અપ્રમત્તપણે બુદ્ધિથી આ જ ભવિષ્ય જોઉં છું.

---

૮ श्रमश्च ते युध्यमानस्य न स्या-
दाकाशे वा अप्सु चैव क्रमः स्यात् ॥ ५-४७-८० गद्य
शस्त्राणि गात्रे च न ते क्रमेर-
न्नित्येव कृष्णश्च ततः कृतार्थः ।
एवंरूपे वासुदेवेऽप्रमेये
महाबले गुणसंपत्सदैव ॥ ५-४७-८१

નરકવધ અને અદિતિનાં મણિકુંડળોની કથા શ્રીકૃષ્ણના પૂર્વાવતારની છે. (જુઓ 'ભગવાન શ્રીકૃષ્ણનાં લગ્નો', ઉ. જ. સાંડેસરા, 'સ્વાધ્યાય,' પુ. ૩, અંક ૨, પૃ. ૧૭૯-૧૮૦). પરન્તુ આ વરદાનોની વિગત સૂચવે છે કે, શ્રીકૃષ્ણ એવા તાલીમબદ્ધ થયા હતા કે યુદ્ધમાં થાકતા નહિ. આકાશ અને જળમાં ગતિ કરી શકતા (જેમ કે ઇજા ન થાય તેવી રીતે ગમે ત્યાં કૂદી શકે અને તરી શકે) તથા દુર્ભેદ્ય ગાત્રવાળા હતા. અર્થાત્ દેવો (= ભૌતિક શક્તિઓ. જુઓ ગીતા, ૪-૧૨ અને તે ઉપર ગાંધીજીનું વિવેચન, 'અનાસક્તિયોગ' માં) પાસેથી વરદાન પ્રાપ્ત કર્યાં હતાં.

મારી પુરાણુ દૃષ્ટિ ( યોગદૃષ્ટિ. પં. નીલકંઠ ), નિષ્ફળ જતી નથી હું જોઉં છું કે યુદ્ધ કરતા કૌરવોની હસ્તી રહેવાની નથી.[૯] આમ વિજય માટે ખાતરી હતી છતાં અર્જુને છેવટે તો એમ જ કહ્યું કે, 'વૃદ્ધ ભીષ્મ પિતામહ, કૃપ, દ્રોણ, અશ્વત્થામા અને ધીમાન વિદુર ( આ શાન્તિ ઇચ્છનારાઓ ) એ સર્વ જે કહે તે થાઓ અને સર્વ કૌરવો દીર્ઘાયુષી થાઓ.' ( ૫-૪૭-૮૯થી ૧૦૩ ).

અર્જુનનો સંદેશો કહેવાઈ રહ્યો. એટલે શ્રીકૃષ્ણુની અસલ મહત્તા જાણુતા ભીષ્મે, કૃષ્ણ-અર્જુનની, નર-નારાયણુની મહત્તા દુર્યોધનને ઉદ્દેશીને સમજાવી. એમણે એ સ્પષ્ટ કર્યું કે, ' આ નર-નારાયણ ઋષિઓ બ્રહ્મા સહિત સર્વ દેવોને પણ અવગણે એવા છે. તેજસ્વી, મહાબલવાન, તપસ્વી અને મહાસત્ત્વશીલ એવા આ બન્નેને અસુરોના અભાવ ( = મન્યુના નાશ ) માટે દેવ-ગન્ધર્વો પૂજે છે. તે બન્ને કર્મ ( યોગ ) વડે જગતને ખરેખર આનંદ આપે છે. એમની સહાયથી ઇન્દ્રે દૈત્ય-દાનવોનો પરાજય કર્યો હતો.

શ્રીકૃષ્ણુ-અર્જુને એવાં બીજાં ઘણાં પરાક્રમો કર્યાં છે. નર-નારાયણ એ આદિ દેવો છે. સર્વથી અજેય છે. આ કૃષ્ણ નારાયણ છે અને ફલ્ગુન[૧૦] નર છે. એક જ સત્તા બે રૂપે થયેલ છે. એ

---

૯ तथा हि नो मन्यतेऽजातशत्रुः
संसिद्धार्थो द्विषतां निग्रहाय ।
जनार्दनश्चाप्यपरोक्षविद्यो
न संशयं पश्यति वृष्णिसिंहः । ५-४७-९४
अहं च जानामि भविष्यरूपं
पश्यामि बुद्धया स्वयमप्रमत्तः ।
दृष्टिश्च मे न व्यथते पुराणी
युध्यमाना धार्तराष्ट्रा न सन्ति ॥ ५-४७-९५

१० एष नारायणः कृष्णः फल्गुनस्तु नरः स्मृतः ।
नारायणो नरश्चैव सत्त्वमेकं द्विधाकृतम् ॥ ५-४८-२०
एतौ हि कर्मणा लोकानश्नुवातेऽक्षयान्ध्रुवान् ।
तत्र तत्रैव जायेते युद्धकाले पुनः पुनः ॥ ५-४८-२१

૨૧ક=૫-૪૮-૯ક

तस्मात्कर्मैव कर्तव्यमिति होवाच नारदः ।
एतद्धि सर्वमाचष्ट वृष्णिचक्रस्य वेदवित् ॥ ५-४८-२२

વેદવ્યાસે ભીષ્મ પાસે આ વાત મુકાવીને ભૌતિક યુદ્ધને આસુરી ( પાશવી અર્થાત્ મન્યુમય ) યુદ્ધના વિશાળ ચોકઠામાં મૂક્યું છે. કર્મ ( યોગ )ની મહત્તા દર્શાવી છે, અને જ્યાં જ્યાં પશુતા સામે ઝૂઝવાની જરૂર ઊભી થાય ત્યાં ત્યાં એ અજેય સનાતન આદિ દેવો શ્રીકૃષ્ણ-અર્જુન વારંવાર ઉત્પન્ન થાય છે, એની ઝાંખી કરાવી છે. દાનવી દુર્યોધનને ઉદ્દેશીને કરેલી આ વાત હજારો વર્ષ જેટલી પુરાણી છે, તો સમસ્ત માનવજાતને ઉદ્દેશીને થઈ હોવાથી સદા અદ્યતન પણ છે.

બંને કર્મ વડે અક્ષય અને ધ્રુવ એવા લોકમાં વ્યાપીને રહેલા છે; અને યુદ્ધકાળે, તે તે સ્થળે પુનઃ પુનઃ ઉત્પન્ન થાય છે. માટે (મન્યુ, અર્થાત્ અસુરો સામેનું યુદ્ધ—) કર્મ જ તેમનું કર્તવ્ય છે એમ નારદે કહ્યું છે, અને વૃષ્ણિચક્રને—યાદવમંડળને પણ કહ્યું છે. દુર્યોધન! શંખચક્રગદાધારી કેશવ અને ભયાનક ધનુર્ધર અર્જુન, એ બે સનાતન મહાત્મા કૃષ્ણોને એક જ રથમાં બેઠેલા જોઈશ ત્યારે તાત! તું મારાં વચનને યાદ કરીશ. તારી બુદ્ધિ ધર્મ અને અર્થથી ભ્રષ્ટ થઈ છે. તું, પરશુરામે શાપેલા કર્ણ, શકુનિ અને ક્ષુદ્ર દુઃશાસનના જ મતને અનુસરે છે (તોપણ મારું માન). જો તું મારી સલાહ નહિ માને તો, તારે ઘણાખરા કૌરવોના મૃત્યુના સમાચાર સાંભળવા પડશે. (માટે સંધિ કર.)' (૫-૪૮-૧ થી, ૭ થી, ૧૦ થી ૨૮).

ભીષ્મનાં વચનોથી કર્ણ ચીડાયો, એણે રાજા દુર્યોધન તરફ વફાદારી જાહેર કરી, પિતામહની જોડે તડાફડી કરી. (૫-૪૮-૨૯ થી ૪૧).

દ્રોણાચાર્યે ભીષ્મની સંધિની વાતનું સમર્થન કરી કહ્યું કે, 'સંજયે અર્જુનનો સંદેશો કહ્યો છે. તેમાં કહ્યા પ્રમાણે અર્જુન કરશે જ (વિજયી થશે). ત્રણે લોકમાં એના જેવો કોઈ ધનુર્ધર નથી.' (૫-૪૮-૪૨ થી ૪૫).

પણ લોભથી અંધ ધૃતરાષ્ટ્રને ભીષ્મ-દ્રોણની હિતકારી સલાહ ન રુચિ. એટલે એમની વાતનો અનાદર કરીને એ તો પાછો સંજયને પાંડવોની(તૈયારીની) જ હકીકત પૂછવા માંડ્યો. એટલે (ન્યાય સમજવા છતાં અર્થદાસ) સર્વ કૌરવો પોતાનાં જીવન અંગે નિરાશ થઈ ગયા. (૫-૪૮-૪૬, ૪૭).

યુધિષ્ઠિરની લોકપ્રિયતા અને ભયાનક તૈયારીનો વૃત્તાંત કહેતાં કહેતાં સંજય એક વાર તો મૂર્છિત થઈ ગયો. પછી 'અતુલ બળશાળી ભીમ, અર્જુન, નકુલ, સહદેવ, શિખંડી, સાત્યકિ, અભિમન્યુ, શિશુપાલનો પુત્ર ધૃષ્ટકેતુ, શરભ, મગધરાજ સહદેવ, જયત્સેન, દ્રુપદ, વિરાટ વગેરે સેંકડો મહારથીઓની સહાયથી પાંડવો યુદ્ધ કરવા તૈયાર થયા છે.[૧૧] વળી જેમ દેવોનો આધાર ઇન્દ્ર છે એમ જે પાંડવોના **સંશ્રય** છે તે વાસુદેવના આધારથી પાંડવો તમારી સાથે યુદ્ધ કરવા સજ્જ થયા છે, વગેરે'[૧૨] માહિતી આપી. ('ઉદ્યોગપર્વ' અ. ૪૯).

સંજય પાસેથી પાંડવપક્ષના યોદ્ધાઓનો અહેવાલ સાંભળી ધૃતરાષ્ટ્ર ગભરાયો. તેમાં ય અપ્રતિમ બલવાન, અર્જુન કરતાં પણ એક પ્રાદેશ (અંગૂઠા અને તર્જની વચ્ચેનો ગાળો થાય તેટલું માપ) જેટલા ઊંચા, અશ્વો કરતાં વધુ ગતિશીલ, અને હાથીઓ કરતાં વધુ બળવાન, ભીમસેનના સ્મરણથી એને ભારે ત્રાસ છૂટ્યો. ધૃતરાષ્ટ્રને ખાતરી હતી કે ભીષ્મ, દ્રોણ, કૃપ વગેરે

---

૧૧. સંજયે આપેલી માહિતીમાં શ્રીકૃષ્ણ અંગેના બીજા નિર્દેશ આ પ્રમાણે છે: જેણે અગાઉ અગ્નિને તૃપ્ત કરવા કૃષ્ણની સહાયથી (ખાંડવમાં) પરાક્રમ કરીને પુરંદરને હરાવ્યો હતો (તે અર્જુનની પાંડવોને સહાય છે). ૫-૪૯-૨૩; જે શ્રીકૃષ્ણ જેવો વીર્યવાન અને યુધિષ્ઠિર જેવો સંયમી છે, તે અભિમન્યુ પાંડવોને પડખે છે. ૫-૪૯-૪૦.

૧૨. यः संश्रयं पाण्डवानां देवानामिव वासवः ।
तेन वो वासुदेवेन पाण्डवा अभ्युद्युक्तः ॥ ૫-૪૯-૪૨.

મહારથીઓએ કૌરવોના ધનથી દાન, યજ્ઞ વગેરે કરેલાં હોઈ પૂરો બદલો વાળી આપશે. છતાંય ભીમના પરાક્રમના ડરથી એને લાગ્યું કે, 'સર્વત્ર દૈવ જ બલવાન છે, તેમાં પણ પુરુષનું તો ખાસ. કારણ મને પાંડવોનો જય દેખાય છે તોપણ હું પુત્રોને રોકતો નથી!' વળી એને દ્યુત સમયે વિદુરે આપેલી આગંતુક ભયની ચેતવણી સાંભરી, અને નિર્મુક્ત ઋષિઓ પણ સુખથી સુખી અને દુઃખથી દુઃખી થાય છે એનું ઉદાહરણ ટાંકીને (પોતાના જેવા) પુત્ર, રાજ્ય, સ્ત્રીઓ વગેરે હજારો જાતની આસક્તિમાં લપટાયેલાને દુઃખ થાય એમાં શો સંદેહ? એવું વિચારીને કંઈક શાન્તિ પામવાનાં વલખાં મારવા લાગ્યો. અને સો યે પુત્રો માર્યા જશે ત્યારે પુત્રવધૂઓનાં કારમાં રુદન સાંભળવાથી મોત પણ મોંઘું થશે, એ વિચારથી ફફડતાં નિરાધારની જેમ બોલ્યો, '...અત્યન્ત ગતિશીલ કાળનો જ આ પર્યાયધર્મ છે. એટલે ચક્રની નેમિની જેમ (નેમિ જેમ ચક્રથી અલગ નથી થતી એમ કાળચક્રના દાંતાઓમાંથી) અલિપ્ત રહીને છટકી શકાય એમ નથી.'[૧૩] ('ઉદ્યોગપર્વ' અ: ૫૦).

ભીમનું સ્મરણ પૂરું થતાં ધૃતરાષ્ટ્ર એકાન્તવિજયી (યુદ્ધમાં કદી પરાજય નહિ પણ કેવળ વિજય પ્રાપ્ત કરનાર), સમર્થ દૃઢધન્વા અને જિતક્લમ (નહિ થાકનાર) અર્જુનની યાદે ઓર ભયભીત બન્યો: '...હજુ તો તેત્રીસ વર્ષ વીત્યાં છે, જ્યારે સર્વ દેવોને જીતીને એણે ખાંડવમાં અગ્નિને બોલાવીને તૃપ્ત કર્યો હતો. (ક્યાંય) એનો પરાજય થયો હોય એમ હું જાણતો નથી. યુદ્ધમાં જેના યન્તા (સારથિ, માર્ગદર્શક કે નિયામક) શીલ અને ચારિત્ર્યથી સમાન હૃષીકેશ છે, હે તાત! તે અર્જુનનો ઇન્દ્રની જેમ ચોક્કસ જય થવાનો. એક જ રથમાં સુસજ્જ બે કૃષ્ણો (કૃષ્ણ વાસુદેવ વાર્ષ્ણેય અને કૃષ્ણ અર્જુન પાંડવ), અને પણછ ચઢાવેલું ગાંડીવ એ ત્રણ તેજને એકી વખતે એકઠાં મળેલાં આપણે સાંભળીએ છીએ, પણ આપણી પાસે નથી એવું ધનુષ્ય, નથી એવો યોદ્ધો કે નથી એવો સારથિ! દુર્યોધનને વશ વર્તનારા મૂર્ખો આ વસ્તુસ્થિતિ જાણતા નથી...' વળી આગળ વિલાપ કરતાં ધૃતરાષ્ટ્ર બોલ્યો, '...જે બલવાન ઇચ્છા કરતાં જ ઇન્દ્ર સહિતના આ સર્વ લોકોને સ્વાધીન કરે એવા છે, તે જગત શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ પાંડવોના જયનો નિર્ધાર કરીને બેઠા છે...'[૧૪] એ રીતે અને બીજા અનેક પ્રકારે રડતાં રડતાં પોક મૂકી;

---

૧૩. ધૃતરાષ્ટ્રનાં વચનોમાં શ્રીકૃષ્ણનો ઉલ્લેખ આ પ્રમાણે છે: 'મગધના પ્રતાપી જરાસંધે સમગ્ર પૃથ્વીને તાબે કરી હતી, પણ ભીષ્મના પ્રતાપથી કૌરવો અને (કૃષ્ણની) નીતિના લીધે અન્ધક-વૃષ્ણિઓ તેને તાબે થયા નહોતા, એ કેવળ દૈવ જ ગણાય. આવા સમર્થ રાજા જરાસંધને જે ભીમે પૂર્વે વાસુદેવની સહાયથી અંતપુરમાં પ્રવેશીને મારી નાખ્યો હતો તે ભીમ મારા પુત્રોનો ઘાણ કાઢી નાખશે.' ૫-૫૦-૩૭ થી ૪૨.

૧૪ (૧) त्रयस्त्रिंशत्समाहूय खाण्डवेऽग्निमतर्पयत् ।
जिगाय च सुरान्सर्वान्नास्य वेद्मि पराजयम् ॥ ५-५१-९

સર૦ ૩-૪૬-૧૪.

त्रयस्त्रिंशत्समाः वर्षाणि अतीता इत्यर्थः । सन्धिरार्षः ॥ પં નીલકંઠ.

ઉત્તરની વાચનાનાં દેવનાગરી રૂપાંતરની મોટા ભાગની પ્રતોમાં त्रयस्त्रिंशत्समाः सूत! એવું પાઠાંતર મળે છે, એ સર્વ રીતે વધુ યોગ્ય છે. અને મ૦ ભા૦ના સર્વ ટીકાકારોએ પણ त्रयस्त्रिंशत्समाः એવા પાઠને ટાંક્યો છે, એ જણાવવું પ્રસ્તુત છે.

(ततः क्रोशामि संजय। ૫-૫૨-૭૫). છેવટે અસહાયપણે સંધિ કરવાનો પ્રસ્તાવ મૂકયો કે, 'કૌરવો ! પાંડવો સાથે યુદ્ધ ન કરવું એ જ સારું છે, એમ હું માનું છું. યુદ્ધથી તો સમગ્ર કુળનો વિનાશ નિશ્ચિત છે. સંપૂર્ણ શાન્તિથી મારું મન શાન્ત થશે. એટલે જો તમને 'યુદ્ધ નહિ'ની વાત ઇષ્ટ હોય તો અમે શાન્તિ માટે યત્ન કરીએ. શાન્તિ માટે પ્રયત્ન કરતા આપણી યુધિષ્ઠિર ઉપેક્ષા નહિ કરે. (જોકે) ખરેખર તો મને અધર્માચારી માનીને એ મારી તરફ જુગુપ્સા રાખે છે.' ('ઉદ્યોગપર્વ', अ. ૫૧, ૫૨).

ગભરાટને લીધે સલાહસંપની દરખાસ્ત કરતા ધૃતરાષ્ટ્રની વાતને વજન નહિ આપતાં સ્પષ્ટ-વક્તા સંજયે અવિશ્વાસ દર્શાવીને કહ્યું કે, 'શાન્તિ કરવાનો તમારો વિચાર સ્થિર રહેશે નહિ. તમને તો પાંડવોને છેતરવાની ટેવ પડી ગઈ છે.' અને પછી વડીલનું લક્ષણ જણાવ્યું કે, 'જે પિતા સુહૃદ, મનને સમ્યક્ પ્રકારે વશ રાખનારો અને હિતકારી હોય તે શ્રેષ્ઠ છે; પણ દ્રોહી વડીલ નથી કહેવાતો (૫-૫૩-૪). મહારાજ ! દ્યૂત સમયે પાંડવોને હારેલા સાંભળીને, 'આ જિત્યું ! આ મેળવ્યું !' એમ તમે બાળકની જેમ રાજી થતા હતા,[15] અને પાંડવોને ગાળો દેતા તમારા પુત્રોની ઉપેક્ષા કરતા હતા તથા (કૌરવો) સમગ્ર રાજ્ય (દ્યૂતથી જ) જીતી લેશે એમ માનીને પ્રપાત તરફ તો નજરે નાખતા નહોતા...' એમ ઘણી સાચી તથા કડવી વાતો સંભળાવીને ઉમેર્યું: 'અસ્ત્ર ફેંકનારામાં ફલ્ગુન શ્રેષ્ઠ છે. ધનુષ્યોમાં ગાંડીવ શ્રેષ્ઠ છે. સર્વ ભૂતોમાં કેશવ શ્રેષ્ઠ છે. ચક્રોમાં સુદર્શન શ્રેષ્ઠ છે. ધ્વજાઓમાં (વાનરને લીધે) ચમકતો વાનરધ્વજ શ્રેષ્ઠ છે. આ શ્રેષ્ઠ વસ્તુઓથી સંપન્ન શ્વેત ઘોડાઓવાળો (અર્જુનનો) રથ યુદ્ધમાં ઘૂમી રહેલા કાલચક્રની

---

यस्य यन्ता हृषीकेशः शीलवृत्तसमो युधि।
ध्रुवस्तस्य जयस्तात यथेन्द्रस्य जयस्तथा॥ ५-५१-१०

સર૰ ૩-૪૬-૩૮

कृष्णावेकरथे यत्तावधिज्यं गाण्डिवं धनुः।
युगपत्त्रीणि तेजांसि समेत्यान्यनुशुश्रुमः॥ ५-५१-११
नैव नोऽस्ति धनुस्तादृङ्न योद्धा न च सारथिः।
तच्च मन्दा न जानन्ति दुर्योधनवशानुगाः॥५-५१-१२

'ઉદ્યોગપર્વ'માંના ધૃતરાષ્ટ્રના ઉદ્ગારનો આ અધ્યાય, 'આરણ્યકપર્વ', अ. ૪૬, શ્લોક ૧ થી ૧૮-માંના તેના ઉદ્ગારો સાથે અત્યંત મળતો છે.

(૨) यश्च सेन्द्रानिमाँल्लोकानिच्छन्कुर्याद्वशे बली।
स श्रेष्ठो जगतः कृष्णः पाण्डवानां जये धृतः॥ ५-५२-३

१५ इदं जितमिदं लब्धमिति श्रुत्वा पराजितान्।
द्यूतकाले महाराज स्मयसे स्म कुमारवत्॥ ५-५३-५

આસુરી સંપત્તિનો આ આવિષ્કાર છે. સર૰

इदमद्य मया लब्धमिदं प्राप्स्ये मनोरथम्।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम्॥ ६-२८-१३ (ગીતા ૧૬-૧૩)

મેં આજે આ મેળવ્યું, હું આ મનોરથ પ્રાપ્ત કરીશ, આટલું મારી પાસે છે, અને આટલું (બીજું) ધન મારી પાસે થશે......

જેમ આપણો સંહાર કરી નાખશે...'[૧૬] અને છેવટે કહ્યું કે, 'ખરેખર તો તમારે શોક નહિ કરતાં તમારા પાપી પુત્રને અનુયાયીઓ સાથે કબજે કરવો જોઈએ (કેદ કરવો જોઈએ). દ્યૂતસમયે વિદુરે અને મેં તમને સર્વ કંઈ કહ્યું હતું, બાકી હવે અસમર્થની જેમ પાંડવોને યાદ કરીને તમે વિલાપ કરો છો તે સર્વ નિરર્થક છે.' (૫-૫૩-૧૪ થી ૧૯).

આ વખતે ગભરાટથી ઢચુપચુ થતા ધૃતરાષ્ટ્રને દુર્યોધને ધીરજ આપી. વનવાસની શરૂઆતમાં શ્રીકૃષ્ણ પાંડવોને મળવા ગયા હતા અને ત્યાં યુધિષ્ઠિરનો પુનઃ રાજ્યાભિષેક કરવાનો પ્રસ્તાવ કર્યો હતો. તે વખતે ભીષ્મ, દ્રોણ, કૃપ અને અશ્વત્થામાએ પોતાને અભયવચન આપ્યું હતું, તે વાત કહી. (૫-૫૪-૧ થી ૨૨. જુઓ 'સખા શ્રીકૃષ્ણ' એ લેખ, 'શારદાપીઠ પ્રદીપ' દ્વારકા, ઑગસ્ટ ૧૯૬૭, પૃ. ૪૮-૪૯) પછી ઉમેર્યું: તે સમયની સરખામણીમાં તો કૌરવો અત્યારે ઘણા શક્તિશાળી છે, અને એટલે તો મારા સૈન્યના પ્રભાવથી બ્હીને યુધિષ્ઠિર (રાજ્ય તો નહિ જ, સાથે) નગરો નહિ, પરન્તુ પાંચ ગામડાંની જ યાચના કરે છે...તમે ભીમથી બ્હીતા નહિ. મારી ગદાના એક જ પ્રહારથી હિમાલયના પણ લાખ ટુકડા થઈ જાય (તો ભીમનો શો ભાર છે?)! ભીમ, વાસુદેવ અને અર્જુન પણ જાણે છે કે ગદાયુદ્ધમાં દુર્યોધન અજોડ છે. માટે વૃકોદર કે બીજા કોઈથી પણ બ્હીશો નહિ. મારો એકેકો યોદ્ધો પાંડવોને હણવા શક્તિમાન છે. એટલે એ બધા એકઠા મળીને તો એમને ક્ષણવારમાં જ યમગૃહે વળાવી દેશે (એમાં શંકા ન હોય). વિજય મારા હાથવેંતમાં જ છે માટે મુંઝાશો નહિ...ઇત્યાદિ.[૧૭] (૫-૫૪-૨૩ થી ૬૫).

ધૃતરાષ્ટ્રને આશ્વાસન આપ્યું. પછી દુર્યોધને પાંડવોની તૈયારીઓ અંગે સંજયને પૂછપરછ કરી. સંજયે તો, 'પાંડવો વિજયી થશે, એવી અર્જુનની ધારણાને અનુમોદન આપ્યું. પાંડવ ભાઈઓના સુસજ્જ રથોનું વર્ણન કર્યું ('ઉદ્યોગપર્વ', ૫૪-૬૬, અ. ૫૫). વળી ધૃતરાષ્ટ્રની વિશેષ પૃચ્છાના જવાબમાં, અન્ધકવૃષ્ણિઓમાં મુખ્ય શ્રીકૃષ્ણ, ચેકિતાન અને સાત્યકિ સહિત પાંડવોના પ્રમુખ યોદ્ધાઓની માહિતી આપી. (૫-૫૬-૧ થી ૨૫).

---

૧૬ अस्यतां फल्गुनो श्रेष्ठो गाण्डीवं धनुषां वरम् ।
केशवः सर्वभूतानां चक्राणां च सुदर्शनम् ॥ ५-५३-१२
वानरो रोचमानश्च केतुः केतुमतां वरः ।
एवमेतानि सरथो वहञ्श्वेतहयो रणे ।
क्षपयिष्यति नो राजन्कालचक्रमिवोद्यतम् ॥ ५-५३-१३

૧૭ દુર્યોધનના વક્તવ્યમાં પોતાના ભીષ્મ-દ્રોણાદિ યોદ્ધાઓના મહત્ત્વનિર્દેશમાં કર્ણનો ઉલ્લેખ આ પ્રમાણે છે:

कुण्डले रुचिरे चास्तां कर्णस्य सहजे शुभे ।
ते शच्यर्थे महेन्द्रेण याचितः स परंतपः ।
अमोघया महाराज शक्त्या परमभीमया ॥ ५-५४-१२.

કર્ણના જન્મની સાથે જ રુચિર અને શુભ કુંડળ હતાં તે શત્રુતાપન કર્ણ પાસેથી મહેન્દ્રે શચી માટે માગ્યાં હતાં અને બદલામાં મહાભયંકર શક્તિ આપી હતી. (તેનાથી એ અર્જુનનો વધ કરશે).

અર્જુનના રક્ષણ માટે ઇન્દ્રે (કવચ) કુંડળ માગ્યાં હતાં, એવા મહાભારતના કથાનકથી ('આરણ્યકપર્વ', અ. ૨૯૪) જુદો પડતો હોઈ, આ નિર્દેશ મહત્ત્વનો છે.

સંજયનું વક્તવ્ય સાંભળીને ધૃતરાષ્ટ્ર પાછો વ્યાકુલ થયો, અને બોલ્યો: 'નીચ જુગટું ખેલનારા મારા મૂર્ખ પુત્રો બચવાના નથી. જેના યુધિષ્ઠિર નેતા, મધુસૂદન ગોપ્તા અને સવ્યસાચી અર્જુન તથા વૃકોદર ભીમ... વગેરે પર્વતનેય ભેદી નાખે એવા વીર અને રણધીર જેના યોદ્ધાઓ છે, તેમની ઇચ્છા વિરુદ્ધ એમની પાસેથી ઇન્દ્ર પણ આ પૃથ્વી છીનવી શકે નહિ.[૧૮] હું (અસહાયપણે) રાડો પાડું છું પણ મારો દુષ્ટ પુત્ર આવા ગુણસંપન્ન અલૌકિક પ્રતાપશાળીઓ સાથે લડવા ઇચ્છે છે!' (૫-૫૬-૨૬ થી ૩૫).

આમ છતાં દુર્યોધને તો પાંડવોને પોતે હરાવશે જ એવી શ્રદ્ધા વ્યક્ત કરી. (૫-૫૬-૩૬ થી ૪૨).

વળી બળાપા કરતાં કરતાં ધૃતરાષ્ટ્રે પાંડવોને કોણ કોણ પાણી ચઢાવે છે તેની વિગત પૂછી. સંજયે દ્રુપદપુત્ર નિર્ભય ધૃષ્ટદ્યુમ્ન અંગેની માહિતી અને તેનો સંદેશો કહ્યો. સંદેશામાં ધૃષ્ટદ્યુમ્ને છેલ્લે કહ્યું: 'ગાંડીવધન્વા અર્જુનના રથનું દેવો રક્ષણ કરે છે. એ મનુષ્યથી અજેય છે માટે યુદ્ધનું મન કરશો નહિ.[૧૯] (૫-૫૬-૪૩ થી ૬૦).

ધૃતરાષ્ટ્રના ગળે વાત ઊતરી. એણે દુર્યોધનને શિખામણ આપી: 'યુધિષ્ઠિર બાળપણથી જ ક્ષાત્ર તેજવાળો બ્રહ્મચારી છે. (બ્રહ્મનો શોધક હોઈ અધ્યયનશીલ અને સંયમી છે.) હું બાહ્લિક, ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા, સંજય, સોમદત્ત, શાલ્વ, કૃપ, સત્યવ્રત, પુરુમિત્ર, જય, ભૂરિશ્રવા—આ બધા તારા પક્ષના લોકો જ યુદ્ધ ઇચ્છતા નથી. કેવળ કર્ણ, પાપાત્મા દુઃશાસન અને શકુનિ તારી પાસે એ કરાવે છે. માટે પાંડવોને યથોચિત રાજ્યભાગ આપી દે.' (૫-૫૭-૧ થી ૯).

પણ નફ્ફટ દુર્યોધને હવે રોકડું પરખાવ્યું: 'અમે કંઈ આ બધા (તમે કહ્યા તે દ્રોણાદિ યોદ્ધાઓના જોર ઉપર યુદ્ધયજ્ઞ માંડ્યો નથી. અમે તો આત્મયજ્ઞથી વૈવસ્વત યમનું રણમાં યજન કરીશું. હું, કર્ણ અને મારો ભાઈ દુઃશાસન મળીને પાંડવોનો રણમાં વધ કરીશું. એમ પાંડવોને મારીને હું રાજ્યશાસન કરીશ. મેં તો જીવન, ધન અને રાજ્યનો ય ત્યાગ કર્યો છે. હું પાંડવોની સાથે કદી પણ વસીશ નહિ. હે મારિષ! સોયની તીક્ષ્ણ અણીથી વીંધાય એટલી ભૂમિ પણ હું પાંડવોને આપવાનો નથી![૨૦] (૫-૫૭-૧૦ થી ૧૮).

---

૧૮ येषां युधिष्ठिरो नेता गोप्ता च मधुसूदनः ।
योधौ च पाण्डवौ वीरौ सव्यसाचीवृकोदरौ ॥ ५-५६-३०
× × ×
येषामिन्द्रोऽप्यकामानां न हरेत्पृथिवीमिमाम् ।
वीराणां रणधीराणां ये भिन्द्युः पर्वतानपि ॥ ५-५६-३४

૧૯ देवैर्हि संभृतो दिव्यो रथो गाण्डीवधन्वनः ।
न स जेयो मनुष्येण मा स्म कृध्वं मनो युधि ॥ ५-५६-६०

૨૦ (૧) ત્યાગ તો બધા ય કરે છે! પાંડવોનું સમગ્ર રાજ્ય પડાવીને પણ નહિ ધરાનાર, એમાંથી સહેજ પાછું આપવા કરતાં, એ 'અલ્પ', માટે સમગ્ર જીવન, ધન અને રાજ્યનો ય પરિત્યાગ કરવા તૈયાર બને છે! પલાયનવૃત્તિવાળા પણ 'નિર્વેદ' ને 'વૈરાગ્ય'નું રૂપાળું નામ આપીને 'યતિ, ભિક્ષુ, સંન્યાસી કે સેવક' થઈને 'સર્વસ્વ'નો ત્યાગ કરે છે! અને 'મહાન' બનવાનો દંભ આચરે છે!

દુર્યોધનની નફ્ફટ વાતથી વિનાશ નિશ્ચિત સમજીને ધૃતરાષ્ટ્રે દુર્યોધનને ઠપકાર્યો, અને ફરી સંજયને પૂછ્યું : 'મહાપ્રાજ્ઞ ! શ્રીકૃષ્ણ અને અર્જુન એ બે મહાપુરુષોએ તને કંઈ (ખાનગી) કહ્યું હોય તો મને કહે.' (૫-૫૭-૧૯ થી ૨૯; ૫-૫૮-૧).

શ્રીકૃષ્ણાર્જુનના અંતઃપુરમાં સંજય તેમને મળેલો. ત્યાં એ બન્નેની આત્મીય મૈત્રી જોયેલી, અને જે વાતચીત થયેલી તેનો અહેવાલ હવે સંજયે કહ્યો : 'એ અંતઃપુરમાં અભિમન્યુ કે નકુલ–સહદેવ નહોતા જતા (અર્થાત્ નાની ઉમરનાં નહોતાં જતાં). ત્યાં બે કૃષ્ણ (શ્રીકૃષ્ણ અને અર્જુન), કૃષ્ણા (દ્રૌપદી), અને સત્યભામા હતાં. બંનેએ મધ્વાસવ (મહુડાંનો હલકો આસવ) પીધો હતો. ચંદનનો લેપ કર્યો હતો. બંને મહાપુરુષો પુષ્પમાળાઓ, સુંદર વસ્ત્રો અને દિવ્ય આભરણો પહેરીને સુવર્ણના એક જ આસન ઉપર બેઠા હતા. ત્યાં મને શ્રીકૃષ્ણના બંને ચરણ અર્જુનના ખોળામાં, અને અર્જુનનો એક ચરણ દ્રૌપદીના તથા બીજો ચરણ સત્યાના ખોળામાં દેખાયા હતા.[૨૧] (એમ જ હતું એવું હું ચોક્કસ નથી કહેતો.) અર્જુને મને બેસવા

---

(સર° 'શાન્તિપર્વ' અ. ૧૮માં સંન્યાસી થવા ઇચ્છતા જનક અને રાણી કૌસલ્યાનો સંવાદ. સમ્યગ્ કર્મયોગ અને નિસ્તેજ ભિક્ષુવૃત્તિ, એની તુલના કરતા આ સંવાદ માટે જુઓ 'ભારત-રત્ન' (ભો. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, ૧૯૬૭, પૃ. ૨૨૮), જ્યારે પરમર્ષિ વેદવ્યાસ જેવા નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક કરી, અનાસક્તપણે કર્મયોગ આચરી, એ પ્રવૃત્તિમાં જ વૈરાગ્ય અને સંન્યાસ (ત્યાગ) સિદ્ધ કરે છે, નિવૃત્તિ અને નિર્વૃત્તિ પ્રાપ્ત કરે છે.

૨　　यावद्धि सूच्यास्तीक्ष्णाया विध्येदग्रेण मारिष ।
　　तावदप्यपरित्याज्यं भूमेर्न पाण्डवान्प्रति ॥ ५-५७-१८

= ફે. ૫-૧૨૫-૨૬

૨૧. શ્રીકૃષ્ણ-અર્જુનનો આ ચરિત્રપ્રસંગ અજુગતો છે, એવી જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી ટીકા થાય છે. ખરેખર તો આમાં અયોગ્ય કંઈ નથી. આ પ્રસંગ બન્નેની આત્મીય મૈત્રીનો સૂચક છે. એવી જ રીતે બન્નેએ થોડો મધ્વાસવ પીધો છે, તેથી સ્વભાવિક છે.

(૨) આવા જ કોઈ પ્રેમભર્યા મૈત્રીપ્રસંગને યાદ કરીને વિશ્વરૂપદર્શન વખતે અર્જુને કહ્યું હતું :

सखेति मत्वा प्रसभं यदुक्तम् ।
हे कृष्ण हे यादव हे सखेति
अजानता महिमानं तवेदं
मया प्रमादात्प्रणयेन वापि ॥ ६-३३-४१ (गीता ११-४१)

यच्चावहासार्थमसत्कृतोऽसि
विहारशय्यासनभोजनेषु ।
एकोऽथ वाप्यच्युत तत्समक्षं
तत्क्षामये त्वामहमप्रमेयम् ॥ ६-३३-४२ (ગીતા-૧૧-૪૨)

'તમારો આ મહિમા જાણ્યા વિના અને સખા જાણીને હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખા ! એમ મેં પ્રમાદથી કે પ્રેમથી બોલાવીને અવિવેક કર્યો હોય, અને વિહાર કરતાં, સૂતાં, બેસતાં કે ભોજન કરતાં એકલા અથવા તેઓની (બીજા માણસોની) સમક્ષમાં ગમ્મત માટે તમારો જે અનાદર કર્યો છે, તેની હે અચ્યુત ! અપ્રમેય એવા આપ ક્ષમા કરજો.

કાંચનનો બાજઠ બતાવ્યો પણ હું તો તેને સ્પર્શ કરીને ભોંય ઉપર જ બેઠો. એ સમયે પાર્થ અર્જુનના પગની ઊર્ધ્વરેખા વગેરે શુભ લક્ષણો જોયાં. ઇન્દ્ર અને વિષ્ણુસમાન એ બંને શ્યામ, બૃહન્ત (પરિપુષ્ટ), તરુણ અને શાલસ્કન્ધ જેવા ઊંચા (સાગના સોટા જેવા ઊંચા), કૃષ્ણાર્જુનને એક જ આસન ઉપર બેઠેલા જોઈ મને મહા ભય થયો. જોકે 'દ્રોણ–ભીષ્મના આશ્રયથી અને કર્ણના ગપ્પાંને લીધે મન્દાત્મા દુર્યોધન એમને ઓળખતો (ઓળખી શકતો) નથી. આ બંને જેમની આજ્ઞામાં છે તે ધર્મરાજાનો માનસિક સંકલ્પ સિદ્ધ થશે, એવો મને એ વખતે નિર્ણય થયો. એ બંનેને મેં આપનો સંદેશો નિવેદન કર્યો. એટલે અર્જુને શ્રીકૃષ્ણના શુભલક્ષણસંપન્ન ચરણને નમાવીને મને જવાબ આપવા સૂચવ્યું. એટલે સર્વાભરણ-ભૂષિત, ઇન્દ્ર જેવા પરાક્રમી શ્રીકૃષ્ણ, ઇન્દ્રધ્વજની જેમ ઊઠીને બેઠા થયા. (૫-૫૮-૧ થી ૧૪). પછી વક્તાશ્રેષ્ઠ શ્રીકૃષ્ણે આહ્લાદક, બોલવા યોગ્ય, પ્રથમ કોમળ, પછીથી દારુણ અને કૌરવોને ત્રાસદાયક વાગ્ધારા ચલાવી. સંભાષણને યોગ્ય, શિક્ષા પ્રમાણે ઉચ્ચારવાળી (૧. સ્વરશાસ્ત્ર શીખવતું વેદાંગ 'શિક્ષા', ૨. શિક્ષણ), ઇષ્ટ અર્થવાળી અને પછીથી (શત્રુઓનાં) હૃદયને શોષી લેનારી વાણીથી એમણે કહ્યું : 'સંજય ! તું મનીષી ધૃતરાષ્ટ્રને આ સંદેશો કહેજે, તમે અનેક યજ્ઞોથી યજન કરી લો, વિપ્રોને દક્ષિણા દો. પુત્ર-પત્નીઓ સાથે આનંદ ભોગવી લો. કારણ તમારા ઉપર મહા ભય તોળાઈ રહ્યો છે. સત્પાત્રોને ધન આપો. યથેચ્છ પુત્રો મેળવો. પ્રિયજનનું પ્રિય કરો. કારણ રાજા યુધિષ્ઠિર જય મેળવવા ત્વરા કરે છે. (વસ્ત્રહરણ પ્રસંગે) દૂર રહેલા મને દ્રૌપદીએ 'હે ગોવિન્દ !' કહીને પોકારેલો તેનું ભારે ઋણ ચઢી ગયું એનો.બોજ મારા હૃદયમાંથી ખસતો નથી, દુર્ધર્ષ ગાંડીવ જેનું ધનુષ્ય છે, અને જેને મારી સહાય છે, તે સવ્યસાચી અર્જુન સાથે તમારે વૈર થયું છે. સાક્ષાત્ પુરંદર પણ જો કાળથી ઘેરાયેલો ન હોય તો મારી મદદવાળા અર્જુનની સામે લઢવાનું ઇચ્છે નહિ. જે અર્જુનને સમરાંગણમાં હરાવી જાય તે તો બે બાહુથી પૃથ્વીને ઉપાડી શકે, ક્રુદ્ધ થઈને આ પ્રજાઓને બાળી મૂકે અને સ્વર્ગમાંથી દેવોને ય ઉથલાવી પાડે! દેવ, મનુષ્ય, યક્ષ, ગન્ધર્વ, નાગો વગેરેમાં અર્જુનને જીતી શકે એ કોઈને ય હું તો જોતો નથી.[૨૨] વિરાટનગરમાં એકલા અર્જુને ઘણા કૌરવોની સામે મહા અદ્ભુત પરાક્રમ કરીને બધાને ભગાડી મૂકયા હતા તે જ આનું પૂરતું પ્રમાણ છે. બલ, વીર્ય, તેજ, શીઘ્રતા, હસ્તલાઘવ, અવિષાદ (હિમ્મત) અને ધૈર્યમાં પાર્થ અજોડ છે. (માટે જો સુલેહ ન કરવી હોય તો યમગૃહે જવા તૈયાર થાવ !') (૫-૫૮-૧૫ થી ૨૮).

'સમયવર્ષી મેઘ જેમ ગર્જના કરીને જગતને આનંદિત કરે એમ શ્રીકૃષ્ણ હર્ષ વધારતાં વચનો બોલ્યા. એ પછી અર્જુને પોતાનું મહાન, રોમાંચકારી ભાષણ કર્યું હતું (જે મેં આ સભામાં શરૂઆતમાં જ કહ્યું છે.' (૫-૨૮-૨૯, ૩૦; અર્જુનનું ભાષણ જુઓ આ પ્રકરણની શરૂઆતમાં અ. ૪૭).

સંજયનું વક્તવ્ય પૂરું થતાં પ્રજ્ઞાચક્ષુ ધૃતરાષ્ટ્રે કૌરવ-પાંડવોના ગુણદોષો અને શક્તિ-અશક્તિનો સૂક્ષ્મતાથી વિચાર કર્યો. તેને અનુમાનથી નહિ, અનુભવસિદ્ધપણે લાગ્યું કે વિજય તો પાંડવોનો જ થશે. એણે (મનમાં પુત્રોને બચાવવાની કેવળ સ્વાર્થી

૨૨ શ્રીકૃષ્ણપ્રવચન સાથે સર૰ અધ્યાય ૪૭નું અર્જુનનું પ્રવચન તેમાંય ખાસ કરીને શ્લોક ૬૪ થી ૬૭, ૮૮, ૯૧ વગેરે. અર્જુને યુધિષ્ઠિરની અનુમતિથી, શ્રીકૃષ્ણની ઉપસ્થિતિમાં એ સંદેશો કહેલો (૫-૪૭-૨), યુધિષ્ઠિરની ઉપસ્થિતિમાં નહિ. તેથી અર્જુનનું વક્તવ્ય શ્રીકૃષ્ણને અનુસરીને છે.

ધારણાથી સાચી સલાહ આપતાં ) દુર્યોધનને કહ્યું, 'આ કલહનો અંત લાવવો હોય તો સુલેહ વિના બીજો ઉપાય નથી. તાત! મને તો પાંડવો સાથે કાયમ શાન્તિ રાખવી જ ગમે છે. વિગ્રહ નથી ગમતો, કારણ કે હું પાંડવોને સદાય કૌરવો કરતાં શક્તિમત્તર (વધુ શક્તિશાળી) માનું છું.' ('ઉદ્યોગપર્વ' અ. ૫૯).

ધૃતરાષ્ટ્રની અરુચિકર વાત સાંભળતાં જ મૂળથી અસહનશીલ દુર્યોધન ભારે રોષથી આત્મશ્લાઘા કરતાં બોલ્યો: 'દેવોની સહાયવાળા પાંડવો અજેય છે એવો ડર રાખશો નહિ. કારણ કે હું એકલો જ દૈવી અને આસુરી ભાવોનો પ્રવર્તક છું. હું મન્ત્ર ભણીને ચોગમ ભભૂકતા અગ્નિને શાન્ત કરી શકું છું. ચિરાતી પૃથ્વી અને ફાટી પડતાં ગિરિશિખરોને લોકોના દેખતાં જ મન્ત્રથી સ્થિર કરી શકું છું. સ્થાવર જંગમ જગતનો વિનાશ કરતા ઝંઝાનિલને ભૂતાનુકમ્પાને લીધે જોતજોતામાં શમાવી દઉં છું. મારા થંભાવેલા જળ ઉપરથી રથો અને પાયદળ ચાલ્યાં જાય છે. સેના લઈને હું જ્યાં જ્યાં ચઢાઈ કરું છું, ત્યાં મારું શાસન થાય છે. મારા પ્રભાવથી જ ભયંકર પ્રાણીઓ હિંસા નથી કરતાં. માગ્યા મેઘ વરસે છે. મારી પ્રજા ધર્મિષ્ઠ છે. મારા રાજ્યમાં ઇતિઓ (અતિ વૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડ, ઉંદર, પક્ષીઓ અને શત્રુની ચઢાઈ) નથી. જેનો હું દ્વેષ કરું તેનું ધર્મદેવ સહિત કોઈ પણ દેવ, અસુર, ગન્ધર્વ કે રાક્ષસ પણ રક્ષણ કરી શકે નહિ. જો દેવો એવું રક્ષણ કરી શકતા હોત તો (દેવપુત્ર) પાંડવો તેર વર્ષ સુધી દુઃખી થયા જ ન હોત. હું કોઈનું પણ શુભ કે અશુભ ચિંતવું છું, તે, એમ જ થાય છે. હું 'આમ થશે' એમ બોલું તો, એમ જ થાય છે, એટલે તો મને લોકો સત્યવચની કહે છે! આ મારું માહાત્મ્ય પ્રત્યક્ષ અને પ્રસિદ્ધ છે. આ હકીકત મેં આપને આશ્વાસન આપવા જણાવી છે, આત્મશ્લાઘા કરવા નહિ. (હું આવો મહાન સિદ્ધ માન્ત્રિક, ધાર્મિષ્ઠ, સિદ્ધસંકલ્પી અને સત્યવચની છું, તેથી) આપ સાંભળશો કે મેં પાંડવો, મત્સ્યો, પાંચાલો, કેકયો, સાત્યકિ અને વાસુદેવને જીત્યા છે. હું બુદ્ધિ, તેજ, વીર્ય, વિદ્યા અને (કાર્ય) યોગ એ બધામાં પાંડવો કરતાં વિશિષ્ટ છું. (અરે!) પિતામહ ભીષ્મ, દ્રોણ, કૃપ, શલ્ય અને શલ જે અસ્ત્રવિદ્યા જાણે છે, તે બધીયમાં હું નિષ્ણાત છું![૨૩] (૫-૬૦-૧થી ૨૮).

---

૨૩ દુર્યોધનની આ ડંફાશો સાથે ભગવાને ગીતામાં 'દૈવાસુરસંપદ્‌વિભાગયોગ'માં વર્ણવેલી આસુરી સંપત્તિ સરખાવો. ગીતા ૧૬-૭થી ૧૮.

તેમાં પણ આ બે શ્લોકો :

असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी ॥ गीता. १६-१४

(મ. ભા. ૬-૩૮-૧૪)

आढ्योऽभिजानवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया ।
यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः ॥ ગીતા ૧૬-૧૫

(મ. ભા. ૬-૩૮-૧૫)

'આ શત્રુને મેં માર્યો. બીજાઓને પણ હણીશ, (એ બિચારા શું કરી નાખશે? કારણ) હું ઈશ્વર (સમર્થ), ભોગી, સિદ્ધ, (સંકલ્પ), બલવાન અને સુખી છું. સાધારણ નથી). હું ધનવાન છું. હું કુલવાન છું. મારા જેવો બીજો કોણ છે? હું યજ્ઞ કરીશ. હું બ્રાહ્મણથી માંડીને ગણિકા સુધીનાંને) દાન દઈશ. (એટલે અભિમાન પોષાતાં) હું આનંદ કરીશ,' આવું અજ્ઞાનથી મૂર્ખ બનેલાં (આસુરી) મનુષ્યો માને છે.'

બસ ! થઈ રહ્યું ! પુત્રસ્નેહથી મૂઢ અંધ ધૃતરાષ્ટ્ર ફરી ગયો ! દુર્યોધનની યુદ્ધ અંગેની યોજનાઓ સમજીને એ તો ફરીથી સંજયને પાંડવોની તૈયારી અંગે પૂછવા માંડ્યો ! (૫-૬૦-૨૯. મમત્વથી અંધ થયેલાં બધાં અંતઃકરણ આવાં જ હોય છે.)

ધૃતરાષ્ટ્ર પાંડવો અંગે અતિશય પૃચ્છા કરતો હતો, એવામાં તેને ગણકાર્યા વિના, કર્ણ વચમાં જ કૂદી પડ્યો: (દુર્યોધન!) ભીષ્મ, દ્રોણ તથા મુખ્ય રાજાઓ ભલેને તમારી પાસે જ બેસી રહે! મારી પાસે (પરશુ-)રામનું દીધેલું બ્રહ્માસ્ત્ર છે. એટલે હું એકલો જ તમારી મુખ્ય સેનાની સાથે (સેનાપતિ તરીકે) જઈને પાંડવોને મારી નાખીશ. એનો ભાર (જવાબદારી) હું ઉપાડીશ!' (૫-૬૧-૧થી ૬.)

આવી બડાશ હાંકતા કર્ણને ભીષ્મે સંભળાવ્યું: 'કાળથી ઘેરાયેલી બુદ્ધિવાળા કર્ણ! શા માટે ડંફાશ મારે છે? શ્રીકૃષ્ણની સહાયથી અર્જુને ખાંડવ બાળતાં જે પરાક્રમ કર્યું હતું, તે સર્વ સાંભળીને તારા બાંધવો સહિત તું તારી જાતને એના જેવી કેળવી શકીશ? મહેન્દ્રે તને જે શક્તિ આપી છે તેને તો શ્રીકૃષ્ણ ચક્રથી તોડીને ભસ્મીભૂત કરી નાખશે તે તું જોઈશ...બાણ, ભૌમ (નરક) અને કર્ણ! તારા જેવા તથા તારાથીયે ચઢિયાતા શત્રુઓનો યુદ્ધમાં નાશ કરે એવા વાસુદેવ કિરીટી અર્જુનનું રક્ષણ કરે છે! (એને તું શું કરી શકવાનો છે?)' (૫-૬૧-૭થી ૧૧).

ભીષ્મનાં કઠોર વચનોથી (ગુમાની) કર્ણને અપમાન લાગ્યું. એણે શ્રીકૃષ્ણની મહત્તા સ્વીકારી, પણ સાથે જ પિતામહ ભીષ્મ જીવતા હોય ત્યાં સુધી પોતે યુદ્ધ નહિ કરે, તેમ જ તે અંગેની મન્ત્રણાસભામાં પણ ભાગ નહિ લે એવું જાહેર કરીને ચાલ્યો ગયો![24] (૫-૬૧-૧૨-થી ૧૪).

કર્ણ ગયો. એટલે દુર્યોધન પણ છેડાયો. એણે ભીષ્મને ઉદ્ધતાઈથી કહ્યું: 'મેં કંઈ આપના, દ્રોણ, કૃપ કે બાહ્લિકના આધારે યુદ્ધની તૈયારી નથી કરી. હું, કર્ણ અને દુઃશાસન પાંચે પાંડવોને તીક્ષ્ણ બાણોથી હણી નાખીશું, અને પછી વિવિધ મહાયજ્ઞોથી યજન કરીને હું બ્રાહ્મણોને ગાયો, ઘોડાઓ અને ધન આપીને તૃપ્ત કરીશ.' (૫-૬૨-૧થી ૫).

આ તબક્કે ઐક્યપુરસ્કારક પ્રાજ્ઞ વિદુરે, સંપથી અનાધૃષ્યપણું અને વિગ્રહથી પારતંત્ર્ય આવે છે, એ વર્ણવતું પક્ષીઓનું દૃષ્ટાંત કહ્યું (જુઓ લેખના અંતે પરિશિષ્ટ ૧). એ પછી મધના લોભથી ગંધમાદનની વિષમ ખીણમાં પડીને મરણ પામેલા ભીલોનું નજરે જોયેલું વૃત્તાંત સંભળાવ્યું. પછી બોલ્યા, 'એવી જ રીતે તમારો આ પુત્ર (લોભથી) એકલો જ રાજ્ય ઇચ્છે છે. એ મૂર્ખતાથી મધ જુએ છે પણ પ્રપાતને (ખીણને) જોતો નથી.' અને છેલ્લે ઉમેર્યું: 'ભાઈ ધૃતરાષ્ટ્ર! રાજા યુધિષ્ઠિરને (વહાલથી) ખોળામાં બેસાડો. (એટલે કે તેમને હક્કનું રાજ્ય

---

૨૪ કર્ણ સત્યપ્રતિજ્ઞ નહોતો. તેથી આ પછી યુદ્ધની મન્ત્રણાસભામાં એણે ભાગ લીધો છે, અને બીજી બે વખત, ગાઙ્ગેયના જીવતાં પોતે યુદ્ધમાં ભાગ નહિ લે એવી, જાહેરાત કરી છે! જુઓ ૫-૧૫૩-૨૫; ૧૬૫-૨૭. કર્ણે (પરશુ)રામ પાસેથી શસ્ત્રવિદ્યા પણ મિથ્યા પ્રતિજ્ઞાથી મેળવી હતી તે સુવિદિત છે. (જુઓ ૫-૬૧-૨, ૧૭ ઇત્યાદિ).

આપો ), કારણ કે ( મહા )યુદ્ધ કરતાં બન્ને પક્ષોનો એકાન્ત ( સંપૂર્ણ ) જય નથી થતો ( હારેલો નાશ પામે છે, સાથે જીતેલો પણ દુઃખી થાય છે ). [૨૫] ( ૫-૬૨-૬ થી ૩૧ ).

વિદુરની કલ્યાણકારી સલાહથી ધૃતરાષ્ટ્ર પાછો ડગ્યો. એણે દુર્યોધનને, પાંડવોને પોતાના ભાઈ સમજવા, ભીષ્મ વગેરે હિતકર્તાઓની સલાહ માનવા આગ્રહ કર્યો. ભીમ-અર્જુન વગેરે યોદ્ધાઓની વિશિષ્ટતા દર્શાવી અને શ્રીકૃષ્ણનો નિર્દેશ કરતાં કહ્યું : 'વળી જે માપમાં ત્રણે લોક કરતાં અધિક છે, તે પુંડરીકાક્ષ કૃષ્ણ જોડે કયો બુદ્ધિશાળી મનુષ્ય યુદ્ધ કરે ? એમને એક તરફ સ્ત્રીઓ, જ્ઞાતિજનો સહિત બાંધવો, આત્મા અને આ પૃથ્વી, તથા બીજી તરફ એકલો ધનંજય અર્જુન છે. ( અર્થાત્ આ બધાં કરતાં અર્જુન એમને વધુ પ્રિય છે ). જ્યાં યતાત્મા ( જિતેન્દ્રિય ) પાંડવ અર્જુન છે, ત્યાં દુર્ધર્ષ વાસુદેવ હોય જ. જે સેનામાં કેશવ હોય છે તેને પૃથ્વી પણ સહન કરી શકતી નથી.'[૨૬] ( ૫-૬૩-૧ થી ૧૬ ) દુર્યોધનને એ પ્રમાણે શિખામણ આપીને ધૃતરાષ્ટ્રે સંજયને શ્રીકૃષ્ણના વક્તવ્ય પછીનો અર્જુનનો શેષ સંદેશો કહેવા આજ્ઞા કરી. સંજયે, શ્રીકૃષ્ણના વ્યવસ્થિત વક્તવ્યના નિર્દેશવાળાં અને તેમના તરફ જોઈને બોલાયેલાં અર્જુનનાં ધર્મ અને અર્થથી ભરેલાં વચનો કહ્યાં, અને સમારોપ કર્યો કે : 'પછી ચતુર્ભુજ ( જેના હાથ ચારે બાજુએ પહોંચે છે તેવા ) હરિ અને અર્જુનની આજ્ઞા લઈને તથા નમસ્કાર કરીને, એમનો મહત્ત્વનો સંદેશો પહોંચાડવા માટે હું તમારી પાસે અહીં સત્વર આવી પહોંચ્યો છું.' ( ૫-૬૪-૧ થી ૧૫ ).

---

૨૫ ( ૧ ) तथैव तव पुत्रोऽयं पृथिवीमेक इच्छति ।
मधु पश्यति संमोहात्प्रपातं नानुपश्यति ॥ ૫-૬૨-૨૭

સર્વાપહારિ દ્યૂત ચાલતું હતું ત્યારે પણ વિદુરે વચ્ચે જ દ્યૂત અટકાવવા ધૃતરાષ્ટ્રને વિનંતી કરતાં કહ્યું હતું :

मधु वै माध्विको लब्ध्वा प्रपातं नावबुध्यते ।
आरुह्य तं मज्जति वा पतनं चाधिगच्छति ॥ ૨-૫૫-૪
सोऽयं मत्तोऽक्षदेवेन मधुवन्न परीक्षते ।
प्रपातं बुध्यते नैव वैरं कृत्वा महारथैः ॥ ૨-૫૫-૫

( ૨ ) अङ्के कुरुष्व राजानं धृतराष्ट्र युधिष्ठिरम् ।
युध्यतोर्हि द्वयोर्युद्धे नैकान्तेन भवेज्जयः ॥ ૫-૬૨-૩૧

( ૩ ) બીજા વિશ્વયુદ્ધ પછી વિજયી થયેલા ચર્ચિલે એમના એબર્ડીન (Aberdeen)ના ભાષણમાં જે આહ વ્યક્ત કરી છે તે સર૦. મૂળ ભાષણ અને તેના ઉપર ગાંધીજીનો લેખ વગેરે માટે જુઓ Non-violence in Peace & War, Vol. II, 1948-49, pp. 88 to 90, અને કેટલાક ખાસ વિવેચન માટે જુઓ. 'ભારત-રત્ન', બીજી આવૃત્તિ, ૧૯૬૭, પૃ. ૪૧૧ થી ૪૧૪.

૨૬ यः पुनः प्रतिमानेन त्रीँल्लोकानतिरिच्यते ।
तं कृष्णं पुण्डरीकाक्षं को नु युध्येत बुद्धिमान् ॥ ૫-૬૩-૮
एकतो ह्यस्य दाराश्च ज्ञातयश्च सबान्धवाः ।
आत्मा च पृथिवी चेयमेकतश्च धनंजयः ॥ ૫-૬૩-૯
वासुदेवोऽपि दुर्धर्षो यतात्मा यत्र पाण्डवः ।
अविषह्यं पृथिव्यापि तद्बलं यत्र केशवः ॥ ૫-૬૩-૧૦

૫-૬૩-૯ સાથે સર૦ ૧-૨-૧૪૪. સંજયે વાસુદેવ-અર્જુનનું ઐકાત્મ્ય-હૃદયની એકતા કહી તે.
૫-૬૩-૧૦ સાથે સર૦ ગીતા. ૧૮-૭૮.

દુર્યોધને સંજયના શબ્દોને વધાવ્યા નહિ, એટલે બધા રાજાઓ મૌન ધારીને ચાલવા માંડ્યા! સભામાં રહ્યા બે જણ. સંજય અને ધૃતરાષ્ટ્ર! એટલે એકાંત મળતાં (દુષ્ટ) પુત્રોના અનુગામી અને તેમનો વિજય ઇચ્છનાર ધૃતરાષ્ટ્રે સંજયને પૂછવા માંડ્યું કે, 'સંજય! તું કૌરવ-પાંડવ બંને પક્ષના સૈન્યોનો સારવેત્તા છે, સર્વદર્શી છે, ધર્મ અને અર્થ બંનેમાં નિપુણ તથા નિશ્ચયજ્ઞ છે. માટે મને કહે કે બંનેમાંથી કોનો નાશ થશે?' (૫-૬૫-૧ થી ૫).

સંજય ખરેખર સારવિત્ અને સર્વદર્શી હતો એટલે એણે સાફ જણાવ્યું કે, હું તમને એકાંતમાં કંઈ કહીશ નહિ, કારણ કે તેનાથી તમને અસૂયા થશે માટે તીક્ષ્ણ વ્રતધારી તમારા પિતા વેદવ્યાસને અને પટરાણી ગાન્ધારીને તેડાવો.[૨૭] તે બંને ધર્મજ્ઞ, નિપુણ અને નિશ્ચયજ્ઞ છે, એટલે તમારી અસૂયાને દૂર કરશે. એ બંનેની સમક્ષ હું તમને વાસુદેવ–અર્જુનનો સંપૂર્ણ મત કહીશ.' (૫-૬૫-૬, ૭).

કૃષ્ણ દ્વૈપાયન અને ગાન્ધારી આવ્યાં. ધૃતરાષ્ટ્ર જે જે પ્રશ્નો કરે તેનો સર્વ જવાબ આપવા વાસુદેવ-અર્જુનને બરાબર ઓળખતા સંજયને વ્યાસે આજ્ઞા કરી. (૫-૬૫-૮, ૯).

મહાપ્રાજ્ઞ વ્યાસની આજ્ઞા થતાં સંજયે પાંડવપક્ષના સારરૂપ યુગચક્રપ્રવર્તક પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું સ્વરૂપ વર્ણવ્યું: 'પરમપૂજ્ય, ધનુર્ધારી, અર્જુન અને વાસુદેવ સ્વેચ્છાએ જુદે જુદે સ્થળે અવતર્યા છે, અને સર્વ (દુષ્ટો)ના ઉન્મૂલન માટે ભેગા થયા છે. મનસ્વી વાસુદેવે બરાબર પ્રયોજેલું તેમનું ચક્ર આકાશમાં રહીને માયાથી ફર્યા કરે છે. (અનૃજુઓ એમાં સમજતા નથી). એ (ચક્ર) પાંડવોને (માયા વડે) ઢાંકે છે (સંરક્ષે છે). પાંડવોનું અત્યંત માનીતું છે. એનું સારાસારનું બળ મને ખબર છે, તે તમે સંક્ષેપમાં સાંભળો. (સામાન્ય જનને) ભયંકર જણાતા નરક, શમ્બર, કંસ અને ચેદિના શિશુપાલને માધવ જનાર્દને ક્રીડા કરતા હોય એમ જીતી લીધા હતા. વિશિષ્ટાત્મા, વશી (સર્વજિત્), પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પૃથ્વી, અન્તરિક્ષ અને સ્વર્ગને મનથી જ પોતાને કબજે રાખે છે. રાજન્! તમે પાંડવોનું સારાસાર બળ જાણવા વારંવાર પૂછો છો તો (હજુ) સાંભળો. એક બાજુ સમગ્ર જગત હોય અને બીજી બાજુ જનાર્દન હોય

---

૨૭ (૧) न त्वां ब्रूयां रहिते जातु किंचि—
दसूया हि त्वां प्रसहेत राजन् ।
आनयस्व पितरं संशितव्रतं
गांधारी च महिषीमाजमीढ ॥ ૫-૬૫-૬

ધૃતરાષ્ટ્ર અસૂયાશીલ છે, એટલે અત્યંત ગુહ્ય વસ્તુઓ જાણવા અધિકારી નથી. તે સાથે જ સર૰ અર્જુન અસૂયા વિનાના છે. તેથી રાજગુહ્ય—ગુહ્યતમ, રાજવિદ્યા સાંભળવા અધિકારી છે:

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥ ૬-૩૧-૧. (ગીતા ૯.૧)

તું અસૂયા વિનાનો (અનિંદક, પરગુણમાં દોષદર્શન નહિ કરનારો) હોવાથી તને હું ગુહ્યતમ, અનુભવસિદ્ધ જ્ઞાન આપીશ, જે જાણીને તું અશુભમાંથી મુક્ત થઈશ.

(૨) ગાન્ધારી, પાપયોનિ મનાતી સ્ત્રીજાતિનું પાત્ર, અર્થાત્ સ્ત્રી વ્યાસની નજરમાં કેટલી મહાન છે તે અહીં દેખાય છે.

તો સમગ્ર જગતના બળ કરતાં જનાર્દન અધિક થાય છે. જનાર્દન મનના વિચાર માત્રથી જ આ જગતને ભસ્મ કરી શકે છે. પરંતુ આખું જગત પણ જનાર્દનને ભસ્મ કરી શકે જ નહિ. જ્યાં સત્ય, હ્રી અને આર્જવ હોય છે, ત્યાં ગોવિન્દ હોય છે. તેથી જ્યાં કૃષ્ણ હોય છે ત્યાં વિજય છે.[૨૭] જાણે રમત કરતા હોય એમ પ્રાણી માત્રના આત્મા (ભૂતાત્મા) પુરુષોત્તમ જનાર્દન પૃથ્વી, અન્તરિક્ષ અને સ્વર્ગને ચેષ્ટા કરાવે છે. તે (સર્વકર્તા) લોકોને મોહ પમાડતા હોય એમ સત્રમાં પાંડવોને (નિમિત્ત) બનાવીને (કારણ પરમાત્મા અકર્તા પણ છે) તમારા અધર્મનિરત મૂર્ખ પુત્રોને બાળી મૂકવા ઇચ્છે છે (એવું મને જણાય છે). **ભગવાન કેશવ આત્મયોગ વડે (પોતાના સામર્થ્ય વડે) (સંવત્સરરૂપી) કાલચક્રનું, (ગતિમાન) જગચ્ચક્રનું** અને (ભિન્ન ભિન્ન) ધર્મોવાળા યુગચક્રનું નિરંતર પ્રવર્તન કરે છે.[૨૮] કાલ, મૃત્યુ અને સ્થાવર જંગમ સમગ્ર વિશ્વના એક ભગવાન જ નિયંતા છે, આ હું તમને સત્ય કહું છું. મહાયોગી હરિ સર્વ જગતના શાસક હોવા છતાં, દુર્બળ ગરીબડાની જેમ કર્મોનો આરંભ કરે છે. કેશવ તે

---

૨૮ (૧) यतः सत्यं यतो धर्मो यतो ह्रीरार्जवं यतः ।
ततो भवति गोविन्दो यतः कृष्णस्ततो जयः ॥ ५-६६-९.

ઈશ્વરનો અવતાર ક્યાં થાય છે, એ વર્ણવતું આ સંજયવાક્ય ઘણું મહત્ત્વનું છે.
'જ્યાં કૃષ્ણ છે ત્યાં જય છે' ઇ. સંદર્ભો માટે જુઓ 'કર્મનિશ્ચયજ્ઞ' નોંધ ૩૦ (૨).

(૨) સર૦ कंचन को मृतिका करि मानत । कामिनि काष्ठ सिला पहिचानत ॥
तुलसी भूली गयो रस एहा । ते जन प्रगट रामकी देहा ॥

(ત્રીજા ચરણમાં કહેલો રસ તે વિષયનો રસ છે.)

'વૈરાગ્યસંદીપની' દોહા ૨૭ પછીની ચોપાઈ.

पृथिवीं चान्तरिक्षं च दिवं च पुरुषोत्तमः ।
विचेष्टयति भूतात्मा क्रीडन्निव जनार्दनः ॥ ५-६६-१०.
स कृत्वा पाण्डवान्सत्रं लोकं संमोहयन्निव ।
अधर्मनिरतान्मूढान्दग्धुमिच्छति ते सुतान् ॥ ५-६६-११.

જુઓ ૬૬-૧૧નું એક પાઠાંતર पाण्डवान्सत्रे। છે તે વધુ અર્થવાહક છે.

कालचक्रं जगच्चक्रं युगचक्रं च केशवः ।
आत्मयोगेन भगवान्परिवर्तयतेऽनिशम् ॥ ५-६६-१२.

આવા આત્મયોગથી શ્રીકૃષ્ણે અર્જુનને વિશ્વરૂપ બતાવ્યું હતું. જુઓ,

मया प्रसन्नेन तवार्जुनेदं,
रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनन्तमाद्यं
यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥ ६-३३-४७ (ગીતા ૧૧-૪૭).

'અર્જુન! તારા ઉપર પ્રસન્ન થઈને આત્મયોગ વડે (મારા સામર્થ્ય વડે) મારું શ્રેષ્ઠ, તેજોમય, વિશ્વવ્યાપી, અનંત અને આદિરૂપ બતાવ્યું છે. એ તારા સિવાય બીજા કોઈએ પૂર્વે જોયું નથી.

માયાયોગથી લોકોને ભ્રાન્તિમાં નાખે છે, પણ જે મનુષ્યો એમને જ શરણે જાય છે, તેઓ (આ માયાયોગથી, સંસારમાં) મોહ પામતા નથી.[૨૯] (૫-૬૬-૧ થી ૧૫).

શ્રીકૃષ્ણનું માહાત્મ્ય સાંભળીને અંધ (બાલિશ) ધૃતરાષ્ટ્રમાં કંઈક જિજ્ઞાસા થઈ. એણે સંજયને પોતાના અજ્ઞાનકારણ માટે પ્રશ્ન કર્યો. 'સંજય! તું માધવને સર્વ લોકના મહેશ્વર તરીકે શાથી ઓળખે છે અને હું એમને કેમ ઓળખતો નથી તેનું કારણ મને કહે.' (૫-૬૭-૧).

સ્પષ્ટવક્તા સંજયે ઉત્તર આપ્યો : 'રાજન્! (એનું કારણ એ છે કે) તમારામાં (આત્મ) વિદ્યા નથી અને મારામાંથી વિદ્યા જતી નથી (મારી પાસે નિરંતર વિદ્યા છે), એ તમે જાણી લો. (આત્મ)વિદ્યાહીન અને તમસ્થી ઘેરાયેલો (અંધ મનુષ્ય) કેશવને જાણતો નથી. વિદ્યાના પ્રભાવથી ત્રિયુગરૂપી[૩૦] (ત્રણ યુગ્મ: ૧. ધર્મ-જ્ઞાન, ૨. વૈરાગ્ય-ઐશ્વર્ય, ૩. શ્રી-યશ.) સ્વયંભૂ કર્તા અને પ્રાણીમાત્રનું સર્જન અને લય કરનારા દેવ મધુસૂદનને હું જાણું છું'; (૫-૬૭-૨, ૩).

ધૃતરાષ્ટ્રની જિજ્ઞાસા આગળ વધી. એણે સંજયને પૂછ્યું : 'તું કયી ભક્તિથી ત્રિયુગ મધુસૂદનને ઓળખે છે?' (૫-૬૭-૪).

સંજયે પોતાની ભક્તિનું લક્ષણ દર્શાવ્યું : 'તમારું કલ્યાણ થાઓ, હું માયા(કપટ)નું સેવન કરતો નથી. વૃથાધર્મનું (ધર્માભાસ કે ધર્મના અંચળા નીચે અધર્મનું) આચરણ કરતો

---

૨૯ कालस्य च हि मृत्योश्च जङ्गमस्थावरस्य च ।
ईशते भगवानेकः सत्यमेतद्‌ब्रवीमि ते ॥ ५-६६-१३
ईशन्नपि महायोगी सर्वस्य जगतो हरिः ।
कर्मण्यारभते कर्तुं कीनाश इव दुर्बलः ॥ ५-६६-१४
तेन वञ्चयते लोकान्मायायोगेन केशवः ।
ये तमेव प्रपद्यन्ते न ते मुह्यन्ति मानवाः ॥ ५-६६-१५
૫-૬૬-૧૫ સાથે સર૦ मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ॥
૬-૩૩-૫૫ (ગીતા. ૧૧-૫૫); સર૦ ગીતા ૯-૩૪; ૧૮-૬૫.

[ગીતાના આ શ્લોકને સર્વ ટીકાકારોએ સર્વ શાસ્ત્રનો સાર કહ્યો છે. આ શ્લોકના ઉદ્‌ઘાટન માટે જુઓ 'ભારત-રત્ન' બીજી આવૃત્તિ, ૧૯૬૭, પૃ. ૨૮૯ થી ૨૯૨.]

'હે પાંડવ! જે મારા અર્થે કર્મ કરે છે, મારા પરાયણ રહે છે, મારો ભક્ત છે, આસક્તિ છોડે છે, અને પ્રાણીમાત્ર પ્રત્યે વૈર-દ્વેષ રહિત છે તે મને પામે છે.'

૩૦ સર૦ (૧) ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसश्श्रियः ।
ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥ વિષ્ણુપુ. ૬-૫-૭૪

સર૦ વિષ્ણુ. ૬-૫-૭૯, જેમાં જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, વીર્ય અને સંપૂર્ણ તેજોને 'ભગવન્' શબ્દનાં વાચ્ય ગણ્યાં છે.

(૨) 'ત્રિયુગ'નો બીજો અર્થ 'કલિ સિવાયના ત્રણ યુગમાં અવતરનાર' એવો કરવામાં આવે છે, પણ તે યોગ્ય લાગતો નથી.

નથી. આ ભક્તિથી શુદ્ધ ભાવને પામીને તથા શાસ્ત્રજ્ઞાનથી હું જનાર્દનને જાણું છું.[૩૧] (૫-૬૭-૫).

સંજયની ભક્તિપૂત ઋજુવાણીથી ધૃતરાષ્ટ્રનું હૃદય આર્દ્ર બન્યું. એણે દુર્યોધનને આજ્ઞા કરી : 'દુર્યોધન ! તું હૃષીકેશ (ઇન્દ્રિયોના સ્વામી ક્ષેત્રજ્ઞરૂપી) જનાર્દનનો આશ્રય લે. ભાઈ! સંજય આપણો હિતૈષી છે, માટે તું કેશવને શરણે જા.' (૫-૬૭-૬).

આસુરી સંપત્તિના આવિષ્કાર દુર્યોધને મમત્વાંધ પિતાને પરખાવ્યું : 'અર્જુન (=દમ્ભ, દર્પ વગેરે આસુરી સંપત્તિથી રહિત શુદ્ધ જીવાત્મા) સાથે મૈત્રી છે એમ બોલતા દેવકીપુત્ર ભગવાન શ્રીકૃષ્ણ લોકોનો ભલે સંહાર કરી નાખે. હું આજે કેશવના શરણે જવાનો નથી.[૩૨] (હું તો આસુરી દુર્ગુણોથી લિપ્ત છું એટલે આજે તો જઈ પણ ન શકું. શુદ્ધ થતાં જઈશ, એવો ધ્વનિ પણ છે).' (૫-૬૭-૭)

દુઃખી ધૃતરાષ્ટ્રે ગાન્ધારીને ઉદ્દેશીને ઊભરો કાઢ્યો: 'ગાંધારિ! અતિશય દુર્મતિયા, ઈર્ષ્યાળુ, દુરાત્મા (અભિ-)માની અને હિતૈષીઓનું કહ્યું નહિ માનનારા આ તારા પુત્રની અધોગતિ થઈ રહી છે.' (૫-૬૭-૮).

સત્ય અને ન્યાયપરાયણ સતી ગાન્ધારીએ દુર્યોધનને ધધડાવ્યો 'ઓ ઐશ્વર્યકામ ! દુષ્ટાત્મા ! વૃદ્ધોની આજ્ઞાને તોડનાર બાલિશ ! જ્યારે તું ઐશ્વર્ય, જિંદગી, તારા પિતા અને મને લજીને દુશ્મનોની પ્રીતિને અને મારા શોકને વધારતો (અથવા મને શોકથી કાપી નાખતો) ભીમના હાથે માર્યો જઈશ, ત્યારે તારા પિતાના શબ્દોને યાદ કરીશ !' (૫-૬૭, ૧૦).

---

૩૧ मायां न सेवे भद्रं ते न वृथाधर्ममाचरे ।
शुद्धभावं गतो भक्त्या शास्त्राद्वेद्मि जनार्दनम् ॥ ५-६७-५

વૃથાધર્મ માટે જુઓ, દ્રૌપદી અંગે થયેલા ભાઈઓ વચ્ચેના કરારભંગ માટે વનવાસ જતાં અર્જુનને યુધિષ્ઠિરે ધર્મશાસ્ત્રનાં પ્રમાણો આપી અટકાવવા પ્રયત્ન કર્યો, ત્યારે અર્જુને કહેલા યાદગાર શબ્દો—

न व्याजेन चरेद्धर्ममिति मे भवतः श्रुतम् ।
न सत्याद्विचलिष्यामि सत्येनायुधमालभे ॥ १-२०५-२९

'દેખાવ માટે ધર્મ આચરવો નહિ, એમ મેં આપની પાસેથી સાંભળ્યું છે. હું સત્યથી વિચલિત થઈશ નહિ; હું સત્યપૂર્વક જ આયુધ ધારણ કરું છું.' (જુઓ 'ભારત-રત્ન, બીજી આવૃત્તિ, ૧૯૬૭, પૃ. ૩૪૯, નોંધ ૯).

કેવળ ભક્તિ નહિ પણ ઈશ્વરને જાણવા શાસ્ત્રજ્ઞાન પણ જરૂરી છે. શાસ્ત્રજ્ઞાન એટલે શું ? 'શાસ્ત્રવિધિનો અર્થ, ધર્મને નામે મનાતા ગ્રન્થોમાં કહેલી અનેક ક્રિયાઓ નહિ, પણ અનુભવજ્ઞાનવાળા સત્પુરુષોએ ખેડેલો સંયમમાર્ગ. 'અનાસક્તિયોગ' (ગીતાના અનુવાદ) ૧૬-૨૩ ઉપર ગાંધીજીની નોંધ. ગીતાના આ ૧૬-૨૩ શ્લોક ઉપરના ઉદ્ઘાટન માટે જુઓ 'ભારત-રત્ન', બીજી આવૃત્તિ, પૃ. ૨૭૬ થી ૨૭૯.

૩૨ भगवान्देवकीपुत्रो लोकं चेन्निहनिष्यति ।
प्रवदन्नर्जुने सख्यं नाहं गच्छेऽद्य केशवम् ॥ ५-६७-७

મમત્વ અને નિર્મમત્વની દ્વિધામાં ભીંસાતા ધૃતરાષ્ટ્રને પિતા વ્યાસે આ તબક્કે આશ્વાસન આપ્યું: 'ધૃતરાષ્ટ્ર! ધ્યાનપૂર્વક મને સાંભળ. તું શ્રીકૃષ્ણનો પ્રિય છે. તારો દૂત સંજય તને શ્રેયસૂના માર્ગમાં જોડશે. એકાગ્રપણે સેવાતા પુરાણ અને નૂતન હૃષીકેશને આ સંજય જાણે છે. (માટે સંજય દ્વારા) મહાભયથી છૂટાશે.[33] વૈચિત્રવીર્ય! જે પુરુષો ક્રોધ, હર્ષ અને તમસ્થી ઘેરાયેલા છે, તેઓ બહુવિધ (આશારૂપી) પાશેથી બંધાઈને (ધનવાન હોય તોપણ) પોતાના જ ધનથી સંતોષ પામતા નથી. (બીજાનું ખાવા તાકે છે). આવી રીતે કામનાઓથી મૂઢ બનેલા લોકો આંધળાથી દોરાતા આંધળાની પેઠે પોતાનાં ક્રોધ, હર્ષ, તમસ્ અને લોભકૃત) કર્મથી વારંવાર યમની પકડમાં આવે છે. કેવળ આ એક જ (હૃષીકેશ પરમાત્માની નિષ્કામ ઉપાસનાનો પન્થ (યમની પકડમાંથી નિર્ભય) છે. મનીષીઓ એ માર્ગે જાય છે. મહાપુરુષ એને જોઈને (સંપૂર્ણ જાણીને) મૃત્યુને તરી જાય છે અને (ફરીથી કામનાઓમાં) આસક્ત થતો નથી.'[34] (૫-૬૭-૧૧ થી ૧૫).

---

૩૩ दयितोऽसि राजन्कृष्णस्य धृतराष्ट्र निबोध मे ।
यस्य ते संजयो दूतो यस्त्वां श्रेयसि योक्ष्यते ॥ ५-६७-११.

जानात्येष हृषीकेशं पुराणं यच्च वै नवम् ।
शुश्रूषमाणमेकाग्रं मोक्ष्यते महतो भयात् ॥ ५-६७-१२.

સર૦ समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥६-३१-२९ (ગીતા ૯-૨૯).

'બધાં પ્રાણીઓમાં હું સમાનપણે રહું છું. (એટલે) મને કોઈ દ્વેષ્ય અને પ્રિય નથી (તેમ છતાં) જેઓ મને ભક્તિપૂર્વક ભજે છે, તેઓ મારામાં છે, અને હું પણ તેમનામાં છું,

અર્થાત્ ભક્તિવાળો અર્જુન ભગવાનને પ્રિય છે, તો મમતાંધ ધૃતરાષ્ટ્ર (કે બીજો કોઈ) પણ જો પરમાત્મામાં મન લગાડે તો એ પણ એમને પ્રિય જ છે. જુઓ ગીતા ૯-૩૦, ૩૧ ઇ.

૩૪ (૧) वैचित्रवीर्य पुरुषाः क्रोधहर्षतमोवृताः ।
सिता बहुविधैः पाशैर्ये न तुष्टा स्वकर्मभिः ॥ ५-६७-१३.

સર૦ आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहन्ते कामभोगार्थं अन्यायेनार्थसंचयान् ॥ ६-३८-१२.
(ગીતા. ૧૬-૧૨).

(૨) यमस्य वशमायान्ति काममूढा पुनः पुनः ।
अन्धनेत्रा यथैवान्धा नीयमानाः स्वकर्मभिः ॥ ५-६७-१४.

સર૦ યમને આત્માવસન્ન—આત્મામાં જ લીન અમૃત અને બ્રહ્મચર્ય કહીને, પવિત્ર મનુષ્યોને કલ્યાણકારી અને અપવિત્રોને અકલ્યાણકારી દર્શાવ્યા પછી, કામ અને ક્રોધરૂપી મૃત્યુને (યમને) બાલકો (અજ્ઞાનીઓ) સ્વાધીન થાય છે, પરન્તુ ધીર પુરુષો ધૈર્ય વડે મૃત્યુને તરી જાય છે ઇત્યાદિ કહેતું સનત્સુજાતનું પ્રવચન ૫-૪૨-૧ થી ૧૪.

(૩) एष एकायनः पन्था येन यान्ति मनीषिणः ।
तं दृष्ट्वा मृत्युमत्येति महांस्तत्र न सज्जते ॥ ५-६७-१५.

આ શ્લોકમાં અને હવે પછીના શ્લોકોમાં આવતો 'પન્થ' શબ્દ એના મૂળ ઉદાત્ત અર્થમાં છે. સાંપ્રદાયિકતાએ એને હીન કક્ષાએ ઉતારી પાડ્યો છે.

વ્યાસના અનુરોધથી શ્રીકૃષ્ણને પામવા માટે ધૃતરાષ્ટ્ર અધીરો થઈને નમ્રતાથી સંજયને પૂછવા માંડ્યો: 'સંજય! મને અકુતોભય (સર્વથા નિર્ભય) માર્ગ કહે. એટલે એ માર્ગે હૃષીકેશની પાસે જઈને ઉત્તમ શાન્તિને પામું!' (૫-૬૭-૧૬).

વિદ્વાન સંજયે જણાવ્યું: 'અશુદ્ધ અંતઃકરણવાળો પુરુષ જિતેન્દ્રિય જનાર્દનને કદી જાણી શકે નહિ. ઇન્દ્રિયનિગ્રહ(સંયમ) સિવાય આત્માને શુદ્ધ કરવાનો બીજો કોઈ ક્રિયોપાય (સફળ ઉપાય) નથી. (કામનિકતાથી) ઇન્દ્રિયો ઉન્મત થયેલી હોય છે. માટે અપ્રમાદથી કામનાઓ ત્યજવી. અપ્રમાદ અને અવિહિંસાથી (સંપૂર્ણ અદ્રોહથી) જ્ઞાન થાય છે એ નિઃસંશય વાત છે. માટે રાજન્! તમે અતન્દ્રિતપણે ઇન્દ્રિયસંયમ કરવામાં રત રહો. તમારી બુદ્ધિ એમાંથી ચળો નહિ. આમતેમ ભટકતી તેને બરાબર કાબૂમાં રાખો. આ ઇન્દ્રિયધારણને જ (સંયમને) વિપ્રો (=અંતરોર્મિઓનો ઉન્નત પ્રકોપ અનુભવનારા બ્રહ્મવેત્તાઓ) સાચું જ્ઞાન જાણે છે. આ જ જ્ઞાન છે, અને મનીષીઓ જે પન્થે જાય છે તે આ જ પન્થ છે. રાજન્! ઇન્દ્રિયો અજિત હોય તો (સંયમ ન હોય તો) મનુષ્યો કેશવને પ્રાપ્ત કરી શકતા નથી. આગમમાં નિપુણ જિતેન્દ્રિય (જ્ઞાન અને કર્મ) યોગથી તત્ત્વમાં (પરમાત્મા શ્રીકૃષ્ણમાં પ્રવેશીને) પ્રસન્ન થાય છે.'[૩૫] (૫-૬૭-૧૭ થી ૨૧).

---

૩૫ (૧) नाकृतात्मा कृतात्मानं जातु विद्याज्जनार्दनम् ।
आत्मनस्तु क्रियोपायो नान्यत्रेन्द्रियनिग्रहात् ॥ ५-६७-१७.
इन्द्रियाणामुदीर्णानां कामत्यागोऽप्रमादतः ।
अप्रमादोऽविहिंसा च ज्ञानयोनिरसंशयम् ॥ ५-६७-१८.
इन्द्रियाणां यमे यत्तो भव राजन्नतन्द्रितः ।
बुद्धिश्च मा ते च्यवतु नियच्छैतां यतस्ततः ॥ ५-६७-१९,
एतज्ज्ञानं विदुर्विप्रा ध्रुवमिन्द्रियधारणम् ।
एतज्ज्ञानं च पन्थाश्च येन यान्ति मनीषिणः ॥ ५-६७-२०.
अप्राप्यः केशवो राजन्निन्द्रियैरजितैर्नृभिः ।
आगमाधिगतो योगाद्वशी तत्त्वे प्रसीदति ॥ ५-६७-२१.

(૨) ઉપર ૫-૬૭-૧૭માં વર્ણવાયેલ જિતેન્દ્રિય શ્રીકૃષ્ણને અત્યંત અજિતેન્દ્રિય વર્ણવતાં પુરાણો અને 'ભક્તો'એ 'ગોપીજનવલ્લભ'ના રૂપને સમજ્યા વિના કૃષ્ણના બદલે પ્રમાદ અથવા યમ કે રાવણના ઉપાસકો બન્યા છે.

(૩) 'મૃત્યુ છે પણ સત્કર્મથી દૂર કરાય છે અને મૃત્યુ છે જ નહિ એ બન્ને મત સાચા છે, અને આદ્યપ્રવૃત્ત છે. મોહ એ મૃત્યુ છે એવો જ્ઞાનીઓને સંમત મત છે તે પણ સાચો છે, પરન્તુ હું પ્રમાદને મૃત્યુ કહું છું, અને સદા-અપ્રમાદને અમૃતત્વ કહું છું.' ૫-૪૨-૪. વગેરે કહેતા સનત્સુજાતનું પ્રવચન સર° જુઓ ઉપર નોંધ ૩૪ (૨). જુઓ 'ભારત-રત્ન', બીજી આવૃતિ, ૧૯૬૭, પૃ. ૧૯૪ થી ૧૯૭.

(૪) કામના, ત્યાગ, અપ્રમાદ અને અવિહિંસાથી જ્ઞાન (સર° કેવળજ્ઞાન) થાય છે, એમ વર્ણવીને સંયમપન્થનો મહિમા વર્ણવતા મ. ભા.ના આ વિભાગ સાથે સર° જૈન આગમ 'ઉત્તરાધ્યયન સૂત્ર'નું ૪થું અધ્યયન 'અસંસ્કૃત' અને બૌદ્ધ 'ધમ્મપદ'નો બીજો 'અપ્રમાદવર્ગ'.

સંજયનું પ્રવચન સાંભળીને મોહાંધ ધૃતરાષ્ટ્રને લોભ-મોહનો ત્યાગ કરીને ચક્ષુષ્માન (દેખતો) થવાની ઉત્કટ ઇચ્છા થઈ આવી. શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવાની ધારણાથી એણે સંજયને પુરુષોત્તમ શ્રીકૃષ્ણનાં નામ અને કર્મોનું નિર્વચન પૂછ્યું. સંજયે અપ્રમેય કેશવનાં નામોનું પોતાના જ્ઞાનની મર્યાદામાં રહીને નિર્વચન સંભળાવીને ('ઉદ્યોગપર્વ' અ ૬૮. જુઓ લેખના અંતે પરિશિષ્ટ ૨') ઉમેર્યું, 'આવા સદા ધર્મનિષ્ઠ મહાબાહુ અચ્યુત ભગવાન આનૃશંસ્યને માટે (યુદ્ધ બંધ કરાવવા માટે) મુનિઓની સાથે અહીં પધારશે.' ધૃતરાષ્ટ્રનું અંતર ભીંજાઈ ગયું અને કૃષ્ણને જોવાની લગની લાગી; અને મનથી શ્રીકૃષ્ણને શરણે જવાની ભાવના કરી સંજય આગળ દિલ ખોલ્યું : 'સંજય ! શ્રેષ્ઠ સૌન્દર્યથી શોભતા તથા દિશાઓ અને પ્રદિશાઓને (ખૂણા) અજવાળતા વાસુદેવનું જેઓ સમીપમાં દર્શન કરશે એવા ચક્ષુષ્માનોની હું સ્પૃહા (એમને ઉત્કટપણે ચાહું છું) કરું છું.[36] સાત્વત, સર્વોત્તમ વીર, (ધર્મ અને શૌર્યના) પ્રણેતા, યાદવશ્રેષ્ઠ, શત્રુદળને હણનાર તથા ક્ષુબ્ધ કરનાર, દ્વેષ કરનારાના યશને ભસ્મ કરનારા, મહાત્મા, શત્રુનાશન અને વરેણ્ય એવા વૃષ્ણિશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ, જ્યારે ભરતવંશીઓએ સત્કારવા જેવી, સૃઞ્જયોને સુખ આપનારી, જીવવાની ઇચ્છાવાળાઓએ ગ્રહણ કરવા જેવી અને મરવા પડેલાઓ જેને ગ્રહણ કરી શકતા નથી એવી અનિંદ્ય અને અહિંસક વાણી બોલીને મારા પુત્રોને મોહિત કરતા હશે, ત્યારે ભેગા થયેલ સૌ કૌરવો એમનાં દર્શન કરશે. હું એ સનાતનતમ વિપશ્ચિત ઋષિ, વાણીના સમુદ્ર, યતિઓના કલશ (યતિશ્રેષ્ઠ),[37] અરિષ્ટનેમિ (ચક્રની જેમ વિઘ્નબાધાને ચૂર્ણ કરનાર), સુપર્ણ ગરુડરૂપ (સર્વભક્ષી સૂર્ય), પ્રજાઓના પતિ, ભુવનના આધાર, હજારો મસ્તકવાળા પુરાણપુરુષ, આદિ, મધ્ય અને અન્તરહિત (ઉત્પત્તિ, સ્થિતિ અને મૃત્યુરહિત), અનન્ત કીર્તિવાળા, શુક્રના ધાતા (બીજમાત્રના અથવા શુભકર્મના સર્જક), અજન્મા, જનિત્ર (સ્રષ્ટા) એવા શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ શ્રીકૃષ્ણને શરણે જાઉં છું. ત્રણે લોકનું નિર્માણ કરનારા, દેવ અસુર, નાગ અને રાક્ષસોના સર્જક, રાજાઓ અને વિદ્વાનોમાં શ્રેષ્ઠ એવા તે ઇન્દ્રાનુજ શ્રીકૃષ્ણને શરણે હું જાઉં છું.' ('ઉદ્યોગપર્વ અ. ૬૯).

* * *

જગતમાં મોટાભાગના મનુષ્યો યુગકારિત, યુગજનિત, યુગપ્રેરિત હોય છે, જ્યારે શ્રીકૃષ્ણ પૂર્ણ અર્થમાં યુગકારક, યુગજનક અને યુગપ્રવર્તક હતા. સંજયે ઉપપ્લવ્યમાં અપરોક્ષવિદ્ય શ્રીકૃષ્ણનું આવું આત્મયોગી યુગચક્રપ્રવર્તક રૂપ જોયું-પારખ્યું.

---

૩૬ चक्षुष्मतां वै स्पृहयामि संजय
द्रक्ष्यन्ति ये वासुदेवं समीपे ।
विभ्राजमानं वपुषा परेण
प्रकाशयन्तं प्रदिशो दिशश्च ॥ ५-६९-१.

ચક્ષુષ્માન શબ્દ ભગવાન બુદ્ધનું ખાસ વિશેષણ છે, તે નોંધવું જોઈએ.

૩૭ वाचः समुद्रः कलशं यतीनाम् । ५-६९-५९.

कलशनो અર્થ મોનિયર વિલિયમ્સના કોશમાં આ પ્રમાણે છે :—

A round pinnacle on the top of a temple (especially the pinnacle crowning a Buddhist Caitya or Stūpa,) Kādambarī.

કૌરવસભામાં એ દર્શનની છાપ સહિતનો વૃત્તાંત આપ્યો. શાન્તિપ્રિય છતાં અર્થદાસ કૌરવપક્ષી વડીલોની નબળાઈ, આસુરી દુર્યોધનના ગર્વિષ્ઠ ફુંફાડા અને સુલેહ નહિ જ કરવાનો નિરધાર, બાલ આત્માના પ્રતિનિધિ અંધ ધૃતરાષ્ટ્રની મૂંઝવણ, મૂર્ખના પનારે પડેલાં તેથી છતી આંખે પણ પાટા બાંધીને અંધની જેમ વર્તતાં ગાન્ધારીની અસૂયા વિનાની સ્વચ્છ દૃષ્ટિ ત્યાં દેખાઈ. મહાપ્રાજ્ઞ વિદુરે ઐક્યથી સ્વાતંત્ર્ય અને કુસંપથી પારતંત્ર્ય આવે છે એ અનુભવસિદ્ધ સમજણ આપવા પ્રયત્ન કર્યો. ભીષ્મ જેવા ધુરંધરો જ્યાં અસહાય હતા, ત્યાં ય વિદુર અને સંજય જેવા હીનજાતિના છતાં પ્રાજ્ઞ પુરુષો સત્ય સમજીને નિર્ભયપણે પોતાનું તેજ દાખવી શકે છે, એવું કવિ વેદવ્યાસે ફરી એક વખત દર્શાવ્યું.

ધૃતરાષ્ટ્ર (અને કૌરવસમાજ) ઉત્કટભાવે શ્રીકૃષ્ણના આગમનની પ્રતીક્ષા કરી રહ્યો.

*                    *                    *

## પરિશિષ્ટ ૧

### સંપ જાળવવા માટે બે પક્ષીનું દૃષ્ટાંત

સંદર્ભ-'ઉદ્યોગપર્વ', અ. ૬૨.

એક પક્ષી પકડનારની જાળમાં એક વખતે સરખાં બળવાળાં બે પક્ષીઓ સપડાઈ ગયાં, પણ બન્ને એ જાળને લઈને ઊડી ગયાં. શાકુનિક (પક્ષી પકડનારો) પણ કંટાળ્યા વિના તેમની પાછળ દોડવા માંડ્યો. એવામાં નિત્યકર્મ પતાવીને બેઠેલા કોઈ મુનિ તેને આમ દોડતો જોઈને બોલ્યા: હે મૃગહન્ ! તું આકાશમાં ઊડતા પક્ષીઓની પાછળ પગપાળો દોડે છે એ મને વિચિત્ર આશ્ચર્ય જેવું લાગે છે !'

શાકુનિકે ઉત્તર આપ્યો: 'આ બન્ને પક્ષીઓ સંપથી મારી જાળને લઈ જાય છે, પણ તેઓ પરસ્પર વિવાદ કરશે (લઢશે) એટલે મારી પકડમાં આવી જશે.'

'એ પછી મરણોન્મુખ થઈને બન્ને પક્ષીઓ દુર્બુદ્ધિથી લઢ્યાં. ભોંય પર પડ્યાં. એ બન્ને આમ બીજી ખબર રાખ્યા વિના લઢતાં હતાં એવામાં શાકુનિકે એમને પકડી લીધાં.'

કથા પૂરી કરીને વિદુરે કહ્યું: 'આવી રીતે જે સંબંધીજનો અર્થને માટે આપસમાં વિગ્રહ કરે છે તેઓ આ બે પક્ષીઓની જેમ શત્રુને વશ થાય છે. સાથે બેસીને જમવું ભેગાં મળીને વાતો કરવી, એકબીજાની કુશળતા પૂછવી અને હળવું-મળવું એ સંબંધીજનોએ કરવાનાં કાર્ય છે. કદી પણ વિરોધ કરવો નહિ.[૩૮] સુયોગ્ય સમયે સદ્ભાવપૂર્વક જેઓ ભેગા મળીને વૃદ્ધોને ઉપાસે છે, તેઓ સિંહથી સુરક્ષિત અરણ્યની જેમ અજેય રહે છે. જેઓ સતત અર્થ મેળવીને પણ દીનની જેમ રહે છે તેઓ પોતાની શ્રીને શત્રુને હવાલે કરી દે છે. ભરતર્ષભ ધૃતરાષ્ટ્ર ! સંબંધીજનો છૂટાં હોય તો ઉલ્મુક(ઊંબાડિયા)ની જેમ ધૂંધવાય છે પણ એકઠાં મળે ત્યારે સળગી ઊઠે છે (અનૈક્યથી ધૂંધવાટ અને ઐક્યથી તેજ પ્રકટે છે.)' (૫-૬૨-૬ થી ૧૯).

---

૩૮ संभोजनं संकथनं संप्रश्नोऽथ समागमः ।
एतानि ज्ञातिकार्याणि न विरोधः कदाचन ॥ ५-६२-१६.

[ આ કથા સાથે સર૦ પાલિ ‘ જાતક ’ ૩૩, ‘ સમ્મોહમાન જાતક ’ની કથા તથા ‘ પંચતંત્ર ’ બીજા તંત્રમાં આવતી કપોતરાજ ચિત્રગ્રીવની કથા. ‘ પંચતંત્ર’નો કપોતરાજ સંપથી પરિવાર સહિત જાળમાંથી છૂટી જાય છે, એ રીતે નોંધપાત્ર છે. ‘ હિતોપદેશ ’માં ‘ પંચતંત્ર ’ને મળતી કથા છે. ]

વિદુરે અહીં ઉદ્‌બોધેલ સંપ અને ઐકયના વિચારનાં મૂળ વેદમાં છે: ‘ઋગ્વેદ’ના અંતે ઘોષણા છે :

संसमिद्युवसे वृषन्नग्ने विश्वान्यर्य आ ।[३९]
इळस्पदे समिध्यसे स नो वसून्या भर ॥ १ ॥

હે પરાક્રમી અગ્નિદેવ! તમે શત્રુઓ પાસેથી પણ સર્વ જાતની (સંપત્તિઓ) એકત્રિત કરો છો. આ ઈડા દેવીના સ્થાન ઉપર અમે તમને પ્રજ્વલિત કર્યા છે. આવા તમે અમને (અમારામાં ઐકય સ્થાપીને) સંપત્તિ લાવીને આપો.

सं गच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम् ।
देवा भागं यथा पूर्वे संजानाना उपासते ॥ २ ॥

તમે સૌ એકમતે ચાલો અને એકમતે બોલો. જેવી રીતે પ્રાચીન સમયમાં દેવોએ (હૃદયથી) એકમત થઈને પોતપોતાનો હવિર્ભાગ સ્વીકાર્યો હતો, તેવી રીતે તમારાં મન પણ એક થાવ. (વેદના કવિ કહે છે કે દેવોએ પણ જો યજ્ઞભાગ ઐકય અર્થાત્ પ્રેમ સાથે વહેંચ્યો હતો, તો મનુષ્યોએ વહેંચણી કરતાં શા માટે કલહ કરવો?)

समानो मन्त्रः समितिः समानी समानं मनः सह चित्तमेषाम् ।
समानं मन्त्रमभि मन्त्रये वः समानेन वो हविषा जुहोमि ॥ ३ ॥

તમારો સૌનો મન્ત્ર એક હો. તમારી સભા એક જ હો અને મન પણ એકરૂપ થઈને ચિત્ત (અર્થાત્ વિચાર) પણ એકરૂપ થાઓ. તમારા સૌનું એક જ મન્ત્રથી અભિમન્ત્રણ કરીને હું એક જ આહુતિથી હવન કરું છું.

समानी व आकूतिः समाना हृदयानि वः ।
समानमस्तु वो मनो यथा वः सुसहासति ॥ ४ ॥

‘ઋગ્વેદ’ ૧૦-૧૯૧-૧ થી ૪.

તમારા સૌના સંકલ્પ એકરૂપ થાઓ. તમારાં હૃદય પણ એકરૂપ થાઓ. તમારું આ સહજીવન (સંગઠન) પૂર્ણ સફલ થાય તે માટે તમારાં મનની એકતા થાઓ.

ઉપરના મન્ત્ર ૩=કે. ‘ અથર્વવેદ ’ ૬-૬૪-૨.
મન્ત્ર ૪=‘ અથર્વવેદ ’ ૬-૬૪-૩.

---

૩૯ **सं सं विश्वानि युवसे ।** ये शब्द बडे अर्थपूर्ण है । सभी प्रकारोंकी वस्तुओंको किसी भी ढंगसे अगर तुम एक स्थान पर ला सकते हो तो हममें सामञ्जस्य या ऐक्य को स्थापित करनेमें तुम्हारे लिए कोई कठिनाई नहीं होगी । **इळः पदे** याने वेदि पर. “ ऋक्सूक्तवैजयन्ती ” पृ. ४५२.

અને 'અથર્વવેદ' વધુમાં કહે છે :

समानी प्रपा सह वोऽन्नभागः समाने योक्त्रे सह वो युनज्मि ।
सम्यञ्चोऽग्निं सपर्यतारा नाभिमिवाभितः ॥

તમે સાથે બેસીને પાણી પીઓ, ભેગા મળીને ભોજન જમો, હું તમને પ્રેમ-સૂત્રમાં ભેગા બાંધું છું, જેવી રીતે પૈડાંના આરા નાભિને આધારે રહે છે, તેમ તમે એક અગ્નિના આશ્રયે રહીને ઉપાસના કરો.

ઐક્ય અને પ્રેમપૂર્વક સાથે બેસીને જીવનનાં સમસ્ત કાર્યો કરવાનો અનુરોધ કરતા વેદો અને મહાભારત ક્યાં, અને 'ધર્મ'ને નામે પુત્ર–પત્ની–ભાઈ જેવાં નિકટનાં સંબંધીઓનું એઠેલું અન્નજળ ગ્રહણ કરવામાં 'અધર્મ' સમજતા મરજાદી જેવા 'ધાર્મિક' અધર્મિષ્ઠ જનો ક્યાં ? પછી અસ્પૃશ્યોને અપનાવવાની કે અડકવાની વાત તો કેટલી દૂર રહી ? આ જડ 'ધાર્મિકતા'એ ધર્મના મૂળ પાયા સંપ, ઐકચ અને ભારતીય શ્રીને ઝાંખી કરીને હિન્દુસ્તાનને રંક કર્યું છે.

## પરિશિષ્ટ ૨

## શ્રીકૃષ્ણનાં નામોનું સંજયપ્રોક્ત નિર્વચન

ધૃતરાષ્ટ્રના પ્રશ્ન ઉપરથી સંજયે શ્રીકૃષ્ણનાં કેટલાંક નામોનું નિર્વચન કહી સંભળાવ્યું હતું :

સર્વ ભૂતોના વસનરૂપ (વસ્ત્રરૂપ, ઢાંકણરૂપ અથવા તેમાં વસનારા) છે, વસુત્વવાળા છે (તેજસ્વી કે સમૃદ્ધિમાન), અને દેવોના ઉત્પત્તિકારણ હોવાથી વાસુદેવ.૪૦ વૃષત્વ( ધર્મ કે કામનાઓની વૃષ્ટિ કરનાર )ને લીધે વૃષ્ણિ, મૌન, ધ્યાન અને યોગને લીધે (વસન્ત ઋતુ જેવા પ્રફુલ્લિત હોઈ) માધવ, સર્વ તત્ત્વો( પંચભૂતો )નો લય કરવાથી મધુહા (તમસ્‌નો નાશ કરનારા હોઈ) મધુસૂદન, (મધુઃ = તમસ્. જુઓ ૧૨-૩૩૫-૨૨, ૨૩). 'કૃષિ' શબ્દ 'ભૂ' એટલે સત્તાવાચક છે અને 'ણ' નિર્વૃત્તિવાચક છે. આમ સત્તા અને પરમ આનન્દના બંને ભાવ હોવાથી (સત્-ચિત્-આનન્દરૂપ હોવાથી) કૃષ્ણ, નિત્ય, અક્ષર અને અક્ષય પુણ્ડરીક (શ્વેતકમળ એવું શુભ્ર હૃદયકમળ) એમનું પરમ ધામ છે માટે પુંડરીકાક્ષ. દસ્યુ (લૂંટારા) જનોને ત્રાસ આપે છે એટલે જનાર્દન. સત્ત્વ તેમનામાંથી જતું નથી અને જેઓ સત્ત્વને છોડતા નથી, એટલે સત્ત્વને લીધે સાત્વત. આર્ષભાવથી (આર્ષ અર્થાત્ વેદોના પ્રચારક અથવા નિરીક્ષક છે તેથી, કે વેદોથી એ જોઈ શકાય છે તેથી) વૃષભેક્ષણ, અનીકજિત (સૈન્યો જીતનારા) કૃષ્ણનો કોઈ·

---

૪૦. સર° (क) ॐ ईशा वास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत् । ઈશ. ૧ કખ. અથવા ॐ इशावास्यमिदं°.

(૧) આ સંસારમાં જે કંઈ સ્થાવર-જંગમ જીવન છે તે ઈશ્વર દ્વારા (વસ્ત્રની જેમ) આચ્છાદ્ય છે.

(૨) આ જગતમાં જે કંઈ જીવન છે તેમાં ઈશ્વર વસેલો છે.

(ख) સર° वासुदेवः सर्वमिति । ૬=૨૯–૧૯ક (ગીતા ૭–૧૯ક).

આના ઉપર શંકરાચાર્યનું એક ભાષ્ય : वासुदेवं प्रत्यगात्मानम् । 'વાસુદેવ' એટલે પ્રત્યગાત્મા.

જનક નથી માટે અજ. દેવોને (ઇન્દ્રિયો) સ્વપ્રકાશ આપે છે અને દમન (સંયમ) કરે છે, અથવા ઇન્દ્રિયોને સ્વપ્રકાશ આપે છે અને દમવાળા (સંયમી) છે માટે દામોદર. હર્ષ, સૌખ્ય અને સુખૈશ્વર્યવાળા છે માટે હૃષિકેશ. બે બાહુથી સ્વર્ગ અને પૃથ્વીને ધારણ કરે છે માટે મહાબાહુ. (સ્વરૂપથી) નીચે ક્ષીણ થતા નથી માટે અધોક્ષજ. નરોનું અયન (આશ્રયસ્થાન) છે માટે નારાયણ. પૂર્ણ કરનારા અને લય કરનારામાં (ઉત્તમ) છે માટે પુરુષોત્તમ. અસત્ અને સત્ સર્વની ઉત્પત્તિ અને લય કરનારા, અને સદા સર્વના જ્ઞાનવાળા છે તેથી સર્વ કૃષ્ણ સત્યમાં રહેલા છે, સત્ય કૃષ્ણમાં રહેલું છે, અને એ ગોવિન્દ સત્યનું પણ સત્ય છે માટે જિષ્ણુ. શાશ્વત્ છે એટલે અનન્ત. ગાયોને મેળવે છે (અથવા ઇન્દ્રિયોના પ્રકાશક છે) તેથી ગોવિન્દ. જે અતત્ત્વને (આભારરૂપ જગતને) તત્ત્વ જેવું કરે છે અને તેનાથી લોકોને મોહિત કરે છે, એ સદા ધર્મનિષ્ઠ મહાબાહુ અચ્યુત ભગવાન આનૃશંસ્યને માટે મુનિઓની સાથે અહીં પધારવાના છે.

('ઉદ્યોગપર્વ', ૬૮-૩ થી ૧૪).

['શાન્તિપર્વ', અ. ૩૨૮માં નારાયણનાં કેટલાંક નામોનું નિર્વચન આવે છે. વળી 'શાન્તિપર્વ' અને 'અનુશાસનપર્વ'માં આવતાં 'કૃષ્ણનામશતસ્તુતિ' (શાન્તિ., અ. ૪૩), અને 'વિષ્ણુસહસ્રનામ' (અનુ., અ. ૧૩૫) તે ઉપરની ટીકાઓ સાથે અહીં સરખાવવાં જેવાં 'શિવસહસ્રનામ' (અનુ., અ. ૧૭) જેવાં સ્તોત્રો પણ દ્રષ્ટવ્ય.]

# ગુજરાતના મુખ્ય શૈવ આચાર્યો

જીવણલાલ પ્ર. અમીન

ગુજરાતમાં શૈવ ધર્મના જે જુદા જુદા સંપ્રદાયો પ્રવર્ત્યા, તેના સ્થાપકો તથા પ્રવર્તકો તરીકે અનેકાનેક મોટા-નાના આચાર્યોનો ફાળો રહ્યો છે. આ પૈકી કેટલાક આચાર્યો વિશે પ્રાચીન કાળના સાહિત્યિક તથા આભિલેખિક ઉલ્લેખો પરથી જાણવા મળે છે. જ્યારે બીજા કેટલાયે આચાર્યો એવા કોઈ ઉલ્લેખના અભાવે નામશેષ પણ નહિ રહ્યા હોય. વળી જે આચાર્યોને વિશે ઉલ્લેખો ઉપલબ્ધ છે તેમનું યે સળંગ ચરિત ભાગ્યે જ જાણવા મળે છે.

ઈતર ધર્મસંપ્રદાયોની જેમ આ ધર્મના સંપ્રદાયોમાં પણ આચાર્યોનું સ્થાન તથા પ્રદાન મહત્ત્વનું હોઈ ગુજરાતના શૈવ-આચાર્યો વિશે વત્તી-ઓછી જે માહિતી ઉપલબ્ધ હોય તેની તારવણી અહીં આવશ્યક ગણાય.

## ૧. સોમશર્મા

પુરાણોમાં એમને પ્રભાસ પાટણમાં થયેલા રુદ્ર-શિવના સત્તાવીસમા અવતાર તરીકે ગણાવ્યા છે,[૧] અને લકુલીશને અઠ્ઠાવીસમા અવતાર તરીકે આલેખ્યા છે.[૨] અર્થાત્ તેઓ સ્પષ્ટતઃ લકુલીશની પહેલાં થયા. પ્રભાસ પાટણના કુમારપાલના સમયના શિલાલેખ (ઈ. સ. ૧૧૬૯)માં[૩] ઉલ્લેખાયેલ "સોમ" તે આ હશે, એમ સંદર્ભો જોતા લાગે છે.[૪]

તેઓ શૈવ ધર્મની એક શાખા—સોમ સિદ્ધાંતના સ્થાપક હતા.[૫] ભીમદેવ બીજા (ઈ.સ. ૧૧૭૯ થી ૧૨૪૩)ના વેરાવળના શિલાલેખમાં નોંધ્યું છે કે સોમ દ્વારા સ્થાપિત શાખા કાળાંતરે ક્ષય પામી અને ત્યારબાદ શિવના અંશાવતાર રૂપ વિશ્વેશ્વરને આના સિદ્ધાંતો પુનઃ પ્રચલિત

---

૧ દા. ત. **सत्यविंशे** यदा व्यासो जातकर्ण्यो भविष्यति ॥
**प्रभासतीर्थमाश्रित्य सोमशर्मा** तदाप्यहम् ॥ ४१ ॥

શિવપુરાણ, રુદ્રસંહિતા, સર્ગ ૩, અ. ૫, શ્લોક ૪૧.

जातकर्ण्यो यदा व्यासो भविष्यति तपोधनः ॥
तदाप्यहं भविष्यामि **सोमशर्मा** द्विजोत्तमः ॥ १२१ ॥
**प्रभासतीर्थ**मासाद्य योगात्मा योगविश्रुतः ॥ १२२ ॥ લિંગપુરાણ, અધ્યા. ૨૪

૨ શિવપુરાણ, રુદ્રસંહિતા, સર્ગ ૩, અધ્યા. ૫, શ્લોક ૪૩ થી ૪૯; લિંગપુરાણ, અધ્યા. ૨૪, શ્લોક ૧૨૪ થી ૧૩૪

૩ સં. આચાર્ય ગિરિજાશંકર વલ્લભજી: ગુજરાતના ઐતિહાસિક લેખો (ગુ. ઐ. લે.), નં. ૧૫૫ ભાગ. ૨, પૃ. ૬૧

૪ Shaiva Cult in Northern India, P. 24 (Author: Pathak V. S.)

૫ એજન

કરવાનો આદેશ સ્વપ્નામાં મળ્યો.[6] જન્મ અક્ષપાદ અને કણાદને પુરાણોમાં સોમશર્માના શિષ્યો તરીકે ગણાવ્યા છે.[7] અક્ષપાદ અને કણાદનાં નામ અનુક્રમે ન્યાયદર્શનના રચયિતા તરીકે અને વૈશેષિક દર્શનના રચયિતા તરીકે જાણીતા છે. અક્ષપાદ ચોથા, ત્રીજા કે બીજા સૈકામાં થઈ ગયા, એમ જુદા જુદા મત છે.[8] સતીશચન્દ્ર વિદ્યાભૂષણ એમનો સમય ઈ. સ. ૧૫૦ના અરસામાં ગણાવે છે, જે વધુ સ્વીકાર્ય ગણાય છે.[9]

વૈશેષિક સૂત્રો ન્યાયસૂત્રો કરતાં પહેલાં રચાયેલાં છે.[10] તે ચરક પહેલાં તો ચોક્કસપણે રચાયેલાં છે.[11] ચરક ઈ. સ. ૮૦ના અરસામાં થયા.[12] એટલે આ સૂત્રો મોડામાં મોડા પહેલી સદીના ત્રીજા ચરણમાં રચાયાં ગણાય. તો એના રચયિતા કણાદની કારકીર્દિનો મહત્ત્વનો કાળ આ હશે, એમ કહી શકાય. એ પ્રમાણે વિચારતાં કણાદના ગુરુ સોમશર્માના જીવનનો ઉષઃકાળ પહેલી સદીના પહેલા–બીજા ચરણમાં ગણાવી શકાય.

આ રીતે ગણતાં લકુલીશના જીવનકાળ સાથે પણ આ સમય વધારે સારી રીતે ગોઠવાય છે. લકુલીશનો સમય ઈ. સ.ના બીજા સૈકાના પહેલા ચરણનો લગભગ સર્વસામાન્ય રીતે ગણાયો છે.[13] પુરાણોમાં સોમશર્મા અને લકુલીશ વચ્ચે રુદ્રના એક અવતારનો ગાળો ગણાયો છે.[14] હવે, કારવણ માહાત્મ્યમાં લકુલીશના પિતા તરીકે "વિશ્વરૂપ" અને પિતામહ તરીકે "સોમશર્મા" નામની

---

૬ એજન, પૃ. ૨૫. મધ્યયુગના પ્રારંભમાં આ સિદ્ધાંત ગુજરાતમાં અને નેપાળમાં પ્રચલિત હતો.

૭ દા. ત.: લિંગપુરાણ, અ. ૫૪, શ્લોક ૧૨૧ થી ૧૨૩; શિવપુરાણ, રુદ્રસંહિતા, સર્ગ ૩, અ. ૫.; વાયુપુરાણ, અ. ૩. વગેરે

૮ જાપાની વિદ્વાન યુ. ચી. એને બીજાથી ચૌથા સૈકામાં થયાનું ગણાય છે જ્યારે પ્રોફેસર એલ. સાઉલી એનો સમય ઈ. સ. ૩૦૦-૩૫૦નો જણાવે છે ( History of Indian Logic, P. 50 )

૯ આ પરથી ડૉ. વી. એસ. પાઠક સોમશર્માને પહેલી શતાબ્દીના ઉત્તરાર્ધમાં કે બીજી શતાબ્દીના પ્રારંભમાં થયા હોવાનું ગણાવે છે ( શૈવ કલ્ટ ઇન નોર્ધર્ન ઇંડિયા, પૃ. ૨૪ ) પણ જો આ માન્ય રાખીએ તો લકુલીશના નિશ્ચિત થયેલા સમય–ઈ. સ.ના બીજા સૈકાના પ્રથમ ચરણ—સાથે મેળ બેસતો નથી. પુરાણો સોમશર્માને શિવના સત્તાવીસમા અવતાર તરીકે ગણાવે છે, એટલે બંને સાથે તો હોઈ શકે જ હિ. વિશેષમાં પુરાણો આ વર્ણન કરતી વખતે સોમશર્મા અને એ પૂર્વના અવતાર માટે ભૂતકાળ વાપરે છે. એટલે બંને વચ્ચે એકાદ શતાબ્દીનો ગાળો હશે, એમ માનવું રહ્યું.

ત્રીજું ડૉ. પાઠક સોમશર્માનો સમય એમના ચાર શિષ્યોમાંના એક શિષ્ય—ફક્ત અક્ષપાદના કાળ પરથી જ તારવે છે; પણ અક્ષપાદ ઉપરાંત કણાદના કામ પરથી સોમશર્માનો સમય નક્કી કરવામાં આવે તો આ બધા પ્રશ્ન ઉકલી જાય છે.

૧૦ A History of Indian Philosophy, Pol. I, P. 288 ) Author: Surendranath Dasgupta )

૧૧ એજન

૧૨ એજન

૧૩ Epigraphica Indica, Vol. 21. P. 7 ( Dr. D. R. Bhandarker )

૧૪ દા. ત.: વાયુપુરાણ ખંડ ૧, અ. ૨૩ સુ.; કૂર્મપુરાણ ખંડ ૧, અ. ૫૩. લિંગપુરાણ અ. ૨૪. વગેરે.

વ્યક્તિને ગણાવી છે.[૧૫] કારવણ માહાત્મ્યમાં ગણાવેલ લકુલીશના પિતામહ સોમશર્મા અને આ સોમશર્મા કદાચ એક હોય—એ રીતે જોઈએ તોપણ સોમશર્માનો આ સમય વધુ વ્યાજબી ઠરે છે.

**શિષ્યમંડળ :**—પુરાણોમાં સોમશર્માના ચાર શિષ્યો ગણાવ્યા છે.[૧૬]—૧. અક્ષપાદ, ૨. કણાદ, ૩. ઉલૂક અને ૪. વત્સ.

આ શિષ્યો પ્રકાંડ જ્ઞાની હતા, એ આપણે અક્ષપાદ અને કણાદે રચેલાં સૂત્રો પરથી કહી શકીએ. અક્ષપાદ ન્યાય-સૂત્રોના રચયિતા હતા અને કણાદ વૈશેષિક-સૂત્રોના રચયિતા હતા.

## ૨. લકુલીશ

પુરાણોમાં,[૧૭] અન્ય સાહિત્યિક ગ્રન્થોમાં[૧૮] અને અભિલેખોમાં[૧૯] લકુલીશ અને એના સ્થાપિત સંપ્રદાયના અનેક ઉલ્લેખો જોવા મળે છે. આમાંના લગભગ બધાં જ પુરાણોમાં[૨૦] અન્ય સાહિત્યિક-ગ્રન્થોમાં[૨૧] અને સારંગદેવના સમયની વિ. સં. ૧૩૪૩ (ઈ. સ. ૧૨૮૭)ની

---

૧૫ ......**सोमशर्मेति** विख्यातो धर्मशीलो जितेन्द्रियः ।
सोमशर्मसुतो जातो **विश्वरूपो** द्विजोत्तमः ॥
विश्वरूपादहं जातो **बालरूपधरो हरः** ।

કારવણ માહાત્મય, ગ. કા, પરિ. ૪, પૃ. ૫૧

૧૬ प्रभासतीर्थमाश्रित्य **सोमशर्मा** तदाप्यहम् ॥ ४१ ॥
तत्रापि मम ते शिष्याः भविष्यन्ति तपस्विनः ।
**अक्षपादः कणादश्योलूको वत्सस्तथैव** च ॥ ४२ ॥

૧૭. દા. ત. : ૧. વાયુપુરાણ, ખં. ૧, અ. ૨૩, શ્લોક ૨૦૨ થી ૨૧૪; ૨. કૂર્મપુરાણ. ખં ૧, અ. ૫૩; ૩. લિંગપુરાણ અ. ૨૪, શ્લોક ૧૨૪ થી ૧૩૪; ૪. શિવપુરાણ, રુદ્રસંહિતા, અ. ૫, શ્લોક ૪૩ થી ૫૦; ૫. સ્કંદપુરાણ, ખં. ૫, અ. ૮૨, શ્લોક ૪૮ થી ૬૪

૧૮ દા. ત. ૧. આત્મસમર્પણ, ગણકારિકા, પરિ. ૧, પૃ. ૨૫. ૨. કારવણ માહાત્મ્ય, ગણકારિકા પરિ. ૪ વગેરે.

૧૯ અભિલેખક ઉલ્લેખો માટે જુઓ શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૭૫ ( લે. દુર્ગાશંકર શાસ્ત્રી )

૨૦ પાદટીપ નં. ૧૭માં ઉલ્લેખિત પુરાણોમાં. નં. ૧ થી ૪.

૨૧ ૧ लकुलीश चावतारा अष्टाविंशतिसंख्यकाः
रुद्रस्य द्विजम्मोक्षाय वरदानाद् भृगोस्तथा ॥ ४ ॥—

આત્મસમર્પણ, ગણકારિકા, પરિ. ૧, પૃ. ૨૫.

૨ કારવણ માહાત્મ્ય, ગણકારિકા, પરિ. ૪, પૃ. ૩૭.

૩ मनुष्यरूपी भगवान् ब्राह्मणकायमास्थाय कायावतारे अवतीर्ण इति । तथा पद्भ्यामुज्जयिनीं प्राप्तः । ....अतो रुद्रपयोदितः कुशिकभगवानभ्यागत्य ......पृष्टवान्

'પંચાર્થિકા' પરની ટીકા, પૃ. ૪ ( Shaiva Cult in Northern India p. 7 ).

સિત્રા નામે જાણીની દેવપટ્ટન પ્રશસ્તિમાં[22] લકુલીશને શિવના (૨૮મા) અવતાર તરીકે આલેખ્યા છે.

**જન્મ :**—કા૦ મા૦ પ્રમાણે.

'કારવણ માહાત્મ્ય'માં લકુલીશના જન્મની કથા આપેલી છે.[23]

બ્રહ્માનો એક માનસ પુત્ર અત્રિ નામનો દેવર્ષિ હતો. એ અત્રિના વંશમાં અત્રિથી છઠ્ઠી પેઢીએ લકુલીશનો જન્મ વિશ્વરૂપ નામના બ્રાહ્મણ અને એની પત્ની સુદર્શનાના પુત્ર તરીકે થયો હતો.[24]

લકુલીશની ત્રણ માસની ઉંમર હતી. એ વખતે વિશ્વરૂપે જાણ્યું કે શ્રાવણ વદ અમાસ્યના દિવસે સૂર્યગ્રહણ થવાનું છે અને તે દિવસે કુરુક્ષેત્રમાં સ્નાન કરીને ગમે તે કોઈ વસ્તુનું દાન આપ્યું હોય તો તેથી ઘણું પુણ્ય પ્રાપ્ત થાય છે. તેથી સુદર્શનાને અગ્નિહોત્રી ગૃહસ્થ બ્રાહ્મણના ધર્મનો બોધ કરીને અને આ શિશુની બરાબર સંભાળ રાખવાની શિખામણ આપીને એ કુરુક્ષેત્ર જવા નીકળ્યો.

પતિના આદેશ પ્રમાણે સુદર્શના અગ્નિહોત્રની આહૂતિ આપવાની તૈયારી કરીને બહાર જતી અને એક બ્રાહ્મણને બોલાવી લાવી તેની પાસે આહૂતિ અપાવતી.

---

૨૨ भट्टारक श्रीलकुलीशमूर्त्या........... ।
अवतारद्दिवमनुग्रहीतुं देवः स्वयं बालमृगांकमौलिः ॥ १४ ॥
૪ તં શ્લોક, ૧૩, પૃ. ૩૪૦ (એજન).
—ગુજરાતના ઐતિહાસિક લેખો, ભાગ ૩. નં. ૨૨૨.

૨૩ કા૦ મા૦, ગ૦ કા૦, પરિ૦ ૪, પૃ. ૩૮ થી ૫૭.

૨૪ અત્રિ → આત્રેય → અગ્નિશર્મા → સોમશર્મા → વિશ્વરૂપ → લકુલીશ.

श्री महादेव उवाच :—

ब्रह्मणो मनसः पुत्रो अत्रिनामा च विश्रुतः ॥
अत्रिस्तु जनयामास आत्रेयं नाम नामतः ।
आत्रेयादग्निशर्मोपि अग्निशर्मसुतः शुचिः ॥
सोमशर्मेति विख्यातो धर्मशीलो जितेन्द्रियः ।
सोमशर्मसुतो जातो विश्वरूपो द्विजोत्तमः ॥
विश्वरूपादहं जातो बालरूपधरो हरः ।
........अवतीर्णस्ततो.........हरः ।
कायावतारे...........हितकाम्यया ॥

—એજન. પૃ. ૫૧

લકુલીશના જન્મસ્થળ માટે કા.મા.માં વિરોધાભાસ છે. એક સ્થળે (એજન, પૃ. ૩૭) એને 'ઉલ્કાગ્રામ'માં જન્મ્યાનું કહ્યું છે, જ્યારે એ જ પ્રાંતમાં બીજે સ્થળે (એજન, પૃ. ૫૧) એને 'કાયાવતાર'-માં જન્મ્યાનું જણાવ્યું છે. (વધુ માટે જુઓ પાદટીપ નં. ૪૩/૨ અને ૪૪).

એક દિવસે એવું બન્યું કે સુદર્શના તૈયારી કરીને બ્રાહ્મણને બોલાવી લાવી ત્યારે તેણે હૂત દ્રવ્ય ખલાસ થઈ ગયેલાં દીઠાં અને થોડો વખત કુતૂહલપૂર્વક વિચાર કરીને પેલા બ્રાહ્મણને પાછો જવા દીધો.

પણ આ પ્રમાણે રોજ બનવા લાગ્યું એટલે સુદર્શનાને ચિંતા થવા લાગી અને તેણીયે પોતાના પતિના પાછા આવવાની રાહ જોવા માંડી. તે પાછો આવ્યો ત્યારે સુદર્શનાએ બીતાં બીતાં નવરાશની વખતે તેને આ હકીકત કહી.

આ પર વિચાર કરીને એનું કારણ શોધી કાઢવા માટે વિશ્વરૂપે એક દિવસે પ્રભાસમાં સુદર્શના પાસે આહૂતિની બધી તૈયારી કરાવી અને પછી બંને ત્યાંથી ખસી ગયાં અને શું બને છે તે એમણે છૂપી રીતે જોયા કર્યું.

તેમણે જોયું કે પારણામાંથી આ બાળક બહાર નીકળ્યો. તેણે આહૂતિઓ આપી અને તે પાછો પારણામાં જઈને સૂઈ ગયો. જ્યારે તે જાગ્યો ત્યારે વિશ્વરૂપે મીઠી મશ્કરી કરીને કહ્યું કે " ભાઈ! તને બહુ તસ્દી પડી હશે."

પણ આ સાંભળતાં જ બાળક એકાએક મૂર્છિત થઈ ગયું અને ફરીથી શુદ્ધિમાં આવ્યું જ નહિ એટલે વિશ્વરૂપ અને સુદર્શનાએ માન્યું કે છોકરો મરી ગયો છે. એમણે રડારોડ કરી અને ગામમાં એક દેવખાત (મંદિરનું તળાવ) હતું ત્યાં સગાંસંબંધીઓ સાથે જઈને પાણીમાં એનું શબ પધરાવ્યું અને બધાંએ રોકકળ શરૂ કરી.

પરંતુ એવું કૌતુક બન્યું કે તે શબને કાચબાઓએ ઘસડીને તળાવની અંદર જ જજ્જેશ્વર મહાદેવનું લિંગ હતું તેની પાસે લઈ જઈને છોડી દીધું. તે લિંગના સંદર્ભમાં આવતાં શબ સજીવ થયું અને છોકરો પાણીમાં રમતો દેખાયો.

આ ઉપરથી ત્યાં ભેગા થયેલાં માણસોએ સવિસ્મય તેને તાળીઓ પાડીને બોલાવ્યો ને કેટલાક બ્રાહ્મણોએ દૈવી પુરુષ સમજીને સ્તુતિ કરી. એનાં માબાપે તો આક્રંદપૂર્વક એને બહાર આવવાની આજીજી કરી. પણ તે ત્યાં આવ્યો નહિ.

પરંતુ તે એક આઠ વર્ષના બ્રહ્મચારીનું રૂપ ધારણ કરીને દેવખાતમાંથી ઉર્વા નદીના કાંઠા ઉપર ગયો. આ સંબંધીઓએ એને જતો દીઠો એટલે તેઓ એની પાછળ પાછળ ગયાં પરંતુ એ જંગલમાં ભરાઈ ગયો. ચક્રપુર નામે ગામ આગળ તે ફરીથી પ્રગટ થયો. પેલાં માણસો ફરી એની પાછળ પડયાં અને એનાં માબાપે આજીજીપૂર્વક ફરી વિનંતી કરી કે અમારી સાથે ઘેર પાછો ચાલ અને અમારા હૃદયનું સાન્ત્વન કર.

આ ઉપરથી બાળકે કહ્યું કે હું સામાન્ય જીવ નથી પરંતુ શંકરનો અવતાર છું. હું તમને માબાપ તરીકે સ્વીકારતો નથી અને મારા પંથે ચાલ્યો જાઉં છું. એવું કહીને તે કાયાવરોહણ (કારવણ) તરફ ગયો. ત્યાં પ્રથમ તે વૃદ્ધદેવ નામના એક શિવલિંગ પાસે ગયો અને તેની પાસે રહેવા માટે જગ્યા માગી. તે દેવે તેને કહ્યું કે આ જગ્યા બહુ સાંકડી હોવાથી હું જ અડચણમાં છું.

માટે તું બ્રહ્મેશ્વરના શિવાલયમાં જા અને ત્યાં આશ્રય લે. એટલે તે બ્રહ્મેશ્વરના શિવાલયમાં ગયો અને તે દેવની સ્તુતિ કરીને તેમાં જ લીન થઈ ગયો.[૨૫]

જન્મ :—પુરાણો પ્રમાણે.

**વાયુપુરાણ :**—જૂનામાં જૂના જે ગ્રન્થમાં લકુલીશનું નામ રુદ્રના ૨૮મા અવતારના નામ તરીકે અને આઠ વર્ષના બ્રહ્મચારીના સ્વરૂપ તરીકે જોવામાં આવે છે, તે વાયુપુરાણમાં છે.[૨૬] તેના આવિર્ભાવ વિશે તેમાં એવી કથા છે કે દ્વાપર યુગનો અંત અને કલિયુગનો પ્રારંભ એ બેની વચ્ચેના ગાળામાં જ્યારે કૃષ્ણદ્વૈપાયન તરીકે વિષ્ણુનો અવતાર થશે અને ભગવાન વાસુદેવ છઠ્ઠા અંશના અવતારનો મથુરાના વસુદેવ યાદવ અને તેની પત્ની દેવકીના પુત્ર તરીકે પ્રાદુર્ભાવ થશે ત્યારે ભગવાન રુદ્ર કાયાવરોહણ ક્ષેત્રમાં એક મૃત બ્રહ્મચારીના શરીરમાં પ્રવેશ કરશે અને બ્રાહ્મણોના નિવૃત્તિધર્મનું રક્ષણ કરશે.[૨૭]

૨૩મા અધ્યાયમાં આ ભવિષ્યવાણી આવે છે. તે પહેલાંના ૧૧મા થી ૨૨મા અધ્યાયો-માં અને ૨૩મા અધ્યાયના ૧ થી ૨૦૧ શ્લોકોમાં પાશુપત યોગનાં અંગોનું વિસ્તારપૂર્વક વર્ણન

---

૨૫ 'કારવણ માહાત્મ્ય'માં ઉપર્યુક્ત કથા છે. કા૦ મા૦ તેના ચાર અધ્યાયોના પરિસમાપ્તિ લેખો પ્રમાણે વાયુપુરાણ અને શિવપુરાણને આધારે લખાયેલું હોવાનો દાવો કરતું જણાય છે પરંતુ તે માન્ય રાખી શકાય તેમ નથી, કારણ કે પહેલા અધ્યાયના પરિસમાપ્તિ લેખમાં જણાવ્યા પ્રમાણે વાયુપુરાણમાં 'શિવપ્રસૂતિ' નામનો સર્ગ જણાતો નથી; તેમ બીજા અને ત્રીજા અધ્યાયમાંના પરિ-સમાપ્તિ લેખો પ્રમાણે શિવપુરાણમાં લકુલીશ માહાત્મ્ય અને પટબન્ધ માહાત્મ્ય નામના અધ્યાયો જણાતા નથી. વિશેષમાં કારવણ માહાત્મ્યમાં અનેક ક્ષતિઓ અને પરસ્પરવિરુદ્ધ વિધાનો જોવામાં આવે છે, તેથી તે એકદમ વિશ્વાસપાત્ર ગ્રન્થ નથી—(દીવાનજી પ્ર. ચં. : "કારવણના લકુલીશ અને તેમનો પાશુપત ધર્મ." વલ્લભ વિદ્યાનગર સંશોધન પત્રિકા, ગ્રન્થ ૧, અ. ૧, પૃ. ૨૦).

૨૬ વાયુપુરાણ, ખંડ ૧, અધ્યાય ૨૩.

૨૭ अष्टाविंशे पुनः प्राप्ते परिवर्ते क्रमागते ।
पराशरसुतः श्रीमान्विष्णुर्लोकपितामहः ॥ २१७ ॥
यदा भविष्यति व्यासो नाम्ना द्वैपायनः प्रभुः ।
तदा षष्ठेन आशेन कृष्णः पुरुषोत्तमः ॥
वसुदेवाद्यदुश्रेष्ठो वासुदेवो भविष्यति ॥ २१८ ॥
तदा चाहं भविष्यामि योगात्मा योगमायया ।
(लोकविस्मयनार्थाय ब्रह्मचारिशरीरकः ॥ २१९ ॥
श्मशाने मृतमृत्सृष्टं दृष्ट्वा लोकमनाथकम् ।
ब्राह्मणानां हितार्थाय प्रविष्टो योगमायया) ॥ २२० ॥
दिव्यां मेरुगुहां पुण्यां त्वया सार्धं च विष्णुना ।
भविष्यामि तदा ब्रह्मन्नकुली नाम नामतः ॥ २२१ ॥
कायारोहणमित्येवं सिद्धक्षेत्रं च वै तदा ।
भविष्यति तु विख्यातं यावद्भूमिर्धरिष्यति ॥ २२२ ॥
— વાયુપુરાણ, ખંડ ૧લો, અ. ૨૩

છે અને આગલા કલ્પોમાં રુદ્રાવતારી પુરુષોનાં નામો, તેમના ચાર શિષ્યોનાં નામ અને તેમના યોગમાં પારંગતતાનું વર્ણન પણ છે. તેમાં ઉલ્કાગ્રામમાં રુદ્રનો અવતાર વિશ્વરૂપ નામના આત્રેય ગોત્રના બ્રાહ્મણ અને તેની સ્ત્રી સુદર્શનાના પુત્ર તરીકે થયાનો ઉલ્લેખ નથી, તેમ જ વિશ્વરૂપની ગેરહાજરીમાં થયેલા ચમત્કારની અને કાચબાઓ શબ ઉપાડી ગયાનો પણ ઉલ્લેખ નથી.

કૂર્મપુરાણ[૨૮], લિંગપુરાણ[૨૯] અને શિવપુરાણમાં[૩૦] આ જ કથા લગભગ એ સ્વરૂપે પણ કંઈક જુદા શબ્દોમાં વર્ણવેલી જોવા મળે છે.

## "લકુલીશ" શબ્દની ચર્ચા

આમાં વાયુ[૨૭] અને કૂર્મપુરાણ[૨૮]માં "નકુલી" શબ્દ વાપર્યો છે જ્યારે લિંગ[૨૯-૩૦] અને શિવપુરાણ[૩૦]માં એને માટે "લકુલી" શબ્દ વપરાયેલો જોવા મળે છે જ્યારે સ્કંદપુરાણમાં "નકુલી" અથવા "લકુલી" ને બદલે "લકુટી" શબ્દનો ઉલ્લેખ કર્યો છે.[૩૧]

આચાર્ય હરિભદ્ર[૩૨] અને રાજશેખરસૂરિ[૩૩] એમના "ષડદર્શન સમુચ્ચય"માં "નકુલીશ" શબ્દ પ્રયોજે છે.

માધવાચાર્યે સર્વદર્શનસંગ્રહમાં પાશુપતમતના સિદ્ધાંતોની ચર્ચા કરતાં શીર્ષકમાં "નકુલીશપાશુપતદર્શન" લખેલું છે.[૩૪] એટલે એ પણ "નકુલીશ" શબ્દ પ્રયોજે છે.

'આત્મસમર્પણ'માં "લકુલીશ"[૩૫] અને એના પર્યાયરૂપે 'લકુલી'[૩૫(૧)] (લકુલિન) શબ્દ પ્રયોજેલો જોવા મળે છે.

---

૨૮ अष्टाविंशतिराख्याता हयन्ते कलियुगे प्रभोः ॥
तीर्थकायावतारे स्याद्देवेशो **नकुलीवरः** ।। १० ॥ કૂર્મપુરાણ, ખંડ ૧, અ. ૫૩

૨૯-૩૦ भविष्यामि तदा ब्रह्मल्**लकुली** नाम नामतः ॥ १२९ ॥
कायावतार इत्येवं सिद्धक्षेत्रं च वै तदा ॥ १३० ॥ લિંગપુરાણ, અ ૨૪.

૩૧. સ્કંદપુરાણ, ખંડ-૫-(અવંતિખંડ)માં ઉજ્જૈનમાં આવેલ મહાકાલવનમાં આવેલા કાયાવરોહણેશ્વર મહાદેવનું માહાત્મ્ય વર્ણવતી વખતે આનો ઉલ્લેખ આવે છે. એમાં શંકર કહે છે કે એ લિંગની આરાધના કર્યાથી દેવો પૈકી વસુઓ અને આદિત્યો જેને દક્ષયજ્ઞનો ભંગ કરતાં ભદ્રકાલીએ કાયાહીન કર્યા હતા તેમને ફરી પાછી કાયા પ્રાપ્ત થઈ હતી, કારણકે લકુટી કાયાવરોહથી ત્યાં જઈને રહ્યા હતા અને તેમણે એ લિંગનું સ્થાપન કરીને સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

—સ્કંદપુરાણ, અવંતિખંડ, અ. ૫., શ્લોક ૪૮ થી ૬૩.

૩૨ तस्य चाष्टादशावतारा अमी **नकुलीशो**ऽथ कौशिकः
गार्ग्यः......विद्यागुरु च — "ષડ્દર્શનસમુચ્ચય," ગ. કા., પરિ. ૨, પૃ ૨૯.

૩૩ ३३ तस्यावतारा...... ॥
तेषां नामान्यथ ब्रूमो नकुलीशोऽथ कौशिकः । એજન પરિ. ૪, પૃ. ૩૫.
સર્વદર્શનસંગ્રહ, પૃ. ૧૪૪

૩૫ लकुलीश चावतारा......भृगोस्तथा ॥ ४ ॥
આત્મસમર્પણ, ગ. કા., પરિ ૧, પૃ. ૨૫.

૩૫ (૧) महेश्वर ! महादेव ! वामदेव ! मनोऽमनः ।
नत्वा **लकुलिनं** त्वेतं मयेदं किंचिदुच्यते ॥ ५ ॥ — એજન.

શિલાલેખોમાં એમનું નામ "લકુલીશ" તરીકે જણાવ્યું છે.[૩૬]

'કારવણમાહાત્મ્ય'માં 'લકુલીશ' શબ્દ પ્રયોજ્યો છે અને તે લગભગ ત્રણેક વાર ઉલ્લેખાયો છે.[૩૭]

આમ સાહિત્યિક અને આભિલેખિક ઉલ્લેખોમાં "નકુલી", "નકુલીશ", "લકુલી", "લકુટી" અને "લકુલીશ"—એવા શબ્દપ્રયોગો જોવા મળે છે. આ બધાં નામો લકુલીશનાં જ ગણાય છે.

આ નામોના મૂળમાં નકુલી-લકુલી–લકુટી શબ્દ રહેલો છે. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ "નકુલી" અને "લકુલી" વચ્ચે અભેદ રહેલો છે. એ અનુસાર "નકુલ" કે "લકુલ" શબ્દ પણ સમાન ગણાય.

"લકુલ"નો અર્થ અહીં "લકુટ" શબ્દ હોવાનું જણાય છે. "લકુટ"નો અર્થ દંડ છે અને લકુલીશનાં શિલા-સ્વરૂપોમાં એમણે એક હાથમાં લકુટ-દંડ ધારણ કરેલો હોય છે.

પ્રાયઃ લકુટી એ આ શૈવ-સંપ્રદાયનું વિશિષ્ટ લક્ષણ હશે અને એ સંપ્રદાયના માણસો મૂળમાં શિવના "લકુટી" સ્વરૂપની ઉપાસના કરતા હશે;[૩૮] અને આગળ જતાં "લકુટી" ઉપાસકોના આરાધ્ય દેવ તરીકે શિવ લકુલીશ (અર્થાત્ લકુટીશ) તરીકે ઓળખાયા હશે.

**જન્મસ્થાન:**

લગભગ બધા ઉલ્લેખો લકુલેશને **કાયાવરોહણ–કાયાવતાર (કારવણ)**માં જન્મ્યાનું જણાવે છે. વાયુપુરાણમાં "કાયાવરોહણ" નામ પ્રયોજ્યું છે.[૩૯] પણ એના ઉત્તરકાલીન પુરાણો

---

૩૬. દા. ત. :—(૧) એકલિંગજીનો વિ. સ. ૧૦૨૮નો શિલાલેખ (Journal of the Bombay Branch Royal Asiatic Society, Vol; 22, P. 166). આ લેખનો પ્રારંભ લકુલીશના વંદનથી થાય છે :—

**ओंर ओं नमो लकुलीशाय ! ...... (१)**

(૨) સારંગદેવના સમયના સિંત્રા નામે જાણીતી વિ. સં. ૧૩૪૩ની દેવપટ્ટનપ્રશસ્તિ—ગુજરાતના ઐતિહાસિક લેખો (સં. ગિ. વ. આચાર્ય), ભાગ. ૩, નં. ૨૨૨.

**भट्टारकश्रीलकुलीशमूर्त्यां ...... ॥ १४ ॥**

૩૭. "કારવણ માહાત્મ્ય", ગણકારિકા, પરિ, ૪., પૃ. ૫૭, અંતિમ શ્લોકો.

૩૮. કાપાલિકો શિવના કપાલી સ્વરૂપને આરાધે છે તેમ.

૩૯ **भविष्यामि तदा ब्रह्मन्नकुली नाम नामतः ॥**
**कायारोहणमित्येवं सिद्धक्षेत्रं च वै तदा ।**
**भविष्यति तु विख्यातं यावद्भूमिर्धरिष्यति ॥**

વાયુપુરાણ, ખંડ ૧, અધ્યા. ૨૩, શ્લોક ૨૨૨

૧—કૂર્મપુરાણ,[૪૦] ૨. લિંગપુરાણ,[૪૧] અને ૩. શિવપુરાણ[૪૨]મા "કાયાવતાર નામ આપ્યું છે.

અભિલેખોના ઉલ્લેખો સિંગાપ્રશસ્તિમાં લકુલીશના જન્મસ્થાન તરીકે લાટ દેશમાં આવેલું "કારોહણ" સ્થળ ગણાવ્યું છે.[૪૩] અર્થાત્ અહીં "કાયાવરોહણ"ને બદલે કારોહણ" શબ્દ પ્રયોજાયેલો જોવા મળે છે.

કારવણ માહાત્મ્યમાં લકુલીશના જન્મ-સ્થાન તરીકે બે સ્થળોના ઉલ્લેખ આવે છે. [૪૩(૧)] ૧. ઉલ્કાગ્રામ [૪૩(૨)] અને ૨. "કાયાવતાર."[૪૪] વિશેષમાં આ માહાત્મ્યમાં જુદા જુદા સ્થળે એના (કાયાવતારના) પર્યાયરૂપે "કાયાવરોહણ", "કાયારોહણ", "કારોહણ" અને "કારવણ" શબ્દો પ્રયોજાયેલા જોવા મળે છે.[૪૫]

---

૪૦ तीर्थकायावतारे स्यादेवेशो नकुली वरः ॥ १० ॥

કૂર્મપુરાણ, ખંડ૧, અધ્યા. ૫૩, શ્લોક ૧૦

૪૧ ......भविष्यामि......नामतः ॥ १२९ ॥
कायावतार इत्येवं सिद्धक्षेत्रं च तै तदा ॥१३०॥

લિંગપુરાણ, અધ્યાય ૨૪, શ્લોક ૧૩૦

૪૨ ......भविष्यामि......नामतः ॥ १२९ ॥
कायावतार इत्येवं सिद्धक्षेत्रं परे तदा ॥ ४८

—શિવપુરાણ, રુદ્રસંહિતા, સર્ગ ૩, અધ્યાય ૫

૪૩ भट्टारकश्रीलकुलीशमूर्त्या......पितुः ।
ललाटमुर्व्या इव लाटभूषणं समेत्य कारोहणमध्युवास यः ।

ગુજરાતના ઐતિહાસિક લેખો, ભાગ ૩, નં. ૨૨૨, શ્લોક ૧૪-૧૫-૪૩ (૧). આ ગ્રંથમાં આવા ઘણા વિરોધાભાસ અને ભૂલો જોવા મળે છે અને સંપાદકે પણ એ તરફ ધ્યાન દોર્યું છે.
૪૩ (૨) કારવણ માહાત્મ્ય, ગણકારિકા, પરિ. ૪., પૃ. ૩૭

વડોદરા જિલ્લામાં આવેલું હાલનું "અવાખલ" ગામ, એ આ ઉલ્કાગ્રામ હોવાનું અનુશ્રુતિ જણાવે છે; અને અહીં અવાખલમાં આવેલા "દેવકુ" નામના તળાવને લોકો કા. મા.માં જણાવેલ "દેવખાત" તરીકે ઓળખાવે છે. (DR. R. N. Mehta : 'AVĀKHAL'—The Traditional Ulkagram of K. M., Journal of Oriental Institute, Vol. 6, I 2-3, P. 169 170)

ડૉ. મહેતાએ આ સ્થાનની પુરાતત્ત્વીય તપાસ કરેલી અને એમાંથી મળેલા અવશેષો પરથી એની પ્રાચીનતા તારવવા પ્રયાસ કર્યા છે (એજન, પૃ. ૧૭૦ અને આગળ).

આ ઉપરાંત બાળ-લકુલીશનું દેવખાતમાંથી અદશ્ય થઇ ઉર્વા નદીકાંઠે પુનઃ પ્રગટ થવું અને અંતે પશ્ચિમ માર્ગે કાયાવરોહણ—કારવણ તરફ પ્રયાણ કરવું—એ ભૌગોલિક દૃષ્ટિએ કેટલું સંગત છે, એનો પ્રશ્ન પણ આ લેખમાં રજૂ થયો છે. (એજન, પૃ. ૧૬૯)

૪૪ श्रीमहादेव उवाच :—
"अवतीर्णस्ततो मतकायरूपधरो हरः। कायावतारे लोकेशो
लोकानां हितकाम्यया ॥" કા. મા., ગ. કા., પરિ. ૪, પૃ. ૫૧.

૪૫ ......लकुलीशो वरानने ।
......येन कायावतारोऽसौ तेनेदं कायावरोहम् ॥

આ સ્થળ—કાયાવરોહણ કે એના પર્યાય રૂપવપરાયેલા બીજા નામ—લાટ દેશમાં કે ભૃગુક્ષેત્રમાં આવ્યું હોવાનું ઉપર્યુક્ત ઉલ્લેખોમાંના કેટલાકમાં જણાવ્યું છે.[૪૬]

"કાયાવરોહણ"[૪૭]એ મૂળ નામ લાગે છે. એમાંથી ભ્રષ્ટ થયેલું નામ "કારોહણ" અને પછી છેલ્લું "કારવણ" થયેલું જણાય છે.[૪૮] એટલે અહીં ઉલ્લેખેલ કાયાવરોહણ (કે પછીનું કાયાવતાર)એ આજનું કારવણ.[૪૯] બીજા વિદ્વાનોની જેમ બ્યૂલર પણ આ જ મત ધરાવે છે.[૫૦]

કારવણનો પ્રાચીન લાટમંડલમાં સમાવેશ થતો હતો અને લાટ મંડલનું કેન્દ્ર ભરુકચ્છ, ભૃગુકચ્છ કે ભરૂચ હતું. આ સ્થળ આર (ઉર્વા) નદી કારવણ સાથે સંકળાયેલાં હોવાનું અનુશ્રુતિ સૂચવે છે.[૫૧]

કારવણ વડોદરાથી ૧૫ માઈલ (૨૪.૪૫ કિ.મિ.) દક્ષિણે અને ડભોઈથી ૭ માઈલ (૧૧.૪૧ કિ. મિ.) પાશ્ચમે આવેલું છે. એની પ્રાચીનતાની પ્રતીતિ કરાવતા અને આ સ્થળ

---

"कायावरोहणे पुण्ये तीर्थे तीर्थवरोत्तमे।
भृगुक्षेत्र......युगे युगे ॥" —એજન.
सर्वपापहरं पुण्यं श्रीमत्कायावरोहणम्।
श्रीमत्कारोहणे तीर्थे मूर्तिमान् शंकरः स्वयं ॥ —એજન, પૃ. ૫૨
......"भृगुमंडले ॥
श्रीमत्कारोहणे तीर्थे......युगे युगे।" —એજન, પૃ.૫૪.

૪૬ દા. ત. १ भट्टारक श्रीलकुलीशमूर्त्या......ललाटमूर्व्या इव
लाटभूषणं समेत्य कारोहणमध्युवास यः ॥ १५ ॥
ગુજરાતના ઐતિહાસિક લેખો, ૩, નં ૨૨૨.
२ कायावरोहणे पुण्ये......। भृगुक्षेत्रपवित्रार्थमवतीर्णो युगे युगे।
......। कायावतारे......हितकाम्यया। કા. મા.; ગ. કા.; પરિ. ૪, પૃ. ૫૧
३ ......भृगुमण्डले ॥ श्रीमत्कारोहणे तीर्थे......युगे। —કા. મા.; ગ. કા.; પરિ. ૪, પૃ. ૫૪

૪૭ "કાયાવરોહણ" કે "કાયાવતાર"નો શાબ્દિક અર્થ કાયામાં અવરોહણ અર્થાત્ અવતાર એવો થાય છે. શિવે આ સ્થળે કાયા ધારણ કરી અવતાર લીધાનું પુરાણોમાં તથા કારવણમાહાત્મ્યમાં વગેરેમાં જોવા મળે છે.

48. Journal of the University of Bombay, Vol. 18, Part IV, p. 44.

૪૯ એજન.

50 Main Currents in the History of Gujarat (Author: Saletor, B. A.), p. 45.

૫૧ उर्वा नाम्ना तु या देवी नदी नाम्ना सरस्वती। भृगुक्षेत्रोपकाराय
त्रिषु लोकेषु विश्रुता ॥ ततः पश्चिममार्गेण श्रीमत्कायावरोहणम्।
—(કા. મા.; ગ. પરિ. ૪., પૃ. ૪૬)

૫૨ વધુ માટે જુઓ ડૉ.—મંજુલાલ મજમુદાર, "એન્ટીક્વેરીઝ ઇન કારવણ વિથ રેફરન્સ ટુ લકુલીશ વરશીપ," જર્નલ ઑફ ધી યુનિવર્સિટી ઑફ બૉમ્બે, ગ્રન્થ ૧૮, ભાગ ૪, પૃ. ૪૩ થી ૬૭.

પાશુપત સંપ્રદાયના સ્થાપક લકુલીશ સાથે સંકળાયાના અનેક પુરાવા આજે પણ પ્રાપ્ત થાય છે.

ગણકારિકામાં—ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝ નં. ૧૫માં પરિ. જ. તરીકે છપાયેલ "કારવણમાહાત્મ્ય"[૫૩] નામે ગ્રંથથી જુદા પ્રકારનો "કાયાવરોહણમાહાત્મ્ય" નામનો ગ્રંથ છે, જેનો આધાર આદિપુરાણમાં હોય એવું જણાય છે. તેનો સારાંશ અને તેના કેટલાક ઉતારાઓ ડૉ. એફ. ડબલ્યૂ. થોમસે અને ડૉ. વિન્ટરનિટ્ઝે આપેલા છે.[૫૪] તેમાં જણાવેલું કાયાવરોહણ દક્ષિણ ભારતમાં એમણે જણાવ્યું છે. એની ચતુઃસીમાનું વર્ણન કરતો શ્લોક નીચે મુજબ છે:—

पूर्वाम्भोधितटे रम्यं पुण्डरीकपुरस्य च ।
योजनत्रयसीमान्ते कावेर्याश्चैव दक्षिणे ॥

આ ઉપરથી જણાય છે કે તે કાવેરી નદીથી દક્ષિણ દિશામાં પૂર્વસાગર (બંગાળના અખાત)-ને કાંઠે પુંડરીકપુર નામના નગરથી ત્રણ યોજન દૂર આવેલું હતું. તે હસ્તપ્રતમાં જે વિશેષ હકીકત છે તે પ્રમાણે યમુના નદીના કિનારા ઉપર રહેતા ગાર્ગ્ય ગોત્રના કર્દમ નામના ઋષિના પુંડરીક નામના પુત્રને શંકરની આરાધના કરી સાયુજ્ય મુક્તિ મેળવવાની તમન્ના લાગી હતી, પણ તેમાં તે નિષ્ફળ જવાથી વામદેવ ઋષિની સલાહથી તે કાંચી ગયો હતો, અને ત્યાં કાયાવ-રોહણેશ્વર મહાદેવના લિંગની સ્થાપના કરી તેની આરાધના કરી હતી. તેમાં લાંબો વખત ગયા પછી તેને આકાશવાણી સંભળાઈ કે આ ભોગાધિક્ય સ્થાન છે તેથી તેને સાધુત્વ મળશે નહિ, માટે તેણે કોઈ ભોગમોક્ષ સત્રસ્થાનમાં જઈને ત્યાં આરાધના કરવી જોઈએ. તેથી તે કુંભકોણમ્ ગયો અને ત્યાં કાયાવરોહણેશ્વરનું લિંગ સ્થાપીને તેની આરાધના કરવા બેઠો. ત્યાં પણ ઘણો વખત વીત્યા પછી તેને કણ્વ ઋષિ મળ્યા ને તેમણે એને પૂર્વ સાગરને તટે ક્ષેત્રરાજપુર જવાની સલાહ આપી. ત્યાં પુંડરીકપુર અને વેદારણ્યની વચ્ચે કમલાસન્નિધાન નામનું સ્થાન હતું, અને વૃદ્ધ કાવેરી અને કાવેરીનો સંગમ હતો તે ઠેકાણે સ્નાન કરીને એણે શંકરને યાદ કર્યા એટલે એને પરમેશ્વર અને અંબિકાનાં દર્શન થયાં અને એ પછી એણે શૈવ તીર્થની પાસે કાયાવરોહણેશ્વર લિંગનું સ્થાપન કર્યું અને પોતાને રહેવા માટે એક આશ્રમ બાંધ્યો અને તે દેવની આરાધના કર્યાથી તેને "શરીરસાયુજ્ય" તરીકે ઓળખાતી સિદ્ધિ પ્રાપ્ત થઈ અને શંકરે આશીર્વાદ આપ્યો કે આ જગ્યાએ જે ભક્તિ કરશે તે પણ મુક્તિ મેળવશે. પાછળથી સૂર્યવંશનો શાલીશુક રાજા પણ ત્યાં મુક્તિ મેળવે છે તે હકીકત પણ તેમાં છે. આ ઉપરથી એમ જણાય છે કે ગાર્ગ્ય ગોત્રના પુંડરિકે કાયાવરોહણેશ્વરના લિંગો કાંચી, કુંભકોણમ્ અને પુંડરીકપુરથી એક યોજન દૂર પૂર્વ સાગરના તટે સર્વ તીર્થની પાસે સ્થાપ્યાં હતાં અને આમ કાયાવરોહણનું માહાત્મ્ય દક્ષિણ ભારતમાં અને પૂર્વ-પશ્ચિમનાં સ્થાનો લગી પહોંચી ગયું હતું.

---

૫૩ આ પ્રતના વધુ વર્ણન માટે જુઓ વલ્લભ વિદ્યાનગર સંશોધન પત્રિકા, ગ્રન્થ ૧, અંક ૧, પૃ. ૧૮-૧૯.

૫૪ "Catalogue of South Indian Sanskrit Manuscripts of the Library of The Royal Asiatic Society of Great Britain and Ireland"ના પરિશિષ્ટમાં પૃ. ૨૭૪ ૫૨ આ ઉતારાઓ છાપેલા છે.

આ ગ્રન્થ પરથી એ લખાયાના વર્ષની ખબર પડતી નથી.[૫૫]

## લકુલીશનો સમય

વિ. સં. ૧૩૪૩(ઈ. સ. ૧૨૭૭)ની સિંગા પ્રશસ્તિમાં કહ્યું છે કે શિવ ભટ્ટાર્ક શ્રી. લકુલીશ રૂપે અવતર્યા હતા અને લાટ દેશમાં આવેલા કારોહણમાં રહેતા હતા.[૫૬]

વિ. સં. ૧૦૨૮(ઈ. સ. ૯૭૧)ના એકલિંગજી પાસેના નાથના મંદિરમાંના શિલાલેખમાં લખ્યું છે કે શિવ લકુલી રૂપે ભૃગુકચ્છ દેશમાં અવતર્યા હતા.[૫૭]

વિ. સં. ૯૯૯(ઈ. સં. ૯૪૩)ના મૈસુરના હેમાવતી પાસેથી મળેલા શિલાલેખમાં લકુલીશ, મુનિનાથ ચલ્લુક રૂપે પોતાનાં નામ અને ધર્મને જાળવી રાખવા માટે અવતર્યાનો ઉલ્લેખ છે.[૫૮]

આ લેખો પરથી જણાય છે કે પાશુપતાચાર્ય લકુલીશ દસમી શતાબ્દી પહેલાં થઈ ગયા છે એટલું જ નહિ પણ ઈ. સ. ૯૪૩માં તો એનો મત ભુલાવા માંડ્યાથી એનો જોરથી પ્રચાર કરવા માટે એ ફરીથી અવતર્યાની વાત ચાલી છે અર્થાત્ દશમા શતક પહેલાં લાંબા વખતે એ થયા હોવા જોઈએ.[૫૯]

શિવપુરાણ લિંગપુરાણ, કૂર્મપુરાણ, ઉપરાંત વાયુપુરાણ જેવા પ્રાચીનતર પુરાણમાં પણ લકુલીશના અવતારની વાત છે. એટલે તેઓ ઈ. સ.ના ત્રીજા-ચોથા શતક પહેલાં થયા હતા એમ માનવું સ્વાભાવિક છે.[૬૦]

વાસુદેવના સમાન્તરે લકુલીશના જન્મનાં પુરાણોમાં મળતા ઉલ્લેખો પરથી ડૉ. રા. ગો. ભાંડારકર લકુલીશ ઈ. સ. પૂર્વે બીજા સૈકામાં થયાનું ગણાવે છે,[૬૧] પણ ગુ. સં. (ઈ. સ. ૩૮૦-૮૧)ના મથુરા-શિલાલેખ પરથી ડૉ. દેવદત્ત રા. ભાંડારકર લકુલીશને ઈ. સ.ની બીજી શતાબ્દીના પહેલા ચરણમાં થયાનું જણાવે છે.[૬૨]

પ્રસ્તુત લેખમાં ઉપમિતેશ્વર અને કપિલેશ્વર નામનાં બે શિવલિંગોની પ્રતિષ્ઠા કર્યાની નોંધ છે. આ પ્રતિષ્ઠા કરનાર 'આર્યઉદિતાચાર્ય' કુશિકથી દસમા (कुशिकादशमेन), પરાશરથી

---

૫૫ શ્રી. પ્ર. ચં. દીવાનજી—"કારવણના લકુલીશ અને તેમનો પાશુપત ધર્મ." વલ્લભવિદ્યાનગર સંશોધન પત્રિકા, ગ્રન્થ ૧, અંક ૧, પૃ. ૨૦. પાદટીપ નં. ૫.

૫૬ ઇન્ડિયન એન્ટિકવેરી, ગ્રન્થ ૧, પૃ. ૨૭૧ : ગુજરાતના ઐતિહાસિક લેખો, ભાગ ૩, નં. ૨૨૨, શ્લોક ૧૪, ૧૫.

૫૭ ભાવનગર ઈન્સ્ક્રિપ્શન્સ, પૃ. ૫૯, શ્લોક ૯ થી ૧૧.

૫૮ એપિગ્રાફિયા કર્ણાટિકા, ગ્રન્થ ૧૨, પૃ. ૯૨ (ભાષાંતર).

૫૯ શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ (લેખક શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી), પૃ. ૪૫.

૬૦ એજન.

૬૧ Dr. Bhandarkar : Vaishnavism, Shaivism and other Minor Religions, p. 165.

૬૨ એપિગ્રાફિયા ઇન્ડિકા ગ્રંથ ૨૧, પૃ. ૭.

ચોથા, ભગવાન કપિલના શિષ્યના શિષ્ય અને ઉપમિતના શિષ્ય હોવાનું લેખમાં લખ્યું છે. આ ઉપરથી ઈ. સ. ૩૮૦–૮૧માં કુશિકની એટલે કે લકુલીશના શિષ્યની દસમી પેઢીનો પુરુષ વિદ્યમાન હતો એમ ઠરે છે. પેઢી દીઠ પચ્ચીસ વર્ષ ગણવામાં આવે તો કુશિકનો સમય લગભગ (ઈ. સ. ૩૮૦–૨૫૦) = ૧૩૦નો આવે. એની એક પેઢી પહેલાં લકુલીશ ગણાય એટલે લકુલીશ ઈ. સ. ના બીજા શતકના પહેલા ચરણમાં વિદ્યમાન હોય એવો સંભવ લાગે છે.[૬૩]

લકુલીશના અવતારના પ્રસંગનાં પૌરાણિક વાક્યોમાં તો લકુલીશને વાસુદેવના સમકાલીન કહેવા માંડચા છે,[૬૪] પણ એનો અર્થ પાશુપત મતનો અને પાંચરાત્રનો ઉદ્ગમ લગભગ સમકાલીન છે એમ કહીએ તો જ બધા ઐતિહાસિક પુરાવાનો મેળ બેસે છે.[૬૫] વળી નારાયણીય પર્વમાં પાંચ રાત્ર સાથે પાશુપત શાસ્ત્રનો ઉલ્લેખ છે, પણ પતંજલિએ શિવભક્તોને શિવ ભાગવત કહ્યા છે. પાશુપત કહ્યા નથી. એ સર્વ ઉપરથી તથા ગુ. સં. ૬૧ના મથુરાના શિલાલેખના સ્પષ્ટ પ્રમાણથી પતંજલિ પછી કેટલાક વખતે ઘણું કરીને ઈ. સ. બીજા શતકના આરંભમાં લકુલીશનો જન્મ આલેખી શકાય.[૬૬]

## " લકુલીશ " નામના બે મહા-પુરુષો

ડૉ. સાલેતોરના મત પ્રમાણે લકુલીશ નામે બે ધાર્મિક મહા-પુરુષો થયા.[૬૭] એમાંના એક પહેલી શતાબ્દીમાં થયા.[૬૮]

બીજા લકુલીશ એ છે કે જેને ડૉ. બ્યૂલરે અને મી. લેવિસ રાઈસે ૧૧મા સૈકાના આલેખ્યા છે. આ લકુલીશ દક્ષિણ ભારત અને ગુજરાત વચ્ચે સાંસ્કૃતિક એકમ સરખા હતા.[૬૯] ડૉ. હૂલ્શના મત પ્રમાણે, એમણે પોતાની કારકીર્દિનો આરંભ મદ્રાસ રાજ્યના ઉત્તર આર્કોટ જિલ્લાના મેલપાડા ગામથી કર્યો હશે.[૭૦]

ઈ. સ. ૧૦૩૬માં તેઓ મૈસુર રાજ્યના શીકરપુર તાલુકાના બલ્લીગ્રામમાં સ્થિર થયાનું જણાય છે.[૭૧]

---

૬૩ એજન.

૬૪ દા.ત. લિંગપુરાણ, અધ્યા. ૨૪ વગેરે.

૬૫ શા સ્રીદુગાશંકર કા. : શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ પૃ. ૪૬.

૬૬ એજન.

૬૭ Dr. Shaletor : Main Currents in the History of Gujarat, p. 44.

૬૮ Journal of the Royal Asiatic Society. year 1907, p. 27; Main Currents in the History of Gujarat, p. 44.

પણ લકુલીશ બીજી શતાબ્દીના આરંભમાં થયાનું હવે લગભગ સર્વમાન્ય બન્યું છે. જુઓ એપિગ્રાફિયા ઇન્ડિકા, ૨૧, પૃ. ૭.

મૈસુર રાજ્યના ઈ. સ. ૯૪૩ના શિલાલેખમાં આવતો ઉલ્લેખ આ લકુલીશના સંદર્ભમાં છે, એવું ડૉ. સાલેતોર નોંધે છે. ( Main Currents in the History of Gujarat p. 44 )

૬૯ Main Currents in the History of Gujarat, p, 45.

૭૦ એજન.

૭૧ એજન.

આ આચાર્ય આખરે લાટ દેશમાં આવેલ કારોહણ ગયા.[૭૨]

## શિષ્ય-મંડલ

પુરાણો વગેરે સાહિત્યિક ગ્રન્થોમાં અને અભિલેખોમાં લકુલીશના ચાર શિષ્યો ગણાવ્યા છે, જેઓ ૧. કુશિક, ૨. ગાર્ગ્ય, (ગર્ગ), ૩. મિત્ર અને ૪. કૌરુષ્ય નામ ધરાવતા હતા.

સાહિત્યની દૃષ્ટિએ સૌથી જૂનો ઉલ્લેખ વાયુપુરાણમાં જોવા મળે છે.[૭૩] એમાં "શિષ્ય" શબ્દ વાપર્યો નથી પણ એના અર્થમાં "પુત્ર" શબ્દ પ્રયોજ્યો છે.[૭૪] એમાં શંકર કહે છે કે હું કાયાવરોહણ ક્ષેત્રમાં નકુલી-લકુલીશ નામે બ્રાહ્મણ થઈશ અને મારે તપસ્વી એવા પુત્રો થશે—૧ કુશિક ૨. ગાર્ગ્ય ૩ મિત્ર અને ૪. કૌરુષ્ય.[૭૫]

લિંગપુરાણમાં ચાર શિષ્યોનાં નામે અનુક્રમે "કુશિક", "ગાર્ગ્ય" "મિત્ર" અને "કૌરુષ્ય"—એમ ગણાવ્યાં છે.[૭૬]

શિવપુરાણ આ નામોના શબ્દો અનુક્રમે "કુશિક", "ગર્ગ", "મિત્ર", અને "કૌરુષ્ય" આપે છે.

અભિલેખોની દૃષ્ટિએ સૌથી જૂનો ઉલ્લેખ ગુ. સં. ૬૧(ઈ. સ. ૩૮૧)નો છે પણ એમાં ચારે શિષ્યોનાં નામ ગણાવ્યાં નથી. એમાં ફક્ત "કુશિક"નો જ ઉલ્લેખ છે.[૭૮]

એકલિંગજીના નાથ-મંદિરના વિ. સં. ૧૦૨૮(ઈ. સ. ૯૭૧)ના શિલાલેખમાં પણ કુશિકાદિ શિષ્યોનો ઉલ્લેખ આવે છે,[૭૯] પણ લેખ ખંડિત હોવાથી બાકીના ત્રણ શિષ્યનાં નામ વાચ્ય નથી.

## પાશુપતમતના સ્થાપક અને પ્રવર્તક

આ લકુલીશે પાશુપતમત સ્થાપ્યો તેમ જ પ્રવર્તાવ્યો. એ મત સમય જતાં ભારતના અન્ય પ્રદેશોમાં પણ પ્રસર્યો.[૮૦] વળી એની ચાર શાખાઓ થઈ, જેના પ્રવર્તકો લકુલીશના ચાર પટ્ટ શિષ્યો હતા.

---

૭૩ વાયુપુરાણ, અ. ૨૩; શ્લોક ૨૨૩

૭૪ આ પુરાણમાં જ એમને બ્રહ્મચારી શરીરવાળા કહ્યા છે એટલે "પુત્ર" શબ્દ "શિષ્ય"ના અર્થમાં વાપર્યાનું સ્પષ્ટ છે.

૭૫ तत्रापि मम ते पुत्रा भविष्यन्ति तपस्विनः ।
कुशिक चैवगार्ग्य च मित्रकौरुष्ट (मित्रः कौरुष्य) एव च ॥ २३ ॥ —એજન

૭૬ कुशिक चैव गार्ग्य च मित्रः कौरुष्य एव च ॥ १३१ ॥
લિંગપુરાણ, અ. ૨૨, શ્લોક ૧૩૧.

૭૭ कुशिक चैव गर्ग च मित्रः कौरुष्य एव च ॥
શિવપુરાણ, રુદ્રસંહિતા, સર્ગ ૩, અધ્યા. ૫, શ્લોક ૫૦

૭૮ એપિગ્રાફિયા ઇન્ડિકા, ગ્રંથ ૨૧, પૃ. ૧થી આગળ

૭૯ ..... (पा) शुपतयोगमूतो......कुशिकाद्योन्ये । १३ ।
—Journal of the Bombay Branch Royal Asiatic Society, p. 167.

૮૦ જુઓ હ્યુએનસંગ.

આમ પાશુપતમતનાં સ્થાપના તથા પ્રસાર દ્વારા લકુલીશે ભારતના શૈવ ધર્મમાં મહત્ત્વનો ફાળો આપ્યો ગણાય.

## ૩. શ્રીવચ્છકાચાર્ય

મૂળરાજ પહેલાના વિ. સં. ૧૦૩૦(ઈ. સ. ૯૭૪)ના તામ્રશાસનમાં વચ્છકાચાર્યને દાન આપ્યાનો ઉલ્લેખ છે.[૮૧] આ આચાર્ય શૈવ તો ખરા જ પણ કયા સંપ્રદાયના હશે એ કહેવું મુશ્કેલ છે.[૮૨] તામ્રશાસનમાં એમને વિશે આવી કે બીજી કોઈ વિશેષ માહિતી આપી નથી.

## ૪. શ્રીદીર્ઘાચાર્ય

મૂળરાજ પહેલાના વિ. સં. ૧૦૫૧(ઈ. સ. ૯૯૫)ના બાલેરાના તામ્રશાસનમાં આ આચાર્યનો નામોલ્લેખ છે.[૮૩] એમના પિતાનું નામ દુર્લભાચાર્ય હતું.[૮૪] તેમને દાનપત્રમાં સર્વ વિદ્યામાં નિપુણ અને "તપોનિધ" એવાં બિરુદો આપ્યાં છે.[૮૫] તેઓ કાન્યકુબ્જથી આવી પાટણમાં વસેલા હતા, એવું તામ્રશાસન પરથી જણાય છે. મૂળરાજે સત્યપુરમંડળમાં આવેલું વરણક નામનું ગામ તેમને દાનમાં આપેલું.

દીર્ઘાચાર્ય કયા સંપ્રદાયના છે એ દાનમાં નોંધ્યું નથી. પણ એ કાન્યકુબ્જથી આવેલા છે અને તેમને તપોનિધિ કહ્યા છે,[૮૬] એ ઉપરથી એ પાશુપતાચાર્ય હોય એવો તર્ક બાંધી શકાય છે, કારણ કે કાન્યકુબ્જથી આવેલા કેટલાક પાશુપતાચાર્યોને પણ તપોનિધિ જ કહેવામાં આવ્યા છે.[૮૬(૧)]

## ૫. ભટ્ટારક અજપાલ[૮૭]

આ આચાર્યનો ઉલ્લેખ ભીમદેવ પહેલાના વિ. સં. ૧૦૮૬(ઈ. સ. ૧૦૩૦-૩૧)ના

---

૮૧ વિએના ઓરિએન્ટલ જર્નલ, ગ્રન્થ ૫, પૃ. ૩૦૦.

૮૨ શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી : શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૧૫૨.

૮૩ श्री दुर्लभाचार्यसुताय श्री दीर्घाचार्याय शासनेनोदकपूर्व्वमस्माभिः प्रदत्तेति मत्वा अस्मद्वंशजैरपरैरपि ......

—ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા ૨ નં. ૧૩૮ પતરું બીજું, પંક્તિ ૧૧-૧૨.

૮૪ એજન.

૮૫ श्रीक(न)यकुब्ज(ब्ज)
त्रिनिगर्गताशेषविद्यापारंगततपोनिधि श्री दुर्लभाचार्य-सुताय
श्री दीर्घाचार्याय । એજન, પંક્તિ ૧૦-૧૧.

૮૬ એજન.

૮૬(૧) શાસ્ત્રી હરિશંકર પ્રભાશંકર, 'ગુજરાતના પાશુપતાચાર્યો', શ્રી ફાર્બસ ગુજરાતી સભા મહોત્સવ ગ્રંથ, પૃ. ૩૦.

૮૭ અભિલેખના સંસ્કૃત પાઠમાં "આજપાલ" શબ્દ આપેલો છે. (બ્યુલર: ઇન્ડિયન એન્ટીક્વેરી, ગ્રંથ ૬, પૃ. ૧૯૩.; ગુજરાતના ઐતિહાસિક લેખો, ૨, નં. ૧૩૯, પતરુ, પહેલું, પંક્તિ૮). એના ભાષાન્તરમાં "અજપાલ" લખેલું છે. (એજન, ભાષાંતરના પાઠ). શબ્દાર્થની દૃષ્ટિએ આ બીજું રૂપ વધારે બંધબેસતું છે.

દાનપત્રમાં આવે છે.[૮૮] આમાં ભીમદેવે શિવની પૂજા કરીને કચ્છનું મસૂર ગામ અજપાલને દાનમાં આપ્યાનું નોંધ્યું છે.[૮૯]

આમાં પણ અજપાલના સંપ્રદાયનો ઉલ્લેખ નથી પણ એમના પિતાનું નામ આચાર્ય "મંગલશિવ" હતું તેવું જણાવ્યું છે.[૯૦] પાશુપતાચાર્યોમાં "શિવ" શબ્દાંતનાં કેટલાંક નામો મળે છે. દા. ત. વિમલશિવ (મુનિ), ઇશાનશિવ, ગમનશિવ વગેરે.[૯૧] એ પરથી અને સોલંકી યુગમાં પાશુપતમત પ્રબળ હોવાથી, આચાર્ય મંગલશિવ પાશુપતાચાર્ય હોય તેમ લાગે છે. એટલે પિતા પરથી આચાર્ય અજપાલ પણ પાશુપતમતના હોવા જોઈએ એવું શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી માને છે.[૯૨]

અજપાલનો વારસો હજી પણ હયાત છે અને તેઓ આજે પણ જોવા મળે છે, એવું શ્રી ગિરિજાશંકર આચાર્ય શ્રી મી.ડી. ખપ્પરની માહિતી પરથી નોંધે છે.[૯૩]

## ૬ પ્રસર્વજ્ઞ

કુમારપાલના સમયના વિ. સં. ૧૨૦૨(ઈ. સ. ૧૧૪૬-૪૭)ના માંગરોળના શિલાલેખમાં આ આચાર્યનો ઉલ્લેખ આવે છે.[૯૪] એમાં જણાવ્યું છે કે "આ પ્રશસ્તિ પરમ પાશુપતાચાર્ય મહા પંડિત શ્રી. પ્રસર્વજ્ઞે રચેલી છે.[૯૫]

આ પરથી એ પાશુપતાચાર્ય હતા અને સાથે સાથે વિદ્વાન લેખક હતા, એ પ્રતીત થાય છે.

તેઓ કયા મઠ સાથે સંકળાયેલા છે, એનો ઉલ્લેખ–પ્રસ્તુત લેખમાં મળતો નથી, પણ માંગરોળ પાસેના છેલાણા ગામની કામનાથની જગ્યામાં આવેલા આરશીઓ ઉપરથી લેખ પરથી એવું જણાય છે કે આ પાશુપતાચાર્ય ભૃગુ મઠના સ્થાનપતિ હશે. આ ભૃગુ મઠ તે માંગરોળ પાસેની હાલની કામનાથની જગ્યા હશે.[૯૬]

---

૮૮ भगवतं भवानीपतिमभ्यर्च्य कच्छमंडलमध्यवर्तिनवणीसकच्छानविर्ग्वताय
आचार्यमंगल शिव सुताय भट्टारक आजपालाय...... ।
—ગુ. એ. લે. ૨, નં. ૧૩૯, પતરું પહેલું, પંક્તિ ૬ થી ૮.

૮૯ એજન.

૯૦ आचार्य मंगलशिवसुताय भट्टारक आजपालाय...... ॥ એજન.

૯૧ શાસ્ત્રી હરિશંકર પ્રભાશંકર, 'ગુજરાતના પાશુપતાચાર્યો,' શ્રી ફાર્બસ ગુજરાતી સભા મહોત્સવ ગ્રંથ, પૃ. ૧૫૨.

૯૨ શાસ્ત્રી દુર્ગાશંકર કા; શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૧૫૨.

૯૩ ગુ. ઐતિહાસિક લે., ભાગ ૨, (ચૌ. લે.), પૃ. ૧૬ પાદટીપ.

૯૪ ગુ. ઐ. લે., ભાગ ૨, નં. ૧૪૫.

૯૫ प्रशस्तिरियं नि( र्मिता ) ॥
कृतिरियं परमपाशुपताचार्यमहापंडितश्रीप्रसर्व्वज्ञस्य ॥ એજન પંક્તિ. ૨૪-૨૫.

૯૬ શાસ્ત્રી હ. પ્ર. : ગુજરાતના પાશુપતાચાર્યો, શ્રી ફા. ગુ. સ. મ. ગ્રન્થ, પૃ. ૩૦.

## ૭ ગંડ ભાવબૃહસ્પતિ

પ્રભાસ પાટણના કુમારપાલના સમયનો વલ્લભી સંવત ૮૫૦( ઈ. સ. ૧૧૬૯ )નો શિલાલેખ[૯૭] તથા ભીમદેવ બીજા( ઈ. સ. ૧૧૭૯ થી ૧૨૪૩ )નો વેરાવલનો શિલાલેખ[૯૮] ભાવબૃહસ્પતિના જીવન પર સારો એવો પ્રકાશ પાડે છે.

**જન્મ :**—તેમનો જન્મ વારાણસીમાં થયો હતો.[૯૯] તેઓ ગાર્ગ્ય ગોત્રના કાન્યકુબ્જ બ્રાહ્મણ હતા અને તેમના ગોત્રમાં તેઓ શ્રેષ્ઠ હતા.[૧૦૦] સોમનાથના મંદિરને જીર્ણ જોઈ શંકરે નંદીશ્વરને અવતાર લેવાની આજ્ઞા કરેલી અને એ અનુસાર તેઓ ( નંદીશ્વર ) ભાવબૃહસ્પતિ તરીકે જન્મ્યા, એવો ઉલ્લેખ પ્રભાસ પાટણના શિલાલેખમાં આવે છે.[૧૦૧] તે પરથી ભાવબૃહસ્પતિ નંદીશ્વરનો અવતાર ગણાતા હોવાની માન્યતા જણાય છે.

**કુળ :**—એમના પિતાનું કે માતાનું નામ લેખમાં જણાવ્યું નથી પણ તેઓ કાન્યકુબ્જ જેવી રમ્ય-ભૂમિમાં શ્રેષ્ઠ દ્વિજ હતા, એવું નોંધ્યું છે.[૧૦૨] તેઓ વેદના શ્લોકો કે વેદાન્તમાં મસ્ત રહેતા અને એ દ્વારા એમણે મનની ચિંતા( બંધનો )નો અંત આણ્યો હતો. ઉપરાંત તેમણે ત્રણ યજ્ઞની આહૂતિ આપી પોતાના પાપોનો નાશ કર્યો હતો એટલે આવા પવિત્ર બ્રાહ્મણને ત્યાં શિવે ભાવ-બૃહસ્પતિના સ્વરૂપે અંશાવતાર ધારણ કર્યો ગણાયો.[૧૦૩]

**બાળપણ :**—બાળપણમાં તેમને અધ્યયન વિના પૂર્વના સંસ્કારોના બળે ચૌદે પ્રકારની વિદ્યાઓમાં નિપુણતા પ્રાપ્ત થઈ હતી.[૧૦૪] તેમણે પાશુપતવ્રત ગ્રહણ કર્યું હતું[૧૦૫] પોતે પરમ પાશુપતાચાર્ય હતા અને પાશુપતમતને લગતા કેટલાક ગ્રન્થોની રચના પણ કરી હશે, એવું એ શિલાલેખમાંથી પ્રસ્ફૂટ થતું હોય તેમ લાગે છે.[૧૦૬]

---

૯૭ ગુ. ઐ. લે., નં. ૧૫૫,

૯૮ એજન, નં. ૨૦૪.

૯૯ એજન, નં. ૧૫૫, શ્લોક ૫.

૧૦૦ એજન, શ્લોક, ૧૨.

૧૦૧ એજન, શ્લોક, ૫.

૧૦૨ ગુ. ઐ. લે., ૨, નં. ૨૦૪, શ્લોક, ૪-૫.

૧૦૩ એજન,

૧૦૪ એજન, શ્લોક, ૬-૭

૧૦૫ पाशुपतव्रतं च विध्धे नंदीश्वरः ( सर्वंवि )त —એજન, નં ૧૦૫, શ્લોક. ૫

૧૦૬ શ્રી. હ. પ્ર. શાસ્ત્રી ભાવબૃહસ્પતિએ પાશુપતમતને લગતા કેટલાક ગ્રન્થોની રચના કરી હતી, એવું ચોક્કસ વિધાન કરે છે. ( શ્રી. ફા. ગુ. સ. મહોત્સવ ગ્રન્થ, પૃ. ૩૦ ). પણ લેખની પંક્તિઓ જોતાં એવું સ્પષ્ટ વિધાન કરી શકાય તેવી સ્થિતિ નથી. એમાં તો એને "તેનો પોતાનો આગમ સ્પષ્ટ કરતાં એકત્ર મૂકેલાં શાસ્ત્રો સમાન ગણાવ્યો છે. ( ગુ. ઐ. લે., ૨, નં. ૧૫૫ શ્લોક ૭ ).

"ભાવબૃહસ્પતિ વિરચિત પાશુપતમતને લગતો કોઈ પણ ગ્રન્થ હજુ સુધી મળી આવ્યો નથી." એવી એમણે પોતે કરેલી નોંધ ( ફા ગુ. સ. મ ગ્રન્થ, પૃ. ૩૦, પાદટીપ ) પણ આ મંતવ્યને પુષ્ટિ આપે છે.

**યાત્રા :—**

તેમણે રાજાઓને દીક્ષા આપવા માટે પશુપતિનાં સ્થાનોની રક્ષા માટે અને યાત્રાઓ માટે પ્રવાસ આરંભ્યો અને એમણે એટલાં બધાં તીર્થસ્થાનોની યાત્રા કરી કે જેને કારણે કવિ એમને "नानातीर्थकरोपमान"ની પદવીથી નવાજે છે.[૧૦૭] આ યાત્રાઓ દરમ્યાન એમને ઘણું માન મળ્યું લાગે છે કારણ કે એમને "અખિલ જગથી પૂજિત" કહેવામાં આવ્યા છે.[૧૦૮] સિદ્ધરાજે પણ અંજલિ કરીને તેને સર્વથી શ્રેષ્ઠ માન આપેલું અને અતિ શ્રદ્ધાથી એમની સેવા કરેલી.[૧૦૯]

આવા "અનેક તીર્થકરોપવાન"ની પદવીવાળા તેઓ માલવ દેશમાં આવી ધારાપુરી ગયા.[૧૧૦] પછી અવંતી ("ઉજ્જયિની") જઈ મહાકાલ દેવના મઠના ભકતોના શિષ્ય થઈ ત્યાં કેટલાયે દિવસ બલ્કે વર્ષો સુધી રહી ત્યાં એમણે કઠણ તપ કર્યું.[૧૧૧] આવું તપ એમણે કાન્યકુબ્જમાં અને માળવામાં પણ કરેલું.[૧૧૨] તપને લીધે તેઓ "તપોનિધિ" તરીકે ખ્યાતિ પામ્યા.[૧૧૩]

**શિષ્યો :—**

તપના પ્રભાવથી એમણે માળવાના પરમાર રાજાઓને શિષ્ય બનાવ્યા અને ત્યાંના પાશુપત મઠોનું સંરક્ષણ કર્યું અને પોતાના પર અતિ પ્રસન્ન થયેલા ગુર્જરેશ્વર જયસિંહદેવ (સિદ્ધરાજ)નો ભ્રાતૃભાવ પ્રાપ્ત કર્યો.[૧૧૪]

શ્રી કાશીશ્વર, શ્રી માલવપતિ, શ્રી સિદ્ધરાજ અને અન્ય નૃપો તેને ભૂમિ પર ધર્મનો નાયક માની, તેની શ્રદ્ધાથી પૂજા કરતા હતા.[૧૧૫] જ્યારે તેણે સિદ્ધરાજને સોમનાથના શિવાલયનો

---

૧૦૭ ગુ. ઐ લે. ૨, નં. ૧૫૫, શ્લોક. ૬ ૭

૧૦૮ એજન, શ્લોક. ૭

૧૦૯ એજન, શ્લોક ૮

૧૧૦ श्रीमद्भावबृहस्पतिः समभव (सिद्धि) द्यवि वार्चितो
नानातीर्थकरोपमानपदवीमासाय धारां पुरीं संप्राप्तो
नकुलीशसन्निभतवनुंः संपूजितस्तापसैः कंदर्प प्रतिमश्च (शास्त्र)
मखिलस्वीयागमोद्घाटनं ॥ ७ ॥ —ગુ. ઐ લુ., ૨ નં. ૧૫૫

લેખ નં. ૨૦૪ (શ્લોક ૬-૭)માં ધારાપુરીને બદલે અવંતી શબ્દ વાપર્યો છે.

તેમને મહાકાલ દેવના મઠના ભક્તોના શિષ્ય તરી કે ઓળખાવ્યા છે અને તપ માટે તેઓ અવંતી ગયા એવું નોંધ્યું છે. (એજન)

૧૧૧ दरमुकुलितनेत्रयो तिरुच्चैर्विचिन्वन किमपिस निरपापं
तत्वतादात्म्यमुक्तं । (गरिम)गुणविलासं श्रीमहानंदरूपं
कतिपयदिवसान्वा वत्सरानप्यनैषीत ॥ ८ ॥ —ગુ. ઐ લે., નં. ૨૦૪, શ્લોક. ૮.

૧૧૨. ગુ. ઐ. લે., ૨, નં. ૧૫૫, શ્લોક. ૮

૧૧૩. એજન, શ્લોક. ૬

૧૧૪. એજન, શ્લોક. ૮

૧૧૫. એજન, નં. ૨૦૪, શ્લોક. ૧૬

જીર્ણોદ્ધાર કરવાનો ઉપદેશ કર્યો[૧૧૬] ત્યારે તે જ દિવસે સિદ્ધરાજ બે હાથ જોડીને તેને શરણે થયો અને તેને મુખ્ય પદ આપ્યું અને શ્રદ્ધાથી તેની સેવા કરી; પરંતુ સિદ્ધરાજ સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવે તે પહેલાં તે સ્વર્ગવાસી થયો.[૧૧૭] એટલે કુમારપાલ રાજગાદીએ આવ્યો. ભાલબૃહસ્પતિએ કુમારપાલને સોમનાથના શિવાલયનો જિર્ણોદ્ધાર કરવાનો ઉપદેશ કર્યો.[૧૧૮] અને એ સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર થયો.[૧૧૯]

શ્લોક નં. ૧૧ અને ૧૫માં[૧૨૦] આ મંદિરનો જીર્ણોદ્ધાર રાજા કુમારપાલે કરાવ્યો હોવાનું જણાવ્યું છે જ્યારે શ્લોક નં. ૧૭, ૧૮ અને ૨૩માં એ જીર્ણોદ્ધાર ગંડ ભાવબહસ્પતિએ કરાવ્યો હોવાનું કહેલું છે. આ પરથી લાગે છે કે સોમનાથ મંદિરનો આ જીર્ણોદ્ધાર રાજા કુમારપાલના ઉદાર રાજ્યશ્રીથી તથા ગંડભાવબૃહસ્પતિના સક્રિય પુરુષાર્થથી થયો હશે.

## રાજા કુમારપાલનો આદરભાવ

કુમારપાલ જીર્ણોદ્ધાર થયેલા મંદિરને જોઈને અતિ પ્રસન્ન થયા અને તેમણે કહ્યું કે હું ગંડનું[૧૨૧] પદ તમને, તમારા પુત્રપૌત્રોને શશી, તારા અને સૂર્યના અસ્તિત્વ કાળ સુધી અર્પણ કરું છું અને પ્રસન્ન થયેલા ગુર્જર દેશના નૃપે વૃક્ષ, જળ વગેરે સહિત બ્રહ્મપુરી નામનું ગામ આખી સભા સમક્ષ ત્રણ પુટવાળા ત્રાંબાના પતરા ઉપર લેખિત શાસનથી પુત્ર, પૌત્રો અને વંશજોને

---

૧૧૬. "આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવા માટે જ બૃહસ્પતિએ અવતાર ધારણ કર્યો હતો." (લે. નં. ૧૫૫, શ્લોક. ૪) અને શંભુએ એને આનું સ્મરણ કરાવ્યું એટલે તેણે સિદ્ધરાજને આ અંગે ઉપદેશ આપ્યો (શ્લોક. ૯), એવું લેખમાં નોંધ્યું છે.

૧૧૭. ગુ. ઐ. લે., નં. ૧૫૫, શ્લોક. ૧૦

૧૧૮. એજન, શ્લોક. ૧૧

૧૧૯. એજન, શ્લોક. ૧૪

૧૨૦. ગુ. ઐ. લે., ૨, નં. ૧૫૫

૧૨૧. ગંડનો અર્થ કોઈ કોટવાળ કરે છે, કોઈ પૂજારી, કોઈ મહંત, તો કોઈ તપોધન એમ જુદા જુદા કરે છે. વળી ગંડ એટલે "શિવ" એવો અર્થ પણ સૂચવવામાં આવ્યો છે. (ફાર્બસ ગુજરાતી સભા મહોત્સવ ગ્રંથ, પૃ. ૩૧, પાદટીપ ૧૩).

ગુજરાતના સોલંકી રાજવંશમાં કર્ણદેવ "ત્રૈલોક્યમલ્લ"નું બિરુદ ધરાવે છે (ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ. ૨૪૮) અને એનો પુત્ર સિદ્ધરાજ જયસિંહ એની જગ્યાએ "ત્રૈલોક્યગંડ" એવું બિરુદ ધારણ કરે છે. (એજન, પૃ. ૨૬૩). પછીના લેખોમાં "ત્રૈલોક્યગંડ"ને બદલે "ત્રિભુવન-ગંડ" એવો સરળ શબ્દપ્રયોગ જોવા મળે છે (એજન, પૃ. ૨૬૫).

કર્ણદેવનું "ત્રૈલોક્યમલ્લ" અને સિદ્ધરાજનું "ત્રૈલોક્યગંડ" બિરુદ સરખાવતાં 'મલ્લ' અને 'ગંડ' શબ્દો સમાન અર્થ હોવાનું સૂચિત થાય છે. અર્થાત્ 'ગંડ' એટલે "મલ્લ જેવો પુરુષ", "રાજ્યનો રક્ષક"—એવો અર્થ રાજાઓના સંદર્ભમાં બંધ બેસે છે.

મહંતોના સંદર્ભમાં "ગંડ"નો અર્થ પ્રધાન (મુખ્ય) અથવા શ્રેષ્ઠ (ઉત્તમ) એવો ઘટાવી શકાય. "ગુરુગંડ" જેવાં પદોમાં પણ અર્થ સારી રીતે બંધ બેસી શકે છે.

પ્રતિબંધ વિના ઉપયોગ માટે આપ્યું.[૧૨૨] વિશેષમાં એમને સોમનાથ તીર્થના સર્વેશ-ગંડેશ્વર બનાવ્યા,[૧૨૩] અને તેમણે (કુમારપાલે) તેમને પોતાના હાથમાં કંઠમાં મૌક્તિક-માળાનો અલંકાર પહેરાવી, તેમના ચરણોએ ચંદનનો લેપ કર્યો અને આદરથી પોતાનું શિશ નમાવી ભક્તિભાવથી પ્રણામ કર્યા તથા પોતાની મહત્તા બાજુએ મૂકી તેમને પોતાની મુદ્રા પહેરાવી.[૧૨૪]

**કાર્યો :—**

ભાવબૃહસ્પતિએ પ્રભાસ પાટણમાં આવીને સોમનાથના શિવાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને કૈલાસ પર્વત સમાન મેરુ નામે નવો પ્રાસાદ કરાવ્યો.[૧૨૫]

ભાવબૃહસ્પતિએ ૫૫૫ સંતોની પૂજા કરી અને મંદિરની દક્ષિણમાં તથા ઉત્તરમાં મજબૂત દુર્ગ બંધાવીને નગરનો વિસ્તાર કર્યો[૧૨૬] ગૌરી ભીમેશ્વર, કપર્દિ (શિવ), સિદ્ધેશ્વર વગેરે દેવોનાં મંદિરો પર સુવર્ણના કળશો ચઢાવ્યા.[૧૨૭] ઉપરાંત એણે એક નૃપ-શાલા બનાવી[૧૨૮] તથા રસોડાં અને સ્નાન માટેનાં શુદ્ધ જળ અર્થે સરસ્વતી-વાપી બંધાવી.[૧૨૯] કપર્દિ (શંકર)ના મંદિરના અગ્રસ્થાનમાં સ્તંભોના આધારવાળી એક પડસાળ એણે બંધાવી.[૧૩૦] ઉપરાંત રૂપાના જળભાર્ગવાળું, મંડૂકના આકારવાળું શિવનું આસન કરાવ્યું અને પાપમોચનના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો.[૧૩૧] તેણે સત્ત્વ, રજસ અને તમસના ત્રણ ગુણોવાળા બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર—એ ત્રણ દેવોની સ્થાપના કરી અને દેહોત્સર્ગના કિનારે પગથિયાંની સીડી કરાવી.[૧૩૨] બ્રાહ્મણોને ઘર બંધાવી આપ્યાં અને અપર ચંડિકાની સ્થાપના કરી, ઇત્યાદિ પુણ્ય કાર્યો ભાવબૃહસ્પતિએ કરાવ્યાં.[૧૩૩]

ભાવબૃહસ્પતિએ વિષ્ણુની પૂજાને સહાય કરી હતી અને દ્વિજો માટે વિશાળ ગૃહો બંધાવ્યાં હતાં.[૧૩૪]

---

૧૨૨. ગુ. ઐ. લે, ૨, નં. ૧૫૫ શ્લોક. ૧૪ અને ૧૬.

૧૨૩. એજન, શ્લોક. ૧૨.

૧૨૪ એજન, શ્લોક. ૧૩

૧૨૫ ગુ. ઐ. લે, ૨, નં. ૧૫૫, શ્લોક ૧૪-૧૫નો ભાવાર્થ. મેરુપ્રાસાદ એ સ્થાપત્યમાં એક પ્રકારનો પ્રાસાદ છે.

૧૨૬ ગુ. ઐ. લે, ૨, શ્લોક. ૨૩-૨૪

૧૨૭ એજન, શ્લોક. ૨૫

૧૨૮ આ સૂચવે છે કે રાજકુલમાં આ આચાર્યનું બહુમાન હોવું જોઇએ.

૧૨૯ એજન, શ્લોક. ૨૬

૧૩૦ એજન, શ્લોક ૨૭

૧૩૧ એજન, શ્લોક ૨૮

૧૩૨ ગુ. ઐ. લે, નં. ૨૦૪, શ્લોક ૧૭

૧૩૩ ગુ. ઐ. લે, નં. ૧૫૫, શ્લોક ૨૩થી ૩૨ના સારાંશમાંથી મંદિરો ઉપરાંત એણે આવાં જાહેર લોકકલ્યાણનાં કાર્યો કર્યાં, તે એની લોક-હિતની ભાવના અને ઉદાત્ત ધર્મ-ભાવના સૂચવે છે.

૧૩૪ ગુ. ઐ. લે, ૨, નં. ૧૫૫, શ્લોક ૨૯.

સૂર્ય-ગ્રહણ અને ચન્દ્ર-ગ્રહણના પર્વ-દિને તે વિદ્વાન અને ગુણવાન દ્વિજોને દાન આપી તેમનું સન્માન કરતો તેમ જ પાંચ પર્વ-દિનોએ નિયમિત દાન આપતો.[૧૩૫]

**પુત્ર-પરિવાર :**—ભાવબૃહસ્પતિની પત્નીનું નામ મહાદેવી હતું અને એ સોઢલ વંશની હતી. તેનું લાવણ્ય ચંપાના પુષ્પ જેવું હતું.[૧૩૬] પ્રશસ્તિકારે એને યશ, વાણી અને સૌંદર્યમાં અનુક્રમે ગંગા, સરસ્વતી અને યમુના સમાન ગણાવી છે.[૧૩૭]

એને અપરાદિત્ય, રત્નાદિત્ય, સોમેશ્વર અને ભાસ્કર એ નામના ચાર પુત્રો[૧૩૮] અને પ્રતાપદેવી નામે પુત્રી હતી.[૧૩૯]

ભાવબૃહસ્પતિના પુત્રો પણ વિદ્વાન હતા. તેઓ ચારે ધર્મનિષ્ઠ અને દશરથ પુત્રો–રામ-લક્ષ્મણ આદિ ચારે ભાઈઓની જેમ સંપવાળા હતા.[૧૪૦]

પ્રતાપદેવીને સીતા, લક્ષ્મી અને બાલ-સરસ્વતી સમાન ગણાવી છે.[૧૪૧] એનું લગ્ન વિશ્વેશ્વરરાશિ નામના વિદ્વાન પાશુપતાચાર્ય સાથે થયું હતું.[૧૪૨]

**ચરિત :**—તે શંકરની ભક્તિમાં પરાયણ હતો. બ્રહ્મના જ્ઞાનમાં આનંદ લેનારો શ્રુતિમાં શ્રદ્ધાવાળો, દાનનો શોખીન, ક્ષમાવાળો, મતિવાળો અને સુચરિતવાળો હતો.[૧૪૩]

---

૧૩૫ એજન. શ્લોક ૩૩.

૧૩૬ મહાદેવીના સૌંદર્યની ઘણી ઉપમાઓ કવિએ આપેલી છે :—

लावण्यं नवचंपकेडितिरयो बाहुः शिरीषावली द्रष्टिः
कौंच नहासः कुंदममंदरोध्रकुसुमा न्युया कपोलस्थली यस्या
मनमथशिल्पिना त्रिरचितं सर्वर्तुलक्ष्म्या वपुः । ३६ ......
એજન શ્લોક ૩૬

૧૩૭ एतस्याभवदिंदुसुंदरमुखी पत्नी प्रसिद्धान्वया गौरीत्रिपुरद्विषो
विजयिनी लक्ष्मीर्मुरारेरिव श्री गंगेव सरस्वतीव यमुने
वेदाग्रकीर्त्या गिरा कांत्या सोढलसंभवा भूति महादेवीति
या विश्रुता ॥ એજન શ્લોક, ૩૫.

૧૩૮ ......पुत्रोपमानाः आद्यस्तेषामतीवदपरादित्यनामा ततोभूद्रत्नादित्य....(अ) (न्यः) सोमेश्वर इति कृति भास्कर चापरोभूदेवे रामादिभिरुपमिता सत्यसौभ्रात्रयुक्ताः.....॥ ३८ ॥ એજન.

વેરાવળના લેખમાં બીજા પુત્રનું નામ "રત્નાદિત્ય"ને બદલે "ધર્માદિત્ય" આપ્યું છે.—ગુ. ઐ. લે., નં. ૨૦૪, શ્લોક ૧૪.

૧૩૯ ગુ. ઐ. લે. નં. ૨૦૪, શ્લોક ૧૧-૧૨-૧૩.

૧૪૦ એજન, લે. નં. ૧૫૫, શ્લોક ૩૭–૩૮.

૧૪૧ એજન, લે. નં. ૨૦૪, શ્લોક ૧૧ થી ૧૩.

૧૪૨ એજન, શ્લોક ૨૧.

૧૪૩ भक्तिः स्मरद्विषि रतिः परमात्मद्रष्टौ श्रद्धा श्रुतौ व्यसनिता च परोपकारे क्षांतो मतिः सुचरितेषु कृतिश्च यस्य विश्वंभरेऽपि च नुतिः सुतराम सुखाय । એજન, શ્લોક ૩૪.

અવંતિના શંકરે કુમારપાલ રાજાને તેમ જ આ મઠાધિપતિને ત્યાં (ઉજ્જૈનના મહાકાલ તીર્થમાં) પ્રવર્તતા પાખંડ મતની ભયંકરતામાંથી નગરનું રક્ષણ કરાવવા તેમને સત્યોપદેશ દીધો, એવો ઉલ્લેખ વેરાવલના શિલાલેખમાં[૧૪૪] આવે છે. (શ્લોક ૧૦) તે પરથી કુમારપાલ અને ભાવબૃહસ્પતિએ ઉજ્જૈનમાં પ્રવર્તતા પાખંડ મતનું નિરસન (નિવારણ) કરી ત્યાં શુદ્ધ તત્ત્વ પ્રવર્તાવ્યું હોવાનું સૂચિત થાય છે.

આમ ભાવબૃહસ્પતિ વિદ્વાન અને સમર્થ ધર્માચાર્ય તથા અણહિલવાડના ચૌલુક્ય રાજાઓના ધર્મગુરુ હતા. તેમ જ પાશુપતમઠના સ્થાનપતિ હતા એટલું જ નહીં પણ પ્રભાસ તીર્થના સોમનાથ મંદિરના તથા અન્ય મંદિરોના નિર્માણ, જીર્ણોદ્ધાર અને નિર્વાહમાં એમનો ઘણો કીમતી ફાળો રહ્યો હતો.

## ૮. શ્રી વિશ્વેશ્વર રાશિ

ભીમદેવ બીજાના વેરાવલના શિલાલેખમાં વિશ્વેશ્વર રાશિ નામે એક તપોનિધિનો ઉલ્લેખ આવે છે[૧૪૫] અને તે શિવનો અંશ ગણાતો.[૧૪૬] અને સોમનાથના મંદિરના સંરક્ષણમાં એણે ખાસ ફાળો આપ્યો હતો. એ ગંડ ભાવબૃહસ્પતિની પુત્રી પ્રતાપદેવીને પરણ્યો હતો.[૧૪૭]

રાજા કુમારપાલના અનુગામી અજયપાલની વિનંતીથી વિશ્વેશ્વર રાશિએ શ્રી સોમની સ્થિતિ ઉદ્ધારી ત્યારે તે રાજાએ તેમને ગંડના પદ પર સ્થાપિત કર્યા.[૧૪૮]

આ સમયે શ્રીમદ ચતુર્જાતકના લતાના જેવા હારથી વિરાજિત થયેલ તે ઇંદ્ર વગેરે દેવોથી પુજાતા શંકર જેવો જ સુંદર લાગતો હતો.[૧૪૯] અજયપાલ એની પૂજા કરતો હતો.[૧૫૦] ત્યારબાદ મૂળરાજ બીજો મહારાજા થયો, એ પણ એની પૂજા કરતો હતો,[૧૫૧] અને તેના આશીર્વાદથી એક સ્ત્રીએ (મૂળરાજની માતાએ) હમીર નૃપનો યુદ્ધમાં સહેલાઈથી પરાજય કર્યો હતો. મૂળરાજ પછી તરત જ તે રાજ્યસ્થિતિના કાર્યમાં ગૂંથાયો હતો. છતાં પણ મહા આદરથી તે શ્રી ગંડેશ્વરની વારંવાર પૂજા કરતો હતો.[૧૫૨]

---

૧૪૪ ગુ. ઐ. લે. ૨, નં. ૨૦૪.

૧૪૫ ગુ. ઐ લે. ૨, નં. ૨૦૪, શ્લોક ૧૮ વગેરે.

૧૪૬ એજન, શ્લોક ૧૯નો સારાંશ

૧૪૭ એજન, શ્લોક. ૨૧

૧૪૮ એજન, શ્લોક. ૨૩

૧૪૯ એજન, શ્લોક ૨૪

૧૫૦ એજન, શ્લોક ૨૫-૨૬

૧૫૧ એજન.

૧૫૨ એજન, શ્લોક ૩૫

આ ભીમદેવના સમયમાં જગદ્દેવ નામે કોઈ પુરુષ પાસે વિશ્વેશ્વર રાશિએ સોમનાથનો મેઘનાદ નામે પ્રાસાદ કરાવ્યો હોવાનું આ શિલાલેખની ખંડિત પંક્તિઓ પરથી માલૂમ પડે છે. આ જગદ્દેવ કોણ હતો ? એ પંક્તિઓના ખંડિત પંક્તિઓના ખંડિત ભાગ પરથી સ્પષ્ટ થતું નથી, પરંતુ તેણે ભીમદેવના અભ્યુદયમાં કીમતી મદદ કરી હોવાનું જાણવા મળે છે. આ લેખમાં મુખ્યતઃ ગંડ વિશ્વેશ્વર રાશિની પ્રશસ્તિ રૂપે સોમનાથના પ્રાસાદના ઉદ્ધાર વગેરેમાં તેમનો અમૂલ્ય ફાળો રહેલો હોય તેમ જ શ્રી સોમનાથ તીર્થના ગંડ તરીકે તેઓ રાજા તરફથી પણ ભારે આદર પામતા હોય એવું સ્પષ્ટતઃ માલુમ પડે છે.

## ૯. શ્રી દુર્વાસુ

વિ. સં. ૧૨૬૬ (અને સિંહ સં. ૯૬, ઈ. સ. ૧૨૧૦)ના ભીમદેવ બીજાના એક દાનપત્રમાં આ આચાર્યનો ઉલ્લેખ આવે છે.[૧૫૪]

તે સમયે વામનસ્થલી(વંથલી)ના સોમનાથ દેવના સ્થાનાદિપતિ શ્રી દુર્વાસુ નામે હતા.[૧૫૫]

આ સિવાય બીજી કોઈ હકીકત આ આચાર્ય વિશે પ્રાપ્ય નથી.

## ૧૦. વિમલશિવમુનિ

સોમનાથ પાટણમાં આવેલા વિ. સં. ૧૨૭૩ (ઈ. સ. ૧૨૧૭-૧૮)ના ખંડિત શિલાલેખમાં શ્રીધરની પ્રશસ્તિનો મુખ્ય વિષય પૂરો થતાં અંતિમ શ્લોકોમાં વિમલ શિવમુનિનો, પ્રશસ્તિના કર્તાનો અને નવા બંધાયેલાં મંદિરોના શિલ્પીનો પરિચય આપવામાં આવ્યો છે,[૧૫૬] પરંતુ એ લોકોને લગતી પંક્તિઓનો ઘણો ભાગ અવાચ્ય[૧૫૭] હોઈ એમાંની ઘણી વિગતો ઉપલબ્ધ નથી. કવિ તથા શિલ્પીનાં નામ ચાલ્યાં ગયાં છે જ્યારે સદ્ભાગ્યે શ્રી વિમલ શિવમુનિનું

---

૧૫૩ એજન, શ્લોક ૩૦ થી ૩૩

ભીમદેવ બીજાના વિ. સં. ૧૨૭૩ની શ્રીધર-પ્રશસ્તિમાં આ મંડપ કર્યાનો જશ ભીમદેવ બીજાને આપવામાં આવ્યો છે. જ્યારે આ ખંડિત શિલાલેખમાં એ મંડપ જગદ્દેવ પાસે કરાવાયો હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. જગદ્દેવ અને ભીમદેવ વચ્ચેનો નિકટ સંબંધ જોતાં આ કાર્યમાં વસ્તુતઃ બંનેએ ફાળો આપ્યાનું ફલિત થાય છે.

૧૫૪. ગુ. ઐ. લે., ૨, નં. ૧૬૨.

૧૫૫ वाम श्रीसोमनाथदेवीयस्थाना दुर्वासु ॥

—એજન, પતરું ત્રીજું, પંક્તિ ૪૯.

આ પરથી સોલંકી કાળમાં વંથલીમાં પણ સોમનાથ નામે મહાદેવનું મંદિર હોવાનું સૂચિત થાય છે.

૧૫૬. ગુ. ઐ. લે., ૨, નં ૧૬૩.

૧૫૭ श्री......दूरे प्रसरपरिणते......क्षणिकमतमहाव्यास......संरंभसिंधुः (।)......
.....(तदादिविमल-शिवमुने) भाननीयो (नवेद्;) ॥५५॥

નામ જળવાઈ રહ્યું છે.[૧૫૮] ગૂમ થયેલી વિગતો અને એમને લગતી ઘણીખરી હકીકત નાબૂદ થઈ છે.[૧૫૯] પરંતુ પૂર્વાપર સંબંધ પરથી વિમલશિવમુનિ ભીમદેવ બીજાના સમયમાં થયેલા શ્રીધરના સમકાલીન હોવાનું તથા પ્રાયઃ સોમનાથતીર્થના એ સમયના સ્થાનાધિપતિ હોવાનું સૂચિત થાય છે.

## ૧૧. ગંડ શ્રી વીરભદ્ર

આ આચાર્ય સાથે સંબંધ ધરાવતા કુલ ચાર લેખો પ્રાપ્ય થયા છે. તેમાંના (અ) બે લેખ સંવતવાળા છેઃ (૧) અર્જુનદેવનો વેરાવળના હરિસિદ્ધ માતાના મંદિરમાં આવેલો વિ. સં. ૧૩૨૦ (ઈ. સ. ૧૨૬૪)નો શિલાલેખ[૧૬૦] અને બીજો (૨) વીસલદેવના રાજકવિ નાનાકને લગતો કોડીનારનો વિ. સં. ૧૩૨૮ (ઈ. સ. ૧૨૭૨)નો પ્રશસ્તિ-લેખ—એમાં પ્રશસ્તિ નં. ૧ (બ) બે લેખ સંવંત વિનાના છે.—(૩) સોમનાથ પાટણનો ગૌરીકુંડનો ખંડિત મૂર્તિ-લેખ[૧૬૨] અને બીજો (૪) સોમનાથ પાટણનો પ્રવેશ-દ્વારની દીવાલોમાંનો ઘસાયેલો શિલાલેખ.[૧૬૩]

વિ. સં. ૧૩૨૦ના લેખમાં સોમનાથ દેવપટ્ટનના પરમ પાશુપતાચાર્ય ગંડ શ્રી પર વીરભદ્રનો ઉલ્લેખ આવે છે. તેમાં તેમના નામની આગળ એ ઉપરાંત મહાપંડિતે, મહત્તર અને ધર્મમૂર્તિ એટલાં બિરુદો લગાડેલાં છે.[૧૬૪]

ગંડ શ્રી વીરભદ્રે નાનાકને મંગલ ગામની ઉપજનો સાતમો ભાગ અર્પણ કર્યો હતો અને એને આ પ્રેરણા શંકર ભગવાન દ્વારા પ્રાપ્ત થઈ હતી, એવું નાનાક પ્રશસ્તિમાં નોંધ્યું છે.[૧૬૫]

પ્રભાસ પાટણના ગૌરીકુંડના સંવત વિનાના લેખથી[૧૬૬] જાણવા મળે છે કે ગંડ શ્રી પર

---

૧૫૮. એજન.

૧૫૯. એજન.

૧૬૦. ગુ. ઐ. લે. ૩, નં. ૨૧૭.

૧૬૧. એજન, લેખ નં. ૨૧૮, શ્લોક. ૨૯.

૧૬૨. Editor, Deskalker D. B., " Inscriptions of Kathiawad." Insp. No. 19, p. 724–25.

૧૬૩. Ibid. Insp. No. 21, p. 726–28.

૧૬૪ इह श्रीसोमनाथदेवपत्तने परमपाशुपताचार्यमहापंडितमहत्तर-
धर्ममूर्तिगंडश्रीपरवीरभद्रपारि महंत श्रीअभयसहप्रभृतिपंचकुलप्रतिपत्तौ ॥
ગુ. ઐ. લે., ૩, નં. ૨૧૭. પંક્તિ. ૮ ૯.

૧૬૫ सन्तुष्यता यदुरुभक्तिगुणेनगण्डश्रीवीरभद्रवपुषि सकलां निवेश्य।
यः शंकरेण निरमीयत मंगलाख्यग्राममभिरामतमसप्तमभागभोगी ॥ २९ ॥
—ગુ. ઐ. લે. નં. ૨૧૮.

૧૬૬. આ લેખ આશરે વિ. સં.ના ચૌદમી શતાબ્દીના પહેલી પચાસીનો હોવાનું શ્રી ડિસકળકર અનુમાન કરે છે. ( Inscriptions of Kathiawad, p. 724 ).

વીરભદ્રને ઉમાદેવી નામે પુત્રી હતી, જેનું લગ્ન ગંડ શ્રી પર બૃહસ્પતિ[૧૬૭] સાથે થયું હતું.

ચોથો લેખ કે જેનો મધ્ય ભાગ છેક ઘસાઈ ગયો છે, તે લેખમાં પણ ગંડ શ્રી વીરભદ્રનું નામ છે;[૧૬૮] અને તેની સાથે વિદ્યારાશિ અને ઓંકારરાશિ એ બે પાશુપતાચાર્યોનાં નામો પણ આપેલાં છે.[૧૬૯] એ બંને પાશુપતાચાર્યો કયાંના હતા અને એઓનો શ્રી વીરભદ્રગંડ સાથે શો સંબંધ હતો તે જાણી શકાતું નથી પરંતુ એ લેખની ટૂંકી હકીકતથી જણાય છે કે ચંદ્રેશ્વર, વૈદ્યનાથ, કર્કેશ્વર અને કર્કેશ્વરી દેવી એ દેવતાઓનાં મંદિરોનો એ સમયે જીર્ણોદ્ધાર થયો હોય અથવા તો એ દેવતાઓનાં પૂજન-નિર્વાહ અર્થે કંઈ પણ પ્રબંધ કરવામાં આવ્યો હોય તેમ જણાય છે.[૧૭૦] આ ઉપરાંત એણે એક મઠ પણ બંધાવ્યો હતો એવો ઉલ્લેખ પણ એમાં આવે છે.[૧૭૧] આ બધાં કાર્યો વીરભદ્રની પ્રેરણાથી થયાં હોય અથવા બીજી કોઈ રીતે વીરભદ્ર આની સાથે સંકળાયેલા હોય, એટલું જ આપણે હાલ તો કહી શકીએ.

## ૧૨ ગંડ શ્રી અભયસિંહ

અર્જુનદેવના વેરાવળનાં હરિસિદ્ધ માતાના મંદિરમાં આવેલા વિ. સં. ૧૩૨૦ (ઈ. સ. ૧૨૬૪)ના[૧૭૨] અને વીસલદેવના રાજકવિ નાનાકના વિ. સં. ૧૩૨૮ (ઈ. સ. ૧૨૭૨) પ્રશસ્તિ-લેખમાં[૧૭૩] મહંત અભયસિંહનું[૧૭૪] નામ આપે છે.

મહંત અભયસિંહ પંચકુલના મુખ્ય માણસ હતા અને એ ગંડ શ્રી પરવીરભદ્રના પારિપાર્શ્વક (સેવક-મદદનીશ) હતા અને એમના પંચકુલે સોમનાથ દેવપટ્ટનમાં મસ્જિદના બાંધકામ

---

૧૬૭ गंडश्रीपरवीरभद्रसुता राज्ञी उमादेव्या(:) पति(:)
गंडश्रीपरबृहस्पति(:) ......। Inscriptions of Kathiwad, Insp. No. 19 Line No. 3, p. 725

બૃહસ્પતિ ગંડશ્રીવીરભદ્ર પછી પ્રભાસના મઠના સ્થાનપતિ થયા હતા.

૧૬૮ श्रीवीरभद्रेश......गोष्टिकः कृतः ॥ ३२ ॥ Inscriptions of Kathiawad, Insp. No, 21. p. 728.

૧૬૯ पशुपति ? ......
श्रीमदाचार्यधुर्यस्तदनु जयति विद्याराशि ......धः ।
ગુ. ઐ. લે. નં. ૨૧૮, શ્લોક. ૧૦, પંક્તિ. ૧૩-૧૪
नंदनंदनोसौ जगति विजयते श્रीमदोंकारराशिः ।

એજન, શ્લોક. ૧૧, પંક્તિ. ૧૫-૧૬; Inscriptions of Kathiawad, Insp. No. 21 p. 727.

૧૭૦ શ્રી ફાર્બસ ગુજરાતી સભા—ત્રૈમાસિક, પુ. ૪, અંક ૨, પૃ. ૨૩૦.

૧૭૧ Inscriptions Kathiawad, Insp. No. 21, p. 726 (ભાષાંતર)
अकारयच्चयारुमठं तदात्म तदाय... ..रूपां
नानाविधद्रूमविभुषितभूमिभागां यो वाटिकां... ...मुत्सर्जे ॥ २१ ॥

૧૭૨ ગુ. ઐ. લે., ૩, નં ૨૧૭. એજન, લે. નં. ૨૧૯

અને એને લગતા દાનને તેમ જ કવિ નાનાકના પ્રશસ્તિ-લેખને[૧૭૫] પ્રતિપત્તિ (અનુમતિ) આપી હતી.

આ પરથી જણાય છે કે તેઓ વીસલદેવના ઉત્તરાધિકારી અર્જુનદેવના વખતમાં થયા હશે અને તેઓ પણ ગંડવીરભદ્રની જેમ સોમનાથ પાટણમાં રહેતા હશે અને પાશુપતના આચાર્ય હશે.

નાનાક પ્રશસ્તિલેખમાં, પ્રશસ્તિ નં. ૨, વિ. સં. ૧૩૨૮માં શ્રી અભયસિંહની સમક્ષ (અથવા અનુમતિથી) કોતરાઈ હતી, એવો ઉલ્લેખ મળે છે.[૧૭૬]

આ ઉલ્લેખ એ પ્રશસ્તિના અંતિમ વાક્યમાં આવે છે. આ વાક્યના પાઠ તથા ભાષાંતરમાં ઘણી ગરબડ થઈ લાગે છે. લેખના સંપાદકે આ વાક્યનો અર્થ શ્રી અભયસિંહની પ્રતિપત્તિમાં વર્ણગડ (વડનગર)ના યજુર્વેદી મહાન પુરુષ શ્રી ભાવલાડાણ વડે કોતરાઇ, એવો અર્થ ઘટાવ્યો છે. પરંતુ એમાં "લાડાણ વડે" એવો અર્થ નીકળતો નથી.[૧૭૭] "શ્રી અભયસિંહ"ની પહેલાં આવતા શબ્દો ખરી રીતે એમના બિરુદો રૂપે છે. વળી "વર્ણગડ" જેનો અર્થ "વડનગર" કરવામાં આવ્યો છે તે શબ્દ વસ્તુતઃ "વર્ષેગંડ" હોવાનું સ્પષ્ટ થાય છે.[૧૭૮] આ અનુસાર ગંડ, ભાવ, યજુર્વેદ, બૃહત્પુરુષરાજ વગેરે બિરુદો અભયસિંહને જ લાગુ પડે છે.

## ૧૩ શ્રી પરત્રિપુરાંતક

અર્જુનદેવના વિ. સં. ૧૩૨૦ (ઈ. સ. ૧૨૬૪)ના સોમનાથ પાટણના શિલાલેખમાં આ આચાર્યનો ઉલ્લેખ આવે છે. તેઓ શ્રી નવઘણેશ્વર મઠના સ્થાનપતિ હતા[૧૭૯] અને અર્જુનદેવના સમકાલીન હતા એવું લેખ પરથી પ્રતીત થાય છે. આ સિવાય એમને વિશે બીજી કોઈ હકીકત પ્રસ્તુત લેખમાં નિર્દિષ્ટ નથી.

---

૧૭૪ નાનાકની પ્રશસ્તિમાં "અભયસિંહ" એવી શબ્દજોડણી છે. (પ્રશસ્તિ, અંતિમ પંક્તિઓ).

૧૭૫ गंड श्री परवीरभद्र महं श्री अभयसिंहप्रभूतिपंचकुलप्रतिपत्तौ......

—એજન લેખ નં. ૨૧૭, પંક્તિ ૯.

—એજન લેખ નં. ૨૧૯, અંતિમ વાક્યમાં

૧૭૬ सं. १३२८ वर्णगड (वर्षे गंड) श्री भाव यजुर्वेद अग्रा।
बृहत्पुरुषराज लाडाणरिह श्री अभयसिंह प्रतिपत्तौ प्रशास्तिरुद्धाटिता॥

—ગુ. ઐ. લે., ૨૧૯, અંતિમ શ્લોક.

૧૭૭ એવી રીતે "લાડાણરિહ" એ પણ અશુદ્ધ પાઠ લાગે છે.

૧૭૮ ગુ. ઐ લે. ૩, નં. ૨૧૭,

૧૭૯ ......श्रीनवघणेश्वरदेवीयस्थानपति श्रीपरत्रिपुरांतक......।—એજન, પંક્તિ ૨૪.

સોમનાથ દેવપટ્ટનની મસ્જિદને અપાયેલાં દાનોમાં એ નગરની અંદર આવેલી એક પડાળી (પલ્લડિકા)નો સમાવેશ થાય છે. એ પડાળી દાન દેનાર ખોજા–પીરોજે શ્રી પરત્રિપુરાંતક તથા વિનાયક ભટ્ટારક પરરત્નેશ્વર વગેરે પાસેથી લીધી હતી.[૧૮૦]

આ પરથી શ્રી પરત્રિપુરાંતક જે નવઘણેશ્વરના સ્થાનપતિ હતા તે સ્થાન સોમનાથ પટ્ટનમાં આવ્યું હોવાનું જણાય છે.

## ૧૪. પાશુપતાચાર્ય વિદ્યારાશિ

આ આચાર્યનો ઉલ્લેખ સોમનાથ પાટણના પ્રવેશ-દ્વારની દીવાલમાં આવેલા સંવત વિનાના શિલાલેખમાં આવે છે.[૧૮૧] લેખની વચ્ચેનો ભાગ ઘસાયેલો છે એટલે નામ સિવાય વિશેષ હકીકત જાણી શકાતી નથી પરંતુ લેખના વાચ્ય શબ્દો પરથી તેઓ પાશુપતાચાર્ય હતા એ નક્કી, થઈ શકે છે.[૧૮૨] આના પછી તરત જ ખંડેશ્વરના મઠનો ઉલ્લેખ આવે છે.[૧૮૩] એટલે તેઓ આ મઠ સાથે કંઈ સંબંધ ધરાવતા હશે એમ લાગે છે.

## ૧૫. પાશુપતાચાર્ય ૐકારરાશિ

સોમનાથ પાટણના પ્રવેશ-દ્વારની દીવાલમાં આવેલા સંવત વિનાના શિલાલેખમાં આ આચાર્યનો ત્રણ વાર ઉલ્લેખ આવે છે,[૧૮૪] પણ પ્રસ્તુત લેખની વચ્ચેનો ભાગ સાવ ઘસાઈ ગયેલો હોવાથી તેઓ વિત્ત-ત્યાગી[૧૮૪(૧)] અને મહાન હતા,[૧૮૪(૨)] એ સિવાય વિશેષ હકીકત એમને વિશે મળતી નથી. પણ આ લેખમાં પાશુપતાચાર્ય ગંડ શ્રી વીરભદ્ર, વિદ્યારાશિ વગેરેના ઉલ્લેખ આવે છે એટલે તેઓ આમની સાથે કોઈ રીતે સંબંધકર્તા હશે એમ તારવી શકાય.

## ૧૬ ગંડ શ્રીપરબૃહસ્પતિ

સોમનાથ પાટણના સંવત વિનાના ગૌરી કુંડના ખંડિત-મૂર્તિ લેખમાં ૧૮૫ તથા સોમનાથ પાટણના બીજા સંવત વિનાના લેખમાં ૧૮૬ (જે હાલ જૂનાગઢ મ્યુઝિયમમાં છે) અને

---

૧૮૦. એજન, પંક્તિ ૨૩ અને આગળ

૧૮૧ Editor, Deskalker D. B., Inscriptions of Kathiawad, Insp. No. 2'. P. 726-27.

૧૮૨ पशुपति ? ......श्रीमदायार्यधुर्यस्तदनु जयति विद्याराशि ......धः । —એજન, પંક્તિ. ૧૩-૧૪.

૧૮૩ कैलास इवात्रं (ता?) मंडनखंडे वरस्य मठे ॥ १० ॥ —એજન, પંક્તિ ૧૪-૧૫.

૧૮૪ Editor Deskalker D. B., Inscriptions of Kathiawad, Insp. No 21. P, 726 to 728. Line No. 15, 16, 17, 38

૧૮૪ (૧) Ibid, Line 37.

૧૮૪ (૨) Ibid, Line 38.

185 Editor, Deskalker D. B., Inscriptions of Kathiawad, Insp. No. 19, P. 725, Line 3.

આ લેખ આશરે વિક્રમ સંવતની ચૌદમી શતાબ્દીની પહેલી પચાશીનો હશે એમ શ્રી દેશકળકરનું માનવું છે ( એજન પૃ. ૭૨૫.

186 Ibid., Insp. No. 20, P. 726, Line 28.

સારંગદેવના સમયથી ( વિ. સં. ૧૩૪૩ )ની સિંત્રા પ્રશસ્તિ ૧૮૭માં ગંડ શ્રી પરબૃહસ્પતિનો ઉલ્લેખ આવે છે.

સોમનાથ-દેવના સ્થાનપતિ વીરભદ્રની પુત્રી ઉમાના પતિ તરીકે ગંડ શ્રી પરબૃહસ્પતિનો ઉલ્લેખ સોમનાથ પાટણના ગૌરી કુંડના લેખમાં આવે છે,[૧૮૮] અને ઉમાના પતિ ગંડ શ્રી બૃહસ્પતિએ અર્થાત્ ગંડ પરબૃહસ્પતિએ ત્રિપુરાંતકને આર્ય બનાવીને છઠ્ઠા મહત્તર નીમ્યા; એવો ઉલ્લેખ સિંગા-પ્રશસ્તિમાં આવે છે.[૧૮૯] એ પરથી એમ માની શકાય કે ગંડ શ્રી વીરભદ્ર પછી એમના જમાઈ ગંડ શ્રી પરભાવબૃહસ્પતિ તરીકે આવ્યા હશે.

ગંડ પરબૃહસ્પતિ તરફ ત્રિપુરાંતકને ઘણો આદરભાવ હતો એ આપણે એણે એમના પત્ની ઉમાનાં નામે બંધાવેલાં શિવાલયો[૧૯૦] પરથી જાણી શકીએ છીએ.

## ૧૭. કાર્તિકરાશિ

સારંગદેવના સમયની વિ. સં. ૧૩૪૩ (ઈ. સ. ૧૨૮૭)ની દેવપટ્ટનની સિંત્રા પ્રશસ્તિમાં કાર્તિકરાશિનો ઉલ્લેખ આવે છે.[૧૯૧]

તેઓ સોમનાથના સ્થાનાધિપ (મઠાધિકારી) હતા,[૧૯૨] અને વાલ્મીકિરાશિ પુરોગામી હતા. વાલ્મીકિરાશિ ત્રિપુરાંતકના પુરોગામી અને ગુરુ હતા. હવે ત્રિપુરાંતક આ પ્રશસ્તિના રચનાસમયે અર્થાત્ વિ. સં. ૧૩૪૩માં વિદ્યમાન હતા, એટલે એમનાથી ત્રીજી પેઢી પૂર્વે થયેલા વાલ્મીકિ રાશિ, પેઢી દીઠ ૨૫ વર્ષ ગણતાં આશરે વિ. સં. ૧૨૬૮માં અર્થાત્ ભીમદેવ બીજાના ( વિ. સં. ૧૨૩૪ થી ૧૨૯૮ ) રાજ્યકાળમાં હયાત હશે એમ સામાન્ય રીતે તારવી શકાય.

---

૧૮૭ સં. આચાર્ય ગિરજાશંકર વલ્લભજી, ગુજરાતના ઐતિહાસિક લેખો. આ લેખમાં " ગંડશ્રી બૃહસ્પતિ " એમ લખ્યું છે.

उमापतेरायतनं नाम्ना गंडबृहस्पतेः ।.........। ४२
श्रीबृहस्पतिभार्याया लाव्यजन्मनः ।........। ४३

१८८ ......गंडश्रीपरवीरभद्रसुतराज्ञी उमादेव्या ( : )पति( : ) गंडश्रीपरबृहस्पति ( : ) बृहत्पुरुषराजश्रीवाच्छिगसुत बृहत्पुरुषराजश्री कान्हडदेव त्रयो ( यः ) प्रभुत्वद्रव्यस्य य सही प्येन ( ઈ. કા., લે. નં. ૧૯, પ. ૩ ).

१८९ भुवनभूषणभूतमभूषयन्नगरमिंदुकलाभरणस्य यः । ३३
इह साक्षादुमाकांतः श्रीमान् गंडबृहस्पतिः । आर्यमेनं विनिर्माय षष्टं चक्रे महत्तरं । ३४.

૧૯૦ ગુ. ઐ. લે. ૩. નં. ૨૨૨, શ્લોક. ૪૨-૪૩

૧૯૧. એજન.

१९२ गार्ग्येयगोत्राभरणं बभूव स्थानाधिपः कार्तिकराशिनामा ।
—એજન, શ્લોક ૧૯.

૧૯૦. ગુ. ઐ. લે, ૩, નં. ૨૨૨, શ્લોક. ૪૨-૪૩

પ્રસ્તુત લેખમાં કાર્તિકરાશિને "મૂર્તિમાન તપોરાશિ" કહ્યા છે. અને દ્રષ્ટિ વડે જ આશ્રિતોના પાપનાશક ગણાવ્યા છે.[૧૯૩]

એઓ ગાર્ગ્ય ગોત્રના હતા અને એમાં (એ ગોત્રમાં) તેઓ અલંકારરૂપ ગણાતા.[૧૯૪]

## ૧૮. વાલ્મીકિરાશિ

વિ. સં. ૧૩૪૩ (ઈ. સ. ૧૨૮૭)ની દેવપટ્ટનની સિંત્રા પ્રશસ્તિમાં કાર્તિકરાશિના અનુગામી તરીકે વાલ્મીકિરાશિનો ઉલ્લેખ આવે છે.[૧૯૫] એમને એકદમ પવિત્ર પુરુષ તરીકે આલેખ્યા છે[૧૯૬] અને દયાળુ ચિત્તવાળા કહ્યા છે.[૧૯૭]

તેઓ ત્રિપુરાંતકના ગુરુ હતા[૧૯૮] અને ત્રિપુરાંતકને યુવાન વયે સત્પુરુષોના ઉપદેશક તેમણે નીમેલા.[૧૯૯]

ત્રિપુરાંતકના જ્ઞાત સમય (વિ. સં. ૧૩૪૩) પરથી એમનો સમય આશરે વિ. સં. ૧૨૯૩નો અંદાજી શકાય. એ અનુસાર તેઓ ભીમદેવ બીજા (વિ. સં ૧૨૩૪ થી ૧૨૯૮)ના રાજ્યકાલના અંતિમ ભાગમાં થયા ગણાય.

## ૧૯ ગંડ શ્રી ત્રિપુરાંતક

શ્રી સારંગદેવના સમયની વિ. સં. ૧૩૪૩ (ઈ. સ. ૧૨૮૭)ની પ્રભાસપાટણની ત્રિપુરાંતક (સિંત્રા) પ્રશસ્તિમાંથી આ આચાર્યના જીવનની કેટલીક હકીકતો જાણી શકાય છે.[૨૦૦]

ત્રિપુરાંતકના ગુરુનું નામ વાલ્મીકિરાશિ હતું.[૨૦૧] એમનાં માતાનું નામ માલ્હણદેવી હતું[૨૦૨] અને પત્નીનું નામ રમાદેવી હતું.[૨૦૩] આ બંનેના નામે એણે શિવાલયો બંધાવેલાં.[૨૦૪]

---

૧૯૩ मूर्तस्तपोराशिरिवाश्रितानामालोकमात्रेण हरन्नथानि ।—એજન.

૧૯૪. એજન.

૧૯૫. એજન.

૧૯૬. .........આવા પુરુષોના હસ્તકમલ વડે પ્રતિષ્ઠા પામેલા પથ્થરો પણ સાક્ષાત્ દેવો બને છે.........વગેરે વાક્યોમાંથી આ અર્થ ફલિત થાય છે.

—એજન, શ્લોક. ૨૧.

૧૯૭. એજન, શ્લોક. ૨૦.

૧૯૮ वाल्मीकिराशेः सुगृहीतनाम्नस्तस्यैव शिष्यस्त्रिपुरांतकेति ।

—એજન, શ્લોક ૨૨.

૧૯૯. એજન, શ્લોક. ૨૧.

૨૦૦ એજન, નં. ૨૨૨.

૨૦૧ એજન, શ્લોક ૨૨.

૨૦૨ એજન, શ્લોક ૪૧.

૨૦૩ એજન, શ્લોક ૪૪.

૨૦૪ એજન, શ્લોક ૪૧-૪૪.

એઓ ગાર્ગ્ય-ગોત્રના હશે, એવું ગુરુના પુરોગામી કાર્તિકરાશિના ગોત્ર[૨૦૫] પરથી અનુમાન થઈ શકે છે.

તેઓ નાનપણથી વિદ્વાન હોય એમ જણાય છે. તરુણ વયે તેઓ સત્પુરુષોના ઉપદેશક તરીકે નિમાયા હતા.[૨૦૬] તેઓ એકદમ નિર્મળ મનના અને પવિત્ર તથા પ્રતિષ્ઠિત પુરુષ હશે, કારણ કે તેમના હસ્તકમલ વડે પ્રતિષ્ઠા પામેલા પથ્થરો પણ સાક્ષાત્ દેવો બને છે એવો ઉલ્લેખ મળે છે.[૨૦૭] તેઓ ધનિક અને ધાર્મિક પુરુષ હશે એવું તો એમણે કરેલી લાંબી તીર્થ-યાત્રા[૨૦૮] પરથી તારવી શકાય.

**યાત્રા :**—હિમાલય-કેદારનાથ, પ્રયાગ, શ્રીપર્વત, નર્મદા, ગોદાવરી-ત્ર્યંબક, રામેશ્વર-રામસેતુ, એ પ્રમાણે છેક ઉત્તરથી દક્ષિણ સુધી ત્રિપુરાંતકે યાત્રા કરી અને પછી ઉત્તરમાં પાછા ફરીને એ પશ્ચિમ કિનારે દેવપટ્ટન અથવા પ્રભાસ આવ્યા એવું તીર્થયાત્રા-વર્ણનમાં જણાવ્યું છે.[૨૦૯] આમ એમણે ભારતનાં લગભગ બધાં મુખ્ય તીર્થ-સ્થળોની યાત્રાનું પુણ્ય પ્રાપ્ત કર્યાનું જણાય છે.

**કાર્યો :—**

ત્રિપુરાંતકે સોમેશ્વરના મંડપની ઉત્તરે, જીર્ણઘટિકાના સ્થાનની પાસે શંકરના પાંચ મુખથી જાણે અધિષ્ઠિત ન હોય એવાં પાંચ શિવાલયો કરાવ્યાં : ૧ પોતાની માતા માલ્હણદેવીના નામ પરથી માલ્હણેશ્વર, ૨. ઉમાપતિ-ગંડબૃહસ્પતિના નામનું શિવાલય, ૩. બૃહસ્પતિનાં પત્ની ઉમાના નામથી ઉમેશ્વર, ૪. પોતાના નામ પરથી ત્રિપુરાંતકેશ્વર અને ૫. પોતાની પત્ની રમાના નામથી રમેશ્વર એમ પાંચ મંદિરો કરાવ્યાં.[૨૧૦]

---

૨૦૫ એજન, શ્લોક ૧૯.

૨૦૬ એજન, શ્લોક ૨૧.

૨૦૭ એજન,

૨૦૮ એજન, શ્લોક ૨૩-૩૩.

૨૦૯ એજન, શ્લોક ૨૩-૩૩.

૨૧૦ सोमेश्वरायतनमंडपमुत्तरेण श्रीभाजि जीर्णघटिकालयसंनिधाने । श्रीकंठपंचमुखवास-मधिष्ठितानि येनाक्रियंत कृतिनायतनानि पंच ॥ ४० (॥)

मातु मालहणदेव्या (यह)

श्रेयसे माल्हणे वरं ।

सतामध्येमहिमा तन्मध्ये निरमापयत ॥ ४१ (॥)

उमापतेरायतनं नाम्ना गंडबृहस्पतेः कृति कृतयुगाचारः

कारयामास तत्र यह । ४२ (॥)

श्रीबृहस्पतिभार्याया लाध्यजन्मनः । श्रेयसे यः सीतां सीमा निरमासीदुमेश्वरं । ४३ (॥) इह स्वनाम्ना त्रिपुरांतकेश्वरं महत्तरश्रीत्रिपुरांतको व्यघात ।

प्रियाभिधानेन मनोरमं प्रिया रमापतिः संविद्धे रमेश्वरं । ४४ (॥)

ગુ. ઐ. લે. નં. ૨૨૨

આ પાંચેના વચલા ભાગમાં ગૌરક્ષક ( ગોરખ )[૨૧૧]નું, ભૈરવનું, હનુમાનનું, સરસ્વતીનું અને સિદ્ધિવિનાયકનું એમ સ્થાનો કરાવ્યાં[૨૧૨] અને ઉત્તરના દ્વાર સામે સુંદર સ્તંભો ઉપર તોરણ કરાવ્યું.[૨૧૩]

આ મંદિરોના નિભાવ અને નિત્યપૂજાની વ્યવસ્થા તેણે પોતે અને બીજાઓ પાસેથી કેટલાક લાગા અપાવી કરી.[૨૧૪]

આ શિવાલયો અને અન્ય સ્થાપત્યો બાંધવાને કારણ એમને ઘણી કીર્તિ મળી હોય એમ લાગે છે, કારણ આ બાંધકામો પછી એનો યશોધ્વજ હિંદુ સમાન ઉજ્જવળ પ્રકાશતો ગણાવ્યો છે.[૨૧૫]

## ૨૦ વેદગર્ભરાશિ

ભીમદેવ બીજાના વિ. સં. ૧૨૮૩[૨૧૬] (ઈ. સ. ૧૨૨૭), ૧૨૮૭[૨૧૭] (ઈ. સ. ૧૨૩૧), ૧૨૮૮[૨૧૮] (ઈ. સ. ૧૨૩૨), ૧૨૯૫,[૨૧૯] (ઈ. સ. ૧૨૩૯), ૧૨૦૬[૨૨૦] (ઈ. સ. ૧૨૪૦ )ના તામ્રપત્રોમાં અને ત્રિભુવનપાલના વિ. સં. ૧૨૯૯[૨૨૧] (ઈ. સ. ૧૨૪૩ )ના તામ્રપત્રમાં આ આચાર્યનો ઉલ્લેખ આવે છે.

આ તામ્રપત્રોથી એટલું સ્પષ્ટ થાય છે કે ભીમદેવ બીજાના સમયમાં અને ત્રિભુવનપાલના સમયમાં ( ઓછામાં ઓછું વિ. સં. ૧૨૮૩ થી વિ. સં. ૧૨૯૯ સુધી ) વેદગર્ભરાશિ મંડલીના મૂળનાથ અથવા મૂલેશ્વર દેવના મઠના સ્થાનપતિ હતા.

મૂળરાજ પહેલાએ મંડલીમાં મૂલેશ્વરનું શિવાલય બંધાવ્યું હતું,[૨૨૨] અને તેને વિ. સં.

---

૨૧૧ જુઓ, રત્નમણિરાવ ભીમરાવ, સોમનાથ, અમદાવાદ, ૧૯૪૯, પૃ. ૧૪૮

૨૧૨ गोरक्षकं भैरवमांजनेयं सरस्वतीं सिद्धिविनायकं च ।
चकार पंचायतनांतराले बालेन्दुमौलिस्थितमानसो यः । ४५ (॥)

ગુ. ઐ લે. ૩, નં. ૨૨૨

૨૧૩ आत्मबाहुयुगसौहृदांचितस्तमसौरभशुभं सुतोरणं ।
दूरमस्तदुरितस्तदुत्तरद्वारभूपरिसरे चकार यः । ४६ (॥)

એજન,

૨૧૪ એજન, શ્લોક ૪૭-૭૨

૨૧૫ એજન, શ્લોક ૭૧.

૨૧૬ ગુ.ઐ.લે., નં. ૧૯૬, પંકિત ૮.

૨૧૭ એજન, પતરું પહેલું, પંક્તિ ૨૩.

૨૧૮ એજન, નં. ૧૮૬, પતરું બીજું, પંક્તિ ૩.

૨૧૯ એજન, નં. ૨૦૧, પતરું બીજું, પંક્તિ ૩-૪.

૨૨૦ એજન, નં. ૨૦૨, પતરું પહેલું, પંક્તિ ૪-૫.

૨૨૧ એજન, નં. ૨૦૫, પૃ. ૧૭૩, પતરું બીજું, પંક્તિ ૧૭-૧૮.

૨૨૨ મેરુતુંગાચાર્ય, પ્રબંધ ચિંતામણિ ( સં. મુનિ જિનવિજયજી ), પૃ. ૪૭.

૧૦૪૩માં કચ્છોઈક[૨૨૩] નામનું ગામ દાનમાં આપ્યું હતું;[૨૨૪] પણ તે સમયે આ દેવ-સ્થાન સાથે મઠ જોડાયેલો હતો કે કેમ અને એના સ્થાનપતિ કોણ હતા, એ વિશે કંઈ પણ હકીકત ઉપલબ્ધ નથી.[૨૨૫]

સોલંકી રાજા મૂળરાજ પહેલાના સમયમાં મંડલીના એ મૂલનાથ દેવનું માહાત્મ્ય બહુ વધ્યું હોય, એમ જણાતું નથી પણ પછી તેનું માહાત્મ્ય વધ્યું હોય એમ જણાય છે. ભીમદેવ બીજાના સમયમાં એની સાથે એક મઠ જોડાયેલો હતો અને એમાં ઘણા યોગીઓ રહેતા હોવાનું જાણવા મળે છે,[૨૨૬] અને રાજા ત્રિભુવનપાલના સમયમાં એની સાથે સત્રાગાર જોડેલું પણ જોવા મળે છે.[૨૨૭]

શ્રી વેદગર્ભરાશિના હસ્તક માત્ર મંડલીનો મૂલેશ્વર દેવનો મઠ હતો, એમ નથી પણ ભીમદેવ બીજા(ઈ. સ. ૧૧૭૯ થી ૧૨૪૭)ના સમયમાં સોલંકી રાણક આનાનના પુત્ર લૂણપ્રસાકે પોતાનાં માતાપિતાના નામથી સલખણપુરમાં સ્થાપેલ આનલેશ્વર અને સલખણેશ્વરનાં જે મંદિરો બંધાવ્યાં હતાં અને તેની સાથે જે સત્રાગારો જોડેલાં હતાં તે પણ એ જ વેદગર્ભરાશિના હસ્તક મૂકવામાં આવ્યા હતા.[૨૨૮]

આમ વેદગર્ભરાશિ મંડલી અને સલખણપુર એ બે સ્થળ સાથે સંકળાયેલાં હતાં.[૨૨૯] એ બંને સ્થળોનાં મઠો, મંદિરો અને સત્રાગારો માટે ઉપર કહેલા રાજાઓએ જુદાં જુદાં ૭ દાનપત્રોથી નતાઉલી, દેવાઉ (?), વાલૌયા પથકનું એક ગામ ભોજુયા રાજસિયણી તથા ભાંષર (ભાંખર) અને રાજપુરી ગામો તથા કેટલીક બીજી જમીન દાનમાં આપી હતી. આટ આટલાં

---

૨૨૩ હાલ કમ્બોઈ (જિ. મહેસાણા), એ મોઢેરાથી વાયવ્ય ખૂણામાં આવેલું છે અને 'કમ્બોઈ' નામે ઓળખાય છે.

૨૨૪ वर्द्धिविषये मण्डल्यां स्थापति—श्रीमूलनाथदेवाय शासनेनोदकपूर्व्वमस्माभिः प्राप्तः।

—ગુ. ઐ. લે., ૨, નં. ૧૩૭, પૃ. ૧૦; પતરું બીજું. પંક્તિ ૨.

૨૨૫ શ્રી ફાર્બસ ગુજરાતી સભા મહોત્સવ ગ્રન્થ, મુંબઈ, ૧૯૪૦, પૃ. ૩૭.

૨૨૬ ગુ. ઐ. લે, ૨, નં. ૧૬૬, પંક્તિ ૮.

૨૨૭. એજન, લે. નં. ૨૦૬, પતરું, પંક્તિ. ૨.

૨૨૮ पूर्व्वप्रदत्तदेवदायब्रह्मदायवर्ज सलखणपुरोत्यश्रीआनलेवरश्रीसलखणेवरदेवयोः मठस्थानपति वेदगर्भराशेर्मठेस्मिन भट्टारकाण भाजनाय सत्रा(गारा)र्थं।

ગુ. ઐ લે. નં. ૧૮૬, પતરું બીજું, શ્લોક. ૨-૩-૪

૨૨૯. આ પૈકી મંડલીના સ્થળનિર્ણય માટે જુદા જુદા મત પ્રવર્તે છે. કેટલાક એને વીરમગામ પાસેનું 'માંડલ' માને છે, તો કેટલાક એને ચાણસ્મા તાલુકાની 'મંડલી' તરીકે ઓળખાવે છે. 'સલખણપુર' એ ચાણસ્મા તાલુકામાં આવેલ 'શંખલપુર' છે જે બહુચરાજી નજીક આવેલું છે. સંખલપુર અને મંડલીના સ્થાનકોનો વહીવટ એક જ વ્યક્તિના હાથમાં હતો. એ જોતાં એ બે સ્થળ એક બાજુથી દૂર નહિ હોય એમ જણાય છે. આ દૃષ્ટિએ જોતાં પ્રાચીન મંડલી વીરમગામ પાસેનું માંડલ નહિ પણ બહુચરાજી પાસેનું મંડલી હોય એ વધુ સંભવિત છે.

ગામોનું દાન થયેલું જોતાં એ સમયે મંડલીનો મઠ અને સલખણપુરનો મઠ અને તેની સાથે જોડેલા સત્રાગારો અને એના સ્થાનપતિ વેદગર્ભરાશિનું સ્થાન ગુજરાતમાં અતિ મહત્ત્વનું હશે, એમ જણાય છે.

આ વેદગર્ભરાશિને સોમેશ્વર નામનો પુત્ર હતો, એવું ભીમદેવના સં. ૧૨૮૮ના તામ્રપત્ર પરથી જણાય છે.[૨૩૦]

## ૨૧. કેદારરાશિ

ભીમદેવ બીજાના સમયનો વિ. સં. ૧૨૬૫ (ઈ. સ. ૧૨૦૯)નો આબુનો શિલાલેખ આ આચાર્યે કોતરાવેલો છે.[૨૩૧] એમાં જણાવ્યા પ્રમાણે તેઓ ચાપલ ગોત્રના હતા અને અવંતિના નૂતન–મઠના અધિપતિ હતા.[૨૩૨]

આ લેખમાં કેદારરાશિના ગુરુઓની પરંપરા ૧. વાકલરાશિ, ૨. જયેષ્ઠજરાશિ, ૩. યોગેશ્વરરાશિ, ૪. મૌનરાશિ, ૫. યોગેશ્વરી–તપસ્વી સાધ્વી, ૬. દુર્વાસરાશિ (અને ૭. કેદારરાશિ)–આપી છે.[૨૩૩] એ પરથી સ્પષ્ટ થાય છે કે દુર્વાસરાશિ કેદારરાશિના ગુરુ હતા.

એની બહેનનું નામ મોક્ષેશ્વરી હતું. તે સ્વભાવે શાંત અને બ્રહ્મચર્યપરાયણ હતી. તે શૈવધર્માવલંબી હતી એટલું જ નહિ પણ તેણે એક શિવાલય પણ બંધાવેલું.[૨૩૪]

**કાર્યો :**

કેદારરાશિએ શૂલપાણિનાં બે ભવ્ય શિવાલયો બંધાવ્યાં.[૨૩૫] ઉપરાંત કોટેશ્વરના (શિવના) મંદિરનો વિશાળ જીર્ણોદ્ધાર કરાવ્યો.[૨૩૬] એણે અતુલનાથના જૂના નિવાસ-સ્થાનનું સમારકામ કરાવ્યું[૨૩૭] અને કનખભ શંભુના મંડપમાં શ્યામ પથ્થરના સ્તંભોની હાર બંધાવી.[૨૩૮] આ ઉપરાંત એણે આખા કનખલમાં ફરસબંધી ભવ્ય કામ કરાવ્યું.[૨૩૯] અને આ સ્થાનમાં ઊંચી દીવાલોવાળો કોટ ચણાવ્યો.[૨૪૦]

---

૨૩૦ मठस्थानपतिवेदगर्भराशे मठेस्मिन भट्टारकणां भाजनाय सत्रा(गारा)र्थं तथैतदिय-सुतसोमेश्वरस्य ग्रामस्याय मध्यात् भूमि हल ।

ગુ. ઐ. લે., ૨, નં. ૧૮૬, પતરું બીજું, પંક્તિ. ૩–૪.

૨૩૧. ગુ. ઐ. લે., ૨, નં. ૧૬૧.

૨૩૨. એજન.

૨૩૩. એજન, શ્લોક ૪ થી ૮.

૨૩૪. એજન, શ્લોક ૧૧.

૨૩૫. એજન, શ્લોક ૧૦.

૨૩૬. એજન, શ્લોક ૯.

૨૩૭. એજન, શ્લોક ૧૦.

૨૩૮. એજન, શ્લોક ૧૨.

૨૩૯. એજન, શ્લોક ૯.

૨૪૦. એજન.

આમ કેદારરાશિએ શિવાલયો બંધાવ્યાં, સમરાવ્યાં અને એ ઉપરાંત અનેક સ્થાપત્ય કામો પણ કર્યાં.

## ૨૨. વિશ્વામિત્રરાશિ

વાઘેલા રાજા વીસલદેવના સમયના વિ. સં. ૧૩૧૭ (ઈ. સ. ૧૨૬૧)ના તામ્રપત્રમાં આ આચાર્યનો ઉલ્લેખ આવે છે.[૨૪૧]

તેઓ (મંડલીના) મૂલેશ્વર દેવના મઠપતિ હતા તેવું આ લેખ પરથી સ્પષ્ટ થાય છે. એટલે વેદગર્ભરાશિ પછી શ્રી વિશ્વામિત્રની મઠપતિ તરીકે નિમણૂંક થઈ હશે એમ માની શકાય.[૨૪૨]

આ લેખમાં મહામંડલેશ્વર રાણક શ્રી સામંતસિંહ દેવે કેટલાક બ્રાહ્મણોના ભોજન માટે શ્રી મૂલેશ્વરદેવનાં મઠપતિ મહામુનીંદ્ર રાજકુલ શ્રી વિશ્વામિત્રના નિર્વાહ અર્થે ભગવાન ભવાનીપતિને પૂજીને દાન આપ્યું છે.[૨૪૩] તેમ જ એ જ દાનના લેખમાં બલ્લાલનારાયણ અને રૂપનારાયણદેવની પંચોપચાર પૂજા અને નૈવેદ્ય માટે પણ દાન આપ્યાની વાત છે.[૨૪૪] શૈવ અને વૈષ્ણવો વચ્ચેના અપૂર્વ સમભાવ કે પ્રેમનું એ શુભ ચિહ્ન છે.

ગુજરાતમાં મળતા પાશુપત આચાર્યોના નામાંતમાં "શર્મા",[૨૪૫] "આચાર્ય"[૨૪૬] "રાશિ",[૨૪૭] "શિવ",[૨૪૮] મુનિ,[૨૪૯] "સીહ" કે "સિંહ"[૨૫૦] જોવા મળે છે. એમાં શર્માંત, શિવાંત, મુન્યંત અને સીહંત કે સિંહતવાળાં ફક્ત એક જ નામ છે.[૨૫૧]

---

૨૪૧. ગુ. ઐ. લે, ૩, નં. ૨૧૬, પૃ. ૫૫-૫૬, પતરું બીજું, પંક્તિ ૪–૫ અને ૧૧.
પંક્તિ ૧૧માં વિશ્વામિત્રરાશિ નામ લખ્યું છે.
यावत राजकुलश्रीविश्वामित्रराशिना तथैतदीयचल्लकपरंपरया निर्वाहनीयं ।

૨૪૨ श्रीमूलेश्वरदेवीयमठपतिमहामुनींद्र राजकुल श्री विश्वासमित्रस्य निर्वाहरणार्थ शासनं समर्पितं ।

—એજન, નં. ૨૧૬, પં. ૪-૫.

૨૪૩. એજન, નં. ૨૧૬ તથા શાસ્ત્રી, દુર્ગાશંકર કા. શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૧૫૭

૨૪૪. ગુ. ઐ. લે., નં. ૨૧૬, પતરું પહેલું, પં. ૧૯.

૨૪૫ દા.ત. सोमशर्मा

૨૪૬ श्रीवच्छकाचार्य

૨૪૭ श्रीविश्वेश्वरराशि

૨૪૮ श्रीविमलशिवमुनि

૨૪૯ श्रीविमलशिवमुनि

૨૫૦ श्रीअभयसिंह-सीह

૨૫૧ अ. सोमशर्मा, आ. विमलशिवमुनि, इ. विमलशिवमुनि, ई. अभयसीह-सिंह ।

આચાર્યાંતવાળાં ચાર નામ છે.[૨૫૨] બાકીનાં બધાં નામાંતોમાં "રાશિ" જોવા મળે છે.[૨૫૩] આ પરથી કહી શકાય કે ગુજરાતના પાશુપતાચાર્યોના નામાંતમાં મુખ્યત્વે "રાશિ" ઉપપદ હતું.

આ આચાર્યોના નામની આગળ કેટલીક વાર "ભાવ" અથવા "ગંડ" શબ્દ પણ પ્રયોજાતો.[૨૫૪]

આ આચાર્યોમાં કેટલાકને ગાર્ગ્ય ગોત્રના કહ્યા છે,[૨૫૫] અને કેટલાકને ચાપલ ગોત્રના કહ્યા છે.[૨૫૬]

## ૨૩ મહેશ્વરાચાર્ય

વઢવાણના ધરણીવરાહના શક સંવત ૮૩૬ (ઈ. સ. ૯૧૪-૯૧૫)ના તામ્રશાસનમાં આ આચાર્યનો ઉલ્લેખ આવે છે.[૨૫૭]

એમના પિતાનું નામ શિવદેવાચાર્ય હતું.[૨૫૮]

આમર્દક એમનું ગોપ[૨૫૯] અથવા સંપ્રદાય[૨૬૦] હતો અર્થાત્ તેઓ જ આમર્દક સંપ્રદાયના આચાર્ય હતા.[૨૬૧]

---

૨૫૨ १ श्रीवच्छकाचार्य, २ श्रीदीर्घाचार्य, ३ श्रीशिवदेवाचार्य, ४ श्रीमहेश्वराचार्य-.

૨૫૩ १ विश्वेश्वराशि, २ वियाराशि, ३ ओंकारराशि, ४ कार्तिकराशि, ५ वाल्मीकिराशि, ६ वेदगर्भराशि, ७ विश्वामित्रराशि, ८ केदारराशि—

—તેઓ અવંતિના મઠના પાશુપતાચાર્ય હતા. એમના ગુરુઓના નામાંતમાં પણ "રાશિ" ઉપપદ જોવા મળે છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે.

९ वाकलराशि, १० ज्येष्ठराशि, ११ योगेश्वरराशि, १२ मौनराशि, १३ दुर्वासराशि.

ડૉ. પાઠક ધારે છે કે કૌરુષ અને ગાર્ગ્ય શાખાના પાશુપતો "રાશિ" નામાંત, અનંત ગોત્રના "ભાવ" નામાંત અને ગાર્ગ્ય શાખાના 'ગંડ' નામાંત ધારણ કરતાં (Pathak, V. S., Shaiva Cults in Northern India, p. 19).

૨૫૪ દા. ત. ૧ પરમ પાશુપતાચાર્ય ગંડ ભાવબૃહસ્પતિ, ૨ ગંડ શ્રી વીરભદ્ર, ૩ ગંડ શ્રી પરબૃહસ્પતિ.

૨૫૫ દા.ત, ગંડ શ્રી ભાવબૃહસ્પતિ, શ્રી ત્રિપુરાંતક, કાર્તિકરાશિ વગેરે.

૨૫૬ દા.ત. કેદારરાશિ અને એનો ગુરુગણ.

૨૫૭ Indian Antiquiery Vol. 12, p. 190, Insp. No. 36; ગુ. ઐ. લે. ૩, નં. ૨૩૬,

૨૫૮ श्रीमदामर्दकसन्तानीयश्रीशिवदेवाचार्यसुत श्रीमहेश्वराचार्याय । એજન, પતરું બીજું, પં. ૯

૨૫૯ ગુ. ઐ. લે,, ૩, પૂરવણી લેખો, પૃ. ૩૯.

૨૬૦ Dr. Sankalia, H. D. Archaeology of Gujarat, p. 224.

૨૬૧ Ibid—આમર્દક એ શિવસ્વરૂપ ભૈરવનું નામ છે અને ભૈરવ એ પાશુપતોના ઉપાસ્ય દેવ ગણાતાં નહિ હોવાથી, આ સંપ્રદાય પાશુપત સંપ્રદાયની પ્રશાખા નહિ હોય એમ ડૉ. સાંકળિયા માને છે.

તેઓ પ્રકાંડ જ્ઞાની હોવા જોઈએ, કારણ રાજા વિદ્યાના ઉપહાર અર્થે એમને ગ્રામ-દાન આપે છે એવું લેખમાં નોંધ્યું છે.

એમને વિશે આથી વિશેષ માહિતી ઉપલબ્ધ નથી.

## ૨૪. ગોરક્ષનાથ (ગોરખનાથ)

### યુગ-પ્રવર્તક :

વિ. સં.ની દસમી[૨૬૨] કે અગિયારમી[૨૬૩] શતાબ્દીમાં ગોરખનાથનો આવિર્ભાવ થયાનું મનાય છે. શંકરાચાર્ય પછી ધાર્મિક ક્ષેત્રે આટલો પ્રભાવશાળી અને મહિમાન્વિત મહાપુરુષ બીજો ભાગ્યે જ કોઈ મળશે. ભક્તિ–આંદોલન પહેલાં સૌથી શક્તિશાળી ધાર્મિક આંદોલન ગોરખનાથનો યોગમાર્ગ હતો. ભારતવર્ષમાં એવી કોઈ ભાષા નથી જેમાં ગોરખનાથ સંબંધી કથાઓ કહી ન હોય. આ કથાઓમાં પરસ્પર ઐતિહાસિક વિરોધ ઘણો માલૂમ પડે છે, તોપણ આના પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે ગોરખનાથ પોતાના યુગના મહાન નેતા હતા.[૨૬૪]

દુર્ભાગ્યવશ આ મહાન ધર્મગુરુના વિષયમાં ઐતિહાસિક કહેવાય એવી બહુ ઓછી હકીકતો રહી છે. દંતકથાઓ કેવળ એમના અને એમના દ્વારા પ્રવર્તિત યોગમાર્ગના પ્રચાર સિવાય કોઈ વિશેષ પ્રકાશ પાડતી નથી.

### જન્મસ્થાન :

એમના જન્મસ્થાન વિશે કોઈ નિશ્ચિત પત્તો મળતો નથી. અનુશ્રુતિઓ અનેક પ્રકારનાં અનુમાનોને ઉત્તેજન આપે છે. એટલે ભિન્ન ભિન્ન અન્વેષકોએ પોતાની રુચિ અનુસાર ભિન્ન ભિન્ન સ્થાનોને એમના જન્મસ્થાન તરીકે ગણાવવા પ્રયાસ કર્યા છે.

'યોગિસંપ્રદાયાવિષ્કૃતિ'માં એમને ગોદાવરીતટે કોઈ ચંદ્રગિરિમાં ઉત્પન્ન થયાનું જણાવ્યુ છે.[૨૬૬]

"ગોરક્ષસહસ્રનામસ્તોત્ર"માં એક શ્લોક એવા મતલબનો છે કે દક્ષિણ દિશામાં કોઈ "બડવ" નામનો દેશ છે. ત્યાં મહામંત્રના પ્રભાવથી મહાબુદ્ધિશાળી ગોરખનાથ પ્રાદુર્ભૂત થયા.[૨૬૭]

---

૨૬૨ द्विवेदी, हजारीप्रसाद : नाथ संप्रदाय, अलाहाबाद, १९५०, पृ. ९६

૨૬૩. એજન, પૃ. ૧૦૨.

૨૬૪. એજન, પૃ. ૯૬.

૨૬૫. એજન.

૨૬૬. યોગી ચંદ્રનાથ : યોગિસંપ્રદાયાવિષ્કૃતિ, અમદાવાદ, ૧૯૨૪. પૃ. ૨૩.

૨૬૭ अस्ति याम्यां (म्या) दिशि कश्चिदेशः बडवसंज्ञकः । तत्राजनि महाबुद्धिर्महामंत्र प्रसादतः ॥

--बागची, प्रबोधचंद्र (संपादक) : कौलज्ञान निर्णय, कलकटा, १९३४, भूमिका, पृ. ६४

નેપાલ-દરબાર-ગ્રન્થાલયમાં આ ગ્રન્થ સુરક્ષિત છે. એ કદમાં એકદમ લઘુ છે.

બંગાલમાં એવી માન્યતા છે કે ગોરખનાથ ત્યાં જન્મેલા.[૨૬૮] નેપાલની અનુશ્રુતિઓ એવું સૂચવે છે કે તેઓ પંજાબથી નેપાળ આવ્યા હતા.[૨૬૯] નાશિકના યોગીઓ એવું માને છે કે તેઓ (ગોરખનાથ) પહેલાં નેપાળથી પંજાબ ગયા અને નાશિક તરફ આવ્યા.[૨૭૦]

કચ્છમાં પ્રસિદ્ધ છે કે ગોરખનાથના શિષ્ય ધર્મનાથ પેશાવરથી કચ્છ આવ્યા હતા. ગ્રિયર્સને એમને ગોરખનાથના સતીર્થ કહ્યા છે,[૨૭૧] પરંતુ વસ્તુતઃ ધર્મનાથ ઘણા અનુકાલીન છે.[૨૭૨]

ક્રુકસે એક પરંપરાનો ઉલ્લેખ કર્યો છે.[૨૭૩] ગ્રિયર્સને પણ એ પરંપરા નોંધી છે.[૨૭૪]

એમાં કહ્યું છે કે ગોરક્ષનાથ સત્યયુગમાં પંજાબના પેશાવરમાં; ત્રેતાયુગમાં ગોરખપુરમાં, દ્વાપરયુગમાં દ્વારકાથી આગળ (અર્થાત્ ઈરાનના અખાતમાં) હુરમુજમાં અને કલિયુગમાં ગોરખ-મઢીમાં પ્રાદુર્ભૂત થયા.

આમ ગોરખનાથના સ્થાન માટે ભારતના અનેક પ્રદેશો દાવો કરે છે. એમાં ગુજરાતના દાવા સંબંધી અગાઉ જણાવેલ ગોરખમઢીનો ઉલ્લેખ નોંધપાત્ર છે.

ગોરખમઢી સોમનાથ-પાટણથી પૂર્વમાં ૯ માઈલ (૧૪.૬૭ કિ. મિ.) અને પ્રાચી કુંડથી પશ્ચિમે ૬ માઈલ (૯.૭૮ કિ. મિ.)ના અંતરે સરસ્વતીતટે આવેલી છે. ગોરખનાથના આ સ્થાનકમાં આ પંથના સાધુઓના મઠો છે.[૨૭૫]

ગિરનાર પર આવેલ ટૂંકોમાં સૌથી ઊંચી ટૂંક (૩૬૬૬ ફૂટ) ગોરખનાથની ટૂંક તરીકે ઓળખાય છે.[૨૭૬] એ ટૂંકના ટોચ પર ગોરખનાથનું સ્થાનક આવેલું છે. ગોરખનાથે આ સ્થાને તપ કરેલું એવી માન્યતા છે.

વળી પ્રભાસ-પાટણમાં ત્રિપુરાંતકે સોમનાથના મંડપની ઉત્તરે બંધાવેલાં શિવાલયોની વચ્ચે ગોરક્ષ (ગોરખ) આદિ મંદિર બંધાવ્યાં હતાં.[૨૭૭] એ ઉલ્લેખ પણ અહીં નોંધપાત્ર ગણાય.

---

૨૬૮ द्विवेदि, हजारीप्रसाद : नाथ संप्रदाय, पृ. ९७

૨૬૯ એજન.

૨૭૦ એજન.

૨૭૧ Piyarsan : Encyclopedia of Religion and Ethics, p. 328.

૨૭૨ द्विवेदी, हजारीप्रसाद : नाथ संप्रदाय, पृ. ९७

૨૭૩ Editor : E. B. Resel and Rav Bahadur Hiralal, The Travels and Castes of Central Provinces of India p. 153–154.

૨૭૪ Piyarsan : Encyclopedia of Religion and Ethics, p. 328

૨૭૫ Bombay Gazetter, Vol. VIII, p. 446–47.

૨૭૬ Ibid, p. 441.

૨૭૭ જોટે. રત્નમણિરાવ ભીમરાવ : સોમનાથ, અમદાવાદ, ૧૯૪૯, પૃ. ૧૪૮.

એવી રીતે ગોરખનાથના શિષ્ય ધર્મનાથ કચ્છમાં આવી વસ્યા.[૨૭૮] એ પણ ગુજરાતના દાવાને સમર્થન આપે છે.

ગોરખનાથની કૃતિઓ :—

ગોરખનાથે લખેલા ગણાતા અનેક ગ્રંથો જોવા મળે છે. એમાં કેટલાક તો નિશ્ચિતરૂપે પરવર્તી છે અને કેટલાક સંદેહાસ્પદ છે. એટલું જ કહી શકાય એમ છે કે ગોરખનાથના કેટલાક ગ્રંથો પરિવર્તિત, પરિચ્છેદિત અને વિકૃત થતા થતા આજ સુધી બચવા પામ્યા છે.

ગોરખનાથે સંસ્કૃત ભાષામાં લખ્યા ગણાતા ગ્રંથો નીચે પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| ૧. અમનસ્ક | ૨. અમરૌઘશાસનમ્ | ૩. અવધૂતગીતા |
| ૪. ગોરક્ષકલ્પ | ૫. ગોરક્ષકૌમુદી | ૬. ગોરક્ષગીતા |
| ૭. ગોરક્ષચિકિત્સા | ૮. ગોરક્ષાપંચય | ૯. ગોરક્ષપદ્ધતિ |
| ૧૦. ગોરક્ષશતક | ૧૧. ગોરક્ષશાસ્ત્ર | ૧૨. ગોરક્ષસંહિતા |
| ૧૩. ચતુરશીત્યાયન | ૧૪. જ્ઞાનપ્રકાશશતક. | ૧૫. જ્ઞાનશતક |
| ૧૬. જ્ઞાનામૃતયોગ | ૧૭. નાડીજ્ઞાનપ્રદીપિકા | ૧૮. મહાર્થમંજરી |
| ૧૯. યોગચિંતામણિ | ૨૦. યોગમાર્તણ્ડ | ૨૧. યોગબીજ |
| ૨૨. યોગશાસ્ત્ર | ૨૩. યોગસિદ્ધાસનપદ્ધતિ | ૨૪. વિવેકમાર્તણ્ડ |
| ૨૫. શ્રીનાથસૂત્ર | ૨૬. સિદ્ધસિદ્ધાંતપદ્ધતિ | ૨૭. હઠયોગ |
| | | ૨૮. હઠસંહિતા[૨૭૯] |

ગોરખનાથ અને એમના દ્વારા પ્રભાવિત યોગમાર્ગીય ગ્રંથોનાં અવલોકન નથી. માલૂમ પડે છે કે ગોરખનાથે યોગમાર્ગને વ્યવસ્થિત રૂપ આપ્યું હતું. તેમણે શૈવપ્રત્યભિજ્ઞાદર્શનના સિદ્ધાંતોના આધાર પર મુખ્યત્વે કાયાયોગનાં સાધનોને વ્યવસ્થિત કર્યાં હતાં.

---

૨૭૮ द्विवेदी, हजारीप्रसाद : नाथ संप्रदाय, પૃ. ૯૭.

કચ્છમાં આવેલ ધીણોધર ધર્મનાથની તપોભૂમિ હતી. ( એજન ) ધીણોધરનો મઠ નાથ સંપ્રદાયના કાનફટા બાવાઓનું પશ્ચિમ ભારતમાં મહત્ત્વનું કેન્દ્ર ગણાય છે. ( Journal of Royal Asiatic Society, 1839, p. 268–71 ; Indian Antiquiery, 1878, p. 47 ; George W. Briggs : Gorakhnath and the Kanphata yog yogis, p. 111 ; Khakhar, D. P. Report on the Architectural and Archaeological Remains in the Province of Kachh.

૨૭૯. વિગત માટે જુઓ द्विवेदी, हजारीप्रसाद कृत नाथ संप्रदाय, પૃ. ૯૮ થી ૩૦૦.

આ ઉપરાંત હિંદીમાં પણ ગોરખનાથના નામે અનેક ગ્રંથો મળ્યા છે, જેનું સંપાદન સ્વ. ડૉ. પીતામ્બરદાસ બડથ્વાલે કરેલું એની સંખ્યા લગભગ ૪૦ જેટલી છે.

( વિગત માટે જુઓ नाथ संप्रदाय, પૃ. ૧૦૧ ).

## લોકભાષામાં ઉપદેશ

એમણે સંસ્કૃત ઉપરાંત લોકભાષાને પણ ઉપદેશનું માધ્યમ બનાવ્યું. જો કે ઉપલબ્ધ સામગ્રીના આધારે એ નિર્ણય કરવો મુશ્કેલ છે કે એમના નામ પર ચાલ્યા આવતા લોકભાષાના ગ્રંથોમાં કયા કેટલા પ્રમાણિક છે અને એમની ભાષાનું વિશુદ્ધ રૂપ કર્યું છે તોપણ એમાં જરાયે સંદેહ નથી કે એમણે પોતાનો ઉપદેશ લોકભાષામાં પ્રચારિત કર્યો હતો.[૨૮૦]

## ગોરખનાથ અને કંથડી

ગુજરાતમાં સરસ્વતીને તટે રહેતા કંથડી નામના સિદ્ધ સાથે ગોરખનાથનો ગુરુ તરીકેનો સંબંધ જણાય છે.[૨૮૧]

## ૨૫ કંથડી

પ્રબંધચિંતામણિમાં આ આચાર્યને લગતી થોડી હકીકત મળે છે.[૨૮૨] એ અનુસાર આ સિદ્ધ સરસ્વતીને તટે તપસ્વી જીવન વિતાવતા હતા. તેઓ એકાન્તરે ઉપવાસ કરતા અને પાંચ ગ્રાસ ભિક્ષા માગી પારણાં કરતા.

મૂળરાજ પહેલો પાટણમાં પોતે બંધાવેલ ત્રિપુરુપ્રાસાદ-મંદિર માટે બ્રહ્મચારી તપસ્વી પૂજારીની શોધમાં હતો ત્યાં એને આ સિદ્ધની જાણ મળી એટલે એ ત્યાં પ્રત્યક્ષ જાય છે અને પોતાના શરીરના તાપને કંથામાં સંક્રમણ કરેલો જોઈ મૂળરાજ આશ્ચર્ય પામે છે.

આ સાધુ એકદમ અનાસક્ત લાગે છે, કારણ મૂળરાજની અનેક વિનંતીઓ હોવા છતાં તે ત્રિપુરુષપ્રાસાદનું અધિપતિપદ સ્વીકારવા તૈયાર થતા નથી. છેવટે એમના શિષ્ય વૈજલદેવને અધિપતિપદે નિયુક્ત કરવામાં આવે છે.[૨૮૩]

આમ ગુજરાતમાં પ્રવર્તેલાં શૈવ સંપ્રદાયોમાં અનેક પ્રસિદ્ધ આચાર્ય થયા. એમાંના ઘણા પાશુપત સંપ્રદાયના હતા અને તેમાંના ઘણાને સોલંકી તથા વાઘેલા વંશના રાજાઓ તરફથી મંદિરો તથા મઠના નિર્વાહ માટે અનેકાનેક ભૂમિદાન મળ્યાં હતાં. ગુજરાતના શૈવ ધર્મના વિકાસમાં આ આચાર્યોનો ફાળો ઘણો મહત્ત્વનો ગણાય.

---

૨૮૦. नाथ संप्रदाय पृ. ८.

૨૮૧. नाथ संप्रदाय. पृ. ५३.

સોલંકી રાજા મૂળરાજ પહેલો આ સિદ્ધને પાટણમાં પોતે બંધાવેલ ત્રિપુરુષપ્રાસાદના અધિપતિ તરીકે લાવવા એમના નિવાસસ્થાને ગયાની કથા પ્રચલિત છે. (પ્રબંધચિંતામણિ, પૃ. ૭૮ થી ૮૦).

૨૮૨ મેરુતુંગાચાર્ય : પ્રબંધચિંતામણિ (સં. શાસ્ત્રી દુર્ગાશંકર કે.) મુંબઈ, ૧૯૩૪, પૃ. સર્ગ ૧ પૃ. ૭૮,

૨૮૩ એજન, પૃ. ૮૧.

# મધ્યકાલીન સાહિત્યમાં

## સંવાદકાવ્યોની પરંપરા

**અનસૂયા ભૂપેન્દ્ર ત્રિવેદી**

વિચાર-વિનિમયની બાબતમાં કે તત્ત્વનિર્ણયની બાબતમાં વાદવિવાદ મહત્ત્વનું સ્થાન ભોગવે છે. સંસ્કૃતમાં કહ્યું છે કે "वादे वादे जायते तत्त्वबोधः।" વાદવિવાદથી તત્ત્વ લાધે છે. પરંતુ કોઈ તત્ત્વ જાણવાની ઇચ્છાથી આ વાદવિવાદ થયો હોય તો તે ઉપયોગી નીવડે. બાકી કેવળ વિતંડાવાદથી કશાનો નિર્ણય થઈ શકતો નથી, માત્ર ખોટી વાક્જાળ ઊભી થાય છે.

કશુંક જાણવાની માણસને ઇચ્છા થાય ત્યારે કોઈક જાણકાર પાસે જઈને પોતાના પ્રશ્નનો જવાબ મેળવવાની ઇચ્છાથી એ તેને પૂછે છે, અને એક પ્રશ્નથી બરોબર સમાધાન ન થાય તો બીજા અનેક પ્રશ્નો પૂછીને તે ઉત્તરો મેળવતો મેળવતો પોતાની શંકાઓનું સમાધાન કરતો રહે છે. આવા પ્રશ્નોત્તરો કે સંવાદો ઠેઠ વેદ-સાહિત્યમાં પણ આપણને મળે છે.[૧] ઋગ્વેદનાં કેટલાંક સંવાદસૂક્તો જાણીતાં છે પણ સાહિત્યિક રચનાની દૃષ્ટિએ "રાવણ મંદોદરી સંવાદ" જેવાં સંવાદકાવ્યો અને ઋગ્વેદના સંવાદોની કોઈ પરંપરા સંસ્કૃત ને પ્રાકૃત દ્વારા જૂની ગુજરાતી સુધી ચાલુ રહી જણાતી નથી.

બૌદ્ધ અને જૈન સાહિત્યમાં પણ ધાર્મિક સિદ્ધાન્તોનું નિરૂપણ પ્રશ્નોત્તરો દ્વારા થયું છે. સંવાદો મૂળે ફિલસૂફીના ગ્રન્થોમાં મોટે ભાગે આવે છે, પરંતુ મધ્યકાલીન સાહિત્ય જોઈએ તો તેમાં જૈન અને જૈનેતર કવિઓએ કાવ્યવિનોદ માટે સંવાદકાવ્યોની રચના કરી છે.

સામાન્ય રીતે સંવાદમાં કોઈ પણ પરિસ્થિતિ સાથે સંકળાયેલી બે વ્યક્તિ કે પક્ષોના

---

| | | | |
|---|---|---|---|
| ૧ | ઇન્દ્ર ને મરુતોની તકરાર | ૧ | ૧૬૫ |
| | ઇન્દ્ર ને મરુતોની તકરાર | ૧ | ૧૭૦ |
| | અગસ્ત્ય લોપામુદ્રા તથા પુત્રસંવાદ | ૧ | ૧૭૯ |
| | વિશ્વામિત્ર અને નદીઓનો સંવાદ | ૩ | ૩૩ |
| | ઇન્દ્ર, અદિતિ, વામદેવ સંવાદ | ૪ | ૧૮ |
| | ઇન્દ્ર વરુણ સંવાદ | ૪ | ૪૨ |
| | વસિષ્ઠ ને તેના પુત્રનો સંવાદ | ૭ | ૩૩ |
| | નેમ, ભાર્ગવ ઇન્દ્ર સંવાદ | ૮ | ૧૦૦ |
| | યમયમી સંવાદ | ૧૦ | ૧૦ |
| | ઇન્દ્ર વસુક સંવાદ | ૧૦ | ૨૮ |
| | વરુણ અગ્નિ સંવાદ | ૧૦ | ૫૧ |
| | દેવતાઓ અગ્નિ સંવાદ | ૧૦ | ૫૩ |

એ પરિસ્થિતિ અંગેના આઘાત-પ્રત્યાઘાત પરસ્પરના સંભાષણરૂપે રજૂ થાય છે. આ સંભાષણ દરમિયાન સામસામી દલીલબાજી થાય ત્યારે સંવાદમાં રમઝટ જામે.

બંને પક્ષનાં દૃષ્ટિબિંદુઓ જુદાં જુદાં હોય અથવા વિરોધી પણ હોય. દૃષ્ટિબિંદુ વિરોધી હોય ત્યારે સંવાદ ઓછેવત્તે અંશે વાદવિવાદનું રૂપ ધારણ કરે છે. મધ્યકાલીન કવિઓએ આવાં વિરોધી મંતવ્યો ધરાવતાં પાત્રો વસ્તુઓનો પરસ્પર સંવાદ કરાવી, લાક્ષણિક ઢબે કાવ્યવિનોદ આપ્યો છે. વિરોધ ઉગ્ર હોય ત્યારે પરિસ્થિતિને કલહનું રૂપ મળે છે. કયારેક મધ્યકાલીન કવિઓએ કેટલીક વસ્તુઓને વાદીપ્રતિવાદી બનાવીને તેમનાં મહત્ત્વ તથા અન્યની દૃષ્ટિએ તેમના દોષ કુશળતાથી વર્ણવ્યા છે. દા.ત. લાવણ્યસમયકૃત 'સૂર્યદીવાવાદ છંદ', શ્રી સારકૃત 'મોતી–કપાસિયા–સંબંધ સંવાદ'.

આપણને જાણીતાં સંવાદકાવ્યોમાં સંવાદનાં ઉપર દર્શાવ્યાં તેવાં વિવિધ સ્વરૂપો જોવા મળે છે, જેમાં ઉગ્ર વિરોધવાળી પરિસ્થિતિ હોય તેવા કેટલાક સંવાદોને 'ઝઘડો' એવું નામ મળ્યું છે. દા. ત. દયારામકૃત 'લોચન-મનનો ઝઘડો'; અથવા આવાં સંવાદકાવ્યોને 'વઢચઢ' એવું નામ પણ મળ્યું છે. દા.ત. 'માણલીલા' અને 'દાણલીલા'ને લગતી મધ્યકાલીન પુષ્ટિમાર્ગી કવિઓની કેટલીક ધોળ જેવી રચનાઓમાં રાધાકૃષ્ણની વઢચઢ જોવા મળે છે.

જે સંવાદકાવ્યો મધ્યકાલીન સાહિત્યમાં આપણને મળે છે તેમાં જૈન કવિઓએ રચેલી કૃતિઓની સંખ્યા મોટી છે. આ જૈન કવિઓ મોટે ભાગે સમન્વયવાદી હોય છે અને તેથી પોતાનાં કલ્પિત પાત્રોનો કાવ્યના અંતમાં મેળ કરાવી દે છે.

સોળમી સદીથી આપણને રાજસ્થાની, હિંદી, ગુજરાતી વગેરે ભાષાઓમાં મોટા પ્રમાણમાં[૧] આવાં સંવાદકાવ્યો પ્રાપ્ત થાય છે. શ્રી અગરચન્દ નાહટાના કહેવા પ્રમાણે આ જાતનો આજે ઉપલબ્ધ સૌ પ્રથમ સંવાદ તે સં. ૧૪૩૭માં લોકભાષામાં રચાયેલો 'કૃપણ-નારી સંવાદ'[૨]. પરંતુ આવી રચનાઓનો વિકાસ તો સોળમી સદીથી જ થયેલો જણાય છે. વળી એમાંનાં મોટા ભાગનાં કાવ્યો આજે અપ્રગટ છે એટલે અહીં ગુજરાતીમાં રચાયેલાં સંવાદ કાવ્યોની માત્ર યાદી રજૂ કરી છે.

જૈન[૩] કવિઓએ રચેલ ગુજરાતી સંવાદ કાવ્યોની યાદી :

| | | | |
|---|---|---|---|
| રાવણ–મંદોદરી સંવાદ | લાવણ્યસમય | રચનાસાલ | સં. ૧૫૬૨ લગભગ |
| કર સંવાદ | ,, | ,, | સં. ૧૫૭૫ |
| સૂર્ય—દીવા વાદ સંવાદ | ,, | | |

૧ શ્રી અગરચન્દ નાહટા પોતાના 'પ્રાચીન કાવ્યોંકી રૂપ પરંપરા' નામના પુસ્તકમાં પૃ. ૧૬૨, ૧૬૩, ૧૬૪ પર જૈન કવિઓએ રચેલાં પચાસેક સંવાદ કાવ્યોની યાદી આપે છે.

૨ 'પ્રાચીન કાવ્યોંકી પરંપરા', નાહટા અગરચંદ, બીકાનેર, ઈ. સ. ૧૯૬૨, પૃ. ૧૦૬.

૩ અહીં આપેલી જૈન કૃતિઓ માટે આધારભૂત ગ્રંથ તરીકે મોહનલાલ દલીચંદ દેસાઈના જૈન સાહિત્યના ઇતિહાસને લીધો છે તેમ જ જૈન રાસમાળા, પ્રકાશક મેનેજિંગ ટ્રસ્ટ, દેવચંદ લાલભાઈ ઝવેરી પુસ્તકોદ્ધારક ફંડ, સૂરતને લીધો છે.

| | | | |
|---|---|---|---|
| યૌવન–જરા સંવાદ | સહજસુંદર | રચનાસાલ | સં. ૧૫૮૨ લગભગ |
| દાન–શીલ–તપ–ભાવના સંવાદ (સંવાદ શતક) | સમયસુંદર | ,, | સં. ૧૬૬૨ |
| મોતી–કપાસિયા–સંબંધ સંવાદ | શ્રીસાર | ,, | સં. ૧૬૮૯ |
| લોચન–કાજલ સંવાદ | જયવંતસૂરિ | | ? |
| રાવણને મંદોદરીએ આપેલી ઉપદેશની સજ્ઝાય | વિદ્યાચન્દ્ર | | ? |
| રાવણ શિક્ષા સંવાદ | — | | ? |
| રાવણ–મંદોદરી સંવાદ | જિનહર્ષ[1] | | ? |
| રાવણ–મંદોદરી સંવાદ | સુધનહર્ષ | | ? |
| હીરાવેધ બત્રીસી | કાંતિવિજય | રચનાસાલ | સં. ૧૭૭૫ની આસપાસ |

જૈનેતર[2] કવિઓની રચનાઓ

| | |
|---|---|
| અખો | ગુરુ-શિષ્ય સંવાદ, ચિત્ત-વિચાર સંવાદ |
| ગંગ | ઓધવ-માધવ સંવાદ રચ્યા સં. ૧૭૭૮<br>શુકદેવ આખ્યાન કે ,, ,, ૧૬૪૭ કે<br>શુક સંવાદ ૧૬૯૭ |
| ગંગાજીસુત | ધર્મસંવાદ (અપ્રસિદ્ધ) ,, ,, ૧૭૦૯ |
| ગોવર્ધન | કૃષ્ણ–ગરુડ સંવાદ |
| ગોવિન્દરામ | ઉમિયા–શિવસંવાદ ,, ,, ૧૮૩૭<br>(બૃહદ્કાવ્યદોહન ભા. ૨માં પ્રસિદ્ધ.) |
| ઘેલાભાઈ | પિતા–પુત્રનો સંવાદ (અપ્રસિદ્ધ) સાતપદમાં |
| જગજીવન | ચિત્ત–વિચાર સંવાદ (અપ્રસિદ્ધ) |
| જનાર્દન | દૂતી સંવાદ (અપ્રસિદ્ધ) |
| જાવડ | મૃગી સંવાદ (૪૦૦ કડીનું કાવ્ય, અપ્રસિદ્ધ) |
| જીવણદાસ | ગુરુ-શિષ્ય સંવાદ, અપ્રસિદ્ધ રચ્યા સં. ૧૭૯૮. |
| દયારામ | મન-મતિ સંવાદ નાટક (બૃ. કા. દો. ભા. ૪)[3] |

---

૧ જુઓ પ્રાચીન કાવ્યોં કી પરંપરા, નાહટા અગરચંદ, બીકાનેર, ઈ. સ. પૃ. ૧૧૪.

૨ જૈનેતર કવિઓનાં સંવાદકાવ્યોની યાદી, શ્રી કે. કા. શાસ્ત્રીકૃત 'સંકલિત યાદી' અને શ્રી રમણિકભાઈ શ્રીપતરાય દેસાઈકૃત 'પ્રાચીન કવિઓ'ને આધારે બનાવી છે.

૩ બૃ. કા. દો.=બૃહદ્ કાવ્ય દોહન.

| | |
|---|---|
| | બ્રાહ્મણ–ભક્ત વિવાદ (પ્રા. કા. ત્રૈ.)[૧] |
| | હનુમાન–ગરુડ સંવાદ (બૃ. કા. દો., ભા. ૧) |
| | લોચન–મનનો ઝઘડો (પ્રસિદ્ધ 'દયારામ રસસુધા') |
| નથુરામ | પાર્વતી–લક્ષ્મી સંવાદ (અપ્રસિદ્ધ) |
| નરહરિદાસ | ગોપી–ઉદ્ધવ સંવાદ (અપ્રસિદ્ધ) |
| નાકર | મૃગલી સંવાદ (જુઓ 'વ્યાધ મૃગલી સંવાદ' બૃ. કા. દો, ભા. ૮.) |
| નિરંજનરામ | સાહેલી સંવાદ (અપ્રસિદ્ધ) |
| પર્વતસુત | લક્ષ્મી–ગૌરી સંવાદ (અપ્રસિદ્ધ) |
| પ્રભાશંકર | રાવણ–મંદોદરી સંવાદ (ચોથી સાહિત્ય પરિષદ રિપોર્ટ) |
| ભવાન | રાવણ–મંદોદરી સંવાદ (બૃ. કા. દો., ભા. ૫.) (૭ અને ૧૩ કડીનાં બે પદમાં રચાયેલું કાવ્ય). |
| ભાઈશંકર | લક્ષ્મી–પાર્વતીનો સંવાદ (બૃ. કા. દો., ભા. ૭) |
| ભાણદાસ | અજગર–પ્રહ્લાદ (અજગર–અવધૂત) સંવાદ (અપ્રસિદ્ધ) |
| ભાલણ | શિવ–ભીલડી સંવાદ (બૃ. કા. દો., ભા. ૧) |
| | સીતા–હનુમાનનો સંવાદ (અપ્રસિદ્ધ) |
| | ગોપી–ગોવિન્દ સંવાદ (બૃ. કા. દો., ભા. ૧) |
| મતિસાર | કાલીનાગદમની સંવાદ (અપ્રસિદ્ધ) |
| મુકુન્દ સ્વામી | કહાન-ગોપી સંવાદ (ચાર ચાર ચરણની ૨૮ કડીનું કાવ્ય) |
| મોહાકંમ બારોટ | લક્ષ્મી–પાર્વતી સંવાદ (અપ્રસિદ્ધ) |
| રઘુનાથદાસ | રાધા-કૃષ્ણ સંવાદ (બૃ. કા. દો., ભા. ૩) |
| રણછોડદાસ | રાવણ-મંદોદરી સંવાદ (બૃ. કા. દો., ભા. ૮.) (૧૨ પદમાં રચાયેલું કાવ્ય જેમાં પહેલાં ચાર પદ મૂળ પ્રતમાં નથી.) |
| રામચંદ્ર બ્રહ્મચારી | સાહેલી સંવાદ (અપ્રસિદ્ધ) |
| વલ્લભભટ્ટ | યુધિષ્ઠિર–વૃકોદર સંવાદ (પ્રા. કા. ગ્રં. ૮૮.) |
| | ગદ્ય–પદ્ય સંવાદ (અપ્રસિદ્ધ) |
| | રૂક્મિણિ સંવાદ ( ,, ) |
| વશરામ | નાગર સંવાદ ( ,, ) |
| વિષ્ણુદાસ | ગુરુ–શિષ્ય સંવાદ ( ,, ) |
| શામળ | ઉદ્યમ–કર્મ સંવાદ (બૃ. કા. દો., ભા. ૨) |
| | રાવણ–મંદોદરી સંવાદ (બૃ. કા. દો., ભા. ૧.) |

૧ પ્રા. કા. ત્રૈ.=પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક.

| | |
|---|---|
| શ્રીધર | રાવણ–મંદોદરી સંવાદ (પ્રસિદ્ધ ફા. ગુ. સભા સં. ૧૫૬૫ સંપાદિત 'પ્રબોધબત્રીશી' સાથે ) |
| હરદેવરામ | લક્ષ્મી–ઉમા સંવાદ ( અપ્રસિદ્ધ ) |
| હરિદાસ | મૃગલી સંવાદ ( ,, ) |
| હીરાનંદ | કૃષ્ણ–ગોપી સંવાદ ( ,, ) |

જૈન અને જૈનેતર કવિઓએ રચેલાં આવાં સંવાદકાવ્યોની યાદી જોતાં એક વાત સ્પષ્ટ થશે કે દસેક કૃતિઓ તો રાવણ–મંદોદરી સંવાદની જ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | લાવણ્યસમય | રાવણ–મંદોદરી સંવાદ | પ્રસિદ્ધ. બુદ્ધિપ્રકાશ, ઑકટો. ૧૯૩૧, રચ્યા સં. ૧૫૬૨ |
| ૨ | શ્રીધર | રાવણ–મંદોદરી સંવાદ | પ્રસિદ્ધ. રચ્યા સં. ૧૫૬૫. ('પ્રબોધબત્રીશી' સાથે. ફા. ગુ. સભાનું પ્રકાશન ) |
| ૩ | શામળ | રાવણ–મંદોદરી સંવાદ | પ્રસિદ્ધ, બૃ. કા. દો., ભા. ૨. |
| ૪ | પ્રભાશંકર | રાવણ–મંદોદરી સંવાદ | અપ્રસિદ્ધ |
| ૫ | ભવાન | રાવણ–મંદોદરી સંવાદ | (પ્રસિદ્ધ, બૃ. કા. દો., ભા. ૫) |
| ૬ | રણછોડદાસ | રાવણ–મંદોદરી સંવાદ | (પ્રસિદ્ધ, બૃ. કા. દો., ભા. ૮) |
| ૭ | વિદ્યાચન્દ્ર | રાવણને મંદોદરીએ આપેલી ઉપદેશની સજ્ઝાય | અપ્રસિદ્ધ |
| ૮ | — | રાવણ શિક્ષા સંવાદ | અપ્રસિદ્ધ |
| ૯ | જિનહર્ષ | રાવણ–મંદોદરી સંવાદ | ,, |
| ૧૦ | સુધનહર્ષ | રાવણ–મંદોદરી સંવાદ | ,, |
| ૧૧ | કાંતિવિજય | હીરાવેધબત્રીસી | પ્રસિદ્ધ, 'બુદ્ધિપ્રકાશ', જુલાઈ-સપ્ટેમ્બર, ૧૯૩૪. |

લાવણ્યસમય અને શ્રીધરની કૃતિઓ ક્યારે રચાઈ તે આપણને એમની કૃતિમાંથી જ જાણવા મળે છે. બાકીની કૃતિઓની રચ્યાસંવત આપણને જાણવા મળતી નથી. "રાવણ શિક્ષા સંવાદ"ના કર્તા અજ્ઞાત છે.

પ્રસિદ્ધ રાવણ-મંદોદરી સંવાદોને હવે સંક્ષેપમાં વિચારી લઈએ.

## કવિ લાવણ્યસમય-રચિત 'રાવણ-મંદોદરી સંવાદ'

'બુદ્ધિપ્રકાશ' ઑકટોબર ૧૯૩૧માં પા. ૨૯૧ થી ૨૯૬ સુધીમાં છપાયેલ છે. સં. ૧૫૬૨માં રચાયેલી આ કૃતિનું સંપાદન સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈએ કર્યું છે. ૨૯૦મે

પાને એમણે મૂકેલી નોંધ આ પ્રમાણે છે: "......આ કૃતિની સં. ૧૬૮૨માં એક જ લેખકની લખેલી બે પ્રતો મારી પાસે છે. છતાં બંનેમાં પાઠાંતરો મળે છે તે કૌંસમાં કે ટિપ્પણીમાં મૂકેલ છે. આ સિવાય અન્ય એક પણ પ્રત ક્યાંયથી ઉપલબ્ધ નથી......"

આ કાવ્ય શ્રીધરની એ જ નામની કૃતિ જે સં. ૧૫૬૫માં રચાઈ છે તેના કરતાં ત્રણ વર્ષ પહેલાં રચાયું છે અને તેથી એનું આગવું મહત્ત્વ છે. લાવણ્યસમયની આ કૃતિમાં કુલ્લે ૬૩ કડી છે અને કૃતિની મથાળે 'રાગ શ્રીરાગ' એ શબ્દો આપેલા છે જે કૃતિની ગેયતા સ્પષ્ટ કરે છે.

કૃતિ મંદોદરીની ઉક્તિથી શરૂ થાય છે, અને રાવણ એનો જવાબ આપે છે. મંદોદરી જુદી જુદી રીતે પતિને સમજાવવાનો પ્રયત્ન કરે છે. ક્યારેક એ રામનું માહાત્મ્ય વર્ણવે છે, ક્યારેક રાવણના કાર્યને અયોગ્ય લેખવે છે અને દલીલો કરે છે તો ક્યારેક રાવણ ગુસ્સે થાય એ રીતે એની નિર્ભર્ત્સના પણ કરે છે. એકંદરે રાવણ અને મંદોદરીની સામસામી ઉક્તિઓ અમુક અંશે નાટ્યરસ પૂરો પાડતી હોઈ કાવ્ય વાંચવામાં આનંદ આવે છે. રાવણમંદોદરીના સંવાદ બાદ કવિ, વાનરોએ લંકા વીંટી લઈને તેના કોટ તોડીને જે યુદ્ધ કર્યું તેનો ઉલ્લેખ કરીને રામને હાથે રાવણનો વધ દર્શાવે છે અને એ પછી વિભીષણને રાજ્ય મળ્યું ને રામસીતા અયોધ્યા આવ્યાં એ બધી વાતો સંક્ષેપમાં સમેટી લે છે.

'રાવણમંદોદરી સંવાદ' એવું કૃતિનું નામ સાંભળીને શ્રીધર અને શામળની કૃતિઓ ધ્યાનમાં રાખી આપણે લાવણ્ય સમયની આ કૃતિ માટે પણ એ ઉખાણા ગર્ભિત હશે એમ માની લઈએ, પણ તેમ નથી. કહેવા પૂરતી એમાં માત્ર બે જ કહેવતો મળે છે: (૧) 'સૂતેલો સિંહ જગાવીઉ' (કડી ૧/૧) અને (૨) 'પન્નગ જિમ પય પાઈઉ, મેહલે વિષ વિકરાળ રે' (કડી ૧૧/૧-૨). આ કૃતિ શ્રીધર અને શામળની કૃતિઓની સરખામણીમાં અસંત સંક્ષિપ્ત છે. કેવળ સંવાદ-કાવ્યોની પરંપરા વિચારતાં અને તેમાં યે ખાસ કરીને 'રાવણ-મંદોદરી સંવાદ'ની પણ જે પરંપરા પ્રાપ્ત છે તેનો વિચાર કરીએ ત્યારે ઉપલબ્ધ કૃતિઓમાં સમયની દૃષ્ટિએ પ્રથમ હોઈ આ કૃતિ નોંધપાત્ર છે.

કૃતિની રચનાનો સમય ૫૯મી કડીમાં અપાયો છે. 'સંવત પન્નર બાસઠિ, રચ્યો રાસ સંવાદ રે'. કર્તાનું નામ કડી ૬૧ અને ૬૩માં મળે છે ખરું, પણ ભિન્ન ભિન્ન જોડણીમાં–'મુનિ લાવનસમઇ ભણિઇ...' (૬૩મી કડી). (૬૧મી કડી) અને 'મુનિ લાવન સામિ ભણિ......' કાવ્યની પુષ્પિકાનું લખાણ હસ્તપ્રતની લખ્યાસાલ આપે છે:

"ઇતિ શ્રી રાવણમંદોદરી સંવાદ સમાપ્ત" સંવત ૧૬૮૨ વરષે ભાદ્રવા વદિ ૮ લિખતં ઋ, રાઘવ તથા ગં. વીરદાસા પઠનાર્થે સુભં ભવતુ ॥ છ ॥

## શ્રીધરકૃત રાવણ-મંદોદરી સંવાદ *

આ સંવાદ કાવ્યમાં કવિએ શરૂઆતમાં ચાર કડીમાં ઇષ્ટદેવને નમસ્કાર કરીને ૨૦૪ ચોપાઈમાં લગભગ પ્રત્યેક ચોપાઈને અંતે કહેવત ગૂંથીને સળંગ રચના કરી છે.

* માંડણકૃત 'પ્રબોધબત્રીશી' અને શ્રીધરકૃત 'રાવણ-મંદોદરી સંવાદ.' પ્રકાશક: શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૩૦.

આ સંવાદ કાવ્યમાં કવિએ રાવણુ અને મંદોદરી વચ્ચે સીતા અંગે થયેલો વાદવિવાદ–શાબ્દિક તકરાર–વર્ણવેલ છે. મંદોદરી પોતાના પતિ લંકાના રાજવી રાવણને, સીતાને પકડી આણ્યા બદલ, ઠપકો આપે છે, એટલું જ નહીં, પણ રામની અપાર શક્તિનો ખ્યાલ આપીને સર્વનાશ ન વહોરવાને માટે વીનવે છે. પોતે સુંદર ને પતિવ્રતા સ્ત્રી હોવા છતાં રાવણ સીતાને લઈ આવ્યો છે તેથી તેને ખૂબ વેદના થઈ છે. એ વેદનાના ઉદ્ગારો પતિ સાથેની તકરારમાં એ કાઢે છે. પતિને રીઝવવા, એ વેદનાને કારણે, એ એમ પણ કહે છે કે તને જે સ્ત્રી ખૂબ ગમી છે તેવી હું થઈશ; એના જેવી સુંદરતા પ્રાપ્ત કરીશ.[૧]

બીજી બાજુ રાવણ પોતાની હઠ પૂરી કરવા ધારે છે અને હઠ પૂરી કરવામાં મંદોદરી આડે આવે છે તેથી પુરુષ સહજ અભિમાન સહિત મંદોદરી પર જાત જાતના આક્ષેપ મૂકે છે. એના પવિત્ર ચારિત્ર્ય ઉપર શંકા લાવે છે, એટલું જ નહિ, એને ડાકિણી શાકિણીની સોબત છે એમ પણ કહે છે.[૨]

આમ અરસપરસ ચડભડ થાય છે તેમાં મંદોદરી જુદે જુદે પ્રકારે રાવણને સીતાને છોડી દેવાનો આગ્રહ કરે છે. ક્યારેક સ્ત્રીસહજ ઈર્ષ્યાને કારણે સીતાને હરી લાવવા અંગે મંદોદરી રાવણને એમ પણ કહે છે કે ખાજાં લાડુ તને મળે છે તે પગેથી દૂર કરીને તું નવી રાબ રંધાવે છે.

આમ બંને વચ્ચે ટપાટપી ચાલે છે. કેટલેક સ્થળે ટપાટપી ગાળાગાળીની ગ્રામ્ય કક્ષાએ પહોંચી ગયેલી છે એટલું જ નહીં, પણ તે વખતની રાવણ તેમ જ મંદોદરીની ભાષા, અને તેમાં પ્રગટ થતો ભાવ રુચિભંગ કરે છે. દા.ત. મંદોદરી પતિને લાજ વગરનો, લંપટ કહે છે. રાવણના કૃત્યને વખોડી નાખતાં ગધેડાના ગોત્રમાં મા, માસી ન હોય એમ કહે છે.[૩] આવાં બીજાં ઉદાહરણો પણ આપી શકાય.

રાવણ મંદોદરીને 'રાંડ'[૪] અને 'ઘણા ઘરની પરેણી'[૫] કહે છે. 'કાજલવદની' અને 'પતિ છતાં અન્ય પ્રત્યે આકર્ષાયેલી છે' એવો હીન આક્ષેપ કરે છે.

---

૧ 'જાણૂં જે સ્ત્રી તૂંહ નઇ ગમી, કાયા તસી કરૂં કારમી', ૬૭૦ ૫-૬

૨ કસ્યુ પરિણિ તૂં જાણિ ઘણું, પ્રાક્રમ પુરુષ પીયારાતણું,
રાજકૂંઅરિ સૂધી સાધવી, જનમી ન જાણિ લાંપુ લવી,
જો જાણિ પરમંદિર વાત, તો સહી સીકોતરિનું સંઘાત,
આગિ કહેતી માય મસાણી, ઉલખણહારી ઉછી મ જાણી.
('રાવણમંદોદરી સંવાદ', ચોપાઈ ૬૫૯)

૩ પેલી પિતા કરી લેખવઈ, લંપટ લાજવિહુણો લવઇ
પાપી થિઉં પિતામહ પુત્ર, માઇ ન માસી ગાધિહ મોત્ર. ૭૦૨/૩-૪; ૫-૬.

૪ માંડ રાંડ થાવા સાદરી, કરિ કાલુ મુખ પીહરિ જઇ. ૭૦૫/૩-૪

૫ કાજલવદની કાંઇ સંતાપિ ? ત્રુટઇ ન સીકાં તાહારિ સરાપિ,
તૂં ઘર ઘણાં તણી પરુહણી, દસમુખ ન ગમઇ સુમુખ ભણી. ૭૮૭/૩-૪; ૫-૬

વળતાં મંદોદરી રાવણના કુળ-કુટુંબ ઉપર ભૂંડો આક્ષેપ કરે છે ત્યારે રાવણ આ પ્રકારની ગ્રામ્ય ઉક્તિઓમાં લેશ પણ ઓછો ન ઊતરતાં મંદોદરીને 'રાંડ ભાંડ ને સાંઢ સમાન'[1] એમ કહે છે.

ટપાટપી દરમિયાન અત્યંત ક્રોધે ભરાયેલો રાવણ તલવાર ખેંચે છે, મંદોદરીને ચોટલે સાહીને મારવા જાય છે. મંદોદરી બ્રહ્માને—સસરાને સ્મરે છે. બ્રહ્મા કુલવધૂની વહારે આવે છે. રાવણને સમજાવે છે, મંદોદરીને અંતઃપુરમાં મોકલી દે છે પોતે વિદાય થતા પહેલાં, મંદોદરીને મહેલમાં મળીને, સમજાવીને, ટાઢી પાડે છે; પણ લખ્યા લેખ મિથ્યા થતા નથી. અંતમાં રાવણનો યુદ્ધમાં નાશ થાય છે. રામ સીતાને છોડાવે છે અને વિભીષણને રાજ્ય મળે છે.

કવિએ આ કાવ્યમાં સામાન્ય રીતે ચોપાઈની આખી લીટીમાં કે છેલ્લા ચરણમાં કહેવત ગૂંથી છે. કેટલેક સ્થળે કવિએ એક ચોપાઈમાં એકથી વધારે કહેવત ગૂંથીને સંવાદની સચોટતા સફળતાપૂર્વક સાધી છે.[2]

ઉપરાંત, આ કાવ્યમાં કવિએ સંદષ્ટ યમકની યોજના કરી છે તે ખાસ નોંધપાત્ર છે. મંદોદરીની ઉક્તિ જે શબ્દથી પૂરી થાય તે શબ્દથી રાવણની ઉક્તિનો આરંભ થાય છે; અને રાવણની ઉક્તિ જે શબ્દથી પૂરી થાય છે તે શબ્દથી મંદોદરીની ઉક્તિનો આરંભ થાય છે.

## શામળકૃત 'રાવણમંદોદરી સંવાદ':

બૃહત્ કાવ્યદોહન ભા. ૧માં[3] છપાયેલ છે. આ કૃતિમાં કવિએ રાવણ અને મંદોદરીનો સંવાદ રજૂ કર્યો છે. કૃતિનું નામ 'રાવણમંદોદરી સંવાદ' છે એ સાચું, પણ અહીં સીતાનું હરણ થયું તે પૂર્વેની પણ ઘણી હકીકતો કવિએ વર્ણવી છે. બહુ ટૂંકમાં રામસીતાના જન્મ અને લગ્નની વાતનો ઉલ્લેખ કરીને લક્ષ્મણ અને સીતા સાથે રામ વનમાં ગયા અને ત્યાં શૂર્પણખા રામનું સોહામણું રૂપ નીરખીને રામ પાસે આવી લગ્નની માગણી કરે છે ત્યાંથી શામળે કાવ્યનો આરંભ કર્યો છે. તે પછી શૂર્પણખાનું અપમાન થતાં રાવણને એ ફરિયાદ કરે છે અને રાવણ સુવર્ણ મૃગનું તરકટ રચી સીતાને હરી લાવે છે એનું વિગતે બયાન છે. તે બાદ રાવણ સીતાને હરી લાવ્યો તે અંગે રાવણ અને મંદોદરીનો સંવાદ છે. મંદોદરી રાવણ સાથે વાદવિવાદમાં ઊતરે છે અને રાવણને, સીતાને છોડી મૂકવા વિનવે છે; પણ રાવણ મંદોદરીની વાત સાંભળતો નથી. મંદોદરીની માફક રાવણનો ભાઈ વિભીષણ રાવણને સીતાને માનભેર છોડી મૂકવાની સલાહ આપે છે પણ ભાઈની વાત તે કાને ધરતો નથી. મંદોદરીની વાત અવગણીને, પહેલાં તે કુંવર ઇન્દ્રજિત અને ભાઇ કુંભકર્ણનો આ અંગે મત લે છે, એટલું જ નહીં, પ્રજાનો પણ મત લે છે. આ બધાનો

---

૧ રાંડ ભાંડ નિ સાંઢ સમાન, આગઇ કર જોડયા ઇશાનિ. ૮૨૭/૫-૬

૨ ચડિઉં ચાસિ ચાલઇ તાં ભલૂં, ડગમગતા થાસિ દોહિલૂં,
લંક નરેસર લક્ષણિ લાજિ, **અચલ ખણ્યો ઉંદરનિ કાજિ.**
અમ્હ આગલિ સીતા શા માટિ ? કોઈ હારતી ન જોવા જાઈ,
ઘર બિજોરી બારિ માસ, કાં કારેલી કરિ વિલાસ ?

૩ જુઓ પાંચમી આવૃત્તિ, ઈ. સ. ૧૯૦૮. પાનાં ૪૮૯-૫૨૧

મત રાવણની તરફેણમાં પડે છે. આમ સીતાહરણ એ માત્ર રાવણનો વ્યક્તિગત કે કૌટુંબિક પ્રશ્ન નહીં પણ આખા રાજ્યનો પ્રશ્ન હોય એ રીતે કાવ્યમાં રજૂઆત થઈ છે. રાવણે પ્રજાનો અભિપ્રાય લીધો છે, પ્રજાની અવગણના કરી નથી. આ દૃષ્ટિબિંદુની નવીનતાને લીધે કાવ્ય શ્રીધરના 'રાવણમંદોદરી સંવાદ' કરતાં જુદું પડી જાય છે. આ સંવાદકાવ્યમાં કવિએ માત્ર ચીલેચાલુ વાતો કરી નથી.

કવિએ કૃતિમાં દોહરા, ચોપાઈ, છપ્પ, કવિત વગેરે છંદો વાપર્યા છે. ક્યાંક ક્યાંક વાક્છટા આણવાને હિંદી ભાષાનો પણ કવિએ ઉપયોગ કર્યો છે. શરૂઆતમાં છૂટીછવાઈ કહેવતો કવિએ કથામાં ગૂંથી છે. રાવણ-મંદોદરીના સંવાદ દરમિયાન કહેવતોનો કવિએ છૂટથી ઉપયોગ કર્યો છે. અઢારે વર્ણને આ અંગે પ્રશ્ન પૂછતાં જે જવાબ પ્રત્યેક વર્ણે રાવણને આપ્યો તેમાં પ્રત્યેકના જવાબ રૂપે બોલાયેલ કડીની અંતિમ પંક્તિમાં કવિએ કહેવત ગૂંથી છે. કવિએ તે જમાનામાં ધંધાને લગતી જે કેટલીક કહેવતો પ્રચલિત હતી તેને ધ્યાનમાં રાખીને એનું વ્યવસ્થિત નિરૂપણ કર્યું છે. આ રીતે ધંધાવાર કહેવતોનું વર્ગીકરણ આ કાવ્યમાંથી મળી રહે છે. કાવ્યમાં આવું વર્ગીકરણ કરવાનો તે જમાનામાં કદાચ આ પહેલો પ્રયાસ છે.

## ભવાનકૃત 'રાવણ-મંદોદરી સંવાદ'

કૃતિ 'બૃહત્‌કાવ્યદોહન', ભા. ૫માં પ્રસિદ્ધ થઈ છે. આ કવિ અંગે એટલી જ માહિતી એમાં મળે છે કે 'એ ખંભાતનો કાનફટાના ધર્મનો સાધુ હતો. એનાં પદ અને ગરબીઓ ગુજરાતમાં ઘણી ગવાય છે."[૧] આ કૃતિ પદબદ્ધ છે. આપણને પદ ૫ અને પદ ૬ એમ બે જ પદ મળે છે. પાંચમું પદ ૭ કડીનું છે અને તે મંદોદરીની ઉક્તિ છે. છઠ્ઠું પદ ૧૩ કડીનું છે. અને તે રાવણની ઉક્તિ છે.

## રણછોડદાસ ભક્તકૃત 'રાવણ-મંદોદરી સંવાદ'

'બૃહત્‌ કાવ્યદોહન' ભા. ૮ (સામાજિક આવૃત્તિ, સં. ૧૯૬૯, પૃ. ૭૨૦)માં પ્રસિદ્ધ થયેલ છે. કુલ્લે આ કૃતિનાં ૧૨ પદ છે. પણ શરૂઆતનાં ત્રણ પદ મૂળ પ્રતમાં નથી, તેટલાં પાનાં ફાટી ગયાં છે એવી નોંધ છે. એટલે ૪ થી ૧૨ સુધીનાં પદો મળે છે.

આ પદોમાં ચોથા, પાંચમા અને છઠ્ઠા પદમાં ૭ ૭ કડી છે. સાતમા પદમાં ત્રણ જ કડી છે. ત્રણ કડીનો નાશ થયો જણાય છે.

ચોથા અને છઠ્ઠા પદમાં મંદોદરીની ઉક્તિ છે. પાંચમા અને સાતમા પદમાં રાવણની ઉક્તિ છે. આઠમા પદમાં સુંદરકાંડની સંક્ષિપ્ત વિગતો—રામ લક્ષ્મણ ને હનુમાનને લગતી વિગતો—કવિએ રજૂ કરી છે.

નવમા દસમા અને અગિયારમા પદમાં આઠ આઠ કડી છે. બારમા પદમાં ૭ કડી છે.

નવમા પદમાં દૂતની ઉક્તિ છે. દસમા અને બારમા પદમાં રાવણની ઉક્તિ છે, જ્યારે અગિયારમા પદમાં મંદોદરીની ઉક્તિ છે.

---

૧ બૃહત્‌ કાવ્યદોહન, ભા. ૫., સામાજિક, આવૃત્તિ, સં. ૧૯૫૧. સંશોધક-દેસાઈ ઇચ્છારામ સૂર્યરામ, પા. ૭૯૬.

**જેને 'સંવાદ' નામ આપતાં મુશ્કેલી પડે તેવું કેવળ મંદોદરીની ઉક્તિ-વાળું એક કાવ્ય કવિ કાંતિવિજય-રચિત 'હીરાવેધબત્રીસી'.**

'બુદ્ધિપ્રકાશ' જુલાઈ-સપ્ટેમ્બર ૧૯૩૪માં પા. ૨૮૭ થી ૩૦૨ સુધીમાં છપાયેલ છે. અરાઢમા સૈકાની આ કૃતિનુ સંપાદન શ્રી ભોગીલાલ જ. સાંડેસરાએ કર્યું છે. આરંભમાં એઓ લખે છેઃ

" કાંતિવિજય નામના જૈન કવિએ અરાઢમા સૈકાના અંતે આ કાવ્ય ૩૨ છપ્પયમાં રચેલું છે. પ્રાચીન ગુજરાતી સાહિત્યને શોભાવનારી તે બત્રીસ વક્રોક્તિઓ છે. અહીં તે પ્રગટ કરવાની તક લઉં છું.

મંદોદરીએ આપેલી શિખામણ તે કાવ્યનું વસ્તુ છે. સાથે સાથે જ ગામ, રાશિ, ફળ, ફુલ વગેરેની શબ્દરમતો પણ કવિએ ગોઠવી દીધી છે. આવાં કાવ્યોમાં જેમ વારંવાર બને છે તેમ આમાં પણ ઠેકાણે ઠેકાણે અર્થો ખેંચીતાણીને લાવ્યા જેવું લાગે છે, પરંતુ એકંદરે કાવ્ય સરસ અને આહ્લાદક છે. ગુજરાતી ભાષામાં આ કાંતિવિજય સિવાય બીજો કોઈ કવિએ આ પ્રમાણે સંસ્કૃત ભાષામાંથી પ્રેરણા લઈને એક સળંગ કાવ્યરૂપે વક્રોક્તિઓ રચવાનો પ્રયાસ કર્યો નથી, જોકે છૂટીછવાઈ તો ઘણી મળી આવે છે. "

"હીરાવેધબત્રીસી'ના ઘણા છપ્પયની અંતિમ પંક્તિમાં કવિએ પોતાનું નામ ગૂંથ્યું છે તેમ જ બત્રીસમા છપ્પયની અંતિમ પંક્તિમાં કૃતિના નામનો ઉલ્લેખ કર્યો છે. આ સિવાય કવિ અંગેની બીજી માહિતી, તેમ જ રચ્યાસંવત અંગેની હકીક્ત આ કાવ્યમાંથી મળતી નથી, પણ સંપાદક શ્રી સાંડેસરાએ આ જ કવિની મળી આવતી બીજી કૃતિઓ ઉપરથી અનુમાન કર્યું છે કે આ કૃતિ સં. ૧૭૭૫ થી ૧૭૯૯ના અરસામાં રચાઈ હશે. કાવ્યની ભાષામાં મારવાડીની અસર વધુ છે. સંપાદકે કવિના જ સમયની સં. ૧૭૯૯માં લખાયેલી હસ્તપ્રતને આધારે આ કૃતિ તૈયાર કરી છે. હસ્તપ્રતમાં પ્રત્યેક છપ્પયની સાથે જ ટૂંકી ટીકા-ટબો-લખેલી છે. ટીકા કેટલેક સ્થળે અશુદ્ધ અને અસ્પષ્ટ છે એટલે એ કવિએ પોતે નહીં લખી હોય એમ માનવાને કારણ રહે છે.

આ કૃતિ અન્ય સંવાદકાવ્યોથી જુદી પડી આવે છે. આમાં મંદોદરીએ રાવણને બત્રીસ છપ્પયમાં શિખામણ આપી છે. રાવણની કોઈ ઉક્તિ આમાં આવતી નથી.

મંગલાચરણમાં ગુરુઓને નમસ્કાર કરીને કવિ કાવ્યની શરૂઆત કરે છે.

ગામને નામે ( છ. ૧ ), માસને નામે ( છ. ૨ ), રાશિને નામે ( છ. ૩ ), ફલને નામે ( છ. ૪ ), કોટના અંગને નામે ( છ. ૫ ), ધાન્યના નામે ( છ. ૬ ), દેશને નામે ( છ. ૭-૮ ), વાજિંત્રને નામે ( છ. ૯ ), કિંમતી નંગને નામે ( છ. ૧૦ ), પંખીને નામે ( છ. ૧૧ ), વૃક્ષને નામે ( છ. ૧૨ ), પુરુષના વસ્ત્રને નામે ( છ. ૧૩ ), આયુધને નામે ( છ. ૧૪ ), સાધુ મારગને નામે ( છ. ૧૫ ), જુદા જુદા વર્ણની સ્ત્રીને નામે ( છ. ૧૬ ), નદીને નામે ( છ. ૧૭ ), સ્ત્રીના આભરણને નામે ( છ. ૧૮ ), જુદાં જુદાં નાણાંના સિક્કાને નામે ( છ. ૧૯ ), મિષ્ટાન્નને નામે ( છ. ૨૦ ), દશાવતારને નામે ( છ. ૨૧ ), પર્વતને નામે ( છ. ૨૨-૨૩ ), તિથિને નામે ( છ. ૨૪ ), ચોવીસ તીર્થંકરને નામે ( છ. ૨૫-૨૬ ), ફૂલને નામે ( છ. ૨૭ ), શાકને નામે

( છ. ૨૮ ), વનશ્વાપદાદિકને નામે ( છ. ૨૯ ), રત્નને નામે ( છ. ૩૦ ), મહાભારતના પર્વને નામે ( છ. ૩૧ ) તથા પંચ પરમેષ્ઠીને નામે ( છ. ૩૨ ), મંદોદરીને શીખ આપે છે.

આ વક્રોક્તિ કાવ્યમાં એક પણ કહેવત નથી. કવિએ શબ્દ—રમત દ્વારા કાવ્યમાં વૈચિત્ર્ય સાધ્યું છે. અહીં પણ સાચું કાવ્યતત્ત્વ બાજુએ રહી જાય છે, કેમ કે કવિનું ધ્યેય મંદોદરીની ઉક્તિ દ્વારા વક્રોક્તિની ચમત્કૃતિ પ્રદર્શિત કરવાનું છે.

કૃતિમાં આવતી વક્રોક્તિની ચમત્કૃતિનો ખ્યાલ આવે તે માટે અહીં પહેલો છપ્પય અને અંતિમ છપ્પય ઉતાર્યા છે.

**રાજનગર** સમ એહ **નારી** કા **આદરીઆણો,**
**સાચોરહિં જસવાવિ રાણમંડલ મહિસાણો,**
**જૂનોગઢ** મ તિ ખોય, સીખ રાખિ **અકલેસિર,**
**રામપરાણે** પાજિ બાંધિ લેસ્યે ફત્તેપુર,
**વાસણે** એમ **સુરતિ** તણે **વડિ** ખોઇસિ તું તાહરી.
કવિ કહે કાંતિ દસસિર **પ્રતે** ભણુતિ એમ મંદોદરી. ( છ. ૧ )

**અરિહણિ** સિદ્ધ અનેક સાધિ **આચારજ** સુદ્ધે,
**ઉવઝાયાઆ** આપ જમલિ **સાહ** જ બહુ જુદ્ધે,
મંગલ વરત્યા મોદ વજ્યા સુહજસરા વાજા,
વધાવ્યા રઘુબાલ લિયે થાલે ભરી લાજા,
પાલે સુપ્રજ, ટાલણુ પિસુન રહિ વાત નહિ ખેદરી,
બત્રિસી **કાંતિ** કહિ વિબુધ વાંચો **હીરાવેધરી.** ( છ. ૩૨ )

‘ રાવણુમંદોદરી સંવાદ ’ જેવી રચનાઓમાં સંવાદ વિવાદના સાધનરૂપે વપરાયેલા જણાય છે. એમાં સામસામા પક્ષોની ઉગ્ર વિરોધવાળી પરિસ્થિતિ છે. મંદોદરી અને રાવણનાં દૃષ્ટિબિંદુઓ તદ્દન સામસામાં છે. આથી વાતચીતમાં ઉગ્ર ઝગડાનાં લક્ષણો પ્રતિત થાય છે. કયારેક શ્રીધરના ‘ રાવણુમંદોદરી સંવાદ ’માં જોવા મળે છે તે પ્રમાણે એ વિવાદ ગ્રામ્યકક્ષાએ પહોંચી જાય છે. આને પરિણામે રુચિભંગ પણ થાય છે.

ઉપરની વિગતો પરથી સ્પષ્ટ થાય છે કે આવાં સંવાદકાવ્યોમાં મોટે ભાગે વિવાદ, કલહ કે વઢચઢના તત્ત્વનું જ પ્રાધાન્ય છે અને એવા તત્ત્વને જુદા જુદા કવિઓ પોતપોતાની રીતે રજૂ કરે છે.

# રોગ માત્રનું એક કારણ—પ્રજ્ઞાપરાધ

બાપાલાલ ગ. વૈદ્ય

બુદ્ધદર્શનનાં ત્રણ રત્ન છે—(૧) શીલ, (૨) સમાધિ તથા (૩) પ્રજ્ઞા.

**શીલ**માં સમગ્ર સાત્ત્વિક કર્મોનો સમાવેશ થાય છે. અહિંસા, અસ્તેય, સત્ય ભાષણ, બ્રહ્મચર્ય, કોઈ પણ નશો ઉત્પન્ન કરનાર ચીજનું અસેવન—આ "पञ्चशील" તરીકે સુપ્રસિદ્ધ છે.

**સમાધિ :**—ચિત્તવૃત્તિઓનો પ્રત્યક્ષાનુભવ. સમાધિથી ત્રણ પ્રકારની શક્તિ પ્રાપ્ત થાય છે. પૂર્વજન્મની સ્મૃતિ, જીવની ઉત્પત્તિ અને વિનાશનું જ્ઞાન તથા ચિત્તના બાધક વિષયોની જાણકારી.

**પ્રજ્ઞા :**—ત્રણ પ્રકારની છે—શ્રુતમયી (આપ્ત પ્રમાણજન્ય નિશ્ચય.) ચિન્તામયી (યુક્તિથી ઉત્પન્ન થતો નિશ્ચય) તથા ભાવનામયી (સમાધિજન્ય નિશ્ચય). શીલસમ્પન્ન શ્રુત-ચિન્તા-પ્રજ્ઞાથી યુક્ત પુરુષ ભાવના (ધ્યાન)નો અધિકારી થાય છે. અજાતશત્રુ સાથેની ચર્ચામાં ભગવાન બુદ્ધે પ્રજ્ઞાનાં ફલોનું અત્યંત વિશદ વર્ણન કર્યું છે. પ્રજ્ઞામાં અનુષ્ઠાનથી જ્ઞાનદર્શન, મનોમય શરીરનું નિર્માણ, ઋદ્ધિઓ, દિવ્યશ્રોત્ર, પરચિત્તજ્ઞાન, પૂર્વજન્મસ્મરણ, દિવ્યચક્ષુ,—આ ઉપલબ્ધિ થયા પછી દુઃખક્ષયનું જ્ઞાન થાય છે. ચિત્તકામાશ્રવ (ભોગવવાની ઇચ્છા), ભવાશ્રવ (જન્મવાની ઇચ્છા) તથા અવિદ્યાશ્રવ (અજ્ઞાનમલ)થી સદાકાલ માટે નિર્મુક્તિ થઈ જાય છે. સાધક નિર્વાણ પ્રાપ્ત કરી શકે છે.

આથી તો બુદ્ધની શિક્ષાઓનો સારાંશ, શીલ, સમાધિ, પ્રજ્ઞા—આ ત્રણ શબ્દો દ્વારા જ અભિવ્યક્ત થાય છે.[૧]

અર્થાત્ પ્રજ્ઞાનો અર્થ બુદ્ધદર્શનમાં જેવો થયો છે તેવો બીજે ક્યાંય થયો નથી. અહીં સામાન્ય સમજ (કૉમન સેન્સ) અર્થ કરતાં પ્રજ્ઞા શબ્દ ઘણા ઊંડા અર્થમાં વ્યવહૃત છે, એટલું સ્પષ્ટ જણાય છે.

હવે આપણે 'प्रज्ञा'ને પકડવા અન્યત્ર વળીશું.

અમરકોષમાં बुद्धिना ૧૪ પર્યાયોમાં એક પર્યાય प्रज्ञा છે. प्रज्ञायतेऽनया प्रज्ञानं वा । 'ज्ञावबोधने' श्रद्धापि । : प्रज्ञा श्रद्धा धरा ज्ञप्तिः पण्डा[२] संवेदनं विदा ' इति शब्दार्णवात् ।

---

૧ 'भारतीय दर्शन'. बलदेव उपाध्याय.

૨ શંકરાચાર્યે पण्डाનો અર્થ બ્રહ્મજ્ઞાન એવો કર્યો છે. પણ્ડા ઉપરથી 'પણ્ડિત' શબ્દ પડચો છે. બ્રહ્મજ્ઞાનનો જ્ઞાતા એ પંડિત. પંડિતની વ્યાખ્યાઓ ગીતામાં અનેક સ્થળે આપી છે. ૪/૧૯, ૨/૧૧, ૫/૪-૧૮.

અર્થાત્ પ્રજ્ઞાના અર્થો બુદ્ધિ, પ્રજ્ઞાન, શ્રદ્ધા, જ્ઞાન આવા છે. ગીતામાં 'प्रज्ञावादांश्च भाषसे' (અ. ૨–૧૧). અહીં શંકરાચાર્ય 'प्रज्ञावतां बुद्धिमतां वादान् च वचनानि' એ સમજૂતીમાં પ્રજ્ઞાનો અર્થ બુદ્ધિ જ કરે છે.

'સ્થિતપ્રજ્ઞ'ની વ્યાખ્યા ગીતામાં સરસ આપેલી છે (અ. ૨–૫૫). तस्य प्रज्ञा प्रतिष्ठिता। (ગીતા. અ. ૨–૫૭-૫૮-૬૧).

શ્લોક અ. ૬૭ માં 'तदस्य हरति प्रज्ञां' અહીં 'આત્મઅનાત્મવિવેકની' પ્રજ્ઞા એવો અર્થ કર્યો છે.

શ્લો. ૬૮ સર્વત્ર પ્રજ્ઞાનો અર્થ બુદ્ધિ કરવામાં આવ્યો છે.

"प्रज्ञा विवेकं लभते भिन्नैरागमदर्शनैः।" આ વાક્યમાં ભિન્ન ભિન્ન શાસ્ત્રોનું દર્શન કરવાથી મનુષ્યની પ્રજ્ઞામાં વિવેકનો ઉદય થાય છે. અહીં પ્રજ્ઞા–બુદ્ધિ સદસદ્‌નો નિર્ણય કરવા પરિપક્વ બને છે એવો અર્થ છે.

મહાભારતકારે કથાના પ્રવાહને અટકાવી દઈને બે વિશિષ્ટ પર્વો આપેલાં છે: (૧) પ્રજાગર પર્વ, (૨) સનત્સુજાત પર્વ. પ્રજાગરનો અર્થ થાય છે ઉજાગરો. પ્રજાગર પર્વમાં ૮ અધ્યાયો ને ૫૩૦ શ્લોકો છે. સંજયે ધૃતરાષ્ટ્રને યુદ્ધનો સંપૂર્ણ વૃત્તાન્ત કહી સંભળાવ્યો એટલે તે સાંભળી ધૃતરાષ્ટ્રની ઊંઘ ઊડી ગઈ એણે વિદુરને તેડી મંગાવ્યા. પ્રારંભમાં જ વિદુરજીને "महा-प्राज्ञ"થી સંબોધ્યા છે. આ પર્વમાં પ્રજ્ઞાની વ્યાખ્યા આપવામાં આવી છે અને એ જ એનું વૈશિષ્ટ્ય છે.

અધ્યાત્મ જીવનથી ભિન્ન પૃથગ્જનના માનવ-જીવન-વ્યવહાર-સાધન–આ બધા અંશોનું નામ પ્રજ્ઞા છે. માનવ જીવનનો સર્વ વ્યવહાર પ્રજ્ઞા દ્વારા બતાવવામાં આવેલો છે. અંગ્રેજીમાં જેને 'કૉમન સેન્સ' કહેવામાં આવે છે; ગુજરાતીમાં જેને 'સમજદારી' તરીકે ઓળખવામાં આવે છે તે જ પ્રજ્ઞા છે. ઉપનિષદના સમકાલીન યૂનાન દેશમાં પણ પ્રજ્ઞાનો વિકાસ દૃષ્ટિગોચર થાય છે. સોક્રેટિસની કથામાંથી એ સ્પષ્ટ થાય છે. મનુષ્યોએ સર્વત્ર વ્યવહાર બુદ્ધિથી અને વિચારદૃષ્ટિથી કામ કરવું જોઈએ.

પાલિ ભાષામાં પ્રજ્ઞાનું થયું છે पञ्ञ. અર્ધમાગધીમાં થયું पण्णा. આ पण्णा શબ્દ જ આધુનિક पण्डाનું અપભ્રષ્ટ લાગે છે. આ બંને શબ્દો સમાનાર્થ છે. કર્મમાં ને વિચારમાં પ્રજ્ઞાનું અનુસરણ કરનાર મનુષ્ય પણ્ડિત કહેવાયો.

पण्डित, प्रज्ञावान्, प्राज्ञ—આ બધા શબ્દો તુલ્યાર્થ છે. प्रज्ञा संसारिणी भवति।

यस्य संसारिणीं प्रज्ञा धर्मार्थौ अनुवर्तते।
कामादर्थं वृणीते यः स वै पण्डित उच्यते॥

જેની સંસારિણી પ્રજ્ઞા-બુદ્ધિ-ધર્મ અને અર્થને અનુસરનાર છે, જે કામમાંથી પણ અર્થને પસંદ કરે છે–પકડી પાડે છે–તેનું નામ પણ્ડિત છે.

પ્રાજ્ઞ સમુદ્ર જેવો ગંભીર હોય છે અને એનાં કર્તવ્યો પણ ગણાવે છે. તે પોતાની શક્તિ જોઈ કામ કરે, વધુની કામના ન કરે, ગજા ઉપરાંતનું કંઈ ન કરે, નવદ્વાર સમન્વિત, ત્રણ

ઉપસ્તંભોથી ધૃત, પંચ સેવકજનોથી આવૃત, ક્ષેત્રજ્ઞ-આત્મા-થી અધિષ્ઠિત: આવા શરીરગૃહને જે સારી રીતે જાણે છે તે જ પરમ બુદ્ધિમાન છે. ટૂંકમાં પ્રજ્ઞાદર્શનમાં સામાજિક અને વૈયક્તિક જીવનની સમાનતા દર્શાવેલી છે. આ બંનેની સફલતા માટે જ પ્રજ્ઞાની આવશ્યકતા. ધર્મ, અર્થ અને કામ—આ ત્રિવર્ગ જ પ્રજ્ઞાનો મુખ્ય વિષય છે.

બુદ્ધિવાદી, પ્રજ્ઞાવાન્, પંડિત—આ બધા સમાનાર્થી શબ્દો છે. જવાહરલાલ સાચા અર્થમાં **पण्डित** હતા અર્થાત્ प्रज्ञावादी હતા. સ્વ. વાસુદેવશરણના એક લેખનો આ સાર છે. પ્રજ્ઞા = સાદી સમજ = Common sense.

આયુર્વેદમાં प्रज्ञापराध શબ્દ ખૂબ જ પ્રચલિત છે—બહુ વપરાયલો છે—ઘણો જ પ્રસિદ્ધ છે. રોગમાત્રનુ એક જ કારણ **प्रज्ञापराध** કહીને ચરકસંહિતામાં પુનર્વસુ આત્રેયે હાથ જ ધોઈ નાખ્યા છે એમ કહીએ તો ચાલે. ચરકસંહિતાએ પ્રજ્ઞાપરાધને બુદ્ધિનો અપરાધ જ કહ્યો છે. પ્રજ્ઞાપરાધની વ્યાખ્યા જોઈશું:

धीधृतिस्मृतिविभ्रष्टः कर्म यत्कुरुतेऽशुभम् ।
प्रज्ञापराधं तं विद्यात् सर्वदोष प्रकोपणम् ॥ च. शा. १–१०२

ધી, ધૃતિ અને સ્મૃતિથી ભ્રષ્ટ થએલો માણસ જ્યારે અશુભ કર્મો કરે છે ત્યારે માનસિક અને શારીરિક દોષોને પ્રકુપિત કરનાર એ કારણને પ્રજ્ઞાપરાધ કહેવામાં આવે છે.[1]

ધી એટલે બુદ્ધિ. ધી ભ્રંશ એટલે બુદ્ધિભ્રંશ-બુદ્ધિભ્રંશની વ્યાખ્યા આવી છે.

विषमाभिनिवेशो यो नित्यानित्ये हिताहिते ।
ज्ञेयः स बुद्धिविभ्रंशः समंबुद्धिर्हि पश्यति ॥ म. शा. १–९९

નિત્ય અને અનિત્ય પદાર્થમાં તેમ જ હિતકારી તેમ જ અહિતકારી પદાર્થોમાં જે વિષમ અભિનિવેશ એટલે કે વિપરીત સમજણ, તે બુદ્ધિનો વિભ્રંશ જાણવો.

કારણ બુદ્ધિ તો **समज** દેખે છે. જેવું હોય તેવું જ બુદ્ધિ દેખે છે છતાં તે નિત્ય ને અનિત્ય તથા અનિત્યને નિત્ય જુએ છે તેમ જ હિતને અહિત તથા અહિતને હિત દેખે છે, ત્યારે જાણવું કે બુદ્ધિનો વિભ્રંશ કે વિપરીત જ્ઞાન થયું છે. બુદ્ધિની ગેરસમજને જ **ધી વિભ્રંશ** કહેલ છે. બુદ્ધિ **सम** દેખે છે એનો અર્થ એ છે કે જે નિત્ય હોય તેને નિત્ય, અનિત્ય હોય તેને અનિત્ય, હિત હોય તેને હિત અને અહિત હોય તેને જે અહિત જુએ છે તે જ બુદ્ધિનું સમદર્શન છે—બુદ્ધિનું એ જ્ઞાન એ યથાર્થ જ્ઞાન છે. પરંતુ આથી જે ઊલટું જ્ઞાન વિષમ દર્શન અથવા બુદ્ધિની જ ગેરસમજ તે જ બુદ્ધિભ્રંશ કહેવાય છે, અભિનિવેશનો અર્થ એ છે કે જે પદાર્થ જે રૂપે હોય તેથી વિપરીત રૂપે તે પદાર્થનો ખોટો નિશ્ચય કરવો તેનું નામ '**विषमाभिनिवेश**' છે. '**समं बुद्धिर्हि पश्यति**' જે ઉત્તમ બુદ્ધિ હોય તે તો **सम** એટલે કે યોગ્ય જ જુએ છે. જે બુદ્ધિ યોગ્ય હોય તે **समं पश्यति**—જેવું હોય તેવું બરાબર જુએ છે. એથી કરી અસમ દર્શનને બુદ્ધિવિભ્રંશ કહેવું એ યોગ્ય છે. હવે ધૃતિવિભ્રંશની વ્યાખ્યા આપે છે—

---

1 धीधृतिस्मृतिभेदाः प्रज्ञाभेदाः । (च. द.)

विषयप्रवणं चित्तं धृतिभ्रंशान्न शक्यते ।
नियन्तुमहितादर्थात् धृतिर्हि नियमात्मिका ॥

ધૃતિ કે ધિરજનો નાશ થવાથી, વિષયોમાં તત્પર થયેલા ચિત્તને અહિત વિષયથી રોકવા સમર્થ થઈ શકાતું નથી. કેમકે ધૃતિ કે ધૈર્ય એ જ નિયમરૂપ છે. મનને નિયમમાં રાખવું એનું નામ જ ધૃતિ. મનને નિયમમાં ન રાખી શકાય તેનું નામ જ धृतिभ्रंश.

ધૃતિભ્રંશ થયો કે વિષયો તરફ વળેલા અથવા સર્વકાલ વિષય સન્મુખ જતા મનને અહિત વિષયોથી રોકી શકાતું નથી.

વિષયો તરફ પ્રબળ બનેલા ચિત્તને રોકનારી જે શક્તિ તે જ ધૃતિ.

હવે स्मृतिविभ्रंशની વ્યાખ્યા આપે છે :—

तत्त्वज्ञाने स्मृतिर्यस्य रजोमोहावृतात्मनः ।
भ्रश्यते स स्मृतिभ्रंशः स्मर्तव्यं हि स्मृतौ स्थितम् ॥

જે માણસનો આત્મા એટલે મન રજોગુણ તથા તમોગુણથી ઘેરાયલો હોય, તેની સ્મૃતિ તત્ત્વજ્ઞાનમાં કે તત્ત્વજ્ઞાનથી ભ્રષ્ટ થાય છે, કારણ કે સ્મરણ કરવા યોગ્ય જે વિષય છે તે સ્મૃતિમાં જ રહ્યો હોય છે. એકંદરે, સ્મરણ કરવા યોગ્યનું જે સ્મરણ ન થાય તે ' स्मृतिविभ्रंश ' કહેવાય છે.

અર્થાત્ ધી, ધૃતિ અને સ્મૃતિનો વિભ્રંશ એનું નામ જ પ્રજ્ઞાપરાધ.

બુદ્ધિ અને ધૃતિના પણ સત્ત્વાદિ ત્રણ ગુણો અનુસાર ત્રણ ભેદો પડે છે. (ગીતા. ૧૮-૧૯).

આ પછી સાત્ત્વિકી, રાજસી અને તામસી બુદ્ધિનાં લક્ષણો ગીતા આપે છે. ( ગી. ૧૮-૩૦-૩૧-૩૨ ).

આ પછી ત્રણ ગુણોવાળી ત્રણ ધૃતિઓ દર્શાવેલી છે :

धृत्या यया धारयते मनः प्राणेन्द्रियक्रियाः ।
योगेना व्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी ॥ गीता १८–३३

અહીં ધૃતિ શબ્દ સાથે અવ્યભિચારિણી શબ્દનો સંબંધ છે. મન, પ્રાણ અને ઇન્દ્રિયોની સકલ ક્રિયાઓનું ધારણ આવી ધૃતિ કરે છે. અર્થાત્ આ ત્રણેની ક્રિયાઓને ઉન્માર્ગ, ઉચ્છાસ્ત્ર માર્ગ પ્રવૃત્તિમાંથી રોકે છે તે ધૃતિ સાત્ત્વિકી છે. ધૃતિ દ્વારા ધારણ કરાયલી ઇન્દ્રિયો શાસ્ત્ર વિરુદ્ધ વિષયમાં પ્રવૃત્ત થતી નથી.

રાજસી અને તામસી ધૃતિની વ્યાખ્યાઓ આપેલી છે. ( ૧૮–૩૪-૩૫. )

સકલ દોષો વા રોગોના પ્રકોપનું કારણ આ જ છે.

અન્યત્ર ચરકમાં રોગ-કારણો અથવા આયતનો પણ ત્રણ બતાવેલાં છે. ' त्रीणि आयतनानि इति अर्थानां कर्मणः कालस्यचातियोगायोगमिथ्यायोगाः ॥ '' (च. सू. ११-४३). વિષયોના, અતિયોગ, અયોગ, મિથ્યાયોગ; કર્મના અતિયોગ, અયોગ, મિથ્યાયોગ. અને કાલના અતિયોગ, આયોગ, મિથ્યાયોગ આ—ત્રણ રોગનાં કારણો છે.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ—એ પાંચ બાહ્ય વિષયોના અતિયોગ, અયોગ, અને મિથ્યાયોગ—એ **રોગોનું પહેલું કારણ છે.**

કર્મ એટલે મન, વચન તથા શરીરની પ્રવૃત્તિના અતિયોગ, અયોગ, મિથ્યાયોગ—એ **રોગોનું બીજું કારણ છે.**

અને આ પછી શીત-ઉષ્ણ તથા વર્ષારૂપ કાલના અતિયોગ, અયોગ, મિથ્યાયોગ—એ **રોગનું ત્રીજું કારણ છે.**

વિષયોના અતિયોગનું એક દષ્ટાન્ત રૂપ લઈને આપણે આ અતિયોગ, અયોગ, મિથ્યાયોગની સમજૂતી મેળવીશું.

અતિશય કાંતિવાળા તેજસ્વી સૂર્ય આદિ પદાર્થોને અત્યંત જોવા તે રૂપના દર્શનનો અતિયોગ છે. કોઈ પણ પદાર્થનું રૂપ બિલકુલ ન જોવું કે બહુ જ થોડા પ્રમાણમાં જોવું તે રૂપદર્શનનો અયોગ કે હીનયોગ છે. અતિસૂક્ષ્મ, અતિસમીપ, અતિશય દૂર, ઉગ્ર, ભયાનક, આશ્ચર્યકારી, અપ્રિય, બિભત્સ કે તિરસ્કારજનક અને વિકૃત—બેડોળ રૂપો જોવાં તે **રૂપદર્શનનો મિથ્યાયોગ છે.** ( ચ. સૂ. ૧૧-૪૪ ).

હવે કર્મ એટલે મન, વચન તથા શરીરની પ્રવૃત્તિ. તેમાં વાણી, મન તથા શરીરની અતિ પ્રવૃત્તિ તે અતિયોગ છે. બિલકુલ પ્રવૃત્તિ જ કરવી અથવા બહુ જ થોડી પ્રવૃત્તિ કરવી એ તેઓનો અયોગ કે હીનયોગ છે. ચાડી કરવી, અસત્ય બોલવું, સમય વગરનું બોલવું, કજિયા કરવા, અપ્રિય બોલવું, સંબંધ વગરનું બોલવું, અનુકૂળ ન હોય એવું બોલવું, કઠોર વચનો બોલવાં વગેરે વાણીનો મિથ્યાયોગ છે. ભય, શોક, ક્રોધ, લોભ, મોહ, માન, ઈર્ષ્યા, મિથ્યા દર્શન ( નાસ્તિકતા ) **એ મનનો મિથ્યાયોગ છે.**

ઝાડો-પેશાબના આવેલા વેગો રોકવા, ન ઉત્પન્ન થયેલા વેગોને પરાણે લાવવા, વિષમ પ્રદેશો કે ઊંચાંનીચાં સ્થાનો પર ઠોકર લાગવી, એવા વિષમ પ્રદેશો ઉપર જવું કે ચાલવું, હરકોઈ સ્થળે પડી જવું, અંગોની આડીઅવળી ચેષ્ટાઓ કરવી, અંગોને ખૂબ ખણી નાખવું, શરીર ઉપર પ્રહારો થવા, શ્વાસોચ્છ્વાસની ચાલુ ક્રિયાને રોકવી કે પ્રાણાયામો કરવા અને વ્રત-ઉપવાસ વગેરેથી શરીરને કષ્ટ આપવું—**એ શારીરિક મિથ્યાયોગ છે.**

એમ ત્રણ પ્રકારના વિકલ્પવાળું (ઉપર કહ્યું છે તે) ત્રણ પ્રકારનું કર્મ ખરી રીતે પ્રજ્ઞાપરાધ એમ નિશ્ચયપૂર્વક જાણી જ લેવું જોઈએ. ટૂંકમાં અતિયોગ આદિ કર્મો સામટાં સમજી શકાય તે માટે તેઓનું નામ ' प्रज्ञापराध ' કહેલ છે. અતિયોગ, અયોગ તથા મિથ્યાયોગરૂપે એ કર્મના ત્રણ વિકલ્પો કહેવાય છે અને મન, વચન તથા શરીરના ભેદને લઈ ને એ કર્મના ત્રણ પ્રકારો કહ્યા છે—એમ ત્રણ વિકલ્પોવાળું એ ત્રણેય પ્રકારનું કર્મ થાય છે—તેમાં મૂળ કારણ રૂપે તો પ્રજ્ઞાનો અપરાધ જ અથવા બુદ્ધિનો દોષ જ કારણ છે.

આ પ્રજ્ઞાપરાધ જે ધી, ધૃતિ, સ્મૃતિના ભ્રંશમાંથી જ જન્મે છે તેને જ ગીતામાં સંગ (આસક્તિ), કામ (કામના) અને તેમાંથી ક્રોધ, ક્રોધમાંથી સંમોહ, સંમોહ ( મૂઢભાવ-અવિવેક )માંથી સ્મૃતિવિભ્રમ, સ્મૃતિવિભ્રમ (ભ્રંશ)માંથી બુદ્ધિનાશ અને છેવટે નાશ એવાં

સોપાનો ગણાવ્યાં છે. આસક્તિ–વિષયોમાં મનનું સતત લાગુ રહેવું તે સંગઃ તે જ ચરકનો ધૃતિભ્રંશ છે. (જુઓ ધૃતિભ્રંશની વ્યાખ્યા). ધીભ્રંશ, ધૃતિભ્રંશ, સ્મૃતિભ્રંશ–આ ત્રણ ભ્રંશોમાંથી જ સકલ રોગોની ઉત્પત્તિ દાખવનાર આયુર્વેદ અને

**‘वशे हि यस्य इन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ।’**

જેની ઇન્દ્રિયો જેના વશમાં રહેનારી હોય છે તેની જ બુદ્ધિ સ્થિર હોય છે. એમ કહેનાર ગીતા–બન્ને વચ્ચે ખૂબ જ સામ્ય છે.

એટલે અહીં પણ પ્રથમ ધી અથવા બુદ્ધિવિભ્રંશ અને પછી ધૃતિભ્રંશ અને છેવટે કામ, સંમોહ, સ્મૃતિભ્રંશ વગેરે ગણાવ્યાં છે. ભારતીય વિચારસરણીનું ઉદ્દગમસ્થાન સર્વત્ર એક જ છે એટલે ગીતા અને આયુર્વેદ બન્નેએ માનવજીવનના પતનનું અને રોગોનું તલસ્પર્શી નિદાન કર્યું છે. ગીતાના આ ક્રમનો અંતર્ભાવ પ્રજ્ઞાપરાધમાં જ થાય છે.

બુદ્ધિના અપરાધની શિક્ષા જ આપણા સકલ સમાજને આજે થયેલી છે શોચવું વિચારવું જે પ્રજા યા સમાજ ભૂલી જાય છે તેનું પતન હંમેશાં થવાનું જ. જે પ્રજા બુદ્ધિને હણે છે વા બુદ્ધિભ્રંશવાળી થાય છે તે હંમેશ માટે અવનતિના ગર્ભમાં પડે છે. એને એમાથી કાઢનાર પોતાના સિવાય કોઈ જ નથી હોતું. વિશદ બુદ્ધિનું જીવન એ જ સાચું જીવન છે.

આજે આપણે બુદ્ધિનું દેવાળું કાઢયું છે. બુદ્ધિની જડતા ખંખેરી નાખ્યા વિના આપણો આરો નથી.

અમોએ ગીતા સાથે આયુર્વેદની સરખામણી કરી નથી, ભારતીય સંસ્કૃતિનું ઉદ્દગમ-સ્થાન એક જ છે એટલું જ બતાવવાનો આ નમ્ર પ્રયાસ છે.

રોગોમાં પ્રજ્ઞાપરાધનું સ્થાન બતાવી ઘણું કહી દીધું છે. મન અને તેથી પર જઈને દર્શન કરી શકાય તે દર્શનથી જ દુઃખનું નિવારણ થઈ શકે છે.

ચરકસંહિતામાં **‘जनपदोद्ध्वंस’** નામનો અધ્યાય છે. તેમાં કહેલું છે કે પ્લેગ, કૉલેરા, ઇન્ફ્લુએન્ઝા તથા બીજા જનપદધ્વંસકારક (Epidemics ઍપિડેમિક્સ)–રોગો હવા પ્રાણી, દેશ અને કાલ–આ ચારના બગડવાથી જ થાય છે અને જનપદધ્વંશનું કારણ બને છે.

પરન્તુ આગળ ઉપર કહે છે કે “વાયુ વગેરેનું જે વૈષમ્ય થાય છે—ઉદ્દભવે છે તેનું મૂળ **અધર્મ** છે, અને એનું પણ મૂળ પૂર્વજન્મમાં કરેલાં અસત્કર્મો છે,* અને આ બંનેનું ઉત્પત્તિ-કારણ **પ્રજ્ઞાપરાધ** જ છે. (વિમાનસ્થાન અ. ૩/૨૦) અને એથી જ આયુર્વેદે પ્રજ્ઞાપરાધને જ રોગ માત્રનો જનક માનેલો છે. આ પ્રજ્ઞાપરાધ જ યુદ્ધ વગેરે વિનાશનું કારણ છે. યુદ્ધ થવાનાં

---

* ‘द्विविधाः हि व्याधयः। आहारनिमित्ताः अन्यजननपापनिमित्ताश्च।’

(कौशिकसूत्रમાં ટીકકાર કેશવ). બે જાતના રોગો છે (૧) આહાર નિમિત્તના જેને આજે malnutrition–માલન્યુટ્રીશન કહેવામાં આવે છે તે અને (૨) પર ભવમાં કરેલાં પાપો નિમિત્ત ઉત્પન્ન થતા રોગો. ચરક ટીકાકાર ચ. દ. આથી તો અધર્મના બે ભેદો પાડે છે: ઐહિક અધર્મ અને જન્માન્તરકૃત અધર્મ.

કારણોમાં અતિશય વધી ગયેલો લોભ, ક્રોધ, મોહ અને માન છે. આ ચારથી મદમત્ત બનેલા ધનિકો દુર્બલોને દબાવીને તેમની અવહેલના કરે છે ત્યારે ભાઈભાંડુના પરસ્પર નાશમાં સૌ રાચે છે, લડે છે, આક્રમણ કરે છે અથવા બીજો દેશ તેના ઉપર આક્રમણ કરે છે.

પ્રાચીન કાલમાં અધર્મ વિના રોગની ઉત્પત્તિ બીજા કોઈ કારણોથી થતી બતાવવામાં આવી નથી. 'प्रागपि च अधर्मादृते नाशमोत्पत्तिरन्यतोऽभूत्।' અર્થાત્ અધર્મ નિમિત્તે જ યુદ્ધ, રોગો, સંહાર વગેરે થાય છે અને અધર્મની પણ ખરી જનેતા પ્રજ્ઞાપરાધને જ બતાવવામાં આવેલ છે. પ્રજ્ઞાપરાધ આથી અમો કહીએ છીએ, એક માતબર શબ્દ છે. હાથીના પગલામાં અન્યનાં પગલાં જેમ સમાઈ જાય છે તેમ આ એક જ શબ્દમાં અનેક ભાવોનું ભરણુ ભરેલું પડયું છે.

જંતુઓને રોગમાત્રનું એકમાત્ર કારણ માનનારા પણ કબૂલ કરશે જ કે આ અદશ્ય જીવાણુઓ, Virus-વાઈરસ જેવાં નરી આંખે ન જોઈ શકાય એવાં સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવાણુઓ જે લાખોનો સંહાર જોતજોતામાં કરે છે તે પણ ખરી રીતે અધર્મનો જ પરિપાક છે. પાણી બગડે છે, હવા બગડે છે તેને લઈને રોગો થાય છે-લાખો લોકો મરણશરણ થાય છે. પ્રાચીનોએ આ બધાંનું એક માત્ર કારણ અધર્મમાં જ જોયું છે, અને આ અધર્મ પણ ખરી રીતે પ્રજ્ઞાના અપરાધની શિક્ષા જ છે એમ બતાવવામાં આવેલું છે. પાણી આપણે બગાડીએ એ મૂર્ખતાનું કારણ પ્રજ્ઞાનો અપરાધ નહિ તો શું છે? યુદ્ધો થાય તેના મૂળમાં લોભ, માન, મદ, મોહ— નહિ તો શું છે? અને બુદ્ધિભ્રંશ આ બધાના મૂળમાં નથી શું?

અને રોગમાત્રની સૂક્ષ્મ સમીક્ષા કરનારા આપણા પૂર્વજોએ રોગોના પ્રાદુર્ભાવમાં 'પ્રજ્ઞાપરાધ'ને જ મુખ્ય માની, ધી, ધૃતિ અને સ્મૃતિ-ભ્રંશોથી અસત્કર્મ કરવા લોકો તૈયાર થાય છે અને આથી પ્રજ્ઞાપરાધ જ દોષ માત્રનું એકમાત્ર કારણ—'सर्वदोषप्रकोपणम्'—બની રહે છે. આટલી માર્મિક સમીક્ષા અન્યત્ર કયાંય જોવા મળતી નથી.

અને શિષ્ટો જે પ્રજ્ઞાપરાધને એકમાત્ર વ્યાધિ કારણ માને છે તે પ્રજ્ઞાપરાધનું વિસ્તૃત વર્ણન કરે છે-દૃષ્ટાન્તોથી સમજાવે છે.

૧ ગતિમાન મલમૂત્રના વેગોને બળજબરીથી કાઢવા—પ્રયત્ન કરવો અને જે વેગો પ્રવર્તમાન થયા હોય તેને બલાત્કારથી રોકવા.

૨ અતિશય સાહસોનું સેવન.

૩ અતિશય મૈથુન—સ્ત્રીસેવન—

૪ માંદગીમાં તુરત જ ચિકિત્સા ન કરાવવી અને એને લઈને વખત વહી જવાથી રોગો વધે એ કર્મકાલાતિપાત—

૫ પંચકર્મનો અનુચિત રૂપમાં ઉપયોગ વા સેવન—અયોગ, અતિયોગ, મિથ્યાયોગરૂપ મિથ્યા આરંભ.

૬ વિનય અને આચારનો લોપ.

૭ પૂજ્ય પુરુષોનું અપમાન કરવું.

૮ જાણ્યા છતાંય અહિત **અર્થોનું** સેવન **કરવું**.

૯ ઉન્માદ ઉત્પન્ન કરનાર કારણોનું અધિક સેવન કરવું.

૧૦ સમય વિના (મધ્યરાત્રિએ, દુર્દિન પ્રસંગે) અદેશ (સ્મશાન, ચૈત્ય, ચત્વરઆદિ સ્થાનો)માં ભ્રમણ કરવું.

૧૧ નીચ કર્મો કરનારાઓ સાથે મૈત્રી કરવી.

૧૨ **इन्द्रियोपक्रमणीय अध्याय**માં બતાવેલ **સદ્‌વ્રત**નો ત્યાગ કરવો (આચરણ ન કરવું).

૧૩ ઈર્ષ્યા, માન, ભય, ક્રોધ, લોભ, મોહ, મદ, ભ્રમ—નું હોવું વા ઈર્ષ્યાદિથી યુક્ત થઈ નિંદિત કર્મો કરવાં.

૧૪ નિન્દિત શારીરિક કર્મો કરવાં.

૧૫ અથવા આ અને આવાં બીજાં કાર્યો જે રજોગુણ અને તમોગુણથી ઘેરાયલા મન અને આત્મા દ્વારા કરવામા આવે છે તે.[૧]

૧૬ આ તમામ કર્મોને શિષ્ટ પુરુષો **પ્રજ્ઞાપરાધ** કહે છે.

(ચરકસંહિતા શા-સ્થા-અ-૧—૧૦૩ થી ૧૦૮)

---

૧ રજ અને તમ આ બે મનના દોષો છે—આ બેથી જ માનસ રોગો જન્મે છે. સાત્ત્વિક માણસને કદી માનસ રોગો થતા જ નથી. જ્યારે રજ અને તમથી મન વ્યાપ્ત થએલ હોય છે ત્યારે જે કંઈ કાર્ય ઈંદ્રિયો દ્વારા કરવામાં આવે છે તે બધાં પ્રજ્ઞાપરાધ જ ગણાય છે-બુદ્ધિથી ઉચિત પ્રમાણમાં જ્ઞાન ન હોવું (**કોઈ વખત યથાર્થ જ્ઞાન તો કોઈ વખત અયથાર્થ જ્ઞાનનું હોવું**) અને વિષમ—અનુચિત રૂપમાં કર્મોમાં પ્રવૃત્ત થવું એને પ્રજ્ઞાપરાધ જ ગણવાં જોઈએ. વિષમ જ્ઞાન અને વિષમ પ્રવૃતિ--મનના જ વિષયો છે-પ્રજ્ઞાપરાધ એ માનસ અપરાધ જ છે ને!

# ઓખામંડળ પ્રદેશનો સાંસ્કૃતિક ઈતિહાસ અને સ્થળનામો

**કલ્યાણરાય ન. જોશી**

લગભગ સને ૧૯૨૨થી ઓખામંડળ પ્રદેશની ઐતિહાસિક સમૃદ્ધિ ખોળવા તરફ મારું લક્ષ ખેંચાયું હતું. તે પછી "ઓખામંડળનું પુરાતત્ત્વ" એ મારા અભ્યાસનો વિષય બની રહ્યો છે. મારી પાસે એ ક્ષેત્રને લગતી જે માહિતી સંઘરેલી પડી છે, તે બધી હકીકત સુસ્પષ્ટ વિચારણા માટે સમજુ સમાજ આગળ મારે રજૂ કરી દેવી જોઈએ, એવી કર્તવ્યનિષ્ઠાથી આ લેખ લખાયો છે.

ઇતિહાસનો અભ્યાસ પરિપકવ સમાજને જેટલો પ્રિય થઈ પડે છે તેટલો પ્રિય તે ઊગીને ઉછરતા સમાજને થઈ પડતો નથી. સત્યના દર્શનની અભિલાષા ઇતિહાસના અભ્યાસ તરફ માણસને લઈ જાય છે. સત્યના સૌન્દર્યમાં જેટલો કલ્યાણમય આનન્દ અનુભવાય છે તેટલો આનન્દ અન્ય ક્ષેત્રે જવલ્લે જ અનુભવાય છે. ઓખામંડળ પ્રદેશની—દ્વારકાની આસપાસના પ્રદેશની—સંસ્કૃતિના થરો ઉકેલવામાં અનેક ક્ષેત્રો હું ખુંદી વળ્યો છું. તે પૈકીનું એક ક્ષેત્ર છે આ પ્રદેશના સ્થળોનાં વિશેષ નામો (વ્યક્તિવાચક નામો). એ નામોમાંથી જે પ્રકાશ ઓખામંડળની સંસ્કૃતિના ઇતિહાસ પર પડે છે તેના થોડાંક કિરણો આ લેખમાં પ્રકટ થાય છે.

**(૧) મહાક્ષત્રપ સ્વામિ રુદ્રસેનના કાળનું [ઈ. સ. ૧૨૨ + ૭૮ = ૨૦૦] સ્થળ:** ઓખામંડળના મધ્ય ભાગમાં—દ્વારકાથી આશરે આઠ માઈલ પર આવેલા સ્થળ ઉપરથી એક પુરાતન શિલાલેખ બ્રાહ્મી લિપિમાં કોતરાયેલો મળ્યો છે. તે પુરાતત્ત્વ ખાતાએ દ્વારકા સાર્વજનિક પુસ્તકાલયના મકાનમાં વ્યવસ્થિત રીતે મુકાવ્યો છે. આ લેખ પરથી એટલું ફલિત થાય છે કે કોઈ વાનિજકના પુત્રે પોતાના મિત્ર માટે જીવ અર્પણ કર્યો હતો.

ઓખામંડળ પ્રદેશમાં ઈ. સ.ના બીજા સૈકામાં સુસંસ્કારી માણસો વસતા હતા. મહાક્ષત્રપ રુદ્રસેનનું ત્યાં રાજ્ય હતું અને સુન્દર સંસ્કૃત ભાષામાં મૃત્યુ લેખ કોતરી રાખવાની ઉચ્ચ સમજવાળી પ્રજા એ પ્રદેશમાં વસતી હતી. એટલું સાંસ્કૃતિક દર્શન આ સ્થળ પરથી મળેલા શિલાલેખ પરથી ઉપલબ્ધ થાય છે.

**(૨) ધ્રેવાડ—ઓખામંડળના વાઘેર દરબારોનું ગામ:** આ ગામ દ્વારકાથી જામનગર તરફ જતી રેલવેની સડક પર ધોરીંજા સ્ટેશન મૂકયા પછી પૂર્વ દિશાએ આવેલું છે. ઓખામંડળના જૂનાં ગામો ટીંબા ઉપર જ વસેલાં છે. તેવી જ રીતે આ ગામ ઊંચા ટીંબા પર વસેલું છે. એ ગામના નામ પરથી આ પ્રદેશનો પુરાતની ઇતિહાસ સ્પષ્ટ થાય છે. ત્યાં અતિ જૂની ઢબના સ્થાપત્યવાળું જૂનું દહેરું છે. ત્યાં ખંડેર સ્થિતિમાં જૂના સ્થાપત્યનું દર્શન કરાવે એવી વાવ (ભીમવાવ) આજે પણ મોજૂદ છે. દેવળનું સ્થાપત્ય ભાવનગર પાસે આવેલા તળાજાના **ફીરંગી** દેવળના સ્થાપત્યને મળતું આવે છે. એ સ્થાપત્યના બુદ્ધની સંસ્કૃતિના બળે સૌરાષ્ટ્રમાં

દેવળોને જે આકાર મળ્યો છે તેનું દર્શન થાય છે. **ધ્રેવાડના** આ દેવળને હાલના માણસો કાળકા માતાનું મન્દિર કહે છે. મન્દિરમાં પુરાતની ઘડતરની મૂર્તિ છે. મન્દિર પાસે અતિ લીસા આરસપહાણ જેવા કઠણ પણ રાતાપીળા રંગના એક જ પથ્થરમાંથી કોતરી કાઢેલી સુન્દર ઓપ આપીને ઘડાયેલી ખાંડણી જેવી કુંડી પડેલી છે. ખાંડણીના મુખ પર કિનાર બાંધી છે અને થાળું પણ યોજ્યું છે. આ કૃતિ ઓખામંડળના અસલી સંસ્કારના ઇતિહાસનો કોયડો બની રહેલ છે, કારણ કે એવી કુંડી આ પ્રદેશના અતિ જૂનાં દેવઘરોની પાસે અચૂક મળી આવે છે.

**ધ્રેવાડ** નામ શું સૂચવે છે? એનો ઉત્તર મેળવવા મેં અનેક ક્ષેત્રો ખુંદ્યાં છે—ભાષા, વિજ્ઞાન, ઇતિહાસને લગતા પુરાતન લેખો અને શાસ્ત્રો—મારાથી જોઈ શકાય તેટલાં મેં અવલોક્યાં છે. કેટલાક સંસ્કારી પ્રવાસો પણ માણ્યા છે.

"ધ્રેવાડ" શબ્દને મળતા આવતા શબ્દોની વ્યુત્પત્તિએ મને અનેક આંટીઘુંટીની ગલીઓમાં ફેંકી દીધો. મારવાડ, મેવાડ, ગોહીલવાડ, ઝાલાવાડ, અણહીલવાડ જેવા શબ્દો ક્રમશઃ મારી તર્કવિતર્કની સપાટીને સ્પર્શી ગયા. "અણહીલવાડ'માં અણહીલ શબ્દ એકાદ ભરવાડ વ્યક્તિનું નામ દર્શાવે છે તેમ "ધ્રેવાડ"માં ધ્રે-ધરે, કે ધરા જેવા નામવાળી કોઈ વ્યક્તિ ઓખામંડળમાં બની નહિ હોય? એ પ્રશ્નનો ઉત્તર મેળવવાના ફાંફાં મારી મને લાગ્યું કે કોઈ "શ્રી-ધર," "ધરસેન" કે "ધરાસેન" નામ સાથે **ધ્રેવાડ** ગામનો સંબંધ હોવો જોઈએ.

એક વાર જ્યારે હું વલ્લભીપુરની વળા ગામની મુલાકાતે ગયો હતો ત્યારે વળાથી પંદરેક માઈલને અન્તરે પછેગામ વટાવીને **લોલીઆણા** નામના ઐતિહાસિક બનાવોને લીધે જાણીતા થયેલા ખંડેર જોવા ગયો હતો. ત્યાં અનેક પ્રકારની ઐતિહાસિક સામગ્રી ચોમેર પથરાયેલી જોવામાં આવી. તે પૈકી એક ચીજ તે ધ્રેવાડના ખંડેર મન્દિર પાસે—કાલકાના મન્દિર પાસે—પડી રહેલી એક પથ્થરની અખંડિત કુંડી–ખાંડણી હતી. મને તર્ક થયો કે જે ચીજ માત્ર ઓખામંડળના પ્રદેશના જૂનવાણી સ્થળે જ દેખાય છે તે જ ચીજ લોલીઆણમાં ઊડીને ક્યાંથી આવી? સંસ્કૃતિના આ સામ્યનું કારણ આ દેશના જીવનની અને ઓખામંડળના પ્રદેશના અસલી જીવનની સમાનતામાં હોવું જોઈએ. વલ્લભી સમયના ઇતિહાસ પર પ્રકાશ નાંખતાં તામ્રપત્રોનો, વલ્લભી રાજાઓના પ્રદેશના સ્થાપત્યનો અને વલ્લભી રાજ્યના સમયના માણસોનાં નામોનો મેં ઝીણવટથી અભ્યાસ કર્યો. લાંબે કાળે લગભગ વીસ વરસે અન્ધારાં ઉલેચાયાં. તળાજાના અસલી દેવળ સાથે ધ્રેવાડના દેવળના સ્થાપત્યનું સામ્ય અને વલ્લભી રાજાઓનાં નામોમાં મળી આવતા ધરસેન, ધરાસેન, ધ્રુવસેન, ડેરભટ્ટ, ભટ્ટાર્ક, ધરપત જેવાં નામોએ મને પૂર્ણ પ્રતીતિ કરાવી કે—**ધ્રેવાડ** ગામના નામમાં વલ્લભી વંશના રાજાઓના કાળની સંસ્કૃતિ રહેલી છે.

ઓખામંડળના **ટોબર** ગામ પાસે એક ખેતર **ભટ્ટડ**ના ખેતર તરીકે ઓળખાય છે. આ પ્રદેશના ધ્રાસણવેલ ગામના નામમાં સ્પષ્ટ રીતે **ધરસેન** રાજાના નામનું પ્રતિબિંબ દેખાય છે. તેથી વલ્લભી વંશની વંશાવલિ શિષ્ટ પંડિતોનાં પુસ્તકોમાંથી મેળવી તેનો અભ્યાસ કર્યો. મુંબઈના સુપ્રસિદ્ધ ડૉક્ટર ભાઉ દાજીના લેખો, પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીના સાગરિત ભટ્ટ ગિરિજાશંકરના લેખો તથા ડૉક્ટર કૃષ્ણાબાઈ આશર વીરજીનું History of Ancient Saurashtra વાંચ્યાં અને તેમાંથી એની વંશાવલિ સાધી.

## વલ્લભી રાજાઓની વંશાવલિ

( ડૉક્ટર કુમારી કૃષ્ણાબાઈ આશર વીરજીના Ancient History of Saurashtra નામના પુસ્તકમાંથી ઉદ્ધૃત. )

- **૧. ભટ્ટાર્ક**
  - ૨ ધરસેન પહેલો
  - ૩ દ્રુપસિંહ
  - ૪ ધ્રુવસેન પહેલો
  - ૫ ધરપટ્ટ
    - ૬ ગુહસેન
      - ૭ ધરસેન (બીજો)
        - ૮ શિલાદિત્ય–( ધર્માદિત્ય ) ( પહેલો )
          - ડેર ભટ્ટ
            - શિલ્પદિત્ય
              - ૧૫ શિલાદિત્ય બીજો
                - ૧૬ શિલાદિત્ય ત્રીજો
                  - ૧૭ શિલાદિત્ય ચોથો ——→ સંવત ૪૦૩ માઘ વદ ૧૨નું દાનપત્ર આપનારા ( ૪૦૩ + ૩૧૯ = ૭૨૨ ઈ. સ. )
                    - ૧૮ શિલાદિત્ય પાંચમો
                      - ૧૯ શિલાદિત્ય છઠ્ઠો ( ધ્રુ ભટ્ટ )
            - ૧૩ ધ્રુવસેન ત્રીજો
            - ૧૪ ખરગ્રહ બીજો ( ધર્માદિત્ય )
        - ૯ ખરગ્રહ ( પહેલો )
          - ૧૦ ધરસેન ત્રીજો
          - ૧૧ ધ્રુવસેન બીજો ( બાલાદિત્ય )
            - ૧૨ ધરસેન ચોથો

આ નામોને ખૂબ ઘુંટયાં. એક કાળે એમ લાગ્યું કે આ વંશાવલિમાં આવેલા **ડેર ભટ્ટ** ઉપરથી ડેરવાડ—દેરવાડ નામ ઓખામંડળમાં આવ્યું હશે. વળી બીજી ક્ષણે "ધરસેન" નામ પરથી **ધરવાડ** ગામ આ પ્રદેશમાં વસ્યું હોય; પણ **ધરસેનવેલ**માંથી હાલનું ઓખામંડળનું ધ્રાસણવેલ બન્યું છે તેમ માનવામાં વધારે ઔચિત્ય રહેલું છે એવી પ્રતીતિ થવાથી બીજો તર્ક આવ્યો કે **ભટ્ટાર્ક**ના ( આ વંશના મૂળ પુરુષના ) પાંચમા પુત્રનું નામ **ધરપટ્ટ** છે. એ રાજાની સત્તા—એ રાજાની આણ ઓખા મંડળના પ્રદેશમાં વર્તાતી હશે તે વખતે ધરપટ્ટને અમર કરવા આ દેશની વસ્તીએ—કહો કે **ધરપટ્ટ**ના કારભારીઓએ—ઓખામંડળમાં **ધરવાડ** ગામનું તોરણ બાંધ્યું હોવું જોઈએ. પછી **ધરવાડ**માંથી ધરેવાડ અને ધ્રેવાડ શબ્દ પ્રચલિત થઈ ગયો.

આ રીતે ધ્રેવાડ ગામના નામ પરથી ઓખામંડળની અસલી સંસ્કૃતિનો ખ્યાલ ઊભો થાય છે. ઈ.સ.ના ચોથાપાંચમા સૈકામાં જે પ્રદેશમાં સુન્દર વાવ બાંધવાની, દેવળો બાંધવાની, પથ્થરની મોટી કુંડીઓ કોતરવાની અને તેને ઓપ આપવાની કળા પ્રચલિત હોય ત્યાંના લોકો આદિવાસી જેવા જંગલી સંસ્કૃતિવાળું જીવન ગાળતા ન જ હોય.

( ૩ ) **ગોધાદૈત્યનાં દહેરાં યાને ગુહાદિત્યનાં દહેરાં** :–દ્વારકાથી વસઈ ગામે જવાની સડક ઉપર દ્વારકાથી ચાર માઈલ ઉપર રસ્તાની ડાબી બાજુએ ( સુવર્ણતીર્થના તળાવથી એકાદ માઈલ આગળ ) ઊંચો ટીંબો નજરે પડે છે. એ ટીંબા ઉપર પુરાતન કાળનાં ત્રણ દહેરાંના ખંડેર આવેલાં છે. તેને ગામડાના લોકો **ગોધાદૈત્યનાં** દહેરાં તરીકે ઓળખે છે. એ સ્થાને એકથી વધારે વખત સંશોધનની દૃષ્ટિથી મારી અવરજવર થઈ. ત્યાં વડોદરા રાજ્યના બાંધકામ ખાતાના એક વખતના ચીફ઼ ઇન્જિનીઅર મિ. ગુર્તુને હું લઈ ગયો હતો, અને તેમને પ્રતીતિ કરાવી હતી કે એ સ્થળે નાનું સરખું ખોદકામ થાય તો કંઈક ઐતિહાસિક માહિતી સાંપડે. મિ. ગુર્તુએ ખાતા તરફથી મારી સલાહસૂચના પ્રમાણે ખોદકામ કરાવ્યું હતું. ત્યાંથી સ્કન્દગુપ્તના સમયનો એકાદ સિક્કો અને યજ્ઞના લાંબા કુંડની રાખ મળી આવ્યાં હતાં. તે પહેલાં સૂર્યનારાયણની તૂટેલી મૂર્તિ એ દહેરાંમાંથી મળી હતી. કેટલાંક બારીક અવલોકન પરથી શ્રી. સી. વી. વૈદ્યના History of Sanskrit Literatureને લગતાં પુસ્તકમાંથી મળેલી હકીકત પરથી ચોક્કસ નિર્ણય પર આવી શકાયું કે એ સ્થળે વલ્લભી વંશના **ગુહસેન** નામના રાજાના સમયમાં કોઈ પ્રતાપી રાજપુરુષે આ દહેરાં બંધાવ્યાં હતાં. "**ગોધાદૈત્યનાં દહેરાં**" એ વિકૃત નામ "**ગુહાદિત્યનાં દહેરાં**" પરથી લોકોની જીભે ચડી ગયું છે. એ દહેરાં પાસેથી એકથી વધારે—એક પથ્થરની—સુન્દર ઓપવાળી કુંડી ખંડણી મળી આવી છે; તેમ જ પથ્થરમાંથી કોતરી કાઢેલી પુરાણી વાવનાં હાડકાં પણ હાલ ત્યાં મોજૂદ છે.

આ પરથી સ્પષ્ટ થાય છે કે વલ્લભી વંશના ગુહસેન રાજાના કાળમાં આ સ્થળે સંસ્કારી જનમંડળ વસતું હતું. તે જનમંડળને અમુક ઢબનાં દહેરાં ચણવાની કળા ઉપલબ્ધ થઈ હતી. જલાશય તરીકે પથ્થરના થરો કોતરી સુન્દર વાવ રચવાની સંસ્કૃતિ એ કાળે વિકસી ચૂકી હતી.

ગુહસેનને દાનપત્રોમાં **પરમ માહેશ્વર** કહેવામાં આવેલ છે, પરન્તુ આ સ્થળે શિવના મન્દિરને બદલે એ પરમ માહેશ્વરના રાજ્યકાળમાં કોઈ મૈત્રક સરદારે આદિત્યને પૂજ્ય માની સૂર્યની મૂર્તિ સ્થાપી હશે. ઓખામંડળના કેટલાક અસલી ખંડેરમાં સૂર્યનારાયણની મૂર્તિએ ( બે હાથમાં બે કમળવાળી અને માથા પર કીરિટ ટોપવાળી અને મોજાં જેવા સાધનથી ઢાંકેલા પગવાળી ) મળેલી છે.

( ૪ ) **કર્ણાદૈત્યની વાવ યાને કર્ણાદિત્યની વાવ** :—દ્વારકાથી પાંચ માઈલ ઉપર **ધીણકી** ગામે જવાના અસલી રસ્તા ઉપર એક વાવનાં હાડકાં મોજૂદ છે. એ વાવને લોકો **કર્ણાદૈત્ય**ની વાવ કહે છે. તે તો વિકૃત નામ છે, ખરું નામ તો **કર્ણાદિત્યની વાવ** હોઈ શકે. એ નામ પરથી સૂચિત થાય છે કે વલ્લભી રાજાઓના—શિલાદિત્યોના—સમયના કોઈ કર્ણાદિત્ય નામના સામંતનું નામ અમર કરવા આ વાવનું નામ **કર્ણાદિત્યની** વાવ પાડવામાં આવ્યું છે. એ વાવમાં બ્રાહ્મી લિપિમાં કોતરાયેલા કેટલાક શબ્દો જોઈ શકાય છે, તેથી ઓખામંડળની સંસ્કૃતિના ઇતિહાસ પર અંશતઃ આ સ્થળનું નામ પ્રકાશ પાડે છે.

( ૫ ) **ધ્રાસણવેલ**—યાને **ધરસેનવેલ**—અસલી સંસ્કૃતિનું ગામ જેમ ધ્રેવાડ (ધરવાડ) આ જ સુધી વસેલું છે—તેમ વલ્લભી રાજા **ધરસેન**ના નામ પરથી જેનું નામ **ધરાસેનવેલ** એટલે કે **ધ્રાસણવેલ** પાડવામાં આવેલું તે ગામ આજે પણ દ્વારકાથી ગોપી તળાવ જવાના રસ્તા પર દ્વારકાથી ૭ માઇલને અંતરે આવેલા ઊંચા ટેકરા પર વસેલું છે. એ ગામે અસલી પુરાણી વાવનાં હાડકાં પડેલાં છે. વાવમાં મોટાં વૃક્ષો ઊગી રહ્યાં છે. તે વાવના ખાતરાંને ખોદીને સાફ કરવામાં આવે તો ઇતિહાસ પર પ્રકાશ પાડે એવી પુરાતન વસ્તુઓ સાંપડે એવો પૂર્ણ સંભવ છે. આ ગામમાં શાળાનું મકાન છે. ચાવડા વંશના રજપૂતોના વંશજોના એકબે ઘર છે અને ચાવડાઓએ બંધાવેલ જૂની ઢબનું દહેરું એ ગામે જોવા જેવું છે. એ દહેરાની ગણતરી સરકારે "સંરક્ષિત સ્થાપત્ય" તરીકે કરી છે. પરિક્રમાની જોગવાઈવાળું લક્ષ્મીનારાયણનું એ અસલી મન્દિર આઠમા શતકનું મનાય છે.

આ રીતે હાલનાં વસેલાં ગામો પૈકી ઓખામંડળનું પુરાતન સ્થળ **ધ્રાસણવેલ—ધરાસેનવેલ** ગણાય. જ્યાં આવાં ગામો અસ્તિત્વ ધરાવતાં હોય ત્યાંની સંસ્કૃતિ કેવી ઉજળી હોઈ શકે તે સહજ સમજી શકાય તેમ છે

[ **ધરાસેનવેલ** જેવું ભાષાની દૃષ્ટિથી સામ્ય ધરાવતું ગામ **મૂળવેલ** આ પ્રદેશમાં આજે પણ મોજૂદ છે. મૂલ શબ્દનો અર્થ મૌલી–યોદ્ધો એવો થાય છે. ઈ. સ.ના છઠ્ઠાસાતમા સૈકામાં રાજાઓ પાસે ત્રણ પ્રકારના સૈનિકો રહેતા હતા : (૧) મૌલ (જાતે યોદ્ધા), (૨) ભૃત સૈનિક એટલે ભાડે રાખેલા–પગારદાર સૈનિકો (૩) શ્રેણિક સૈનિક એટલે જેમને થાણા ઉપર નિયોજવામાં આવ્યા હોય તે. સંસ્કૃત સામાસિક શબ્દ આ પ્રમાણે સાંપડે છે રાજા માટે :

अनुरक्तमौलभृतश्रेणिबलावाप्तराज्य श्रियः ]

( વલ્લભી દાનપત્રમાંથી )

આ ધ્રાસણવેલ ગામની આથમણી સીમ પર ટોબર ગામ પાસે ખેતરપાલની ડેરી તરીકે ઓળખાતા સ્થળ પર એક પથ્થરની ઓપદાર ઘડતરવાળી કુંડી પણ જમીનમાં ખોદેલી આજે પણ મોજૂદ છે. ગામની અસલી સંસ્કૃતિ દર્શાવતું આ ચિહ્ન છે.

ધરસેન રાજાનું નામ વલ્લભી વંશના મહાવીરોના પ્રતાપથી છેક વિન્ધ્યાચળ અને સહ્યાદ્રિના પ્રદેશ સુધી પહોંચ્યું હતું. તેથી અનુમાન કરી શકાય છે કે ભારતના સ્વરાજ માટેની લડતમાં મીઠાના કાયદાના ભંગ માટેની લડતને અંગે જાહેરમાં આવેલું **ધારાસણા**નું સ્થળ અને નામ વલ્લભી રાજાના ધરસેનના કાળનું હોઈ શકે.

વલ્લભી રાજાઓના એક તામ્રશાસનમાં રાજ્યનો વિસ્તાર દર્શાવવા નીચેના શબ્દો આલંકારિક ભાષામાં સાહિત્યક્ષેત્રે શોભે એવી રીતે રજૂ થયા છે. આ રહ્યા એ શબ્દો :

पयोदश्यामशिखर चूचुकरुचिर

सह्य विंध्यस्तनयुगायाः क्षितेः पत्युः श्रीडेरभट्टस्य

આ શબ્દોનું અંગ્રેજી ભાષાન્તર પુરાતત્ત્વપ્રેમી ડૉક્ટર ભાઉદાજીએ ઈ. સ. ૧૮૭૬માં મુમ્બઈની રૉયલ એશિઆટિક સોસાઈટી જર્નલમાં નીચે મુજબ આપ્યું છે :

Derabhatta who was the lord of the earth, whose (earth's) two breasts are the *Sahya* and *Vindhya* mountains, whose tops clothed in black clouds appear like (her) nipples. એટલે કે શિલાદિત્ય ડેરભટ્ટ એવી પૃથ્વીનો પતિ હતો કે જેને સહ્યાદ્રિ તથા વિન્ધ્યાચલ જેવા બે પર્વતો રૂપી યુગલ સ્તન હતા અને એનાં શિખરો કાળાં વાદળાંથી આચ્છાદિત રહેતાં તેથી તે શિખરો સ્તનોની કાળા દીંટડી જેવાં બની રહેતાં હતાં.

આ ઉપરથી પાયાદાર અનુમાન ખેંચી શકાય કે દક્ષિણ ગુજરાત ઉપર વલ્લભી રાજ્યનો પ્રતાપ પ્રવર્તતો ત્યારે ધરસેન રાજાની કીર્તિના ગાન માટે તેમના અમલદારોએ દક્ષિણ ગુજરાતમાં **ધારાસણા** ગામ વસાવ્યું હોય. (??)

(૬) **કનકાવતી યાને વસઈ**:—દ્વારકાથી લગભગ છ માઈલને અન્તરે વાઘેર ગરાસીઆનું મથક ગણાતું **વસઈ** ગામ આવ્યું છે. તેનું અસલી નામ **કનકાવતી** નગરી છે. ત્યાં કનકેશ્વર મહાદેવનું જૂનું દહેરું છે; તથા તેને લગીને બહુ જૂની ધર્મશિલા નામનાં દહેરાંનાં ખંડેર આવેલાં છે. એ ખંડેર પાસે ઘણી પુરાણી વાવનાં હાડકાં વૃક્ષોથી ઢંકાયેલાં છે. આ સ્થળના નામ કનકાવતી પરથી સમજાય છે કે તેને વસાવનાર કોઈ કનકસિંહ કે કનકદેવ હોવો જોઇએ. લોકકથા પરથી અને ઓખામંડળ તથા કચ્છ, હાલાર, અને બરડામાં શિષ્ટ ગણાતા ભાટચારણોના સત્સંગમાંથી માલમ પડયું કે દ્વારકાના શ્રીશંકરાચાર્ય મહારાજને દેવપૂજા માટેની અનુકૂળતા કરી આપવા સારુ શ્રી સર્વજિત વર્મા તે ગુજરાતના ચાવડા વંશના રાજા ભૂવડ (ભૂભટ્ટ) હતા. આ દાનપત્ર સંવત ૯૪૧માં લખાયું હતું. બેટ શંખોદ્ધારમાં અક્કડસિંહ ચાવડાએ પોતાની સત્તા જમાવી હતી તે અક્કડસિંહ (અખેરાજ ચાવડા) તે ભુવડના પિતા હોવા જોઈએ. ઇતિહાસને ચોપડે તે નામ શાહડ લખાયું છે. અક્કડે અને ભુવડે 'ઓખામંડળમાં પોતાનું વર્ચસ્વ જમાવ્યું હતું તેથી પાટણમાંથી (ગુજરાતમાં) તેમના સરદારો ઓખામંડળ તરફ આવી વસવા લાગ્યા. ભુવડાદિત્યે **ચાવડાપાદર** ગામ વસાવ્યું. ભુવડનો ભાઈ **વાઘમ** ઓખામાંથી કચ્છ ગયો અને ત્યાં ચાવડાની સત્તાનો પ્રભાવ તેણે વધાર્યો. એ **વાઘમને** તેમના ભાણેજે દગાથી મારી નાંખ્યાનો એક દૂહો લોકોની જીભે જીવતો રહ્યો છે.

મારો વાઘમ ચાવડો અસી અસાંજે હથ્થ,
જેડો ચડાયો હીકડો એડા સડાઈધાં સત્ત.

આ દુહો મનાઈ નામનો રાજકુંવર બોલે છે. તે કહે છે કે હે માતાજી, જો અમને કચ્છના સ્વતંત્ર માલિક બનાવીશ તો **વાઘમ ચાવડા**ના જેવા બીજા સાત જણને અમારી તરવારથી મારી તને બલિદાન આપશું.

ભુવડના પુત્ર જયસેને હાલના (ઓખામંડળના) નાગનાથ ગામની જૂની ભૂમિ પર ભુવડ ચાવડાનું સ્મારક બંધાવ્યું હતું. તેનું ખંડેર નાગેસર કે નાગનાથ ગામે મોજૂદ છે. એ જયસેન ચાવડાના જગદેવ, તેના મંગલજી, તેના દેપાદેવ, તેના જયદેવ અને તેના બે પુત્રો **કનકસેન** અને **અનંતદેવ** થયા. આ કનકદેવ ચાવડાએ ઓખામંડળમાં કનકાવતી નગરી વસાવી. અનન્તદેવે દ્વારકામાં રાજસત્તા જમાવી.

એવું અનુમાન થાય છે કે આ બન્ને ભાઈઓએ ઓખામંડળમાં ગુજરાતનું સોલંકી સ્થાપત્ય આણ્યું હતું. ઈ. સ.ના દશમા સૈકાને અંતે કે અગિયારમાં સૈકામાં વસઈના કનકેશ્વરનાં ભવ્ય દહેરાં અને સભામંડપ, રચ્યાં હતાં. ઓખામંડળના દશમા અને અગિયારમા શતકની ઝળકતી સંસ્કૃતિનું અસ્તિત્વ વસઈ ગામના કનકેશ્વરના ભવ્ય દહેરાંની મહાન શિલાઓનાં દર્શન પરથી પ્રતીત થાય છે. નવાઈની વાત છે કે ગુહાદિત્યના દેવળ પાસે અને ધરેવાડના દેવળ પાસે જે એક પથ્થરની ઓપદાર કુંડીઓ જમીનમાં જડેલી મળે છે તેવી જ કુંડી **કનકાવતી** (વસઈ)ના દેવળની પાછળ જમીનમાં જડેલી મળી આવે છે.

**કનકાવતી**નું નામ **વસઈ** ક્યારથી ચાલુ થયું તે ચોક્કસ કહી શકાતું નથી, પણ દશમા સૈકા પછી ગુજરાતના આવડા વંશના સરદારો કચ્છમાં અને ઓખામંડળમાં આવવા લાગ્યા. તેમની સાથે પાટણની જૈન સંસ્કૃતિ પણ આ દેશ તરફ આવવા લાગી હશે. .એ જૈન સંસ્કૃતિના આગમનથી કનકાવતીમાં અદ્ભુત શિલ્પથી શોભતું તીર્થંકર નેમિનાથનું દેવળ બંધાયું છે. એ દેવળ બંધાવનાર ધર્મવીર સાધુનું કે રાજવીર સત્તાધીશનું વર્ચસ્વ એટલું બધું પ્રભાવશાળી હોવું જોઈએ કે જૈન દેવળના ઉત્તમ સ્થાનને—પ્રાકૃત ભાષામાં **વસઈ** નામ અપાય છે તે રીતે કનકાવતીને **વસઈ** નામ અપાયું હશે.

જ્યારે વાઘેર કોમના માણેક વંશના મૂળ પુરુષ **હમીરજી** કચ્છમાંથી અશંભડા આવ્યા અને ઓખામંડળની રજપૂત કન્યા સાથે લગ્ન કરીને રહ્યા ત્યારે કનકાવતીનું નામ **વસઈ** હતું. એ ગામ હમીરજીના લગ્ન પછી એમને અર્પણ કરવામાં આવ્યું હતું.

વસઈના નેમિનાથનાં દહેરાંની હાલની સ્થિતિ ખંડેર જેવી છે. છતાં ઇતિહાસના અભ્યાસીઓને એ ખંડેર પુષ્કળ સામગ્રી પૂરી પાડે તેવા અણમોલ અવશેષો—એ ખંડેરમાં આજ સુધી મોજૂદ છે. સરકારે "સંરક્ષિત પુરાતત્ત્વના સ્થાન" તરીકે વસઈના કનકેશ્વરનાં દેહરાંને અને નેમિનાથના દેવળને સરકારી યાદીમાં ચઢાવ્યાં છે.

ઓખામંડળના જૈન વસ્તીનાં ઘર આજે બિલકુલ નથી એમ કહીએ તો ચાલે. અરાંભડા ગામે થોડાં શ્રાવક વાણિયાનાં કુટુમ્બ વસે છે.

(૭) **ઓખામઢી**—જામનગરથી દ્વારકા આવતી રેલવેની સડક ઉપર—**ભાટીયા** પછી **કુરંગા** અને તે પછી **ઓખામઢી** સ્ટેશન આવે છે. આ સ્થળે જૂના કાળમાં પવિત્ર ઋષિઓ કે સાધુઓ તપશ્ચર્યાયુક્ત જીવન ગાળતા હતા. તેથી તે ગામને લોકોએ સાધુની **મઢી** એવું નામ પાડયું હતું. ત્યાં વસતા સંત પુરુષના આદેશથી પોરબન્દરના (સુદામાપુરીના) રાણા સાહેબે ઉદયનારાયણનું દેવળ સંવત ૧૮૦૭માં બાંધી આપ્યાની હકીકત રજૂ કરતો એક શિલાલેખ મળેલો છે. તેનો થોડો ભાગ અહીં ઉતારવામાં આવે છે. તેમાં આ સ્થળનું નામ **મઢિકા** હોવાનું દર્શાવ્યું છે.

मुक्तासराहि शुभ पुष्कर पंचभिर्वै संवेष्टिता मुनिगणैः परिसेविता च।
यस्यां स्थितः पश्यति द्वारवत्याम् देवालयं सा **मढिका** सुशोभते ॥

× × ×

तस्यालयस्य जीर्णस्य उध्धारः कारितोऽधुना आचार्यस्सोपदेशेन भोजराजेन श्रीमता ॥

संवत्तुरंग नभ नागरसान्विते॒ऽद्वे माघेय मासि सितपक्ष युते हि विष्णो ।
बाणे तिथौ धिषणवारयुते प्रतिष्ठा सौदांम्न पुरस्थ किल विक्रम नाम भूपः ॥

છેલ્લા શ્લોકમાં સંવતનો અંક શબ્દોથી આપવામાં આવ્યો છે. એ શબ્દોને ઉલટાક્રમે લેતાં. તુરંગ = ૭ નભ = ૦ નાગ = ૮, રસા = પૃથ્વી = ૧ બરાબર ૧૮૦૭ સંવતનો આંકડો સિદ્ધ થાય છે.

ઓખામંડળમાં આવેલ **ઓખામઢી** જૂના કાળમાં મુનિગણથી વસેલી **મઢિકા** નામે ઓળખાતી. ત્યાં સંવત ૧૮૦૭માં સુન્દર દેવાલયનો જીર્ણોદ્ધાર થયો હોવાનું સિદ્ધ થાય છે. ઓખામંડળ પ્રદેશમાં એ કાળે સંસ્કારી મુનિજનો અને સંસ્કારી આચાર્યો વસતા હતા. આ પ્રદેશમાં વાઘેર સરદારોની કેવળ ચાંચિયાગિરી કે લૂંટફાટ પ્રવર્તતી હતી એવું કહી શકાય નહિ.

( ૮ ) **શિવરાજપુર**—આ ગામ **કચ્છી**ગઢ નામથી ઓળખાતા જૂના કિલ્લા પાસે દરિયા-કિનારે વરવાળાથી બે માઈલ ઉત્તરે આવેલું છે.

વાઘેર સરદારોના ચાંચિયાગિરીના હુમલામાંથી કચ્છ પ્રદેશનાં વહાણોને રક્ષણ આપવા માટે કચ્છના રાજાએ આ પ્રદેશમાં દરિયાકાંઠે પોતાનું લશ્કરી થાણું રાખવા એક કિલ્લો બાંધ્યો હતો. ફતેહખાં જમાદારની કારકિર્દીમાં આ **કચ્છીગઢ** સારી રીતે વિકસેલું ગામડું બન્યું હતું. તે ગઢમાં કચ્છના થોડા સૈનિકો વસતા હતા અને બીજા થોડાં વધારે કુટુમ્બને પણ તે ગઢમાં વાસ આપવામાં આવ્યો હતો. ઈ. સ. ૧૮૬૦માં ઓખામંડળના વાઘેર લોકોની રહેણી પ્રગતિશાળી બનાવવા બ્રિટિશ સરકાર તરફથી ઍસિસ્ટંટ રેસિડન્ડની કચેરી દ્વારકામાં સ્થપાઈ હતી. તેથી વાઘેર લોકોની ચાંચિયાગિરી બન્ધ થઈ ગઈ હતી. તે પછી **કચ્ચીગઢ**નો માલિકી હક્ક જાળવી રાખવા એ ગઢમાં બેપાંચ કુટુમ્બનો વાસ રાખવા કચ્છના રાજ્ય તરફથી ગઢમાં વસતા કુટુમ્બને માસિક પગાર અપાતો હતો. એ પગારદાર વાઘેર કુટુમ્બને ખેતી માટેની જમીન તો ઓખામંડળની હદમાંથી લેવી પડતી હતી. તેથી કચ્છીગઢમાં રહેતા વાઘેર ભાઈઓ વડોદરા સરકારની જમીન ખેડતા અને રહેતા કચ્છીગઢમાં એટલે કે તે કુટુમ્બના માણસો કચ્છની પ્રજા ગણાતી. આ પ્રકારની ગરબડ સને ૧૯૨૦ સુધી ચાલુ રહી. તે વરસમાં બ્રિટિશ સરકારે દ્વારકામાંથી ઍસિસ્ટંર રેસિડેન્ટની કચેરી ખસેડી લીધી અને એ કચેરીનો બધો વહિવટ વડોદરા રાજ્યને સોંપી આપ્યો. આ ફેરફારને પરિણામે દ્વારકામાં ઍસિસ્ટંટ રેસિડન્ટનું કાર્ય સરળતાથી ચાલુ રહે એવી નીતિનો અમલ કરવા કર્નલ કુમાર **શિવરાજસિંહને** ઓખામંડળના કમિશનર તરીકે નીમવામાં આવ્યા. શ્રી. કુમાર શિવરાજસિંહે **કચ્છીગઢ**માં વસતા વાઘેરને જણાવ્યું કે જો તે કચ્છીગઢમાં ઘરબાર રાખે તો તેમને વડોદરા સરકારની જમીન ખેડવાનો હક્ક મળે નહિ. એ વાઘેર કુટુમ્બોએ કચ્છી-ગઢમાંથી બહાર વસવા માટે નવું ગામ વસાવી આપવા વડોદરા સરકાર પાસે માગણી કરી. તે ઉપરથી કચ્છીગઢની પૂર્વ દિશાએ વડોદરા સરકારે નવું ગામ વસાવ્યું. ખેડૂતોના જીવનને અનુકૂળ થાય તેવાં ઘરો, રસ્તા, કૂવા વગેરે બાંધવામાં આવ્યાં, અને એ નવા ગામને ખૂલ્લું મૂકવાની શુભ ક્રિયા વડોદરા રાજ્યના રેવૅન્યુ મિનિસ્ટર મિ. ચાર્લ્સ નોર્મન સીડન સાહેબને હાથે કરવામાં આવી; અને મિ. સીડન સાહેબે એ ગામનું નામ કર્નલ શિવરાજસિંહની સારી કામ-ગીરીની કદરની નોંધ કાયમ રહેવા માટે **શિવરાજપુર** પાડ્યું (ઈ. સ. ૧૯૨૨-૨૩). આજે એ ગામમાં વાઘેર કુટુમ્બો વાસ રાખી રહ્યાં છે. દ્વારકાથી ઓખા જતા ધોરીમાર્ગ ઉપર વરવાળા ગામ પછી શિવરાજપુરનું બસસ્ટેશન જાણીતું છે.

# વડનગરનાં સ્થળનામો*

કનૈયાલાલ ભાઈશંકર દવે

ગુજરાતનાં પ્રાચીન નગરોમાં વડનગરનું સ્થાન પ્રથમ પંક્તિમાં આવે છે. પશ્ચિમ ભારતનાં ગિરિનગર, ખંભાત, ભરૂચ, શૂર્પારક, વર્ધમાનપુર, મહીનગર અને વલભી વગેરે નગરોની સાથે વડનગર અતિ પ્રાચીન કાળનું મહાનગર ગણાય છે. પશ્ચિમ ભારતનો ઘણોખરો ભાગ આનર્ત તરીકે ઓળખાતો. મહાભારત, ભાગવત, વાયુ અને મત્સ્યપુરાણમાં દ્વારિકા પર્યંતના સમસ્ત વિભાગને આનર્ત સંજ્ઞા આપી છે.[1] આ આનર્તની રાજધાની ગિરિનગર પાસે કુશસ્થલીમાં હતી, જેનું બીજું નામ આનર્તપુરી હતું.[2] બ્રહ્માંડ, મત્સ્ય અને વાયુપુરાણના ભુવનકોશવર્ણનોમાં આનર્તને સૌરાષ્ટ્રથી અલગ બતાવતા પશ્ચિમ ભારતના કચ્છ, સૌરાષ્ટ્ર, અર્બુદ વગેરે જુદા જુદા વિભાગો સૂચવ્યા છે. આથી પાછલા યુગમાં આનર્ત નામ ઉત્તર ગુજરાતના ભૂવિભાગ માટે સ્વીકારાયું. સ્વ. ડૉ. આનંદશંકર ધ્રુવ, બૉમ્બે ગૅઝેટિયર અનુસાર આનર્તની વ્યાખ્યા આપતાં જણાવે છે કે આપણો ગુજરાત પ્રાંત આનર્ત, સૌરાષ્ટ્ર અને લાટ એ ત્રણ પ્રદેશો મળીને થયેલો છે.[3] એનું મુખ્ય નગર વડનગર, આનર્ત પ્રદેશનું જાણીતું મહાનગર હતું. ક્ષત્રપ રુદ્રદામાનના શિલાલેખમાં આનર્ત અને સૌરાષ્ટ્ર જુદા જણાવ્યા છે.[4]

વડનગરનાં અનેક નામો જુદા જુદા સમયે પડયાં છે. આ નગર કોણે અને કયારે વસાવ્યું તેની ચોક્કસ તવારીખ મળતી નથી. સ્કંદપુરાણના અવાંતર ખંડ, નાગરખંડમાં આ નગર અને તેની આજુબાજુના વિભાગની, પૌરાણિક દૃષ્ટિએ કેટલીક અભિનવ માહિતી રજૂ થઈ છે. મનુવૈવસ્વતા પુત્ર શર્યાતિને, ભરતખંડનો દક્ષિણ—પશ્ચિમ વિભાગ મળ્યો હતો—શર્યાતિના પુત્ર આનર્તે, આનર્તદેશ વસાવ્યો અને તેનું પાટનગર તે આનર્તપુર. નગરખંડ, આનર્તના રાજાઓની રાજધાની અન્ય કોઈ નગરમાં હોવાની સંભાવના રજૂ કરતાં, આનર્તાધિપતિ રાજેન્દ્રો રાજ્યાભિષેક પૂર્વે નગરોના આ સ્થાનમાં ભક્તિપૂર્વક આવતા હોવાનું સૂચવે છે.[5] શ્રી. રસિકલાલભાઈ પરીખ પૌરાણિક નગરોમાં આ શહેરને મૂકે છે.[6]

---

* તા. ૨૫-૧-૧૯૬૫ના રોજ 'ગુજરાત સ્થળનામ સંસદ્'ના ઉપક્રમે વડોદરા પ્રાચ્ય વિદ્યામન્દિરમાં આપેલું વ્યાખ્યાન.

૧ પુરાણમાં ગુજરાત, પા. ૩૭.

૨ ભાગવત પુરાણ ૧-૧૪-૨૫, વાયુપુરાણ ૮૬-૨૪.

૩ સાહિત્ય વિચાર, પા. ૫૨૫.

૪ ઇન્ડિયન એ ૭, પા. ૨૬૦.

૫ आनर्ताधिपतेर्योऽत्र कश्चिद्राज्येऽभिषिच्यते ।
सपूर्वं गच्छति ग्रामं नागराणां प्रभक्तितः ॥ स्कंद पु. ६, नागरखंड अ. २११-४.

૬ ગુજરાતની રાજધાનીઓ, પા. ૪૩.

આ નગરનો વ્યવસ્થિત અભ્યાસ હજુ સુધી આલેખાયો નથી. 'વડનગર' નામનું એક નાનકડું પુસ્તક મેં તૈયાર કરેલું જે 'સયાજી બાલજ્ઞાનમાળા' દ્વારા ઈ. સ. ૧૯૩૭માં બહાર પડયું હતું. આ નગર માટે સેંકડો ઐતિહાસિક ઉલ્લેખો મળે છે. પરંતુ તેની સ્થાનિક વિગતો જેવી કે ત્યાંનાં પ્રાચીન મંદિરો, તીર્થો, સામાજિક રીતરિવાજો અને કેટલાંક પ્રભાવક પુરુષોનાં ચરિત્રો નાગરખંડમાંથી વિશદરીતે પ્રાપ્ત થાય છે. નાગરખંડ નામ નાગર જ્ઞાતિ અને તેઓની સાથે સંકલિત થયેલ પ્રદેશ–નગરની વિગતપૂર્ણ હકીકત રજૂ કરતા વિભાગનું સૂચન કરે છે.[1] આજના વક્તવ્યમાં પણ, આ નગરના ઐતિહાસિક અને પૌરાણિક સ્થાનોનું જ વિવેચન વિવક્ષિત હોઈ, નાગરખંડ તેમ જ અન્ય ઐતિહાસિક સાધનો દ્વારા તેની વિશદ રીતે સમાલોચના કરવાનો પ્રયત્ન કર્યો છે.

નાગરખંડમાં જણાવ્યા પ્રમાણે આ નગરની સ્થાપના ચમત્કાર નામના રાજાએ કરી. પોતાના નામ ઉપરથી નગરનું નામ ચમત્કારપુર રાખ્યું અને તે શહેર બ્રાહ્મણોને દાનમાં આપ્યું. તેણે ત્યાં અચલેશ્વર શિવની સ્થાપના કરી. કર્નલ ટૉડ જણાવે છે કે વડનગરની સ્થાપના કનકસેને ઈ. સ.ના બીજા સૈકામાં કરી અને તેના પિતા અચલસેનના નામથી અચલેશ્વર શિવનું મંદિર બંધાવ્યું.[2] સ્વ. કેશવલાલ હ. ધ્રુવ, ટૉડના કથન પ્રમાણે કનકસેને અયોધ્યાથી આવી આ નગર વસાવ્યું હોવાનું સૂચવે છે.[3] વિશેષમાં આ જ કનકસેનથી ચોથી પેઢીએ વિજયસેન થયો, જેણે વલભીપુર વસાવી સેનાપતિ ભટ્ટાર્ક નામ ધારણ કર્યું. ઐતિહાસિક દૃષ્ટિએ ચમત્કાર નામનો કોઈ રાજા પ્રાચીન રાજવંશોમાં થયાનું જાણવામાં નથી. વડનગરનું અસ્તિત્વ વલભીપુર વસ્યા પહેલાનું માનીએ તો, ગુપ્તકાળમાં તે કોઈ પ્રતાપી ગુપ્તરાજાએ વસાવ્યાનું માની શકાય. સ્વ. કેશવલાલ ધ્રુવે, કનકસેનને ઐતિહાસિક વ્યક્તિ માની. તે ગુપ્ત રાજાઓનો સેનાપતિ હતો. તે ગુપ્તોની નબળાઈનો લાભ લઈ અયોધ્યાથી આનર્તમાં ઊતરી આવ્યો અને તેણે આનર્તપુર વસાવ્યું. પાછળથી તેના વારસોએ વલભીપુરની સ્થાપના કરી અને તેને રાજધાની બનાવી. ઈ. સ.ના બીજા સૈકાથી ચોથા સૈકાના મધ્યભાગ પર્યંત ગુજરાત ઉપર શક ક્ષત્રપોનું શાસન હતું. મહાપ્રતાપી ચન્દ્રગુપ્ત બીજો, જે વિક્રમાદિત્યથી સુપ્રસિદ્ધ થયો હતો તેણે ક્ષત્રપોને હરાવી ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, માળવા, રાજપૂતાના વગેરેને પોતાની સત્તા નીચે લાવી, પોતાના વિશાળ સામ્રાજ્યની રાજધાની ઉજ્જૈનમાં સ્થાપી.[4] આથી સેનાપતિ કનકસેને ક્ષત્રપોના શાસનમાં અહીં નગર વસાવી શાસન સ્થાપ્યું હોય તેવો તર્ક અસંગત લાગે છે. સ્વ. માનશંકર પીતાંબરદાસ મહેતાએ 'નાગરોત્પત્તિ' 'નામક લેખમાં ક્ષત્રપ રાજા નહપાનના જમાઈ ઉષવદાતે આ નગર વસાવ્યાની સંભાવના રજૂ કરી છે.[5] વડનગરની સ્થાપના વખતે અહિચ્છત્રથી બ્રાહ્મણોને બોલાવી વસાવ્યા હોવાનું નાગરખંડ કહે છે. ક્ષત્રપોનું રાજ્ય પાંચાલના અહિચ્છત્ર સુધી હતું કે કેમ તે વિવાદાસ્પદ હકીકત છે.

---

૧ સ્કંદ પુ., નાગરખંડ, અ. ૧૦–૧૩.

૨ ટૉડ, રાજસ્થાન, પુ. ૧, પા. ૨૦૨.

૩ સાહિત્ય અને વિવેચન પા.૩૨૭, શ્રી. કે. હ. ધ્રુવ.

૪ ભારત કે પ્રાચીન રાજવંશ. પા. ૨૬૪

૫ નાગરોત્પત્તિ, છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદનો રીપોર્ટ.

ચંદ્રગુપ્ત બીજો ચુસ્ત બ્રાહ્મણ ધર્માનુયાયી પરમ ભાગવત હતો એમ ઐતિહાસિક પુરાવાઓ વડે જાણી શકાય છે. તેણે અશ્વમેધ જેવા મહાયજ્ઞો કર્યા હતા અને અનેક વિષ્ણુમંદિરો બંધાવ્યાં હોવાનું શિલાલેખો દ્વારા જાણવા મળે છે. દિલ્હીના પ્રસિદ્ધ લોહસ્તંભ ઉપર કોતરેલ લેખમાં જણાવ્યા પ્રમાણે વિષ્ણુપદ નામના પહાડ ઉપર તેણે વિષ્ણુમંદિર બંધાવી, ધ્વજસ્તંભ તરીકે તે લોહસ્તંભ મુકાવ્યો હતો, તેના સિક્કાઓ ઉપરથી પણ તેણે કરેલ યજ્ઞો અને વિષ્ણુભક્તિના પ્રતીકરૂપ ગરુડાંકિત મૂર્તિઓ મળે છે. આ ઉપરથી જણાય છે કે તે ચુસ્ત બ્રાહ્મણધર્માનુયાયી પ્રતાપી રાજેન્દ્ર હતો. તેણે પશ્ચિમ ભારત ઉપર રાજ્યસત્તા દાખલ કર્યા બાદ, આ પ્રદેશમાં એક મહત્ત્વનું સ્થાન—સત્તાજૂથ—સ્થાપવા વિચાર્યું, અને હાટકેશ્વરક્ષેત્રમાં નવીન નગર વસાવી, પાંચાલના અહિચ્છત્રથી વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી વસાવ્યા, તેમ જ અગ્રહાર તરીકે તે નગર બ્રાહ્મણોને દાનમાં આપ્યું.[૧અ] તેની પાછળ બીજો પણ એક ઉદ્દેશ સમાયેલો. આનર્તનો આ પ્રદેશ તે કાળે અનાર્યોની વસાહતોથી સભર હતો. જેથી ધાર્મિક વ્યવસ્થા સ્થાપવા, સંસ્કારી પ્રજાવાળા નગરની ઉપયોગિતા તેણે વિચારેલી. આનર્તનો એક અર્થ એવો પણ છે કે "ઋતધર્મ—યજ્ઞધર્મ પ્રચારમાં ન હોય તેવો દેશ". શ્રી. રસિકલાલભાઈ પરીખે તેમ જ સ્વ. કેશવલાલ ધ્રુવે પણ તેવું જ સૂચન કર્યું છે.[૨બ] આથી ઋતધર્મને પ્રોત્સાહન આપવા, પુનઃ તેને પ્રસ્થાપિત કરવા યજ્ઞધર્મ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા સેવતા ચન્દ્રગુપ્ત બીજાએ આ નગર વસાવ્યું હોય એમ તેની ધર્મપરાયણતા ઉપરથી લાગે છે. આ ચન્દ્રગુપ્ત બીજો, વિક્રમાદિત્ય તરીકે તત્કાલીન સમાજમાં ખૂબ જાણીતો બનેલો. પરદુઃખભંજન વિક્રમની માફક તેની પણ કેટલીક ચમત્કારિક દંતકથાઓ તે કાળમાં ચાલતી હશે. આથી જ આ નવીન નગર વસાવનારનું નામ ત્યાંના બ્રાહ્મણોએ ચમત્કાર રાજા પાડી તે નગરનું પણ ચમત્કારપુર નામ રાખેલું, એવું અનુમાન છે.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા સ્વ. બી. સુબ્બારાવ અને શ્રી. આર. એન. મહેતાએ વડનગરમાં ખોદકામ કરાવેલું, તેની સમાલોચના કરતો એક લેખ યુનિવર્સિટી જર્નલમાં પ્રસિદ્ધ થયો છે.[૩] આ લેખમાં જણાવ્યા પ્રમાણે ત્યાંથી મળેલ સાધનસામગ્રી—પ્રાચીન મૃન્મય પાત્રોના અવશેષો, સિક્કાઓ અને મૂર્તિઓ ઉપરથી આ સાંસ્કૃતિક પ્રતીકો ઈ.સ.ના પહેલા સૈકાથી ચોથી સદી સુધીનાં હોવાનું તેના વિદ્વાન લેખકોએ જણાવ્યું છે, આ પૈકી પ્રાપ્ત થયેલ સિક્કાઓમાં કેટલાક ક્ષત્રપોના હોવાનું તેની ભાષા અને ચિત્રો ઉપરથી લાગે છે; આથી તે કાળમાં અહીં કોઈ નગર હતું કે કેમ તે જાણવા સાધન નથી, પણ આ પ્રદેશમાં કોઈ વસાહત હશે એમ તો ચોક્કસ લાગે છે. એટલે ક્ષત્રપોના સમયમાં અહીં કોઈ ગામડું, વ્રજ કે નેસ હોય એવો તર્ક સયુક્તિક લાગે છે. સમય જતાં ચંદ્રગુપ્ત બીજાએ ક્ષત્રપોને હરાવી, આર્ય સંસ્કૃતિનો પ્રચાર કરવા, તેમ જ રાજકીય દૃષ્ટિએ પોતાની સત્તાને સ્થિર કરવા, અહીં એક નવીન નગર વસાવ્યું હતું એમ સમજાય છે.

---

૧અ ભગવાન વિષ્ણુના કહેવાથી ઇંદ્રે હિમાલયમાં તપશ્ચર્યા કરતા નાગરોને ચમત્કારપુરમાં લાવી વસાવ્યા હોવાનું 'નાગરખંડ'માં જણાવ્યું છે. અ. ૨૦૪–૨૦૫–૯–૧૩.

૨બ ગુજરાતની રાજધાનીઓ, પા. ૪૪

૩ મ. સ. યુનિવર્સિટી જર્નલ, વો. ૪, નં. ૧, માર્ચ ૧૯૫૫.

તેના માટે બીજો પણ એક પુરાવો મળ્યો છે. "પાદતાડિકમ્" નામક પ્રાચીન ભાણમાં આનંદપુરના કુમાર મખ(ઘ)વર્માનો ઉલ્લેખ આવે છે. તે સેનાપતિ સેનકનો પુત્ર હતો જેણે ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે ગુજરાત ઉપર કરેલ આક્રમણ વખતે પોતાનું રાજ્ય ખોયું.[૧અ] આથી ચંદ્રગુપ્તના આક્રમણ વખતે, સેનાપતિ સેનક આનંદપુર ઉપર રાજ્ય ચલાવતો હતો. તેને હરાવી ચંદ્રગુપ્તે આ નગર ઉપર પોતાની સત્તા સ્થાપી હોવાનું આ ઉલ્લેખથી ચોક્કસ લાગે છે. બીજું તેના પુત્ર મખવર્માને આનંદપુરનો કુમાર, એટલે આનંદપુરના રાજાનો કુમાર એમ મોઘમ સૂચવ્યું છે.[૨બ] આ ગ્રંથમાં એક સ્થળે સેનકનો પુત્ર ભટ્ટી મઘવર્મા, અને બીજા સ્થળે આનંદપુરનો કુમાર મખવર્મા એમ જુદાં જુદાં નામો રજૂ કરેલ છે; પરંતુ આ ગ્રંથના સંપાદક અને વિવેચક પુરાતત્ત્વવિદ્ શ્રી. ડૉ. મોતીચંદ્ર, અને સ્વ. શ્રી. ડૉ. વાસુદેવ અગ્રવાલ આ બન્ને નામો એક જ પુરુષનાં હોવાનું સ્પષ્ટ સૂચવે છે.[૩ક] આ ઉલ્લેખ ચંદ્રગુપ્ત બીજાના સમયમાં આનંદપુર વિદ્યમાન હોવાની પ્રતીતિ આપે છે. તેટલું જ નહિ પણ ત્યાંના રાજકર્તા સેનાપતિ સેવકને હરાવી, આનંદપુર ઉપર તેણે સત્તા સ્થાપી હોવાનું સમજાય છે. ટૂંકમાં, ઈસવીસનના ચોથા સૈકાના અંતભાગ પહેલાં, આનંદપુરની સ્થાપના થઈ ગઈ હતી એમ આ બધા ઉલ્લેખો સૂચવે છે, પરંતુ તેની સ્થાપના કોણે કરી, અને ક્યારે કરી તેનો સ્પષ્ટ ઉકેલ આવી શકતો નથી. ફક્ત એટલું જ કહી શકાય કે, આનંદપુર શક ક્ષત્રપોના સમયમાં વિદ્યમાન હતું. જો કે તે સમયે આનંદપુર નાનું ગામ કે સામાન્ય કસ્બા જેવું હશે, જેની વ્યવસ્થિત નગરરચના, મહાબળો, મંદિરો; પ્રાકાર, વગેરેથી અલંકૃત તથા શર્મિષ્ઠા જેવા મહાસરોવરો, વ. ચંદ્રગુપ્ત બીજાના રાજ્યઅમલ વખતે નગરની પુનર્રચના કરતાં બતાવ્યાં હોવાં જોઈએ, કારણ તે ચુસ્ત બ્રાહ્મણ ધર્માનુયાયી હોવાથી, ત્યાંના પ્રજાજનો તેમ જ બ્રાહ્મણોની સુરક્ષા તથા સુવિધા માટે તેણે તે બંધાવ્યાં હતાં એમ માની શકાય. નાગરખંડ સ્કંદપુરાણનો એક ખંડ છે. આ પુરાણ આઠમા સૈકામાં રચાયું હોવાનું વિદ્વાનોએ અનુમાન્યું છે એટલે શક ક્ષત્રપોના સમય પછી પાંચસો વર્ષે રચાયેલ આ પુરાણમાં તત્કાલીન સમાજમાં પ્રચલિત કેટલીક અનુશ્રુતિઓ પુરાણકારે સંગ્રહી હશે, અને તે નિયમે પુરાણકારે પૌરાણિક વિશેષતા સૂચવવા ચંદ્રગુપ્ત બીજાને ચમત્કાર રાજાનું અભિધાન આપ્યું હોય એવું અનુમાન છે.

ચન્દ્રગુપ્ત બીજો ચુસ્ત ભાગવતધર્મપરાયણ હોવાથી તે ભગવાન વિષ્ણુનાં મંદિરો બંધાવતો હતો. આગળ જણાવી ગયા પ્રમાણે તેણે વિષ્ણુપદ પહાડ ઉપરના વિષ્ણુમંદિર આગળ ધ્વજસ્તંભ ઊભો કરેલો જે આજે જૂની દિલ્હીમાં કુતુબમિનાર પાસે ઊભો છે. નાગરખંડમાં વિષ્ણુપદ-પદીનું વિસ્તૃત વર્ણન રજૂ કરતાં તેનું માહાત્મ્ય જણાવ્યું છે. આજે પણ વડનગર શહેર બહાર એક કુંડ તથા ત્યાંનું મંદિર આ નામથી પ્રાચીન તીર્થ તરીકે સુપ્રસિદ્ધ છે. ગુપ્ત કાળમાં વિષ્ણુમંદિર, વિષ્ણુપદ તરીકે ઓળખાતાં; એ રીતે આ નવીન નગરમાં વિષ્ણુપદ–વિષ્ણુમંદિર સ્થપાતાં ત્યાંના તીર્થને વિષ્ણુપદી નામ આપ્યું હોય એમ માનવા કારણ છે. આના માટે

---

૧અ ચતુર્ભાણી–શ્રુંગારહાટ, પા. ૧૮૩. સંપાદક તથા વિવેચકઃ શ્રી. ડૉ. મોતીચંદ્ર અને શ્રી. ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલ.

૨બ प्रतिवादिभिर्लाट डिंडिभिः सूचितः सेनापतेः सेनकस्यापत्यं रत्नं भट्टीमय वर्मा ॥ એજન, પા. ૧૮૨

૩ક એજન. ભૂમિકા. પા. ૭

બીજા કોઈ પુરાવાઓ મળતા નથી; પણ આગળ જણાવેલ ચન્દ્રગુપ્ત બીજાના વિષ્ણુપદ પહાડના મંદિરના આનુષંગિક પ્રમાણુના આધારે, બીજા કોઈ રાજા કરતાં ચન્દ્રગુપ્ત બીજાએ આ નગર વસાવ્યું હોય એમ લાગે છે.

આ નગર સંબંધી લાંબી ચર્ચા-વિચારણા કર્યા પછી, હવે અહીંનાં સ્થળનામોના ઇતિહાસ તરફ વળીશું. સૌથી પહેલાં આ નગરનાં વિવિધ નામો તપાસીશું. વડનગરનાં અનેક નામો તામ્રપત્રો, શિલાલેખો અને નાગરખંડમાંથી મળે છે. આમાં ચમત્કારપુર, આનર્તપુર, આનંદપુર, નગર અને વૃદ્ધનગર મુખ્ય ગણાવેલ છે. આ સિવાય જૈન આગમોમાંથી અર્કસ્થલી અને કાલનગર નામો મળે છે.[1] વલભીના મૈત્રકોએ આપેલ દાન-શાસનોમાંથી આનંદપુર અને આનર્તપુરના ઉલ્લેખો મળે છે. આ પૈકી ત્રણમાં આનંદપુર વાસ્તવ્ય અને ચાર દાનશાસનોમાં આનર્તપુર વિનિર્ગત બ્રાહ્મણોને દાનો આપ્યાં હોવાનું સૂચવ્યું છે.[2] આનર્ત પ્રદેશનું આ મુખ્ય નગર હોવાથી આનર્તપુર તરીકે, તે સમયમાં વધુ વિખ્યાત બન્યું હશે. જ્યારે ચમત્કારપુર નામ, ફક્ત પૌરાણિક ગ્રન્થોમાં જ સચવાયું છે. જૈનોના કેટલાક પ્રાકૃત ગ્રન્થોમાંથી ચૌંકારપુર કે ચુંકારપુર સંબંધી ઉલ્લેખો મળે છે; પરંતુ તત્કાલીન લોકસમાજમાં વધુ પ્રચલિત બન્યું હોય તેમ લાગતું નથી. જ્યારે આનર્તપુર નામ-નગરની સ્થાપના થઈ ત્યારથી જ પ્રસિદ્ધ પામેલું જણાય છે.

આનંદપુર નામ માટે નાગરખંડમાં માહિતીપૂર્ણ વિગતો આપવામાં આવી છે.[3] તેમાંથી એટલું સમજી શકાય છે કે આ નગરના પૌરજનોને નાગો સાથે વિગ્રહ થયેલો. નાગલોકોએ આ શહેરને બાળી મૂકી ત્યાંના નિવાસીઓને ખૂબ હેરાન કરેલા, તે વખતે અહિચ્છત્રથી આવેલ મંકણ નામના પ્રતાપી વીર પુરુષની સરદારી નીચે અહીંના લોકો લડ્યા અને નાગોને હરાવી કાઢી મૂકયા, તે વિજયોત્સવના સ્મારક રૂપે આ નગરનું નામ આનંદપુર પાડયું. ઐતિહાસિક દૃષ્ટિએ, નાગલોકો અહીં કયાંથી ચઢી આવ્યા, તેના માટે કોઈ નક્કર પ્રમાણો મળતાં નથી; પરંતુ ગુપ્તકાલીન રાજ્યવ્યવસ્થા તપાસતાં, ગુપ્તરાજા સમુદ્રગુપ્તે નાગ વાકાટક રાજાઓને હરાવી, પોતાને આધીન બનાવેલા. તે વખતે માળવાના કેટલાક વિભાગો પર નાગ લોકોનાં રાજ્યો હતાં. મહાપ્રતાપી નાગરાજા ગણપતિ નાગને સમુદ્રગુપ્તે હરાવી મારી નાખ્યો અને માલવસામ્રાજ્ય ઉપર પોતાનો વિજયધ્વજ ફરકાવ્યો હતો.[4] ત્યારથી ગુપ્તો અને નાગરાજાઓ વચ્ચે અવારનવાર યુદ્ધો ચાલતાં. નાગો ગુપ્તસામ્રાજ્યનાં નગરો કે ગામો ઉપર હુમલા કરી તેનો પ્રદેશ પડાવી લેતા. આથી જ ગુપ્તરાજા ચન્દ્રગુપ્ત બીજાના આ નગરનો કબજો લેવા નાગ લોકો ચઢી આવેલા, ત્યારે તે લોકો સાથે અહીંના પૌરજનોએ યુદ્ધો કર્યાં હશે; કારણ આ નગર વસાવી ત્યાંના નિવાસી નાગર બ્રાહ્મણોને તે અગ્રહાર તરીકે આપેલું, તેથી નાગર બ્રાહ્મણોને તેના સંરક્ષણ માટે નાગ લોકો સાથે સંઘર્ષો ચાલેલાં.

---

૧ જૈનાગમોમાં ગુજરાત, પા. ૧૪-૧૯, લે. શ્રી. ભોગીલાલ જ. સાંડેસરા.

૨ મૈત્રકકાલીન ગુજરાત, ભા. ૧, પા. ૨૦૯, શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી.

૩ નાગરખંડ, અ. ૪૦.

૪ અંધકારયુગીન ભારત, પા. ૨૯૬, લે. સ્વ. કે. પી. જાયસવાલ.

આ વિગ્રહમાં મુખ્ય ભાગ, અહિચ્છત્રથી આવેલા મંકણે લીધેલો, તેની જ મદદથી નાગો ઉપર વિજય મેળવેલો; આ મંકણુ કોણુ હતો તેની ચોક્કસ માહિતી મળતી નથી; પરંતુ કદંબવંશ-સ્થાપક મયૂરશર્મા તે જ મંકણુ હતો એમ તેના કેટલાક શિલાલેખોના આધારે સ્વ. ડૉ. ભાંડારકરે જણાવ્યું છે.[1] તેણે પોતાના આદિ વતન અહિચ્છત્રથી બ્રાહ્મણોને બોલાવી પોતાના રાજ્યમાં વસાવ્યા હતા એમ કેટલાક શિલાલેખો ઉપરથી જાણવા મળ્યું છે. આ મહાપુરુષ અહિચ્છત્રથી વડનગર આવેલો એમ નાગરખંડ ઉપરથી જણાય છે.[2] તેણે કેટલોક સમય અહીં નિવાસ કરેલો, અને ત્યારબાદ દક્ષિણ ભારતમાં જઈ તે પલ્લવોનો સેનાપતિ બન્યો. તેણે પાછળથી કદંબવંશની સ્થાપના કરી સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. તેણે ત્યાંના કેટલાક પ્રદેશને પોતાના આદિવતન 'નાગરખંડ'નું નામ આપેલું, જે આજે પણ તેટલો વિભાગ આ નામથી ઓળખાય છે. જો કે આ મયૂર-શર્મા તે પૌરાણિક મંકણ નથી એમ કદંબ કુલના લેખક શ્રી જ્યોર્જ એમ. મોરિસનું માનવું છે. પરંતુ ત્યાંથી મળેલ શિલાલેખો, તત્કાલીન રાજકીય વાતાવરણ, અહિચ્છત્રથી બોલાવી વસાવેલા બ્રાહ્મણો, તેણે કરેલ અશ્વમેધ યજ્ઞો અને નાગરખંડ જેવાં પ્રાદેશિક નામો વગેરેને આધારે, ઐતિહાસિક મયૂરશર્મા તે જ પૌરાણિક મંકણ હોવાનું જાણી શકાય છે; જેણે પોતાના જીવનની પૂર્વાવસ્થામાં વડનગર આવી નિવાસ કર્યો અને નાગો સાથે યુદ્ધ કરી તેઓને પરાસ્ત કરેલા. આ યુદ્ધના વિજય બાદ આનંદોત્સવ ઉજવી, આ નગરનું નામ આનંદપુર રાખ્યું. વડનગર પ્રાકાર પ્રશસ્તિમાં પણ આ શહેરનું આનંદપુર નામ રજૂ કરી તેનું ભવ્ય વર્ણન આપ્યું છે.[3] જૈનોના પ્રાચીન સાહિત્યમાંથી "આનંદપુર" નામ માટે એવો ઉલ્લેખ મળે છે કે સરસ્વતી નદીના કિનારા ઉપર આવેલ "સીણુવલ્લીયા" ગામ પાસે યાદવોએ જરાસંધને હરાવ્યો, તેના વિજયોત્સાહ-માં ત્યાં આનંદપુર નામનું ગામ વસાવ્યું જ્યાં 'અરિહંતાસનય' નામનું જૈન ચૈત્ય હતું. જૈન વિદ્વાન શીલાંકાચાર્યે, તે વિદ્યમાન હોવાની નોંધ પોતાના 'ઉઉપન્નપુરુષચરિય'માં લીધી છે.[4] આ આનંદપુર તે ઉપર્યુક્ત વડનગર માટે અભિપ્રેત છે કે કેમ તેવો પ્રશ્ન સહજ રીતે ઉપસ્થિત થાય. પૂર્વકાળનું સરસ્વતીનું વહન વડનગર નજદીકના પ્રદેશમાં હતું એમ નાગરખંડમાં જણાવેલ હોવાથી[5] કદાચ શીલાંકાચાર્યે જણાવેલ આનંદપુર વડનગરના અપર નામ આનંદપુર સાથે વિવક્ષિત હોય તેવી સંભાવના કરી શકાય.

આ શહેરનું ચોથું નામ નગર. સામાન્ય રીતે મોટાં શહેરોને તે કાળે નગરની સંજ્ઞા અપાતી. પાંચાલના અહિચ્છત્રને પણ તે કાળે નગરથી લોકો ઓળખતા. શાન્તા ખંડમાં જણાવ્યું છે કે "હિમાલયને ઘેર પાર્વતીના વિવાહ પ્રસંગે, શંકર ભગવાને નાગર બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા હતા, જેઓ હિમાલયની તળેટીમાં આવેલ અહિચ્છત્ર–નગરમાં રહેતા. ઈ. સ. પૂર્વે બીજા-ત્રીજા સૈકામાં પાટલીપુત્ર મગધનું જ નહિ પણ સારાયે ભારતનું પાટનગર ગણાતું. વાત્સાયન કામસૂત્રના પ્રણેતા

---

૧ જુઓ કદંબકુલા, મયૂરશર્મા અને મંકણ પ્રકરણ, લે. જ્યોર્જ મોરિસ.

૨ નાગરખંડ અ. ૪૦–૨૭.

૩ ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો, ભાગ. ૨.

૪ ચઉપન્ન મહાપુરુષચરિય, પા–૧૮૬, લે. અમૃતલાલ મો. ભોજક.

૫ નાગરખંડ, અ. ૪૬.

ચાણુકય—વાત્સાયને તેનો નગર તરીકે ઉલ્લેખ કર્યો છે.[1] આમ પાટનગરોને ' નગરની ' સંજ્ઞા આપવાની પરંપરા વિચારતાં, આનર્તના પાટનગર તરીકે આનંદપુરને તે કામમાં ' નગર ' નામથી તત્કાલીન સમાજ ઓળખતો હોય એમ લાગે છે. નગર નામ શાથી રાખ્યું, તેના માટે નાગરખંડમાં નાગવિગ્રહને કારણભૂત માની, નગર મંત્રનાં પુરશ્ચરણ તથા મનનથી નાગલોકો નાસી ગયા હોવાનું સૂચવ્યું છે.[2] ત્યારપછી આ શહેરનું નામ પણ નગર રાખ્યું. નાગરખંડની આ આખ્યાયિકા એક સામાન્ય રૂપક છે. પ્રાચીન આનંદપુર ઉપર નાગલોકોએ કોઈ કારણસર હુમલો કરી તેને કબજે કર્યું, તેમના અત્યાચારોથી ત્યાં રહેતા પૌરજનો નાસી ગયા, અને પ્રભાવદત્ત નામના વીર તથા મુત્સદ્દી પુરુષની સરદારી નીચે ભેગા મળી તેઓએ નાગો સાથે યુદ્ધ કરી, શહેરમાંથી કાઢી મૂકયા; પરંતુ આ નાગો કયાંથી આવેલા તે જાણવા પુરાણમાંથી કોઈ પ્રમાણ મળતું નથી. કેવળ ' નગરમંત્ર 'ના જપથી નાગલોકો નાસી જાય એમ માની શકાય નહિ.

ઐતિહાસિક દૃષ્ટિએ વિચારતાં એટલું સમજાય છે કે ચંદ્રગુપ્ત બીજાના રાજ્યકાળ પછી, ગુપ્તરાજાઓના કેટલાક પ્રદેશો નાગવાકાટક રાજાઓએ કબજે લીધેલા. આ નાગલોકો, ગુપ્તરાજાઓ સાથે વૈવાહિક સંબંધો બાંધી, તેમના નિકટવર્તી બન્યા હતા. તેથી જ જ્યાં જ્યાં ઠીક લાગ્યું ત્યાં ત્યાં પોતાનાં રાજ્યો તેમના આધિપત્ય નીચે સ્થાપ્યાં હોવાં જોઈએ. ચંદ્રગુપ્ત બીજાની એક રાણી કુબેરનાગા, નાગકન્યા જ હતી; જ્યારે તેની પુત્રી પ્રભાવતી વાકાટકવંશી રુદ્રસેનને પરણાવેલી. આમ ગુપ્તરાજ્યો સાથે નાગો અને વાકાટકોએ સંબંધ બાંધ્યો હોવાનું જાણી શકાય છે. ચીની પ્રવાસી હ્યુએનસંગે પોતાની પ્રવાસનોંધમાં, તે કાળે વડનગર માળવાની હકુમતમાં હોવાનું નોંધ્યું છે, તે સમયમાં પદ્માવતી, કાંતિપુરી અને મથુરામાં નાગોનાં રાજ્યો હતાં. વિષ્ણુપુરાણે પણ તે હકીકતની નોંધ લીધી છે.[3] આ સિવાય વિદિશામાં પણ તે કાળે નાગોની એક શાખા રાજ્ય કરતી.[4] નાગરખંડમાં વિદિશાને અનુલક્ષી કેટલીક કથાઓ રજૂ કરી છે. જેના ઉપરથી એમ લાગે છે કે વિદિશા સાથે વડનગરના લોકોનો સાંસ્કૃતિક સંબંધ હતો. વડનગરના પૌરજનો સાથે શરૂઆતમાં ત્યાંના જ નાગલોકોએ વિગ્રહો કર્યા હશે. વખત જતાં રાજકીય આંદોલનો શમી ગયાં અને સાંસ્કૃતિક સંબંધો ચાલુ રહ્યા, પરંતુ ' નગર 'નામ શાથી રાખ્યું તેનો માટે ઐતિહાસિક પ્રમાણ મળતું નથી.

આ સંબંધમાં એવી કલ્પનાને અવકાશ છે. કે નાગો સાથેના બીજા વિગ્રહમાં નાગર મહાપુરુષ પ્રભાવદત્તે કોઈ ' નગર 'ના રાજાની મદદ લઈ નાગોને પરાસ્ત કર્યા હોય અને તેના વિજય મહોત્સવમાં તે રાજાની નગરી કે ઉપરથી આ શહેરનું નામ પણ નગર રાખવામાં આવ્યું હોય. રાજસ્થાનના આટપુર—આહડથી વિ. સં. ૧૦૩૪નો શિલાલેખ મળ્યો છે, જેમાં સૂચવ્યું છે કે આનંદપુરથી નીકળી આવેલ બ્રાહ્મણોને આનંદ દેવાવાળા મહીદેવ—ગુહદત્ત, જેણે ગુહિલવંશ ચલાવ્યો

---

૧ વાત્સાયન કામસૂત્ર, અ. ૨, અ. ૫. સૂત્ર ૩૦.

૨ નાગરખંડ, અ. ૧૧૪.

૩ नवनागाः पद्मावत्यां कांतीपुर्याम्...અંધકારયુગીન ભારત. પા. ૨૯

૪ એજન પા. ૩૦.

તે વિજય પામે.[1] આથી પ્રાચીન કાળમાં વડનગરના બ્રાહ્મણોને રાજપૂતાના સાથે સારો સંબંધ હતો એમ માની શકાય. પ્રાચીન મધ્યમિકા નગરી, જે પુરાણપ્રાચીન હોઈ, રાજપૂતાનામાં ચિતોડ પાસે આવેલી છે, તે નગરીના રાજશાસકે, અગર તો નગરનામધારક રાજપૂતાના કોઈ નગરના રાજાએ વડનગરના નાગર બ્રાહ્મણોને આ નાગવિગ્રહમાં મદદ કરેલી, જેના વિજયોત્સવ વખતે આ શહેરનું નામ પણ નગર રાખ્યું હોવું જોઈએ આ તો ફક્ત તર્ક છે, તેના માટે બીજા પુરાવાઓની અપેક્ષા રહે છે. વડનગર પ્રાકારપ્રશસ્તિમાંથી આ શહેર એક વખત 'નગર' તરીકે વિખ્યાત હોવાનું જાણી શકાય છે. ટૂંકમાં પ્રશસ્તિકારે વડનગરનાં પ્રાચીન નામોની નોંધ લઈ, બારમા સૈકા પહેલાં તેનાં જે જે નામે, પ્રાચીનો પાસેથી જાણવા મળ્યાં તેના ઉલ્લેખો મૂકયા છે. નગર ઉપરથી 'નાગર' નામ માટે 'બોમ્બે ગેઝેટિયર'માં એકબે દંતકથાઓ નોંધી છે, જેમાંથી કોઈ ઐતિહાસિક તથ્ય મળી આવતું નથી.

આ શહેરનું 'સ્કંદપુર' નામ કેટલેક વખત રહેલું એમ નાગરખંડના આધારે જાણવા મળે છે. પુરાણકારે તો તેના માટે પૌરાણિક તારકાસુરવધની કથા રજૂ કરતાં, શિવપુત્ર સ્કંદે અહીં તેની સાથે યુદ્ધ કરેલું અને તેનો વિનાશ કર્યો એમ જણાવ્યું છે.[2] તે વખતે અહીં સ્કંદે શક્તિસ્થાપન કરી આ નગરને સ્થિર બનાવ્યું, તે કારણથી નગરનું નામ પણ સ્કંદપુર પડયું. આ યુદ્ધ વખતે ચમત્કારપુરનાં ઘરો અને રક્તશૃંગ પર્વત હાલી ગયાં અને પરિણામે શહેરનાં ઘરો પડી ગયાં.[3] ત્યારબાદ ત્યાંના બ્રાહ્મણોની પ્રાર્થનાથી ભગવાન સ્કંદે આ શહેરનો જીર્ણોદ્ધાર કરી પુનઃ નવીન વસાવ્યું.

પુરાણકરો ઘણી વખત ભળતાં નામો સાથે પૌરાણિક પ્રાચીન આખ્યાયિકાઓને સંકલિત કરી, તેનું મહત્ત્વ વધારે છે. સ્કંદપુર માટે પણ તેવું જ બન્યું છે. તારકાસુરનો વધ પુરાણકારોએ જુદાં જુદાં સ્થળોએ પુરાણોમાં સૂચવ્યાં છે. નાગરખંડના પ્રણેતાએ આ નગરનું માહાત્મ્ય વધારતાં તે યુદ્ધ અહીં થયું હોવાનું રૂપક મૂકયું. ઐતિહાસિક દૃષ્ટિએ તત્કાલીન પરિસ્થિતિ વિચારતાં એમ જણાય છે કે "આનંદપુરના નગરજનો વારંવાર થતા નાગવિગ્રહોથી કંટાળી ગયેલા. તેમણે ગુપ્તવંશના પ્રતાપી સ્કંદગુપ્તને પોતાની હકીકત જણાવી, નિત્ય ચાલતા આ દુઃખને દૂર કરવા પ્રાર્થના કરતાં સ્કંદગુપ્તે જાતે અગર તો તેના કોઈ સેનાપતિ દ્વારા નાગોને હાંકી કાઢ્યા હોવા જોઈએ. તે સમયે તેના સ્મારક તરીકે 'સ્કંદપુર' એવું શહેરનું નામ રાખ્યું હોય એ બનવાજોગ છે. સ્કંદગુપ્તનો રાજ્યકાળ ઈ. સ. ૪૫૫ થી ૪૬૮ એટલે પાંચમા સૈકાના ઉત્તરાર્ધમાં આવે છે. આ છેલ્લો નાગવિગ્રહ તેના સમયમાં થયેલો, જેણે નાગલોકોને આ વિભાગમાંથી હાંકી

---

१ आनंदपुर विनिर्गत विप्रकुलानंदनो महीदेवः ।
जयति श्री गुहदत्तः प्रभवः श्री गुहील वंशस्य ॥ રાજપુતાને કા ઇતિહાસ; પા. ૩૭૮

૨ નાગરખંડ, અ. ૭૧.

3 अथ दैत्यस्य पातेन यथान्ये पर्वतोत्तमः ।
अथ हर्म्याणि सर्वाणि चमत्कारपुरे तदा ॥ २४ ॥
शीर्णानि चालिते तस्मिन् पर्वते व्यथिता द्विजाः ॥ એજન.

કાઢી ચિરંતન શાંતિ સ્થાપી. 'સ્કંદપુર' નામ લાંબા સમય સુધી ટીકી શકયું નહિ; તેનું પ્રાચીન આનંદપુર નામ લોકજીભે ચઢી ગયું હોવાથી, પ્રસંગોપાત્ત પાડવામાં આવતાં આવાં નવાં નામો ચલણી બનતાં ન હતાં.

જૈન આગમમાં જણાવ્યા પ્રમાણે "અર્કસ્થલી" નામ શાથી પડયું તે જાણવા નાગરખંડ કે બીજા કોઈ ગ્રન્થમાંથી આધાર મળતો નથી. આનંદપુરમાં સૂર્યપૂજાનો પ્રચાર જોરશોરથી ચાલતો હતો એમ નાગરખંડનાં કથાનકો ઉપરથી જાણી શકાય છે. તેમાં જણાવેલ સાંબાદિત્ય, વટાદિત્ય, મુંડીરસ્વામી, કાલપ્રિય, મૂલસ્થાન, પુષ્પાદિત્ય, નાગરાદિત્ય, રત્નાદિત્ય, તથા શંખાદિત્યનાં સ્થાનો, તેમ જ તેનાં માહાત્મ્ય વિચારતાં આ નગરમાં સૂર્યપૂજાનો પ્રચાર સાર્વત્રિક બન્યો હોવાને કારણે, જૈન આગમોમાં 'અર્કસ્થલી' તરીકે તેની નોંધ લીધી હોય તે બનવાજોગ છે. આવું જ બીજું નામ 'કાલનગર' જૈનાગમોમાં આ શહેર માટે નોંધાયું છે; પણ તેને વિષે કોઈ વિગતપૂર્ણ માહિતી હજુ સુધી મળી નથી. કદાચ "કાલપ્રિય" સૂર્યમંદિરના કારણે "કાલનગર" તરીક આગમકારે તેની નોંધ લીધી હોય.

હાલનું વડનગર નામ કયારથી પ્રચારમાં આવ્યું તેની કોઈ પ્રમાણભૂત હકીકત જાણવામાં આવી નથી. પંદરમા સૈકામાં થયેલ અચલ દ્વિવેદીએ "નિર્ણયદીપક" ગ્રંથમાં આ શહેરનું વૃદ્ધનગર નામનો નિર્દેશ કરતાં જણાવ્યું છે કે "વિદ્યાવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને ધર્મવૃદ્ધ પુરુષો જ્યાં નિવાસ કરે છે તેથી વિદ્વાન પુરુષો આ નગરને 'વૃદ્ધપુર' કહે છે.[૧અ] આથી એટલું તો જાણી શકાય છે કે પંદરમા સૈકામાં વડનગર સંસ્કૃતમાં 'વૃદ્ધનગર' તરીકે ઓળખાતું હતું. વિદ્વાનો તેની પ્રશસ્તિ ગાતાં આવાં અનેક કારણો રજૂ કરે છે; છતાં સામાન્યતઃ આ શહેર પુરાતન કાળનું પ્રાચીન નગર હોવાથી, તેમ જ તત્કાલીન નગરોમાં વડું હોવાને કારણે 'વડુનગર' નામથી જનસમાજમાં ઓળખાતું હોય, અગર પુરાતન-પ્રાચીનતાને લઈ તેને 'વૃદ્ધનગર' એવું નામાભિધાન આપ્યું હોય. પ્રાચીનકાળમાં અતિશય વૃદ્ધિ પામેલ નગરને "અતિવૃદ્ધિ"ની ઉપમા કવિઓ આપતા. સ્વયંભૂ કવિના અપભ્રંશ મહાકાવ્ય "પઉમચરિયુ"માં અણહિલપુર પાટણને અતિવૃદ્ધ તરીકે જણાવતાં 'અઈવિડ્ડઉ' નામ આપ્યું છે.[૨બ] તેવી જ રીતે આનર્તના આ મહાનગરને પ્રાચીનકાળના એક મુખ્ય નગર તરીકે લોકો વૃદ્ધપુર કે નગર તરીકે સંબોધતા હશે, જેને લઈને આ શહેર વૃદ્ધનગર કે વડનગરથી લોકવિખ્યાત બન્યું હોય. ગમે તે કારણ હોય પણ ઈ. સ.ના પંદરમા સૈકામાં આ શહેર વડનગરથી જાણીતું હતું. ઈ. સ. ૧૪૫૧માં થઈ ગયેલ જૈનાચાર્ય મેરુકીર્તિએ "જૈનશાશ્વત તીર્થમાલા"માં આ શહેરનો વડનગર તરીકે ઉલ્લેખ કર્યો છે. નાગર બ્રાહ્મણોના બે ભેદો છે; એક આભ્યંતર અને બીજો બાહ્ય. આભ્યંતર શાખાને વૃદ્ધશાખા પણ કહેતા હતા એમ પ્રાચીન પુસ્તકપ્રશસ્તિઓ ઉપરથી જાણવા મળે છે.[૩] આભ્યંતર નાગરો

---

૧અ "અઈવિડ્ડઉ" અણહિલપુર પાટણનું એક પર્યાય નામ. શ્રી. ભો. જ. સાંડેસરાનો લેખ, બુદ્ધિપ્રકાશ, માર્ચ ૧૯૬૩.

૨બ विद्यावृद्धा धर्मवृद्धा ज्ञानवृद्धा हि ये नराः ।
वसन्ति यत्र तेनैतद् बुधा वृद्धपुरं विदुः ॥ ४ ॥ निर्णयदीपक.

૩ नागरज्ञातिवृद्धे च वास्तव्याभ्यंतरेति च ॥ રાજા છબીલરામ બહાદુર ગ્રંથ પ્ર. ૧૪

જેઓ મુખ્યત્વે વૃદ્ધશાળાવાળા હતા તેઓ આ શહેરમાં રહેતા હોવાથી નગરનું નામ વૃદ્ધનગર રાખ્યું હોય એમ પણ માનવા કારણ છે.

આ નગરનો કોટ સં. ૧૨૦૮માં કુમારપાળે બંધાવ્યો હતો, એમ તેની પ્રાકારપ્રશસ્તિ ઉપરથી જાણવા મળે છે. કામસૂત્ર ઉપર આચાર્ય ક્ષેમંકરની વૃત્તિમાં આનંદપુરને ઈંટોનો કોટ હોવાનું સૂચવ્યું છે. આચાર્ય ક્ષેમંકરે આ વૃત્તિ સં. ૧૩૩૨માં લખી હતી. એઓ તેમાં જણાવેલ ઈષ્ટિકામય પ્રાકારની હકીકત કુમારપાળે બંધાવેલ હાલના કોટને અનુલક્ષી હોવાનું જણાય છે. નાગરખંડમાંથી ચમત્કારપુરનું વર્ણન મળે છે, જેમાં તે શહેર પ્રાકાર (કોટ), પરિખા-ખાઈ અને તીર્થોવાળું હોવાનો નિર્દેશ છે.[1] આથી પ્રાચીન કાળમાં આ શહેરને કોટ હતો, પરંતુ તે જીર્ણ થઈ જવાથી ત્યાંના નગરજનોના સંરક્ષણ માટે કુમારપાળે નવીન કોટ-પ્રાકાર બંધાવ્યો. આ શહેરનો કોટ પૂર્વ તથા ઉત્તર દિશામાંથી પડી ગયો છે, અને પશ્ચિમ તથા દક્ષિણ દિશાનો ભાગ આજે જીર્ણશીર્ણ હાલતમાં ઊભો છે. કુમારપાળે જ્યારે નવીન કોટ બંધાવ્યો હશે ત્યારે તે ઘણો મજબૂત હોવો જોઈએ, પરંતુ વારંવાર હુમલાઓ થવાના કારણે આ કોટને ખૂબ નુકસાન થયેલું, જેથી પૂર્વ તથા ઉત્તર દિશાનો કોટ નષ્ટ થઈ ગયો. ત્યાં રહેતી પ્રજા પોતાના જાનમાલની સલામતી સાચવવા આ શહેરના સુરક્ષિત વિભાગમાં આવી વસી. આથી, કોટની સાથે તે વિભાગ પણ નિર્જન બનતાં ત્યાંનાં ઘરો, મંદિરો વગેરેનો નાશ થયો. આજે જણાતા તે બાજુના ટેકરાઓ તેની પ્રતીતિ આપે છે.

આ શહેરને આજે છ દરવાજા છે, પરંતુ તે જ્યારે ચારેબાજુથી અખંડ હશે ત્યારે તેને બાર દરવાજા હોવા જોઈએ એવું અનુમાન છે. સામાન્યતઃ મોટાં નગરોને બાર દરવાજા બનાવવાની પરંપરા પ્રાચીન સમયમાં પ્રચલિત હતી. પાટણ, અમદાવાદ, ખંભાત, વડોદરા વગેરે શહેરોને બાર દરવાજાઓ બનાવવામાં આવ્યા હતા એમ તેના કિલ્લા અને પુરદ્વારો ઉપરથી જાણી શકાય છે; એટલે વડનગરના કોટને પણ પૂર્વકાળમાં બાર દરવાજાઓ બનાવેલા, પરંતુ કોટનો ઉત્તરપૂર્વ વિભાગ તૂટી જવાથી તે દિશાના દરવાજાઓનું આજે નામનિશાન મળતું નથી. તેટલું જ નહિ પણ તે પુરદ્વારો ક્યાં હતાં અને તેનાં નામો કેવાં હતાં તે પણ જાણવા સાધન નથી. હાલમાં આ નગરનાં મુખ્ય છ દરવાજા વિદ્યમાન છે, જે પૈકી પૂર્વમાં અમથેર, દક્ષિણમાં પિઠોરી તથા ગાંસકોળ, પશ્ચિમમાં અમતોળ તથા નદીઓળ, જ્યારે ઉત્તરમાં અર્જુનબારી દરવાજો આવેલ છે. આ દરવાજાઓનાં નામ શાથી રાખવામાં આવેલ તેની યથાલભ્ય માહિતી હવે રજૂ કરવા પ્રયત્ન કરીશું.

અમથેર દરવાજો—આ દરવાજા પાસે અંબાજીથી ઓળખાતું પ્રાચીન મંદિર આવેલું છે. તેનાં સ્થાપત્ય અને રચનાવિધાન ઉપરથી, તે મોડામાં મોડું નવમા-દસમા સૈકા જેટલું પ્રાચીન હોવાનો સંભવ છે. શ્રી. મધુસૂદનભાઈ ઢાકીએ તેને દસમા સૈકા જેટલું પ્રાચીન માન્યું છે.[2] આ પ્રાચીન મંદિર જીર્ણશીર્ણ હાલતમાં ખખડી ગયું હતું, પરંતુ હમણાં થોડાંક વર્ષો ઉપર તેનો જીર્ણોદ્ધાર કરાવી એક ભવ્ય મહાલય જેવું બનાવેલ છે. આ એક દેવી પંચાયતન મંદિર હોઈ તેની આગળ પાછળ ચારે ખૂણાઓમાં અને મધ્યે સૂર્ય, વિષ્ણુ, શિવ, દેવી વગેરેનાં નાનાં નાનાં

---

૧ નાગરખંડ, અ. ૧૧

૨ ક્રોનોલોજી ઑફ ધી સોલંકી ટેમ્પલ્સ ઑફ ગુજરાત, પા. ૧૩, કર્તાઃ એમ. એ ઢાકી.

કલાત્મક મંદિરો બંધાવેલાં છે. અહીંનો સમાજ તેને અમથેર—અંબાથી પિછાને છે. નાગરખંડમાં અંબાવૃદ્ધા, આમ્ના, માહિત્થા તથા ચમત્કારી એ ચાર દેવીઓને મુખ્ય દેવીઓ તરીકે જણાવી છે. દરવાજા પાસે અંબાવૃદ્ધા—અંબાસ્થલ નામ ઉપરથી અમથેર નામ પ્રચારમાં આવ્યું હોય તેમ લાગે છે. નાગરખંડમાંની પૌરાણિક આખ્યાયિકા કહે છે કે ચમત્કારપુર વસાવનાર ચમત્કાર રાજાની બે વિધવા કન્યાઓએ તપશ્ચર્યા કરી અંબા અને વૃદ્ધાને પ્રસન્ન કર્યાં. આથી રાજાએ તે બે દેવીઓનાં અહીં મંદિરો બંધાવ્યાં. આ બે પૈકી અંબાનું સ્થાન આ દરવાજા પાસે અને વૃદ્ધાબાનું સ્થાન શહેરની બહાર વાયવ્ય દિશામાં ગયાશિર્ષ-કોઠા પાસે આવેલું છે. ટૂંકમાં આ દરવાજાનું અમથેર નામ અંબાદેવીના નામ ઉપરથી ઊતરી આવ્યું હતું એમ લાગે છે.

દક્ષિણનો દરવાજો પિઠોરીથી ઓળખાય છે. શ્રાવણ વદી અમાસને શાસ્ત્રકારોએ પિઠોરી તરીકે જણાવી છે. આ સિવાય પિઠોરીનો બીજો કોઈ અર્થ જાણવામાં આવ્યો નથી. પિઠોરી તિથિ ઉપરથી દરવાજાનું નામ રાખ્યું હોય તેના સમર્થનમાં કોઈ લોકકથા કે બીજો આધાર મળતો નથી. આ દરવાજા પાસે ચિત્રેશ્વરી માતાનું મંદિર આવેલું છે. નાગરખંડમાંથી કોઈ ચિત્રેશ્વરી માતાની નોંધ મળતી નથી, પણ પ્રાચીન આનંદપુરમાં અગસ્ત્ય મુનિએ પુરશ્ચરણ કરી ચિત્રેશ્વરી નામની સિદ્ધપીઠ સ્થાપી હતી, જ્યાં બેસી ધ્યાન, પૂજન, અર્ચન કરનારને સર્વ સિદ્ધિ પ્રાપ્ત થતી.[1]

આ સિદ્ધિપીઠનું સ્થાન હાલનાં ચિત્રેશ્વરી માતા પાસે આવેલું હોવું જોઈએ, જેથી તે પુરાતન સિદ્ધપીઠ ઉપરથી દરવાજાનું નામ પિઠોરી રાખવામાં આવેલું હોય તેવું અનુમાન થઈ શકે. સમય જતાં પાછળથી લોકોએ પીઠને માતૃત્વ અર્પી, ચિત્રેશ્વરી માતાનું મંદિર બંધાવી તેમાં દેવી-પ્રતિમા સ્થાપન કરી; આ મંદિરમાં પ્રાચીન વૈષ્ણવી દેવીની મૂર્તિ બેસાડેલી છે, જેના બે હાથમાં શંખ, ચક્ર તથા ખોળામાં બાળક રાખેલું છે. સપ્તમાતૃકાઓમાં દરેક બાળક રાખેલું હોય છે. આથી આ વૈષ્ણવી પ્રતિમા પણ સપ્તમાતૃકાઓ પૈકીની હોવાનું જણાય છે.

ગાંસકોળ એ દક્ષિણ દિશાના દરવાજાનું નામ છે. આ નામમાંથી કોઈ હકીકત જાણવા મળતી નથી, ઊલટ આ નામ વિચિત્ર પ્રકારનું લાગે છે. આથી કોઈ શુદ્ધ નામનું વિકૃત રૂપ આજે સચવાયું હોય તેવો તર્ક છે. વિક્રમના સોળમા સૈકામાં લખાયેલા બે દસ્તાવેજો વડનગરના એક સ્નેહી પાસેથી મને મળેલા, જે મેં પ્રસ્થાનમાં પ્રસિદ્ધ કર્યા હતા. આ દસ્તાવેજો તત્કાલીન સંસ્કૃત ભાષામાં લખાયેલા, જેમાં આ દરવાજા પાસેના એક મહોલ્લાનું ઘર અડાણવટમાં મૂકયાની હકીકત આપવામાં આવી હતી. તેમાં આ દરવાજાનું નામ ગાંગસોલ પોળ લખેલું છે. આમ ગાંસકોળ શબ્દ ગાંગસોલ ઉપરથી ઊતરી આવ્યો હોવાનું સમજાય છે. આ દરવાજા પાસે ગંગાને અનુલક્ષી કોઈ તીર્થ વિશેષ આવેલું હશે, જેના કારણે દરવાજાનું "ગાંગસોલ" પોળ નામ પડયું હોય! ગયા સૈકામાં થયેલ વડનગરા ભક્તકવિ યદુરામ મહારાજે આ નગરનું વર્ણન કરતો ગરબો રચ્યો છે, જે મેં વડનગર નામક પુસ્તકમાં પ્રસિદ્ધ કર્યો છે. તેમાં ગાંસકોળ પોળ પાસેનાં તીર્થો જણાવતાં અહીં હમડુ-અમર-કુંડ નજદીક ગંગા તથા યમુના નામક હદો-તળાવો હોવાની નોંધ

---

१ यस्मच्चित्राणि पीठानि त्वयानीतानि तत्र हि ।
तस्माच्चित्रेश्वरीनाम पीठमेकं भविष्यति ॥ ५५ ॥ नागरखंड, अ. ३१.

લીધી છે.[1] નાગરખંડમાં પણ એકબે સ્થળે પાતાળગંગા તેમ જ ગંગાજી અહીં પ્રાદુર્ભાવ પામ્યાં હોવાની આખ્યાયિકાઓ આપી છે.[2] આ કથનો ઉપરથી અહીંના દરવાજાનું નામ ગંગાતીર્થને અનુલક્ષી રાખવામાં આવ્યું હોવાનું સમજાય છે. આજે પણ બ્રાહ્મણોની સ્મશાનભૂમિ પાસે, અમરકુંડ નજદીક આ બંને તળાવો બતાવવામાં આવે છે.

અમતોળ એ પશ્ચિમ તરફનો દરવાજો છે. આ નામમાંથી કોઈ શબ્દાર્થ કે ધ્વનિ શોધી શકાતો નથી; એટલે આ નામ શાથી પડયું તે વિચારણીય તો છે જ ! આ નગરની મુખ્ય ચાર દેવીઓ પૈકી, આમ્નાદેવીની વિશિષ્ટતા નગરના સ્થાપત્યકાળે ખાસ મનાતી. આ દરવાજા પાસે તે પ્રાચીન આમ્નાદેવીનું સ્થાન હશે, જેના કારણે 'આમ્નાપોળ' એવું દરવાજાનું નામ રાખેલું હોય, જે પાછળથી અમતોળ નામમાં પરિણમ્યું હોય. અહીં આમ્નાદેવીનું સ્થાન હતું કે કેમ તેની કોઈ પ્રામાણિક માહિતી મળતી નથી, પરંતુ વડનગરના ગરબામાં આ દરવાજા પાસે અષાડદેવીનું સ્થાન હતું એમ દર્શાવ્યું છે.[3] તેના માટે એટલું જ અનુમાન થઈ શકે કે, પ્રાચીન આમ્નાદેવીનું જ ત્યાંના લોકસમાજે અષાડદેવી નામ રાખ્યું હોય તે બનવાજોગ છે.

પશ્ચિમ દિશાનો બીજો દરવાજો "નદીઓળ"થી જાણીતો છે. આ દરવાજા બહાર હાટકેશ્વરનું ભવ્ય પ્રાચીન મંદિર આવેલું છે. ખરી રીતે તો હાટકેશ્વર ક્ષેત્રના અધિષ્ઠાતા અને નાગરોના ઇષ્ટદેવ હાટકેશ્વરના મંદિર પાસેનો આ દરવાજો હાટકેશ્વરનો દરવાજો કહી શકાય. ઓળ એટલે 'લાઈન'–હાર. અહીં નદી ઓળ એટલે નદીઓની હાર નહિ પણ નદી તરફ જવાના રસ્તાની લાઈન–હાર એમ સમજી શકાય. આજે આ શહેરમાં કેટલાક મહોલ્લા પણ ઓળથી જાણીતા છે. તેમાં છીપા-ઓળ, ધીણોજા-ઓળ મુખ્ય ગણાવી શકાય. અહીં તે તે જ્ઞાતિઓનો સમૂહ નિવાસ કરતો હોવાથી તેમના મહોલ્લાઓને "ઓળ" તરીકે ઓળખાવ્યો છે. આમ "ઓળ" એટલે હાર અગર 'ત્યાં જવાનો માર્ગ'. આ દરવાજેથી નદી તરફ જવાનો માર્ગ હોવો જોઈએ. આ દરવાજેથી લગભગ દોઢ ગાઉ દૂર રૂપેણ નદીનો પ્રવાહ આજે પણ વહે છે. આ સિવાય દરવાજાની નજદીક કપિલા નદીનો પ્રવાહ પહેલાં વહેતો હતો એમ ત્યાંના વૃદ્ધો પાસેથી જાણવા મળે છે. નાગરખંડમાં, અહીં કપિલા નામની નદી હતી તેનું માહાત્મ્ય આપેલું છે.[4] આમ, આ દરવાજા પાસે નદી હોવાને કારણે અગર ત્યાંથી નદીના પ્રવાહ ઉપર જવાનો માર્ગ હોવાથી દરવાજાનું નામ લોકોએ 'નદીઓળ' રાખ્યું હશે એમ લાગે છે.

ઉત્તર તરફના દરવાજાનું નામ 'અરજણ બારી' છે. તેનું સંસ્કૃત અભિધાન 'અર્જુનદ્વાર'. આ દરવાજાની ભીંતમાં કવિવર શ્રીપાળરચિત પ્રાકારપ્રશસ્તિ, એક મોટી આરસની શિલામાં કોતરેલી છે. આ પ્રાકારપ્રશસ્તિમાંથી દરવાજાના નામનો કોઈ ઉલ્લેખ મળતો નથી, પરંતુ

---

૧ બીજાં તીરથ અનેક કહેવાયરે, ગંગા ને જમના રે.
અમરકુંડ નહાયે અમર થાય, મુક્તિ સુરગંગા રે. જુઓ 'વડનગર'; લેખક : કનૈયાલાલ દવે.

૨ નાગરખંડ અ. ૯૨–૫૨.

૩ અમતોળે અષાડદેવી માત. તીરથ અન્ય સાજે રે, 'વડનગર'–પરિશિષ્ટ ૨, પા. ૧૪૨. કર્તા: કનૈયાલાલ દવે.

૪ નાગરખંડ, અ. ૫૨.

પાછળથી તેનો જીર્ણોદ્ધાર સંવત ૧૬૮માં થયેલો તે સમયે બે નવા શ્લોકો કોતરાવ્યા છે. તેમાં આ પુરદ્વાર—પ્રતોલિકાનું અર્જુન દ્વાર નામ નોંધ્યું છે.[1] આથી વિક્રમના સત્તરમા સૈકામાં આ દરવાજો અર્જુનદ્વારથી જાણીતો હતો. અર્થાત્ દરવાજાનું નામ પ્રાચીન પરંપરાગત ઊતરી આવ્યું છે. સંવત ૧૬૮૯ એટલે ઈ. સ. ૧૬૩૩માં ગુજરાત ઉપર દિલ્હીની સલ્તનત ચાલતી હોવાથી, શાહજહાં પાદશાહના રાજ્યકાળમાં અમદાવાદનો સૂબો શેખ તુવેર નિમાયો હતો. તેના અમલ દરમિયાન આ દરવાજાનો પુનરોદ્ધાર મીર્ઝાબેગે કરાવ્યો હોવાનું પ્રશસ્તિ નીચે લખાયેલા શ્લોકો ઉપરથી જણાય છે.[2] આ મીર્ઝાબેગ કોણ હતો ને કયો હોદ્દો ધરાવતો હતો તે વિશેની કોઈ હકીકત મળતી નથી; પણ શ્લોકમાં તેને રાજા તરીકે સંબોધ્યો છે. આ સમયમાં કોઈ મીર્ઝાબેગ નામનો સૂબો થયો નથી, તેમ જ પાટણ સરકાર (જિલ્લા)નો વહીવટ કરનાર આ નામનો કોઇ શાહી અમલદાર થયો હોવાનું જણાતું નથી. બીજું આ મીર્ઝાનું નામ પણ સ્પષ્ટ રીતે વંચાતું નથી; ફક્ત લતફહા એટલું જ જાણી શકાય છે. આવા સંદિગ્ધ નામવાળા મીર્ઝાબેગ સંબંધી કોઈ હકીકત તવારીખોમાંથી ન મળે તે બનવાજોગ છે. ફક્ત એટલું જ કહી શકાય કે, તે સમયમાં આ અમલદાર વડનગર—આબુ બાજુના સમગ્ર પ્રદેશ ઉપર શાસન ચલાવતો હશે, જેથી તેનું નામ આ શ્લોકમાં સચવાયું છે, જેણે આ પ્રતોલિકા નવીન બંધાવી હતી.

આ પ્રતોલિકાનું "અર્જુનદ્વાર" નામ અર્જુન નામની કોઈ વ્યક્તિ સાથે સંબંધ ધરાવે છે. તેના માટે કોઈ પૌરાણિક હકીકત જાણવા મળી નથી. નાગરખંડમાંથી પણ આ શહેરના દરવાજા વિશે કોઈ હકીકત મળતી નથી. પૌરાણિક હકીકત તરીકે અર્જુન તીર્થયાત્રા કરવા નીકળ્યો ત્યારે હાટકેશ્વરક્ષેત્રમાં આવ્યો હોવાનું નાગરખંડ કહે છે.[3] તેણે અહીં વિનાયક-ગૌરેય, નરાદિત્ય અને બીજા દેવોની સ્થાપના કરેલી. આ દરવાજાની નજદીકમાં ગોરવાડથી જાણીતો મહોલ્લો આવેલો છે. ગોરવાડો એ ગૌરેયવાડા ઉપથી ઊતરી આવેલ નામ જણાય છે. પ્રાચીનકાળમાં શ્રદ્ધેય સમાજે અહીંના વિનાયક-ગૌરેયને અનુલક્ષી ગૌરેયવાડો નામ આ મોહોલ્લાનું રાખ્યું હોય એ સંભવિત છે. કદાચ અર્જુને સ્થાપેલ ગણપતિ અહીં કલ્પી આ દરવાજાનું નામ પણ તેના નામ ઉપરથી અર્જુનદ્વાર પાડયું હોવાનો તર્ક જાય છે. આ સિવાય આ દરવાજા માટે એક દંતકથા અહીંના સમાજમાં પ્રચલિત છે. વડનગરથી છ માઈલ દૂર વઘવાની ગામ પાસે બાણગંગા નદી વહે છે. અર્જુન તીર્થયાત્રા કરવા નીકળ્યો ત્યારે તે અહીં હાટકેશ્વરક્ષેત્રમાં આવ્યો હતો. એક વખત ગાયો તરસી થવાથી અર્જુને બાણ મારી આ નદી પ્રકટ કર્યાં, તેથી તે બાણગંગાથી પ્રસિદ્ધ છે. તે વખતે અર્જુન આ દરવાજેથી નીકળ્યો તેથી તેનું નામ અર્જુનદ્વાર પડયું. આજે પણ બાણગંગા જવાનો માર્ગ અહીંથી જ જાય છે.

---

૧ चौलुक्यनाम्ना ह्यधिपेन कारिता प्रतोलिका यार्जुन वारिक्रोपनत् ।
पुनर्नवीना लतफहा तब बेगमीर्झाने-नेन नृपेण कारिता ॥ १.
વડનગર પ્રાકારપ્રશસ્તિ ॥ ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો, ભા. ૨. પા. ૪૪

૨ એજન

૩ तीर्थयात्राकृतारंभे कुंतिपुत्रो धनंजय : ।
हाटकेश्वरजे क्षेत्रे समायातो द्विजोत्तमाः ॥ १७ ॥ નાગરખંડ, અ. ૬૦

આનર્તના આ ભૂવિભાગનો "હાટકેશ્વરક્ષેત્ર" તરીકે પુરાણકારે નિર્દેશ કર્યો છે. નાગરખંડમાં તેની વિસ્તૃત હકીકત આપતાં પુરાણકાર કહે છે કે અહીં બ્રહ્માએ હાટક-સુવર્ણનું લિંગ સ્થાપી પૂજન કર્યું. તેથી શિવનું નામ હાટકેશ્વર પડયું.[1] તેમના નામ ઉપરથી આ ભૂવિભાગ હાટકેશ્વરક્ષેત્ર તરીકે સુપ્રસિદ્ધ બન્યો. ત્યાં વસતા પ્રજાજનોએ—નાગરોએ તેમને ઇષ્ટદેવ તરીકે સ્વીકાર્યા. સમસ્ત નાગર પ્રજા તેમને પૂર્ણ શ્રદ્ધાભક્તિથી પૂજે છે, વંદે છે. નાગલોકો પણ હાટકેશ્વરનું પૂજન કરવા અહીં લીલ-વિવર દ્વારા પાતાલમાંથી આવતા હતા. પૌરાણિક રૂપકોમાંથી એટલું તો સ્પષ્ટ જણાય છે કે અહીંના પૌરજનો શૈવ ધર્મના ચુસ્ત અનુયાયી હતા. પ્રાચીન નાગપ્રજા પણ શૈવ ધર્મ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા સેવતી હોવાથી, તે લોકો અહીંના સુવર્ણમય શિવલિંગના દર્શન, પૂજન, અર્ચન માટે આવતા હોવા જોઈએ. ગુપ્ત કાળમાં સુવર્ણનો પ્રચાર છૂટથી રાજાપ્રજા ઉભયમાં થતો. મહાપ્રતાપી સમુદ્રગુપ્ત અને ચન્દ્રગુપ્ત બીજાના રાજ્યકાળમાં પ્રજામાં એટલું બધું સોનું વહેંચાયું હતું કે બીજા કોઈ રાજાએ આવી રીતે સુવર્ણ આપ્યું નહિ હોય ! [2]સ્વ. ડૉ. કે. પી. જાયસ્વાલનું આ કથન તત્કાલીન સમૃદ્ધિ અને સુવર્ણના પ્રચારની માહિતી રજૂ કરે છે. આથી આ નગરની સ્થાપના વખતે અહીંના શાસકે અગર તો પ્રજાના કોઈ ધનકુબેરે સુવર્ણનું શિવલિંગ સ્થાપી તેનું હાટકેશ્વર નામ રાખ્યું હશે. આથી જ આ શિવલિંગની ખ્યાતિ સારાયે ભારતમાં ફેલાઈ. દૂર દૂરથી આવા અદ્દભુત શિવલિંગના દર્શને લોકો આવતા હતા. આ કાળમાં સુવર્ણનાં શિવલિંગ સ્થાપવાનો પ્રચાર પણ હતો. પદ્માવતીમાં સુવર્ણબિંદુ નામક શિવલિંગ સ્થાપવામાં આવેલું.[3] જે સુવર્ણનું હશે એનું સૂચન તેના નામ પરથી થાય છે. પદ્માવતીનું ગૌરવપૂર્ણ વર્ણન ઇન્ડિયન ઍન્ટીકવેરીમાં આપેલું છે. તેમાં તેની સ્થાપના સુવર્ણ અને રજતયુગના મધ્ય ભાગે પદ્મ નામના નરેન્દ્રે કરી હોવાનું જણાવ્યું છે.[4] આમ હાટકેશ્વરનું શિવલિંગ સુવર્ણ શિવલિંગનું સ્થાપેલું હોય તે માન્યતાને પુષ્ટિ મળે છે. આ શિવલિંગનું શું થયું અને પાષાણનું લિંગ ક્યારે સ્થપાયું તે અંગેની કોઈ ઐતિહાસિક માહિતી સાંપડતી નથી. કુમારપાળે બંધાવેલ આ નગરના પ્રાકારકોટ વખતે આ લોકમાન્ય મંદિરને શહેર બહાર શાથી રાખ્યું તે પણ એક કોયડો જ છે. તેના માટે એટલું જ વિચારી શકાય કે આ પ્રાચીન મંદિર નગરથી ઘણા જ નીચાણવાળા ભાગમાં આવેલું હોવાને કારણે, કિલ્લાની અંદર સમાવી લેવામાં કેટલીક પ્રતિકૂળતા તત્કાલીન વ્યવસ્થાપકને કે તેના શિલ્પીને લાગી હશે જેથી દરવાજા નજદીકમાં જ આ મંદિર બહાર રહેવા પામ્યું. હાલનું મંદિર સત્તરમા સૈકામાં બંધાયું હોય એમ લાગે છે; કારણ ઔરંગઝેબે અહીંના પ્રાચીન મંદિરને તોડી પાડી નષ્ટ કરવા, વડનગરના અમલદાર મહંમદ મુબારીજ બાબી ઉપર હુકમ મોકલ્યો હતો.[5] આમ સત્તરમા સૈકામાં આ પ્રાચીન મંદિર મુસલમાનોએ તોડેલું, પરંતુ ત્યારબાદ પરિસ્થિતિ સુધરતાં હાલનું મંદિર નવેસરથી બાંધવામાં આવ્યું. હાલનું મંદિર શિલ્પ-સ્થાપત્યના નિયમ પ્રમાણે એક

---

૧ એજન, અ. ૪-૬૨ થી ૬૬.

૨ અંધકારયુગીન ભારત, લેખક શ્રી. ડૉ. કે. પી. જાયસ્વાલ પા. ૪૫૦.

૩ એજન, પા. ૨૦.

૪ ઇન્ડિયન ઍંટિકવેરી, ખંડ ૧, પા. ૧૪૯.

૫ ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ, પા. ૧૧૮, લે. ગોવિંદભાઈ હા. દેસાઈ.

ભવ્ય ચતુર્મુખ મહાપ્રાસાદ છે. તેનો મોટો ભાગો આજે પણ જમીનમાં દટાઈ ગયો હોઇ, તેની જગતી અને બીજા કેટલાક ભાગો કોઈ કોઈ સ્થળેથી પુરાઈ ગયા છે. શિલ્પશાસ્ત્રના નિયમાનુસાર બનાવેલું આ મંદિર કલાનો એક ઉત્કૃષ્ટ નમૂનો છે. વડનગરનાં સ્થળનામોમાં મહોલ્લા કે પોળોનાં નામોમાંથી કોઈ વિશિષ્ટ હકીકત મળતી નથી. શહેરના મધ્યમાં આવેલ કુણિયાનો માઢ, જેમાં વૈશ્યોની સારી એવી વસ્તી હતી. આ મહોલ્લામાં પહેલા કણિયા-અનાજના વેપારીઓ રહેતા હશે, જેથી પોળનું નામ કણિયાનો માઢ પડ્યું હોવું જોઈએ, આજે લોકો તેને "કુણિયાનો માઢ' કહે છે. આ સિવાય વિવિધ જાતિઓ કે ધંધાદારી લોકોના નામ ઉપરથી ધીણોજા ઓળ, છીપા ઓળ, મોઢવાડો, વૈદ્યવાડો, સલાટવાડો વગેરે નામો મહોલ્લાઓનાં પડ્યાં છે. આ બધા મહોલ્લાઓ પૈકી માહીવાડો નામનો એક મહોલ્લો છે, જેની પાછળ એક રસિક આખ્યાયિકા સંકળાઈ છે, જેની વિગતપૂર્ણ માહિતી નાગરખંડમાંથી મળે છે.

વૈદ્યવાડાથી બજાર તરફ જતાં રસ્તામાં માહીવાડા નામથી જાણીતો મહોલ્લો આવે છે. આ નામના મૂળ વિશે સ્થાનિક માણસોને ખાસ ખ્યાલ નથી. વૃદ્ધજનોને પૂછતાં માહીમાતાના નામથી તે નામ પડ્યું હોવાનું કહે છે. નાગરખંડની આખ્યાયિકામાં જણાવ્યા પ્રમાણે,[1] વિદિશામાં જ્યારે ચિત્રવર્મા રાજા રાજ્ય કરતો હતો ત્યારે ત્યાં મણિભદ્ર નામનો એક અતુલ લક્ષ્મીવાન ક્ષત્રિય રહેતો, તે સર્વાંગે વિરૂપ, અષ્ટાવક્ર હોવા છતાં, તેને ત્યાંના કોઈ માણસે ધનના લોભે સ્વરૂપવાન કન્યા આપી. આ માણસ પાસે વિપુલ દ્રવ્ય હોવા છતાં તે ખૂબ કંજુસ હતો. એક વખત પુષ્પ નામનો બ્રાહ્મણ આ નગરમાં આવી પડ્યો. આ મણિભદ્ર અવારનવાર બ્રાહ્મણને બોલાવી જમાડતો, પણ એવી શરત કરીને કે તેણે મણિભદ્રની સ્ત્રીના સામું જોવું નહિ. મણિભદ્રે પેલા પુષ્પ બ્રાહ્મણને પોતાની શરત મુજબ એક વખત જમવા બોલાવ્યો. તે જમવા બેઠો ત્યારે તેની સ્ત્રી પીરસવા આવી છતાં તેણે તેના સામું જોયું નહિ ફક્ત પગ સામે જ નજર કરી. પછી તો જ્યારે જ્યારે તે પીરસવા આવતી ત્યારે આ પુષ્પ તેના સામું સીધી કે આડકતરી રીતે જોવા લાગ્યો. આથી મણિભદ્રે પેલી શરત યાદ કરી ધમકાવ્યો છતાં તેણે તે સ્ત્રી સામે જોવાનું ચાલુ રાખ્યું; આથી મણિભદ્રે પોતાના દ્વારપાળ પાસે પુષ્પને ખૂબ માર મરાવી કાઢી મૂક્યો. લોકોએ પેલા બ્રાહ્મણને કહ્યું, "મહારાજ! તમે અહીં શા માટે જમવા આવ્યા? આ મૂર્ખ, કપટી અને કુરૂપ મણિભદ્રે ઘણાને જમવા બોલાવી માર માર્યો છે. તમે કોઈ અજાણ્યા નવા પરદેશી લાગો છો." પુષ્પે પોતાની બધી હકીકત લોકોને જણાવી. લોકોએ એની માવજત કરી અને જમવા આગ્રહ કર્યો, પણ તેણે અન્નજળ નહિ લેવાનો નિશ્ચય કર્યો; અને જણાવ્યું, "કોઈ સિદ્ધસ્થાનમાં જઈને ઉપાસના કરી આ મણિભદ્ર ઉપર વેર લઈશ ત્યારે જ ભોજન કરીશ. આથી ત્યાંના કોઈએ કહ્યું, જો તમારે જલદીથી સિદ્ધિ મેળવવી હોય તો તમે ચમત્કારપુરમાં જઈ યાજ્ઞવલ્ક્યે સ્થાપેલ સૂર્ય ભગવાનની ઉપાસના કરો. ત્યાં શારદા નામની દેવી છે તે પણ સદ્યઃ સિદ્ધિદાયિની છે, માટે ત્યાં જાઓ." આથી પુષ્પ ચમત્કારપુરમાં આવ્યો અને યાજ્ઞવલ્ક્યે સ્થાપેલ સૂર્યની આરાધના કરવા લાગ્યો. આરાધના કરતાં ઘણો કાળ ગયો પણ સૂર્ય પ્રસન્ન થયા નહિ તેથી કંટાળી, તેણે અગ્નિ સ્થાપન કર્યું અને પોતાના શરીરમાંથી માંસ કાપી હોમવા લાગ્યો. આવી ભયંકર ઉપાસના કરવાથી સૂર્યનારાયણ પ્રત્યક્ષ થયા અને ઇપ્સિત કાર્ય હોય તે કરી

---

૧ નાગરખંડ, અ. ૧૫૭ થી ૧૬૧.

આપવા જણાવ્યું. પુષ્પે માગ્યું, "ભગવાન, જો તમે પ્રસન્ન થયા હો તો બે ગુટિકા–ગોળીઓ આપો; જે પૈકી એક મોમાં રાખું ત્યારે પેલા મણિભદ્ર જેવું સ્વરૂપ થાય, અને તે કાઢી બીજી ગોળી મોંમાં લઉં તો મારા આ પૂર્વ સ્વરૂપને પ્રાપ્ત કરું." સૂર્યનારાયણે પુષ્પને એક કાળી અને બીજી ધોળી એમ બે ગોળીઓ આપી, અને તેની માગણી પ્રમાણે રૂપ-પરિવર્તનની યોજના સમજાવી તેના શરીર ઉપર હાથ ફેરવ્યો જેથી પુષ્પનું શરીર જે હોમ કરવાથી છિન્નભિન્ન થઈ ગયું હતું તે પૂર્વવત્ સારું થઈ ગયું. આ પુષ્પ બ્રાહ્મણ પછી વિદિશા ગયો અને પેલી ગુટિકા મોંમાં રાખી, મણિભદ્રના સ્વરૂપે, લાગ જોઈ તેના ઘરમાં દાખલ થયો. ઘરમાં જઈ ચોકીદારને બોલાવ્યો, તેને વસ્ત્રાલંકાર આપી ખુશ કર્યો અને કહ્યું. "મારા જેવા સ્વરૂપવાળા આ નગરમાં ઘણા આવ્યા છે; જો તે ઘરમાં પેસવા આવે તો તેને મારી, કાઢી મૂકજે." પેલી સ્ત્રીને બોલાવીને કહ્યું, "તારા પિતા સાધનસંપન્ન નથી, તો તેમને બોલાવ, મારે તેમની ઇચ્છા પરિપૂર્ણ કરવી છે." પછી તેણે પોતાના સસરાને દ્રવ્ય આપી પ્રસન્ન કર્યા. સ્ત્રીને પણ સારાં વસ્ત્રો, અલંકારો આપી ખુશ કરી. પેલો ખરો મણિભદ્ર ઘેર આવ્યો અને જેવો ઘરમાં જવા લાગ્યો કે તુરત જ તેના દ્વારપાળે તેને રોક્યો. જ્યારે દ્વારપાળનું મણિભદ્રે માન્યું નહિ ત્યારે તેને ખૂબ માર માર્યો અને રસ્તામાં ફેંકી દીધો. લોકો પેલા ચોકીદારને ઠપકો આપવા લાગ્યા, ત્યારે તે કહેવા લાગ્યો, "મારા શેઠ તો ઘરમાં છે, આ કોઈ વેશધારી મણિભદ્ર લાગે છે." લોકોનો કોલાહલ સાંભળી પુષ્પ, મણિભદ્રના સ્વરૂપમાં બહાર આવ્યો, ત્યારે પેલો સાચો મણિભદ્ર કહેવા લાગ્યો, "અલ્યા! તું મારું સ્વરૂપ લઈ ઘરમાં પેઠો છે, પણ યાદ રાખજે હું તને રાજા પાસે લઈ જઈ યોગ્ય શિક્ષા ન કરાવું તો મારું નામ મણિભદ્ર નહિ." આમ બંને જણા લઢવા લાગ્યા અને રાજા પાસે ન્યાય કરાવવા ગયા. રાજા પણ વિસ્મય પામ્યો. બંનેનું એક જ રૂપ, એકસરખી વાણી, પછી રાજાએ બંનેને કેટલાક પ્રશ્નો પૂછ્યા. તેના જવાબો પણ બંનેના એકસરખા જ આવ્યા આથી રાજાએ તેની સ્ત્રીને આ પૈકી તેનો સાચો પતિ કોણ તે વિષે પૂછ્યું. સ્ત્રીએ પુષ્પ બ્રાહ્મણને પોતાના સાચા પતિ તરીકે ઓળખાવ્યો કારણ કે તે એને પૂર્ણ સંતોષ આપતો હતો. આથી સાચા મણિભદ્રને વેશધારી છે એમ માની તેને શૂલી પર ચડાવવા હુકમ કર્યો. મણિભદ્રે ઘણો વિલાપ કર્યો અને કહ્યું, "નિર્દયતા, કુટિલતા, દ્રોહ, દુષ્ટતા અને કપટ વગેરે દોષો ખરેખર કુટલ સ્ત્રીઓમાં જ હોય છે."

પુષ્પ બ્રાહ્મણ જે મણિભદ્રના સ્વરૂપમાં હતો, તે પેલા મણિભદ્રની સ્ત્રી માહિકાને લઈ ઘેર ગયો અને તેની સાથે સુખચેનમાં જીવન ચલાવવા લાગ્યો. તેણે સગાં-સંબંધી અને બ્રાહ્મણોને બોલાવી વસ્ત્રાલંકાર આપી પ્રસન્ન કર્યાં. પોતાના પતિનું આવું વિચિત્ર વર્તન જોઈ માહિકાએ એક રાત્રિએ તેને પૂછ્યું "તમે કોણ છો, તમે મણિભદ્રના સ્વરૂપમાં બીજા તો કોઈ નથી? તમારા ઉદાર વર્તનથી મને શક જાય છે." ત્યારે પુષ્પે પોતાની બધી હકીકત જણાવી અને પોતાના કૃત્રિમ સ્વરૂપનો એકરાર કર્યો. કેવળ વેર લેવાના ઉપક્રમે સૂર્યની કૃપાથી મણિભદ્રનું સ્વરૂપ ધારણ કર્યું હતું એવી વાત કરી, પેલી ગુટિકા બહાર કાઢી નાખી, તેણે પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું. આથી માહિકા પ્રસન્ન થઈ. પોતાને યોગ્ય સ્વરૂપવાન પતિ મળતા સંતોષ થયો પુષ્પે તેની સાથે કેટલાંય વર્ષો ગાળ્યાં પણ હૃદયમાં મણિભદ્રનું સર્વસ્વ પડાવી લઈ તેનો નાશ કર્યો તેનું પાપ સદાય ખટકતું. તેનું પ્રાયશ્ચિત કરવા તેણે વિચાર્યું. પુત્રોને દ્રવ્યના વિભાગ પાડી

આપ્યા અને તે તથા તેની સ્ત્રી માહિકા ચમત્કારપુરમાં વિદ્વાનો પાસે પ્રાયશ્ચિત્ત માટે આવ્યાં. તેણે જે સૂર્યની આરાધના કરી હતી તેમનો ભવ્ય પ્રાસાદ બંધાવ્યો, જેનું નામ પુષ્પાદિત્ય રાખ્યું. તેની સ્ત્રીએ આ નગરમાં દુર્ગાની સ્થાપના કરી મંદિર બંધાવ્યું અને દેવીનું નામ માહિકા કે માહિત્થા રાખ્યું.[1] આજે અહીંના માહિવાડમાં કૂવા પાસે નાની માહિકાદેવીની કુલિકા છે. વિસનગરમાં આ નામનો મહોલ્લો છે. વડનગરથી સ્થળાંતર કરી વિસનગરમાં આવી રહેલા નાગરોએ, આ નવીન શહેરમાં પોતાના પ્રાચીન મહોલ્લાનું નામ કાયમ રાખવા અહીં પણ 'માહીવાડો' નામ રાખ્યું હશે એમ લાગે છે.

માહિવાડાથી દક્ષિણમાં જતાં વૈદવાડા પાસે અટાળાથી જાણીતો મહોલ્લો છે. સામાન્યતઃ અટાળો એટલે નિરુપયોગી વસ્તુઓ, કચરો, પૂંજો વગેરેને કહી શકાય. પહેલાં અહીં તેવી વસ્તુઓ કે કચરો નાખવાની જગ્યા હોય અને તે કારણથી આ મહોલ્લાનું આવું નામ પડયું હોય. નાગરખંડમાં અટરાજા અને અટેશ્વરની આખ્યાયિકા આપેલી છે. તેમાં જણાવ્યા પ્રમાણે, આનર્તનો રાજા બૃહદ્બલ યુદ્ધમાં નાશ પામ્યો અને તેની પાંચસો સ્ત્રીઓએ બ્રાહ્મણ દ્વારા બ્રહ્મક્ષત્ર પ્રજા ઉત્પન્ન કરી. આ રાણીઓમાંની એક દશાર્ણ રાજાની કન્યા હતી, તેને વનમાં ફરતાં એક બ્રાહ્મણ સાથે પ્રેમ થતાં તેને પુત્ર થયો જેનું નામ અટ રાખ્યું. તે રાજા થયો ત્યારે તેણે આ નગરમાં અટેશ્વરનું શિવલિંગ સ્થાપ્યું.[2] આ આખ્યાયિકા પરથી જણાય છે કે આ મહોલ્લાની નજદીકમાં પૂર્વકાળે અટેશ્વરનું સ્થાન હશે, જેના ઉપરથી મહોલ્લાનું નામ પણ લોકોએ અટેશ્વરની પોળ જેવું રાખ્યું હોય, જે પાછળથી અટાળા તરીકે ઓળખાતું થયું હશે. વડનગરનાં સ્થળનામોમાં કેટલાંયે સ્થાનો નાગરખંડની ચિત્રવિચિત્ર આખ્યાયિકાઓ ઉપરથી પડયાં હોવાનું સમજાય છે. આથી અટાળા નામ અટેશ્વરને અનુલક્ષી રાખ્યું હોય તેમ માનવાને કારણ છે.

આ શહેરની આજુબાજુ અનેક તીર્થો આવેલાં છે, જેની જુદી જુદી આખ્યાયિકાઓ નાગરખંડમાંથી મળે છે. ટૂંકમાં આ નગરની ચારે બાજુ સેંકડો તીર્થો આવેલાં હતાં, જેમાંથી કેટલાંક તો ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વની હકીકતો રજૂ કરે છે. અબુલફઝલ 'આઈને અકબરી'માં જણાવે છે કે, આ શહેરમાં નાનાંમોટાં ત્રણ હજાર મંદિરો હતાં જેની પાસે એક તળાવ આવેલું.[3] અબુલફઝલની આ હકીકતમાં કદાચ અતિશયોક્તિ હશે પરંતુ એ હકીકત સાચી છે કે આ શહેરની આજુબાજુ આજે પણ નાનાંમોટાં અનેક તળાવડાં આવેલાં છે. આ બધામાં સૌથી વધુ પ્રસિદ્ધ શહેરના મધ્ય ભાગે આવેલું શર્મિષ્ઠા–સમેળા તળાવ છે. આ તળાવનો વિસ્તાર અને તેની આયોજના જોતાં જાણે આ શહેર તળાવના કિનારા ઉપર ચારે બાજુ વસ્યું હોય તેમ લાગે છે. તળાવમાં ઊતરવા માટે પગથિયાં અને ઓવારાઓ બાંધેલા છે.

---

૧ पुष्पेण दाने दत्तेथ समंतेनाग्रजन्मनाम् ॥ मध्यगेनकृतं नाम पुष्पादित्य इति श्रुतम् ॥
तत्पत्न्या चापिया तत्र दुर्गादेवी द्विजोत्तमाः ॥ नाम्नामाहिकयानाम माहित्येव च साभवत् ॥
१३-१४
नागरखंड, अ. १६१.

૨ સ્કં. નાગરખંડ, અ. ૧૨૭–૨૮.

૩ આઇને અકબરી, વૉ. ૨, પા. ૨૪૨.

કેટલેક ઠેકાણે તેમાં સુંદર ધારો બનાવી તેની શોભામાં વધારો કર્યો છે. આ તળાવનું નામ શર્મિષ્ઠા શાથી પડયું તેના માટે નાગરખંડની આખ્યાયિકાનો મુખ્ય આધાર છે. પૌરાણિક કથામાંથી કોઈ ઐતિહાસિક તત્ત્વ ઉપલબ્ધ થઈ શકતું નથી. વૃષ રાજાની કન્યા શર્મિષ્ઠા પૂર્વના કર્મવિપાકથી વિષકન્યા થઈ. તેણે તપશ્ચર્યા કરી પાર્વતીને પ્રસન્ન કર્યાં અને તેના નામથી આ સરોવર 'શર્મિષ્ઠા' તરીકે વિખ્યાત બન્યું.[1] સ્કંદના નાગરખંડમાં આની નોંધ હોવાથી તે પુરાણપ્રાચીન તળાવ છે એટલું જ કહી શકાય. આ તળાવ બંધાવનાર વિશે કશી માહિતી મળતી નથી, પણ તેની રચના શિલ્પ–સ્થાપત્યના નિયમાનુસાર થઈ હોવાથી તેનું નિર્માણ પ્રાચીનકાળમાં થયું હશે એમ માની શકાય. તેની રચના જોતાં તે સહસ્રલિંગ સરોવરની અનુકૃતિ જેવું લાગે છે. સહસ્રલિંગમાં જેમ નહેર દ્વારા સરસ્વતીનું જળ આવતું તેમ, આ સરોવરમાં પણ સાબરમતીમાંથી નહેર કાઢી અક્ષય જળ ભરવામાં આવતું. સહસ્રલિંગમાં જળને સ્થિર કરવા રુદ્રકૂપની યોજના હતી, તેમ આ સરોવરનું જળ ત્રણ મોટા કુંડોમાં ગળાઈ શર્મિષ્ઠામાં આવતું હતું એમ આજે પણ જણાય છે. આ સરોવર સિદ્ધરાજે બંધાવ્યું હોવાની લોકોક્તિ છે.

"વડનગરમાં જઈ સધરે સમેળા ખોદાવ્યું, ત્રણસેંને સાઠ પગથિયાં બંધાવ્યાં જો." લોકગીતની આ પંક્તિ સિદ્ધરાજે તે બંધાવ્યું હોવાનું સૂચવે છે, જેને માટે કોઈ ઐતિહાસિક પુરાવો હજી સુધી મળ્યો નથીં, છતાં સિદ્ધરાજે મહાલયો, મહાયાત્રા અને મહાસરોવરો કરાવેલાં તે માન્યતા પ્રમાણે પોતાના રાજપુરોહિતો તેમ જ મહાદેવ, દાદાક જેવા રાજપુરુષોના નિવાસ-સ્થાન આ શૈવ મહાનગરમાં નવીન સરોવર બંધાવ્યું હોય તે બનવાજોગ છે. આથી આ સરોવર બારમા સૈકા જેટલું પ્રાચીન ગણાવી શકાય.

આવું જ બીજું તીર્થ તે નાગતીર્થ, જેને લોકો નાગધરાથી ઓળખે છે. આ નામ નાગ સાથેનો સંબંધ સૂચવે છે. શર્મિષ્ઠામાં આવતું સાબરમતીનું જળ નાગધરામાં શાંત થઈ, ત્યાંથી જલવીથિકા દ્વારા સરોવરમાં જાય છે. નાગરખંડમાં નાગોની આખ્યાયિકા આ સંબંધે જોવા મળે છે. તેમાં જણાવ્યું છે કે હાટકેશ્વર ક્ષેત્રમાં રહેતા નાગો આ તીર્થમાં વારંવાર સ્નાન, દાન, ધ્યાન, પૂજન, અર્ચનાદિ માટે અહીં આવતા. કેટલીક વખત તેઓને અહીંના નગરજનો સાથે વિગ્રહો પણ થયેલા. અહીં નાગદેવની એક મોટી પ્રતિમા તેના કિનારા ઉપર બેસાડેલી છે.

નાગતીર્થથી આગળ ભદ્રિકાતીર્થ છે. આજે લોકોમાં તે ભટેટીથી ઓળખાય છે. નાગતીર્થમાં આવતો પ્રવાહ, ભદ્રિકાતીર્થમાં થઈને આગળ જાય છે, તેની સાથે પણ નાગવિગ્રહની કેટલીક વાતો સંકળાયેલી છે. ભદ્રિકા નામની એક બ્રાહ્મણ કન્યા બાલવયે વિધવા થયેલી. સંગીત-કલાનો સારો અભ્યાસ હોવાથી, ભક્તિભાવપૂર્વક તે દરરોજ કેદારેશ્વર મહાદેવ પાસે જઈ સંગીતના આલાપસહ ગાન તથા નૃત્ય કરતી. આ કન્યાનું સંગીત એટલું સુમધુર અને શાસ્ત્રીય હતું કે શહેરના લોકો તે સાંભળવા વહેલી સવારથી મહાદેવના મંદિરમાં આવતા. તેની ખ્યાતિ સાંભળી, વાસુકી અને તક્ષક નાગો બ્રાહ્મણનું રૂપ લઈ, તેનું સંગીત સાંભળવા આવતા હતા. આ બ્રાહ્મણ કન્યા દેખાવમાં સુંદર હોવાથી, આ બંને નાગો તેને ઉપાડી પોતાના ઘેર લઈ ગયા. નાગોએ તેને લગ્ન કરવા સમજાવી પણ તે કન્યાએ માન્યું નહિ, ઊલટાનો શાપ આપ્યો, "તમોએ

---

૧ નાગરખંડ, અ. ૬૨.

મને બળજબરીથી અહીં લાવી, આવી દુષ્ટ ભાવના રજૂ કરી છે માટે તમારો નાશ થશે." નાગપત્નીઓને લાગ્યું કે આ પાપિણી ઘરમાં આવી છે તે, જો અહીં રહેશે તો અમારે નિત્ય કલેશ થશે એમ માની તે બધી સ્ત્રીઓ આ કન્યાને મારપીટ કરવા લાગી. તક્ષકે તેમ જ વાસુકીએ તેમની સ્ત્રીઓને તેમ કરતા રોકી અને જ્યાંથી લાવ્યા હતા ત્યાં તેને પાછી મૂકી આવ્યા. કન્યાને પાછી આવેલી જાણી તેનાં માતાપિતા ખુશ થયાં; પરંતુ ત્યાંના પૌરજનો આ કન્યા નાગલોકોને ત્યાં જઈ દૂષિત થઈ છે એમ માની તેનો તિરસ્કાર કરવા લાગ્યા. છેવટે બધાંએ મળી નિર્ણય કર્યો કે તેણે પોતાની શુદ્ધતા સાબિત કરવા અગ્નિમાં પડી શુદ્ધ થાય, તો તે દૂષિત નથી એમ માનવું. ભદ્રિકાએ ભગવાન કેદારેશ્વરનું સ્મરણ કરી અગ્નિપ્રવેશ કર્યો, અને શુદ્ધ થઈ બહાર આવી, લોકોએ તેને શુદ્ધ માની નગરમાં આવવા જણાવ્યું; પણ તેણે તો ત્યાં જ આશ્રમ બાંધી, ધર્મમય જીવન ગાળી આયુષ્ય સમાપ્ત કર્યું. અગ્નિપરીક્ષાની એની ચિતા હતી તે સ્થળ ભદ્રિકાતીર્થ તરીકે પ્રસિદ્ધ થયું.[૧] જે હાલ ભટેટીથી ઓળખાય છે. આ પૌરાણિક કથા, આનંદપુરના લોકોને અવારનવાર નાગલોકો સાથે સંઘર્ષ થતા તેનું રૂપક છે. નાગલોકો આ પ્રદેશમાં રહેતા હતા કે આવતા જતા રહેલા, તેની ઘણી કથાઓ નાગરખંડમાં સંગ્રહાયેલી છે, જેના આધારે અહીંના નાગરોનો નાગલોકો સાથે કોઈ સાંસ્કૃતિક સંબંધ હશે એવું અનુમાન કરી શકાય. પુરાતત્ત્વવિદ સ્વ. કે. પી. જાયસ્વાલે તેના માટે એવો નિર્દેશ કર્યો છે કે "નાગરો નાગ લોકોના પુરોહિતો હતા, આથી જ નાગ નામમાં 'ર' અક્ષર તેમની સાથેનો સંબંધ સૂચવે છે.[૩] મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા વડનગરમાં થયેલ ઉત્ખનનમાંથી એક પ્રાચીન પ્રતિમા–માતા અને શિશુની–મળી હતી,[૩/૧] માતાના એક હાથમાં બાળક અને બીજા હાથમાં ફૂલ, તેમ જ માથા ઉપર ફેણુનાળા નાગનું ચિહ્ન હતાં; આ નાગના ફેણુનું ચિહ્ન એ મૂર્તિનું વિશિષ્ટ લક્ષણ કહી શકાય. ફેણુવાળા નાગોનું ચિહ્ન મૂકવાની પ્રથા નાગો તેમ જ ભારશિવોના સમયમાં પ્રચાર પામી હોવાનું શ્રી. કે. પી. જાયસ્વાલે જણાવ્યું છે.[૪] વધુમાં ભારશિવો નાગો હતા એમ પણ તેમણે સાધક-બાધક પ્રમાણો દ્વારા પ્રતિપાદિત કર્યું છે.[૫] આ માતા અને શિશુની પ્રાચીન પ્રતિમાને નાગ–સંસ્કૃતિના એક પુરાતન અવશેષ તરીકે ગણાવી શકાય. આથી પુરાણપ્રોક્ત નાગો સાથેના સંઘર્ષની પૌરાણિક કથાઓ, ઐતિહાસિક દૃષ્ટિએ આ નગરના પ્રાક્કાલીન ઇતિહાસ ઉપર કેટલોક પ્રકાશ નાખે છે, તેટલું જ નહિ પણ આ પ્રદેશમાં નાગલોકોનો કદાચ ઉપનિવેશ હશે તેવો તર્ક કરવા પ્રેરે છે.

આ શહેરમાં એક એવું સ્થાન છે જેને લોકો "અદેખો પાણુ" નામથી ઓળખે છે. આ જગ્યા એક પડતર ખંડેર છે. ત્યાં એક જૂનું દહેરું છે પણ તેમાં મૂર્તિ કે શિવલિંગ જણાતું નથી. અહીંના લોકસમાજમાં આ સ્થાન માટે એટલો સજ્જડ વહેમ છે કે, તેની પાસેથી લગ્નના

---

૧ એજન અ. ૧૧૭.

૨ અંધકારયુગીન ભારત, પા. ૧૨૦.

૩/૧ સયાજીરાવ યુનિવર્સિટી જર્નલ, વડોદરા વો. ૪, નં. ૧, માર્ચ ૧૯૫૫.

૪ અંધકારયુગીન ભારત, પા. ૪૫૫, લેખક: કે. પી. જાયસ્વાલ.

૫ એજન, પા. ૧૪.

વરઘોડા કે મંગલકાર્યો માટે જતા-આવતા મનુષ્યો અહીં થઈને પસાર થતા નથી. તેના માટે ત્યાંના વૃદ્ધોને પૂછવામાં આવતાં, પ્રાચીનકાલથી ચાલ્યા આવતા વહેમની તેઓ વાત કરે છે. "અદેખો પાણુ" એટલે ઇર્ષા કરનારો પથ્થર, આવું નામ શાથી પડયું હશે તે સમજાતું નથી. ત્યાં કોઈ એવી પાષાણુ શિલા પણુ નથી. આ શહેરનાં કેટલાંયે સ્થળનામો સમયના વહેણુમાં રૂપાંતર પામ્યાં છે, તેવી રીતે "અદેખો પાણુ" નામ પણુ કોઈ પ્રાચીન નામનું વિકૃત સ્વરૂપ અવશેષ રૂપે રહ્યું હોય. નાગરખંડમાં એકાદશરુદ્રની સ્થાપના, કાશીથી આવેલ મહર્ષિઓએ કરી હોવાનું અ. ૨૭૬માં જણાવ્યું છે. આ અગિયારે રુદ્રનાં શિવલિંગો નહિ પણ મૂર્તિઓ સ્થાપવામાં આવેલી એમ પુરાણકારે સ્પષ્ટ જણાવેલ છે.[૧/૧] અગિયાર મહર્ષિઓએ પોતાના નામ ઉપરથી શિવ પ્રતિમાઓનાં નામ રાખેલાં તેમાં અજૈકપાદ નામના ઋષિ હતા, જેમણે પોતાના નામથી તેની પ્રતિમા સ્થાપી હતી.[૨/૨] અર્થાત્ આ મૂર્તિઓમાં "અજૈકપાદ" શિવની પ્રતિમા સ્થાપન કરવામાં આવેલી. પુરાણકારે જણાવેલ અગિયાર રુદ્રોનું શિવમંદિર કદાચ અહીં કોઈ સ્થાન ઉપર હશે, જે અજૈકપાદથી જાણીતું બનેલું. મુસલમાનોના રાજ્ય અમલમાં કેટલાયે હિન્દુ મંદિરો તેઓએ તોડી નાખેલાં, અગર તો મસ્જિદોમાં ફેરવી નાખેલાં એમ ઐતિહાસિક ઉલ્લેખો દ્વારા જણાય છે. એ જ પ્રમાણે અહીંનું શિવમંદિર તે લોકોએ તોડી નાખ્યું હોય; જેનો પ્રતિકાર કરતાં કેટલાયે હિન્દુઓએ બલિદાનો પણ આપ્યાં હશે. જેથી આ સ્થાન એક ગોઝારા સ્થળ તરીકે જાણીતું બન્યું હોય એવું અનુમાન કરી શકાય. આથી જ આવા ગોઝારા સ્થાન પાસે માંગલિક પ્રસંગોએ નહિ જવાનું ત્યાંના સમાજે સ્વીકારેલું, આ "અજૈકપાદ"થી ઓળખાતું મંદિર કદાચ "અદેખા પાણુ" તરીકે લોકોમાં રૂઢ બન્યું હોય એમ નાગરખંડની ઉપર્યુક્ત આખ્યાયિકા ઉપરથી લાગે છે. 'અજૈકપાદ' પરથી 'અદેખો પાણુ' એવું શબ્દ સ્વરૂપ ઘડાયું હોય, એ બીજા પુરાવાઓને અભાવે, અત્યારે તો માત્ર કલ્પના જ છે.

બીજું એક તળાવ શહેરથી પશ્ચિમમાં છે, જેને લોકો "સાકર સોળ"થી ઓળખે છે. તેના માટે એવી લોકોક્તિ છે કે નરસિંહ મહેતાના પુત્રની જાન અહીં આવી ત્યારે, તેમના વેવાઈએ આ તળાવમાં સાકરોની ગુણો નાખી જાનના માણસોને પાણી પાયું તેથી આ તળાવનું નામ સાકરસોળ પડયું. ઐતિહાસિક દૃષ્ટિએ, નરસિંહ મહેતા આ વડનગરમાં નહિ પણ, કાઠિયાવાડના વડનગરમાં જાન લઈ ગયા હતા એમ સ્વ. માનશંકર પીતાંબરદાસ મહેતાએ જણાવ્યું છે.[૩] આથી તળાવના નામનો અર્થ, લોકોની કલ્પનાનું જ પરિણામ હોય એમ લાગે છે. નાગરખંડમાંથી મળતાં કથાનકો અનુસાર અહીં યાજ્ઞવલ્કયના ગુરુ શાકલ્યનો આશ્રમ હતો, તે આશ્રમ પાસેનું તળાવ, શાકલ્યસર પૂર્વકાળમાં જાણીતું બનેલું. આ શાકલ્યસરનું પાછળથી સાકરસોળ થયાનું વધુ સંભવિત લાગે છે.

---

૧/૧ एकादश प्रकारा या मूर्तयो निर्मिता मया ।
एताभिरेव सर्वाभिः स्थास्याम्यत्र सदैव हि ॥ २८ ॥

નાગરખંડ, અ. ૨૭૬

૨/૨ अजैकपाद इत्युक्तः पंचमो मुनिसत्तम ॥ એજન અ. ૨૭૭–૨૩.

૩ કાઠિયાવાડનું વડનગર. લેખક : માનશંકર પીતાંબરદાસ મહેતા.

બજારથી અરજણબારી દરવાજા તરફ જતાં, ત્યાંના એક વિભાગનું નામ 'બારોટી બજાર' છે. બારોટી શબ્દ ઉપરથી બારોટ લોકોની જ્યાં ઘણી દુકાનો હોય તે બજાર, અગર શહેર બહાર ગામડામાંથી આવતા બહારના લોકોનું બજાર, એવો અર્થ નીકળી શકે. સ્થાનિક વૃદ્ધોને પૂછતાં, ત્યાં બાર દુકાનો હોવાથી તેનું નામ બારોટી પડયું એમ તેઓ જણાવે છે. આ નામ માટે કોઈ સંતોષકારક ઉકેલ આ બધામાંથી મળતો નથી. નાગરોના બે ભેદો છે: એક અભ્યંતર અને બીજો બાહ્ય. અભ્યંતર, જે નાગરોની મુખ્ય જ્ઞાતિ, તેમાંથી બહાર ગયા અગર જુદા થયા તે બાહ્ય. નાગરખંડમાં, બાહ્ય જ્ઞાતિ શા કારણે જુદી પડી તેને માટે પણ બેત્રણ આખ્યાયિકાઓ મળે છે. જે નાગરોને, નાગરજ્ઞાતિના નિયમોનું યોગ્ય પાલન નહિ કરવાથી, જ્ઞાતિ બાહ્ય કરવામાં આવેલા તેઓનો જુદો જથ્થો થયો. આ જુદા જથ્થાવાળાઓને બાહ્ય સંજ્ઞાથી ઓળખવામાં આવતા. ચમત્કારપુરના દેવશર્મા બ્રાહ્મણે રાજાને શ્રાદ્ધ કરાવ્યું તેથી તે જ્ઞાતિ બાહ્ય થયેલો.[1] સુશીલ નામના બ્રાહ્મણે દુર્વાસાને જ્ઞાતની રજા વગર મંદિર બાંધવા રજા આપી તેથી જ્ઞાતિ બહાર મૂકેલો,[2] ચંડશર્માએ વિદિશાના પુષ્પ બ્રાહ્મણને પ્રાયશ્ચિત કરાવી બનાવ્યો તેથી તે અને તેમાં ભાગ લેનારા બધા બાહ્ય થયેલા.[3] આમ જ્ઞાતિ બહાર મુકાયેલા નાગરોનો જુદો સમૂહ થયો તે બાહ્યથી જાણીતો બન્યો, આ બાહ્ય જ્ઞાતિ આજે પણ બારડથી ઓળખાય છે. આ બારડ લોકોની દુકાનો જ્યાં મુખ્ય હતી તે બારડોનું બજાર તે બારોડી કે બારોટીના નામથી ઓળખાતું થયું હોય. આ માટે કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતું નથી, પણ અનુમાનથી આવો યુક્તિસંગત તર્ક અહીં કર્યો છે.

છેલ્લે આ શહેરની વિશિષ્ટતા દર્શાવતા ચાચરની હકીકત રજૂ કરી મારું વ્યાખ્યાન સમાપ્ત કરીશ. વડનગરમાં જ્યાં જ્યાં ચાર રસ્તા જતા હોય અને ખુલ્લા ચોક આવેલા હોય તેને ચાચરા કહે છે. આવા ચાચરા પૈકી મોઢવાડાનો ચાચરો, કાળા વાસુદેવનો ચાચરો, ધીણોજા-ઓળે જૂનો ચાચરો કે કનેરીનો ચાચરો, વડનગરના મુખ્ય ચાચરા છે. માતાજી પાસેના ખુલ્લા ચોક જ્યાં જ્યાં હોય છે, ત્યાં તે બધા માતાજીના ચાચર તરીકે ઓળખાય છે, તેમ જ માતાજીના નામની જય બોલાવતી વખતે છેલ્લે "ચાચર ચોકની જય" તેના ભક્તો બોલાવે છે. આથી, જણાય છે કે પૂર્વકાળમાં ચાચરનું ધાર્મિક મહત્ત્વ ઘણું હતું. મહોલ્લાના મધ્ય ભાગે આવેલા ખુલ્લા ચોકને પણ ચાચર કહેવામાં આવતા. પાટણમાં તો ચાચરિયા નામનો સ્વતંત્ર મહોલ્લો છે, જેની અંદર નાનીમોટી અનેક પોળો આવેલી છે.

ધીણોજા ઓળ પાસેનો ચાચરો "કનેરીનો ચાચર" એ નામથી જાણીતો છે. તેને કેટલાક જૂનો ચાચરો પણ કહે છે. કનેરી નામ શાથી પડયું તે જાણવા કોઈ સાધન, પ્રમાણ કે લોકકથા મળી આવી નથી. વડનગરના ગરબામાં કનેરીનો દેવી તરીકે ઉલ્લેખ છે :

"જૂના ચાચરે કનેરીનો ઠાઠ, શંખ નારાયણ ગાતા રે."[4] આથી, કનેરીદેવીનું ત્યાં

---

૧ નાગરખંડ, અ. ૬૨.

૨ એજન, અ. ૩૭.

૩ એજન, અ. ૧૬૩,

૪ વડનગર, લેખક: કનૈયાલાલ, બો. પા. ૧૪૬.

સ્થાન હોય તેવો તર્ક જાય છે. મોઢવાડા પાસે જેમ મોઢેશ્વરીનું પ્રાચીન સ્થાન હતું, તેમ કનેરીના ચાચર પાસે તે નામની દેવીનું મંદિર હશે. તેની નજીકનો માડ પણ કનેરીના માડથી ઓળખાય છે. કનેરી નામની કોઈ દેવીનું નામ નાગરખંડમાંથી મળી આવતું નથી. કર્ણોત્પલાનું એક કથાનક મળ્યું છે, જેમાં સત્યસંધા રાજાની પુત્રી કર્ણોત્પલાએ તપશ્ચર્યા કરી પાર્વતીને પ્રસન્ન કર્યાં હતાં, તેમની કૃપાથી તેને નવયૌવન પ્રાપ્ત થયું હતું. ભગવાન સૂર્યે તેની સાથે વિવાહ કરી તેનું પ્રીતિ નામ રાખ્યું.[1] આ કથા દ્વારા એટલું સ્પષ્ટ થાય છે કે આ નામનું ત્યાં એક તીર્થ હતું. વધુમાં કર્ણોત્પલાએ દેવીની ઉપાસના કરેલી તેના ઉપરથી ત્યાં કર્ણોત્પલા કે કર્ણેશ્વરીનું દેવી-મંદિર પણ હોવું જોઈએ. આ મંદિર હાલના કનેરીના માડ પાસે હોવું જોઈએ. કર્ણેશ્વરીના નામ પરથી કનેરી દેવી થયાનું સંભવિત લાગે છે.

આ સિવાય બીજાં અનેક સ્થળો, માડ, સ્થળો, ચકલા કે તળાવો આ શહેરમાં આવેલ છે. જેને વિસ્તારભયથી આજની ચર્ચામાં સામેલ કર્યાં નથી. મોટે ભાગે વડનગરનાં સ્થળનામો સ્કંદના નાગરખંડમાં આપેલી પૌરાણિક આખ્યાયિકાઓના આધારે પડયાં હોવાનું જણાય છે. તે પૈકી કેટલાંકની સમાલોચના, તત્કાલીન ઐતિહાસિક હકીકતો સાથે તુલનાત્મક રીતે વિચારી જે તે નામોનો પરિચય આપવા પ્રયત્ન કર્યો છે. આ નગરની સ્થાપના ક્યારે થઈ, કોણે કરી વગેરે હકીકતો અત્રે ચર્ચી છે, છતાં તે વિવાદાસ્પદ વિષય હોવાથી ફક્ત અત્રે અનુમાનો અને મળતાં તત્કાલીન પ્રમાણો જ રજૂ કર્યાં છે. વડનગરનાં વિવિધ નામો માટે પણ નાગરખંડની પૌરાણિક હકીકતોને, ઐતિહાસિક દૃષ્ટિએ નિરૂપવાનો પ્રયત્ન કર્યો છે; છતાં તેને માટે વધુ ચર્ચાવિચારણાને અવકાશ તો છે જ. અંતમાં, ઉત્તર ગુજરાતના આ પ્રાચીન અને પૌરાણિક નગરનાં સ્થળ-નામોની યથાશક્ય સામગ્રી રજૂ કરવા મને જે પ્રસંગ આપ્યો છે તે બદલ 'સ્થળનામ સંસદ્'ના પ્રમુખ સાહેબનો આભાર માની મારું વક્તવ્ય પૂરું કરું છું.

---

૧ નાગરખંડ, અ. ૧૨૭.

# પ્રભાસપાટણનું સૌમ્યસરોવર

**મધુસૂદન ઢાંકી, હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી**

સોલઙ્કીકાલીન ગુજરાતમાં શિલ્પસ્થાપત્ય-નિર્માણ ક્રિયા એની ચરમ સીમાએ પહોંચી હતી. એમાંયે એની પ્રમુખ નગરીઓ અને તીર્થધામોમાં તો શિલ્પીઓનાં ટાંકણાંઓ ભાગ્યે જ વિરમ્યાં હશે.[1] એ સૌમાં શ્રી દેવપત્તન—પ્રભાસ—નું સ્થાન અગ્રીમ હતું: પ્રભાસ માત્ર ગુજરાત પૂરતું જ સીમિત ન રહેતાં ભારતમાન્ય બની ચૂકયું હતું. ભગવાન સોમનાથ, શ્રી દૈત્યસૂદન વિષ્ણુ, દ્વાદશાદિત્ય, ભગવતી વરારોહા, અને શ્રી વલભ્યાગત જિન ચન્દ્રપ્રભ પ્રમુખ મોટી સંખ્યામાં શૈવ, વૈષ્ણવ, સૌર, શાકત અને જૈન ધર્મસ્થાનો ધરાવનાર, પ્રાકાર-પ્રતોલીમણ્ડિત પ્રભાસમાં વાપીઓ, કુણ્ડો, અને તટાકો પણ ઠીક સંખ્યામાં બંધાયાં હતાં. વિદ્યમાન સૌમ્ય-સરોવરના ઉપલક્ષમાં પ્રભાસમાં નિર્માયેલ તટાકો અંગેનાં અવલોકનો આ લેખમાં રજૂ કરવા વિચાર્યું છે.

શિલાલેખોને આધારે પ્રભાસમાં જુદા જુદા સમયના મળી ત્રણેક તટાકોના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે:

(૧) રાજા વીસળદેવ વાઘેલાના રાજકવિ નાનાકની કોડીનારના કોટેશ્વર મન્દિરમાં રહેલી સં. ૧૩૨૮ (ઈ. સ. ૧૨૭૨)ની પ્રશસ્તિમાં પ્રભાસમાં એણે ‘સારસ્વતસર’ કરાવ્યાનો ઉલ્લેખ છે.[2]

(૨) સોમનાથના મઠપતિ ગણ્ડ શ્રી ત્રિપુરાન્તકની સં. ૧૩૪૩ (ઈ. સ. ૧૨૮૭)ની (પોર્ટુગાલના સિન્ટ્રા શહેરમાં ગયેલી) દેવપત્તન પ્રશસ્તિમાં ‘સારઙ્ગ-ભૂપતિસર’નો ઉલ્લેખ છે.[3]

(૩) પ્રભાસપાટણના ત્રિવેણી દરવાજાની પ્રતોલીમાં સં. ૧૪૪૨(ઈ. સ. ૧૩૮૬)ના લેખમાં પ્રભાસના વાજા રાજા ભર્મની રાણી યમુનાએ પ્રભાસમાં સરોવર કરાવ્યાની વાત કહી છે.[4]

પ્રભાસપાટણમાં અત્યારે તો એક જ પુરાણું તળાવ જોવામાં આવે છે. એ છે શહેરની બહાર વેરાવળ જવાના રસ્તાની થોડું ઉત્તરે બે એક કિલોમીટરના ઘેરાવામાં પથરાયેલું માનવકૃત કઙ્કણાકાર સરોવર. શિવપુરાણના રોટક વ્રતની કથા(અધ્યાય ૩૨)માં આવતા સોમપુર-(=પ્રભાસ)ના સૌમ્ય સરોવરના ઉલ્લેખ ઉપરથી એ વર્તમાને સૌમ્ય સરોવર તરીકે પરિચયમાં છે. સ્કન્દપુરાણના પ્રભાસખંડમાં (નામનિર્દેશ વિનાના) અહીંના એક સરોવરમાં કમળો ખીલતાં હોવાની નોંધ લેવામાં આવી છે તે આ સરોવર કે બીજું એનો નિર્ણય કરવો કઠિન છે.

સૌમ્ય સરોવરનો દક્ષિણ તરફનો બાંધેલો ઘાટ અને ચતુષ્કીઓ આજે તો ભગ્નાવશેષરૂપે જ જોવા મળે છે; પણ એની રચનાનાં બીજાં વધુ રસપ્રદ અંગો સદ્ભાગ્યે ઠીક ઠીક પ્રમાણમાં જળવાયાં છે. ત્રિવેણી સઙ્ગમની દિશાએથી હિરણ નદીના પુરના ઉભાર સમયે લગભગ ૩૦૦ ફીટ લાંબી સારણ વાટે સરોવરમાં જલપ્રવેશ થાય એવી વ્યવસ્થા એના સ્થપતિએ કરેલી. સારણની

પહોળાઈ આમ તો ૩૧ ફીટ છે પણ વચ્ચે પાણીનો વેગ તોડવા માટે લગભગ ૫૭ ફીટ જેટલી રાખવામાં આવી છે. જલવહનના ઉપલક્ષમાં સારણના સરોવર સાથેના સન્ધાન ભાગથી આગળ (નદી તરફ) પથ્થરની મોટાં ચોરસ બાકાંવાળી એક બૃહદ્ જાળીની રચના પણ કરેલી છે; આને લોકો આજે 'ચાળણી' તરીકે પીછાને છે (ચિત્ર નં. ૧). મોટા મોટા કચરો, ઘાસ, ઝાંખરા ઇત્યાદિ રોકાઈ પાણી નીતરીને ગળાયા બાદ જ તળાવમાં પ્રવેશે એવી વિચારશીલ વ્યવસ્થા ગુજરાતમાં તટાકરચનામાં બીજે કયાંય થઈ હોવાનું પ્રાપ્ય પ્રમાણો દ્વારા જાણમાં નથી. અણહિલપાટણમાં રાજા સિદ્ધરાજે નિર્માવેલ સહસ્રલિઙ્ગ તટાક કે વિરમગામનાં રાજમાતા મિનલદેવીના તળાવના અનુસન્ધાને રચવામાં આવેલ નિતારકુવા (રૂદ્રકુપ) કરતાં આ રચના વધારે સરળ અને વ્યવહારુ જણાય છે. એ હકીકત લક્ષમાં લેતાં આ અનન્ય રચનાનું મહત્ત્વ ગુજરાત પૂરતું જ સીમિત નથી રહેતું. એને સમસ્ત ભારતના પ્રાચીન ઇજનેરી ઇતિહાસમાં ગણનાપાત્ર સ્થાન ધરાવનારી માનવી જોઈએ.

જાળીનો નીચલો ભાગ આજે તો કાંપથી પુરાયેલો છે. એમાં કેટલો ભાગ દબાયો હશે તે ખોદકામ કર્યા વિના જાણી શકાય તેમ નથી. સ્તરમાપનના આધારે બહુ દબાયો હોય તેમ લાગતું નથી. અત્યારે તો જાળીમાં બાકોરાની ઉપરાઉપરી ત્રણ શ્રેણી દૃષ્ટિગોચર થાય છે. બાકોરાની સરેરાશ પહોળાઈ ૧૭ થી ૨૦ ઇંચ જેટલી અને ઊંચાઈ ૧૫ થી ૧૮ ઇંચ જેટલી છે. જાળીની (ઉત્તર-દક્ષિણ) લંબાઈ ૪૦ ફીટ અને પૂર્વ-પશ્ચિમ પહોળાઈ ૧૪ ફીટ ૧૦ ઇંચ છે. ઉપલબ્ધ ઊંચાઈ ૭ ફીટ જેટલી છે. ઉપર છાજેલી એકાદ ફૂટ ઊંચી પથ્થરની પાટની ધાબને નવાબી શાસનકાળમાં વીંખી નાખવામાં આવી છે. એના પથ્થરો આસપાસમાં પડેલા છે. નીચે કાંપમાં દબાયેલો ભાગ અર્ધોએક ફૂટનો માનીએ તો જાળીની સમગ્ર ઊંચાઈ ૭.૫ ફીટ જેટલી ગણાય. સારણની નાળમાં જાળી છોડયા બાદ થોડું અન્તર મૂકતાં પશ્ચિમ તરફ તળાવના મૂળ ભાગ તરફ, સન્ધાન ભાગે ત્રણ પ્રનાલવાળા સેતૂની રચના જોવામાં આવે છે (ચિત્ર નં. ૨). આવા ઘડેલા ઘાટીલા ગરનાળાની રચના સોલઙ્કીયુગનાં પાકાં બાંધેલાં રાજનિર્મિત સરોવરોમાં કેટલેક સ્થળે મળી આવે છે. સહસ્રલિઙ્ગ તટાકમાં, વિરમગામ તથા ધોળકાનાં સરોવરમાં અને વાઘેલા કાળના તેરમી સદીના ઉત્તરાર્ધમાં બંધાયેલા વાઘેલ ગામ(વ્યાઘ્રપલ્લી)ના તળાવની પ્રનાલયુક્ત મણ્ડપિકાઓ આ સંદર્ભમાં ઉલ્લેખનીય બની રહે છે. ગુજરાતમાં અનુ-વાઘેલાકાળના અણહિલપાટણના ખાન સરોવરમાં કે સલ્તનત સમયે બંધાયેલા અમદાવાદના કાંકરિયા જેવા તળાવમાં પણ આવાં ગરનાળાં છે, પણ ત્યાં એના અન્યથા બ્રાહ્મણીય દેહભાગ પર મુસ્લિમ છાયા સ્પષ્ટ છે. સૌમ્ય સરોવરની પ્રનાલો સહસ્રલિઙ્ગ તટાક ઇત્યાદિના વર્ગની અને શુદ્ધ સોલઙ્કી શૈલીની છે એ નિઃશંક છે.

અહીં પ્રત્યેક પ્રનાલનો વ્યાસ લગભગ ૬ ફીટ ૨ ઇંચ જેટલો છે અને પ્રનાલ-પ્રનાલ વચ્ચે બબ્બે ફીટનું અન્તર છે. આ રીતે પડતા બે ગાળામાં ભિત્તીભાગની બન્ને બાજુએ ઉપરના ભાગે રથિકામાં આસનસ્થ દેવ-પ્રતિમાઓ કંડારેલી છે; (ચિત્ર નં. ૨). દુર્ભાગ્યે આ પ્રતિમાઓનાં આયુધો ભગ્ન અને ઘસાયેલાં હોઈ એમની ઓળખ અંગે નિર્ણય કરવાનું શક્ય નથી બન્યું.[૫] પ્રનાલોની ઉપર દાંતીડાની ભાત કાઢેલ ભારપટ્ટ (ભારોટ) અને તેની ઉપર કૂટચ્છાદ્ય (છજ્જું) કરેલું છે, ને મથાળે પ્રહાર (પાલ)નો ઘાટ કાઢેલ છે. તળથી પ્રહાર સુધી સેતૂની ઊંચાઈ તેરેક

ચિત્ર નં. ૧—સૌમ્ય સરોવરની સારણની જાળી



પુરાતત્ત્વ ખાતુ, ગુજરાત રાજ્યના સૌજન્યથી.

ચિત્ર નં. ૨—સૌમ્ય સરોવરનો ત્રણ પ્રનાળયુક્ત સેતૂ



પુરાતત્ત્વ ખાતુ, ગુજરાત રાજ્યના સૌજન્યથી.

ફીટ હોવાનું અંદાજી શકાય તેમ છે. અત્યારે આ સંક્રમ ઉપરથી ગાડારસ્તો જાય છે. આજે તો એ ઘણી બિસ્માર હાલતમાં છે.[૬] સૌમ્ય સરોવરનાં સમય અને કારાપક અંગે વિચારતાં અગાઉ નોંધેલા શિલાલેખોના આધારે એના માટે ત્રણ દાવાઓ રજૂ કરી શકાય છે: નાનાકે બંધાવેલ ' સારસ્વતસર '; ગણ્ડશ્રી ત્રિપુરાન્તકની પ્રશસ્તિમાં કહેલ ' સારઙ્ગભૂપતિસર '; અને છેલ્લે રાણી યમુનાનું બંધાવેલ સરોવર.

સાથે જ એક પ્રશ્ન એ પણ ઊભો થાય છે કે સોમનાથનું ઈ. સ. ૧૧૬૯માં નવનિર્માણ કરાવનાર ગુર્જરેશ્વર મહારાજ કુમારપાળે કે સોમનાથના મઠપતિ ગણ્ડ ભાવ બૃહસ્પતિએ આ ' સૌમ્ય સરોવર ' કેમ ન કરાવ્યું હોય? ભાવ બૃહસ્પતિની પ્રશસ્તિમાં પ્રભાસમાં દુર્ગ, વાપીઓ, પ્રતિમાસ્થાનાદિ કરાવ્યાનો ઉલ્લેખ છે; પણ કોઈ સરોવર કરાવ્યાનો ઉલ્લેખ છે જ નહીં એ વાત સૂચક છે. બીજી બાજુ ગરનાળા પરની મૂર્તિઓની શૈલી કુમારપાળના સમયની નહીં પણ સોએક વર્ષ બાદની જણાય છે. રથિકા ઉપરના ઇલાકાવલણની વર્તના વાઘેલા સમયનો અન્તભાગ સૂચવી રહે છે.

તેરમા શતકમાં જોઈએ તો ઈ. સ. ૧૨૭૨ની પ્રશસ્તિમાં નાનાકે પ્રભાસમાં ' સારસ્વતસર ' કરાવ્યાની વાત અમે આગળ કરી ગયા છે. ' સૌમ્ય સરોવર ' એ મૂળે આ ' સારસ્વતસર ' હશે ? પણ આ કાળની તદ્દન નજીકનો બીજો દાવ ' સારઙ્ગભૂપતિસર ' અંગેનો છે. સારઙ્ગભૂપતિ નામમાં સ્વાભાવિક રીતે જ વાઘેલા રાજા સારઙ્ગદેવનું સૂચન થાય છે. સારઙ્ગદેવનો શાસનકાળ ઈ. સ. ૧૨૭૫ થી ૧૨૯૫નો છે અને સિન્ટ્રાની દેવપત્તન-પ્રશસ્તિમાં ' સારઙ્ગસર 'નો ઉલ્લેખ હોઈ ઈ. સ. ૧૨૮૭ પહેલાં તે બની ચૂક્યું હશે. માત્ર પંદરેક વર્ષનો જ ગાળો બતાવતા આ બે દાવાઓમાં કોનો દાવો વધારે સાચો એટલે કે બંધબેસતો થાય એ વાતનો નિર્ણય શૈલીને આધારે કરવો અશક્ય છે; પણ સારણની પ્રલમ્બતા, જાળી અને પ્રનાલની કૌશલભરી રચના, સરોવરની વિશાળતા, અને ઓવારાદિથી વિભૂષિત આ વાસ્તુકૃતિની ઉત્તમાઙ્ગતાને લક્ષમાં લઈએ તો એને રાજનિર્મિત માનવી વધારે ઠીક થઈ પડે. નાનાકની એ જ શિલાલેખની જોડાજોડ કોતરાયેલ બીજી સંવત વગરની પ્રશસ્તિમાં એણે સરસ્વતી-સાગરસઙ્ગમે ' સારસ્વતક્રીડાકેતન ' ( સંસ્કૃત પાઠશાળા ?) બંધાવ્યાનો ઉલ્લેખ છે. બીજા લેખમાં આવતા ' સારસ્વતસર 'ના ઉલ્લેખમાં આગલા લેખની જ વાતને ઉપમાના ઓઠાં નીચે—વિદ્યાના સરોવર—તરીકે તો ઘટાવી નહીં હોય ? બીજો એક એવો સમ્ભવ પણ છે કે પ્રભાસમાં અત્યારે જોવા મળતા કેટલાક કુણ્ડોમાંથી એકાદ નાનાકની નિર્મેલી કૃતિ હોય અને એ કુણ્ડ જ ' સારસ્વતસર ' તરીકે ઓળખાતો નહીં હોય ? હવે કુણ્ડને જો સાથે કુપ જોડેલો હોય તો એને વાપી કહેવામાં આવે છે, પણ તટાક કહેવાય કે કેમ તે વાત શંકાસ્પદ છે. આ સંજોગોમાં ' સારસ્વતસર ' અને ' સારઙ્ગભૂપતિસર 'ને અભિન્ન માનવાં ? પ્રભાસમાં બીજું કોઈ સરોવર ન હોઈ આ સમસ્યાનો ઉકેલ લાવવો મુશ્કેલ છે. સમ્ભવ છે કે નાનાકના મૂળ ' સારસ્વતસર 'ને સારઙ્ગદેવે વિસ્તાર્યું શણગાર્યું હોય અને તેને ' સારઙ્ગસર 'નું ત્યાર બાદ અભિધાન પ્રાપ્ત થયું હોય.[૭]

હવે છેલ્લો દાવો રાણી યમુનાએ કરાવેલા સરોવર અંગેનો છે. ઈ. સ. ૧૩૮૬માં બનેલું આ સરોવર ' સૌમ્ય સરોવર 'ના ઉપર માનેલા કાળ કરતાં સો એક વર્ષ બાદના કાળમાં આવે છે. પ્રશ્ન,

એ છે કે ગરનાળા પરની મૂર્તિઓ ચૌદમા શતકના અન્ત ભાગની હોવાની શકયતા છે? દુર્ભાગ્યે ચૌદમા શતકના ગુજરાતના પ્રતિમાવશેષો બહુ જ અલ્પ પ્રમાણમાં મોજૂદ છે. કેટલીક જૈન પ્રતિમાઓ અને થાનનું સૂર્યમન્દિર (ઈ. સ. ૧૩૭૬) જેવી અને પાછળથી જીર્ણોદ્ધારકોને હાથે દુર્દશા પામેલી ઇમારતો સિવાય આપણી પાસે એવું ખાસ કંઈ જ નથી કે જેના આધારે કોઈ નિર્ણયાત્મક તુલના કરી શકાય. પંદરમી શતાબ્દીની પ્રતિમાઓમાં જોવામાં આવતી ભયાનક જડાંગતા જો ચૌદમા શતકના અન્ત ભાગથી શરૂ થઈ ગઈ હોય તો ગરનાળાની પ્રતિમાઓ નિશ્ચયતયા થોડુંઘણું પણ લાલિત્ય ધરાવતી હોઈ, મુખાકૃતિની ચોરસાઈથી પ્રમાણમાં મુક્ત હોઈ, પુરાણી છે; બીજી બાજુ વાઘેલા યુગના મધ્યાહ્નની મૂર્તિકલાની તુલનામાં અહીંની મૂર્તિઓ સ્હેજ જ ઊતરતી અવસ્થા બતાવતી હોઈ એને વાઘેલાયુગના અન્તિમ પ્રહરની કૃતિ માનવી વધારે પ્રામાણિક, સુસઙ્ગત જણાય છે. એ રીતે વિચારતાં ‘સૌમ્ય સરોવર’ને ‘સારઙ્ગસર’ જ માનવું પ્રાપ્ય સંયોગોમાં ઠીક થઈ પડશે. યમુનારાણીનું સરોવર કયું તે પ્રશ્ન હજી અણઉકેલ માનવો રહ્યો. આ લેખમાં ચર્ચેલ સરોવર—સંભાવ્ય સારઙ્ગસર—નાગરિક વાસ્તુની એક મહત્ત્વની કૃતિ હોઈ એને ગુજરાતના વાસ્તુવિવેચન પ્રકરણમાં હવે સ્થાન આપવું અનુચિત નહીં ગણાય. વાઘેલા સમયના સ્થાપત્યની સૂચિમાં આ કૃતિથી એક નોંધપાત્ર ઉમેરો થયો ગણીએ તો ખોટું નથી.

## પાદ ટીપો

(૧) અણહિલ પાટક (પાટણ), સ્તમ્ભતીર્થ (ખંભાત), કર્ણાવતી (અમદાવાદ), જીર્ણદુર્ગ (જૂનાગઢ), શત્રુંજય પ્રભાસ ઇત્યાદિ.

(૨) श्रीवीसलबद्मपुरी द्वितीयावासवासिना ।
तेन नानाकनाम्नेदं तेने सारस्वतं सरः ॥ १७ ॥

(ગિરજાશંકર વલ્લભજી આચાર્ય; ગુજરાતના ઐતિહાસિક લેખો, ભાગ ૩, પૃ. ૬૭, મુંબઈ ૧૯)

(૩) श्रीगंडराणकबृहस्पतिकीर्त्तनस्य सारंगभूपतिसरस्तरभूषणस्य ।
यः श्रीविलासगृहमायतनस्य मध्ये स्वात्मीयदेवकुलिका रचयां चकार ॥ ७२ ॥

*Epigraphia Indica*, I, 271-87, *Seist*, No. 611.

(૪) DISKALKAR, D. B., *New Indian Antiquary*, April 1939, P. 33.

(૫) પશ્ચિમ બાજુની મૂર્તિઓ વરુણ અને વારુણીની હોવાનો સમ્ભવ છે.

(૬) આ પ્રનાલ-સેતૂ થોડાં વર્ષો બાદ નષ્ટ થશે ત્યારે અહીં છપાયેલું એનું ચિત્ર અભ્યાસ માટે ઘણું ઉપયોગી થઈ પડશે.

(૭) નાનાકની બન્ને પ્રશસ્તિઓમાં સોમનાથની કમળથી થતી પૂજાનો ઉલ્લેખ છે:

तीर्थाम्बुशतपत्रालिशालिनैवेद्यबन्धनैः ।
यः प्रीणायति नानकः पिनाकभृतमन्वहम् ॥ २८ ॥

અને

रचित उचित उच्चैः यस्य भक्तस्यार्चनाय द्युतिजितकुमुदालिः शालिजस्तंडुलौघः ॥
मयति सुमहसः श्रीसोमनाथस्य कामं शिरसि शशिकलायाः कौमुदीमें यु[ दू ]रत्वं ॥ ६ ॥

તળાવ ન હોય તો કમળ સંભવે નહી. આ તળાવ તે જ ‘ સારસ્વતસર ’ કે પછી તે અગાઉની કોઈ નાની તળાવડી, તે કહેવું મુશ્કેલ છે. સિન્ટ્રાની દેવપત્તન પ્રશસ્તિમાં પણ કમળનો ઉલ્લેખ છે. તેમાં કહ્યું છે કે માળીઓનું મંડળ દરરોજ બસો શ્વેત કમળ અને બે હજાર સુગંધી કરેણનાં પુષ્પો ( સોમનાથને ) આપશે.

दातव्यं मालि( क ) श्रेण्या शतपत्रशतद्वयं ।
नवीनकणवीराणां द्वे सहस्रे च नित्यशः ॥ ६० ॥

મોટી સંખ્યામાં કમળો ચડાવવાની વાત હોઈ જે સરોવરમાંથી આટલાં કમળો મળી શકે તે તો આ ‘ સૌમ્ય સરોવર ’ એટલે કે મોટે ભાગે તો સારકુગસર જ હોઈ શકે. આજે પણ ચોમાસામાં આ તળાવમાં ઘણાં કમળો ખીલે છે.

# ક્વૉન્ટમ મિકેનિક્સની પૂર્વભૂમિકા

નરસિંહ મૂળજીભાઈ શાહ

પરમાણુ—(ન્યુકલીઅર)—શક્તિ; રેડિયો-એક્ટીવ આઈસોટોપો; અર્ધ-વાહકો; પ્રાથમિક રજકણો; લાસેર; માસેર—આ બધા શબ્દો અત્યારે ખૂબ પ્રચલિત થઈ ગયા છે—આજથી ૨૫ વર્ષ પૂર્વે ભાગ્યે જ જાણીતા હતા. આ બધાં વીસમી સદીના ભૌતિક વિજ્ઞાનનાં 'બાળકો' છે.

જ્ઞાન અદ્‌ભુત વેગથી આગળ ધપી રહ્યું છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રત્યેક શોધ નૂતન દિશામાં નવો ચીલો પાડે છે. જૂનાં વિજ્ઞાનોને નવું યૌવન પ્રાપ્ત થઈ રહ્યું છે. આ બધાંમાં ભૌતિક વિજ્ઞાન સૌના કરતાં આગળ વધી ગયું છે અને અજ્ઞાતમાં નવો રસ્તો કાઢી રહ્યું છે. જેમ જેમ તેના સીમાડા વિસ્તરતા જાય છે તેમ તેમ આગળ વધવામાં પોતાનો રસ્તો કાપવા તેને જરા ધીમું પગલું ભરવું પડે છે.

કુદરતનાં રહસ્યો ઉકેલવા ભૌતિક વિજ્ઞાનને પ્રબળ સાધનોની શોધ કરવી પડે છે; ખાત્રી કરાવે એવા ચોક્કસ પ્રયોગો યોજવા પડે છે. પ્રયોગો વડે મેળવેલ પરિણામોનું આગળ અભ્યાસમાં મૂલ્યાંકન કરવા અને તેના પરથી નવા સિદ્ધાંતો રચવા હજારો ભૌતિક વિજ્ઞાનીઓ કાર્ય કરી રહ્યા છે. આ કામ અંધારામાં ભૂસકો મારવા જેવું નથી. સબળ ભૌતિક સિદ્ધાંતોના પ્રકાશ વડે આ ક્ષેત્ર ઝળહળતું છે. આજના ભૌતિક વિજ્ઞાનની પ્રબળ સર્ચલાઈટો છે બે—એક સાપેક્ષવાદનો સિદ્ધાંત અને બીજી ક્વૉન્ટમ મિકેનિક્સ.

વીસમી સદીની સાથે ક્વૉન્ટમ મિકેનિક્સનો જન્મ થયો: જન્મ તારીખ ડિસેમ્બર ૧૭, ૧૯૦૦. એ દિવસે મેક્સ પ્લાન્ક નામના જર્મન ભૌતિકવિજ્ઞાનીએ બર્લિન એકડેમી ઑફ સાયન્સીસની ફિઝીકલ સોસાયટીની સભામાં ઉષ્મા વિકીરણના સિદ્ધાંત અંગેની મુશ્કેલીઓમાંથી એકનું નિવારણ કરવા પોતાના પ્રયત્નનું બયાન આપ્યું.

વિજ્ઞાનમાં મુશ્કેલીઓ સામાન્ય બાબત છે: દરરોજ વિજ્ઞાનીઓ સમક્ષ એવી મુશ્કેલીઓ આવે છે. પણ પ્લાન્કની બાબતમાં એક અતિવિશિષ્ટ મહત્ત્વની બાબત એ હતી કે ભવિષ્યમાં ઘણાં વર્ષો સુધી ભૌતિકવિજ્ઞાનની ખિલવણીનો એમાં અગાઉથી કાંઈક નિર્દેશ હતો. પ્લાન્કે રજૂ કરેલ બુનિયાદી વિચારોમાંથી નવા જ્ઞાનનું ગંજાવર વૃક્ષ ફાલ્યું છે. પરિણામે વિજ્ઞાનની નવલકથા લખનારાઓના ફળદ્રૂપ ભેજામાંથી જે અદ્‌ભુત કલ્પનાઓ ચિતરાય છે તેને પણ ટપી જાય એવી અદ્‌ભુત શોધનો ઉદ્‌ગમ તેમાંથી થયો છે. પ્લાન્કના વિચારોમાંથી ક્વૉન્ટમ મિકેનિક્સનો જન્મ થયો—જેણે એક તદ્દન નવી દુનિયા—અતિ સૂક્ષ્મ જગતનાં દ્વાર ખુલ્લા કર્યાં. પરમાણુ ન્યુક્લીઅસ અને પ્રાથમિક રજકણોની સૂક્ષ્મ દુનિયા.

વીસમી સદી પૂર્વે આ પરમાણુની સૂક્ષ્મ દુનિયા અંગે આપણને કાંઈ જ્ઞાન નહોતું? એક રીતે તે હતું—અનુમાન અને અટકળનું. જિજ્ઞાસુ માનવીઓએ આ અંગે ખૂબ અનુમાનો કર્યાં હતાં અને ઘણા સૈકાઓ પછી જે વાસ્તવિક બન્યું તેની કલ્પનાઓ કરી હતી.

પ્રાચીન કાળમાં, સંશોધનનાં મંડાણ થયાં તે પૂર્વે, માનવીએ અટકળ કરી હતી કે જે નાના વિસ્તારમાં તે રહેતો હતો તેનાથી આગળ અન્ય માનવીઓ, પ્રાણીઓ અને જમીન હયાતી ધરાવતી હતી. એવી રીતે, ખરેખર શોધ થઈ તે પૂર્વે એમને લાગતું કે વિરાટ જગતની જેમ અતિસૂક્ષ્મ જગત અસ્તિત્વ ધરાવતું હશે. આ નવી દુનિયાની શોધમાં નીકળવાની તેમને જરૂર લાગી નહોતી કારણકે માનવીની આજુબાજુ બધી વસ્તુઓમાં એ બધું હાથવેંતમાં હતું. એ જમાનામાં એ સૂક્ષ્મ જગત પુરવાર કરી બતાવે એવાં સાધનો શોધાયાં નહોતાં.

જૂના સમયમાં, કાંઈક 'નિરકાર'માંથી આપણી આસપાસ કુદરતે દુનિયા કેવી રીતે પેદા કરી એ અંગે વિચારકોએ ચિંતન કર્યું હતું. તેઓ પૂછતા, આટલી બધી વિવિધતા કેવી રીતે દુનિયામાં પેદા થઈ? નાના પથ્થરોમાંથી મોટાં મકાનો બાંધનાર કડીઆ કારીગરની માફક તો કુદરત કામ નહીં કરતી હોય? તો, કુદરતના આ 'પથ્થરો' શું છે? પાણી, પવન અને અગમ્ય જવાળામુખીય બળોએ તોતીંગ પર્વતો પર અસર કરી: જે શિલાઓ છૂટી પડી તેના કાળક્રમે નાના નાના ટુકડા થઈ ગયા. સેંકડો હજારો વર્ષો વહી ગયાં અને નાના નાના ટુકડા ઘસાઈ ઘસાઈને ધૂળ બની. દ્રવ્યના આ ભંજન અને વિશેષ ભંજનને કાંઈ મર્યાદા છે? કુદરત પણ તોડી ન શકે એથીય નાના રજકણો છે? એપીકયુરસ, ડેમોક્રાટસ અને અન્ય તત્ત્વજ્ઞાનીઓએ જવાબ આપ્યો: "હા" ગ્રીકોએ પશ્ચિમમાં આ વિચારો રજૂ કર્યા તે પૂર્વે ભારતમાં પણ કણાદ મુનિએ આવી વિચારશ્રેણી રજૂ કરી હતી. આ ન તોડી શકાય એવાં રજકણોને 'એટમ' નામ આપવામાં આવ્યું. 'એટમ'નો મુખ્ય ગુણ એ હતો કે તેમનું વિશેષ ભંજન શકય નથી—તેઓ અવિભાજ્ય છે. ગ્રીક ભાષામાં 'એટમ' એટલે અવિભાજ્ય.

પરમાણુ કેવો દેખાતો હશે? એ સમયે આ પ્રશ્નનો ઉત્તર કોઈ આપી શકયું ન હતું. કલ્પના રજૂ કરવામાં આવતી: પરમાણુઓ ઘન અભેદ્ય નાના નાના ગોળા જેવા હશે—છતાં એવાં ન પણ હોય. વળી પાછો પ્રશ્ન—તેની કેટલી વિવિધ જાતો હશે? જવાબ મળતો કે હજારો હોઈ શકે કે કદાચ એક જ પણ હોય. કેટલાક તત્ત્વજ્ઞાનીઓ (એ જમાનામાં તત્ત્વજ્ઞાની અને વિજ્ઞાની વચ્ચે ભેદ નહોતો. વિજ્ઞાનને 'નેચરલ ફિલોસોફી' કહેવામાં આવતી, અને વિજ્ઞાનીઓ તત્ત્વજ્ઞાનીઓ કહેવાતા.) માનતા કે પરમાણુઓ કદાચ ચાર જાતના છે. તેઓની માન્યતા હતી કે આખું વિશ્વ ચાર તત્ત્વોનું બનેલું છે—પાણી, હવા, પૃથ્વી અને અગ્નિ. આ તત્ત્વો પરમાણુઓના બનેલાં છે એમ માનવામાં આવતું. ભારતમાં પંચમહાભૂત—પાંચ તત્ત્વો—નો સિદ્ધાંત પ્રચલિત હતો.

આટલી જૂજ માહિતી સાથે કોઈ પ્રગતિની વાત ન થઈ શકે એમ કોઈ વિચારે. સાચું. પરંતુ વિજ્ઞાનનું પ્રથમ પગથિયું સામાન્યત: બહોળું હોય છે—ઊંડું નહીં. માનવીની આસપાસ અનેક વસ્તુઓ છે! પ્રથમ કાર્ય એ બધી અન્યોન્ય કેવી રીતે સંબંધિત છે એ નક્કી કરવાનું અને પછી તેઓની રચના કેવી છે એ સમજવાનું છે.

વિજ્ઞાનના પ્રારંભકાળમાં પરમાણુનો વિચાર બુદ્ધિશાળીઓની અટકળનો વિજય હતો. કોઈ પણ અવલોકનો કે પ્રયોગોના આધારે એ અટકળો તાવવામાં આવતી નહોતી. પછી તો પરમાણુઓ સાવ ભુલાઈ ગયાં!

ઓગણીસમી સદીની શરૂઆતમાં તેઓને પાછા યાદ કરવામાં આવ્યાં—ભૌતિક વિજ્ઞાનીએ નહીં પણ રસાયણવિદોએ.

ઓગણીસમી સદીની શરૂઆત સામાજિક ઇતિહાસકારો તેમ જ વિજ્ઞાનના ઇતિહાસકારો માટે રસપ્રદ સમય છે. સામાજિક ઇતિહાસમાં નેપોલિયન યુરોપના રાજ્યોની સરહદો નવી કરતો હતો. વિજ્ઞાનના ઇતિહાસમાં એ વખતે જે થોડી પ્રયોગશાળાઓ હયાતી ધરાવતી હતી તેના શાન્ત વાતાવરણમાં દ્રવ્ય અંગે મૂળભૂત પુનર્મૂલ્યાંકન થઈ રહ્યું હતું. જે વિચારો તદ્દન સ્થાયી અને અફર ગણાતા હતા તેને આવાહન મળી ચૂક્યું હતું. અને તેઓની પુનર્વિચારણા થઈ રહી હતી.

પૂર્વના દેશોમાં આ સમયના ગાળામાં વિજ્ઞાનનું ખેડાણ હતું પણ પ્રાયોગિક રીતે અપનાવવામાં આવી નહોતી. પશ્ચિમના દેશોમાં ઇંગ્લાંડમાં યંગે અને ફ્રાન્સમાં ફ્રેસ્નેલે પ્રકાશના તરંગ સિદ્ધાંતનો પાયો નાખ્યો હતોઃ નોર્વેમાં એબેલે અને ફ્રાન્સમાં ગેલોઈએ આધુનિક બીજગણિતની ભવ્ય ઇમારતના પાયાનો પથ્થર મૂક્યો હતો. ફ્રાન્સમાં લેવોઈસિયરે અને ઇંગ્લાંડમાં જોન ડોલ્ટને રસાયણ વિજ્ઞાનની અદ્‌ભુતતાઓનો આવિષ્કાર કર્યો હતો. એ વખતના રસાયણવિદો, ભૌતિક વિજ્ઞાનીઓ અને ગણિતવિદોએ શ્રેણીબદ્ધ શોધો પ્રગટ કરવા માંડી હતી, જેના વડે ઓગણીસમીના ઉત્તરાર્ધમાં વિજ્ઞાનની આગેકૂચ માટે રસ્તો તૈયાર થઈ ગયો હતો.

ઈ. સ. ૧૮૧૫માં પ્રાઉટ નામના એક અંગ્રેજ વિદ્વાને એવો મત રજૂ કર્યો હતો કે બધીય રાસાયણિક પ્રક્રિયાઓમાં ભાગ લેતાં પદાર્થોના સૂક્ષ્મ રજકણો હયાતી ધરાવે છે અને આ પ્રક્રિયાઓમાં તેઓનો નાશ થતો નથી કે તેમની પુનર્રચના થતી નથી. દેખીતી રીતે પરમાણુઓ અંગે આ નિર્દેશ છે.

આ વર્ષોમાં સુપ્રસિદ્ધ ફ્રેન્ચ વિજ્ઞાની લાગ્રેન્જે શિષ્ટ મિકેનિક્સ (યંત્રશાસ્ત્ર)ને સંપૂર્ણ અને સુંદર આકાર આપ્યો, જેમાં—પછી માલૂમ પડયું તેમ—પરમાણુઓને સ્થાન નહોતું.

વિજ્ઞાનમાં કોઈ પણ બાબત ગમે ત્યાંથી આવી પડે છે. એ રીતે ક્વૉન્ટમ મિકેનિક્સને એક રીતે શિષ્ટ યંત્રશાસ્ત્રનું 'બાળક' કહી શકાય. એ સુવિદિત છે કે યંત્રશાસ્ત્રનો પ્રણેતા ન્યૂટન હતો ખરું પણ એનું સર્જન ફક્ત ન્યૂટનને જ આભારી નથી. શિષ્ટ યંત્રશાસ્ત્રના પાયામાં જે મુદ્દાઓ છે એ અંગે અનેક બુદ્ધિશાળીઓ 'પુનરુત્થાન' (રેનેસન્સ)ના કાળમાં કાર્ય કરી રહ્યા હતા—લીઓનાર્ડો દ વીન્સી, ગેલીલીઓ ગેલિલી, હોલાન્ડનો ગણિતશાસ્ત્રી સીમન સ્ટેવીન અને ફ્રાન્સનો બ્લેઈઝ પાસ્કલ. પદાર્થોની ગતિ અંગે વેરવિખેર સંશોધનોમાંથી ન્યૂટને એકત્રિત અને સંવાદી સિદ્ધાંતનું સર્જન કરી યંત્રશાસ્ત્ર આપણને આપ્યું.

શિષ્ટ યંત્રશાસ્ત્રના જન્મની ચોક્કસ તારીખની સૌને ખબર છે. ઈ. સ. ૧૬૮૭માં ન્યૂટનનું પુસ્તક 'ફિલોસોફીઆ નેચરાલીસ પ્રિન્સિપીઆ મેથેમેટીકા' લંડનમાં પ્રગટ થયું. આ પુસ્તકમાં ન્યૂટને પ્રથમ વાર શિષ્ટ યંત્રશાસ્ત્રના ત્રણ બુનિયાદી સિદ્ધાંતો રજૂ કર્યા, જે આજે ન્યૂટનના ગતિના ત્રણ નિયમો કહેવાય છે અને દરેક વિદ્યાર્થી નિશાળમાં ભણે છે.

ન્યૂટને રચેલ યંત્રશાસ્ત્રની આ ભવ્ય ઇમારત આ ત્રણ નિયમોથી વિશેષ આગળ જાય છે અને લાંબા વખતથી તેનું બાંધકામ પૂર્ણ થયું છે. આધુનિક વિજ્ઞાનના દૃષ્ટિબિન્દુથી એ તપાસતાં તે નીચે પ્રમાણે છે :

સંખ્યાબંધ વિધવિધ પદાર્થો જેમાં આવેલા છે તે વિપુલ અવકાશ—ખાલીખમમાં —ગંજાવર તારાઓથી માંડી સૂક્ષ્મ રજકણો પર્યંત—દૂરના પ્રાચીન કાળમાં એવો એક સમય હતો જ્યારે આખું વિશ્વ **ગતિરહિત** હતું—**સંપૂર્ણ આરામની સ્થિતિમાં.**

પોતાના સર્જનનું પરિણામ જોવા ખાતર ભગવાને પ્રથમ ‘ધક્કો’ માર્યો અને દુનિયામાં જીવન ફૂક્યું—જીવનનો શ્વાસોશ્વાસ શરૂ કર્યો. ભગવાનનું કામ પૂરું થયું. ત્યારથી વિશ્વમાં બધા પદાર્થો હાલવા લાગ્યા—ગતિની શરૂઆત થઈ, અને ચોક્કસ નિયમો અનુસાર ક્રિયા થવા લાગી. આવા નિયમોની સંખ્યા મોટી હતી પણ અંતિમ પૃથક્કરણમાં એ બધામાંથી કેટલાક મૂળભૂત નિયમો તારવવામાં આવ્યા, જેમાં ન્યૂટણના ત્રણ નિયમો આવી જાય છે.

તે ક્ષણથી કોઈ બાબત ‘આકસ્મિક’ નથી. દરેક બાબત પૂર્વનિશ્ચિત છે. કાંઈ પણ નિયમ વિરુદ્ધ શક્ય નથી, અને વિશ્વરૂપી ઑર્કેસ્ટ્રામાં સંપૂર્ણ સંવાદિતા પ્રવર્તે છે.

ન્યૂટન પછી એક સૈકા પર્યંત ન્યૂટનપ્રણીત યંત્રશાસ્ત્ર પર આધારિત આ સર્વોત્તમ ‘વ્યવસ્થિતતા’ (orderliness) બધાય ભૌતિક વિજ્ઞાનીઓને ખૂબ સંતોષકારક લાગતી. આ સિદ્ધાંતમાં બંધબેસતો આવે વિશ્વનો કોઈ નવો ભાગ જેટલી વાર શોધાતો તેટલી વાર તેઓ શાંત રહેતા. કેટલાંય વર્ષો સુધી કુદરતને આ રીતે સમજવાની પદ્ધતિ ચાલુ હતી; ‘વ્યવસ્થિતતા’-નો સિદ્ધાંત સાર્વત્રિક સ્વીકાર પામ્યો હતો.

પણ આ ‘સંતોષકારક’ પરિસ્થિતિ લાંબા વખત સુધી ચાલી નહીં! વિજ્ઞાનીઓને તુર્ત ખાત્રી થવા લાગી કે રીઢા વિચારો કરતાં કોઈ બાબત ઓછી સ્થાયી નથી. જૂના વિચારોના માળખામાં બંધબેસતી ન આવે એવી બાબતો દેખા દેવા લાગી.

ઓગણીસમી સદીના છેલ્લાં વર્ષોમાં ન્યૂટનનું યંત્રશાસ્ત્ર ખતરામાં પડયું. ધીમે ધીમે એમ સ્પષ્ટ થયું કે આ કટોકટી વિશ્વવ્યાપી નિશ્ચિતતાનું (જેને અંગ્રેજીમાં mechanical determinism કહેવાય છે) પતન સૂચવે છે. વિશ્વ એટલું બધું સાદું નથી અને તેને બધાય સમય માટે સંકેલી લેવાયું નથી.

ક્વૉન્ટમ મિકેનિકસની સાથે નવું જ્ઞાન લાધ્યું એટલું જ નહીં પણ તેના વડે વિશ્વઘટનાને મૂળભૂત રીતે તદ્દન જુદી સમજવાઈ. પ્રથમ વાર વિજ્ઞાને ‘આકસ્મિક’ને સંપૂર્ણ માન્યતા આપી, અને વિજ્ઞાનીઓને આમ પાછા પાડવા માટે ઠપકો આપવાનો નથી. તેમણે ઊભી કરેલી શાશ્વત નિશ્ચિતતાને ફટકો મળ્યો. તેઓને લાગ્યું કે નિશ્ચિતતા તૂટી પડે છે—વિશ્વનું નિયમન નરી અરાજકતા વડે થાય છે અને બધું ચોક્કસ નિયમોને આધીન નથી. આ ઊંડી કટોકટીમાંથી પોતાનો માર્ગ કાઢતાં ભૌતિક વિજ્ઞાનીઓને સારો એવો સમય લાગ્યો.

જિજ્ઞાસાને લીધે બિલાડી મારી. આ કહેવત સિદ્ધાંતોને પણ કદાચ લાગુ પડે છે. આજે કોઈ સિદ્ધાંત ખરો લાગે અને બધી બાબતોને સમજાવી શકે છતાં વિજ્ઞાનની ખિલવણીમાં સિદ્ધાંત અમુક તબક્કે આવે છે—જ્યારે ઘટનાઓના વિશાળ ક્ષેત્રનો વિજ્ઞાને અભ્યાસ કર્યો હોય ત્યાર પછી. સિદ્ધાંતનો હેતુ અમુક દૃષ્ટિબિંદુથી સમજૂતી આપવાનો છે, પણ તેમાં

બંધબેસતી ન થાય એવી બાબતો મળી આવે ત્યારે એ સિદ્ધાંત અપૂરતો અને કદાચ ભૂલભર્યો પૂરવાર થાય છે. ભૌતિકવિજ્ઞાનમાં યંત્રશાસ્ત્ર બને તેટલી વિશાળ ઘટનાઓને સમજાવી શકે ત્યાં સુધી એ તદ્દન સંતોષકારક છે; પણ ઓગણીસમી સદીમાં ભૌતિકવિજ્ઞાન પર નવા વિશાળ મોરચા પર હલ્લો થયો: ઉષ્ણતાને લગતી વિધિઓ—જેમાંથી ઉષ્માગતિ વિદ્યા (Thermo dynamics) ઉદ્ભવ્યું:, પ્રકાશને લગતી બાબતો, જેમાંથી પ્રકાશવિજ્ઞાન (optics) નીકળ્યું: વિદ્યુતીય અને ચુંબકીય ઘટનાઓ, જેમાંથી વિદ્યુતગતિશાસ્ત્ર (electro dynamics આવ્યું. થોડા સમય પૂરતાં ભૌતિકવિજ્ઞાનીઓ આત્મસંતોષમાં રહ્યા. ચાલુ ઢાંચાઓમાં બધી નવી શોધો બંધબેસતી થતી લાગી. શિષ્ટ ભૌતિકવિજ્ઞાનની ઇમારત ઊંચી વધવા લાગી છતાં તેનો વિશાળ મોખરો થાકની નિશાનીઓ દેખાડવા લાગ્યો: અંદર ભયંકર તૂટો પડવા લાગી; દીવાલોમાં ચીરાડો દેખાઈ અને છેવટે શિષ્ટ ભૌતિકવિજ્ઞાનનું મકાન નવી બાબતોના મારા વડે ફુડ્ડુભુસ તૂટવા લાગ્યું.

પ્રકાશની ગતિ અદ્ભુત રીતે અચળ રહે છે એ એક મોટી પાયાની બાબત હતી. ચીવટપૂર્વક યોજેલા પ્રયોગોએ દર્શાવ્યું કે બીજા બધાં જાણીતા ક્ષેત્રમાં અવલોકેલ વર્તુણૂક કરતાં પ્રકાશની વર્તુણૂક મૂળભૂત રીતે જુદી પડે છે. શિષ્ટ ભૌતિકવિજ્ઞાનના માળખામાં પ્રકાશની વર્તુણૂક બંધબેસતી કરવા વિજ્ઞાનીઓને ઇથર નામનું માધ્યમ યોજવું પડયું. શિષ્ટ ભૌતિકવિજ્ઞાનના નિયમો અનુસાર આ 'ઇથર'ના અવાસ્તવિક ગુણધર્મો સ્પષ્ટ સમજાવી ન શકાયા.

શિષ્ટ ભૌતિકવિજ્ઞાન પર બીજો હલ્લો આવ્યો. ગરમ કરેલા પદાર્થોના ઉષ્માવિકીરણ અંગે અને છેલ્લો મારો કર્યો રેડિયો-એક્ટિવિટી શોધે. આ બધી શોધો શિષ્ટ ભૌતિકવિજ્ઞાનના માળખામાં બંધ બેસતી ન થઈ શકી; પરિણામે શિષ્ટ ભૌતિકવિજ્ઞાનની ઇમારત તૂટવા લાગી. રેડીઓ-એક્ટિવિટીની ગૂઢ ક્રિયાઓએ પરમાણુ ન્યુક્લીઅસોને તોડી નાખ્યા એટલું જ નહીં પણ ભૌતિકવિજ્ઞાનના પાયામાં ધડાકો કર્યો. શિષ્ટ ભૌતિકવિજ્ઞાનની ઇમારતમાં પડેલી આ તીરાડોમાંથી સાપેક્ષવાદ અને ક્વૉન્ટમ મિકેનિક્સના સિદ્ધાંતનો વિકાસ થયો.

ક્વૉન્ટમ મિકેનિક્સના સિદ્ધાંતનો ઉદ્ભવ કેવી રીતે થયો એ આપણે જોઈ ગયા, પરંતુ ક્વૉન્ટમ મિકેનિક્સ......આવું અટપટું નામ શા માટે? નવા ભૌતિકવિજ્ઞાનની જે બાબતો તે આવરી લે છે એનું નબળું પ્રતિબિંબ આ શબ્દો પાડે છે.

પરિભાષામાં અમુક અચોક્કસતામાંથી ભૌતિક વિજ્ઞાનની કોઈ પણ શાખા ભાગ્યે જ બચી છે. આ માટે અનેક કારણો છે પરંતુ પ્રાથમિક રીતે એ બધાં ઐતિહાસિક પ્રકારનાં છે.

સૌ પ્રથમ, મિકેનિક્સ શા માટે? ક્વૉન્ટમ મિકેનિક્સના નવા સિદ્ધાંતમાં 'યંત્રવિદ્યા' જેવું કાંઈ નથી અને હોઈ શકે નહીં. મિકેનિક્સ શબ્દ સામાન્ય અર્થમાં વાપરીએ તો તે કદાચ વ્યાજબી ઠરાવી શકાય. જેમ કે ઘડિયાળનું મિકેનિક્સ એટલે કે ઘડિયાળની કામગીરી અંગેનો સિદ્ધાંત. ક્વૉન્ટમ મિકેનિક્સની conceptual વિસ્તારમર્યાદા ભૌતિક વિજ્ઞાનની વિશાળ વ્યાખ્યા વડે આવરી લઈ શકાય. બીજું, ક્વૉન્ટમ શા માટે? લેટિન ભાષામાં ક્વૉન્ટમ એટલે 'ચોક્કસ સ્પષ્ટ ભાગ' યા 'જથ્થો'. આપણી આસપાસની દુનિયાના ગુણધર્મોમાં 'ચોક્કસ સ્પષ્ટ

ભાગ ' સાથે નવો સિદ્ધાંત સંકળાયેલો છે. આ એનો મૂળભૂત સિદ્ધાંત છે. બીજી બાજુ, ' ચોક્કસ સ્પષ્ટ ભાગ 'નો ગુણ જરાય સામાન્ય નથી અને સર્વત્ર યા બધે વખતે મળતો નથી.

વધારામાં, આ તો સિક્કાની માત્ર એક બાજુ છે. દ્રવ્યના ગુણધર્મોનું દ્વિધાપણું (Duality) એનું ખાસ પાસું છે. દ્રવ્યનું દ્વિધાપણું એ બાબતમાં છે કે કોઈ એક પદાર્થ રજકણો અને તરંગોના ગુણ ધર્મો એક સાથે ધરાવે છે.

આ નવા સિદ્ધાંતનું નવું નામ ' વેઇવ મિકેનિક્સ ' સૂચવવામાં આવ્યું. આમાં પણ અર્ધી વાત આવે છે—ક્વૉન્ટાનો ઉલ્લેખ થતો નથી. એટલે આપણે એમ કહીએ કે આ નવા ભૌતિક સિદ્ધાંતના નામો સંતોષકારક નથી.

વિષયને બરાબર આવરી લઈ શકે એવું કાંઈક ન વિચારી શકાય ? વિજ્ઞાનમાં નવા શબ્દો દાખલ કરવાનું કાર્ય મુશ્કેલીભર્યું છે. નવા શબ્દો ધીમે ધીમે આવે છે અને તેમાં ફેરફાર પણ અતિ ધીમો થાય છે. આ શબ્દો જે નવા અર્થ દાખલ કરે છે તે ફક્ત ભૌતિક વિજ્ઞાનીઓ સમજે છે, એટલે આપણે તો એ શિખવાના રહે છે.

# ગ્રન્થાવલોકન

**લોકસાહિત્યનું સમાલોચન :**—વ્યાખ્યાતા : ઝવેરચંદ મેઘાણી, સંપાદક : શ્રી. અમૃતલાલ યાજ્ઞિક, પ્રકાશક : મુંબઈ યુનિવર્સિટી, આવૃત્તિ બીજી, ઈ. સ. ૧૯૬૮, કિંમત આઠ રૂપિયા.

ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાન માળાના, અને ઈ. સ. ૧૯૪૧-૪૨ના વ્યાખ્યાતા તરીકે સ્વ. શ્રી. ઝવેરચંદ મેઘાણીની પસંદગી થઈ અને લોકસાહિત્ય પરનાં પાંચ વ્યાખ્યાનો તેમણે જુલાઈ માસમાં મુંબઈ યુનિવર્સિટીના કૉન્વોકેશન હૉલમાં આપ્યાં હતાં, જે ઈ. સ. ૧૯૪૬માં ગ્રંથસ્થ થઈ તે જ સાલમાં પ્રસિદ્ધ થયાં અને બાવીસ વર્ષ પછી તે ગ્રન્થની બીજી આવૃત્તિ પ્રગટ થાય છે, જેના સંપાદક છે, આચાર્ય શ્રી. અમૃતલાલ યાજ્ઞિક.

આમાં પ્રથમ વ્યાખ્યાન છે, 'કથ્ય ભાષાના સાહિત્ય-સીમાડા' જેનો પ્રારંભ સ્વ. શ્રી. મેઘાણીએ એક લોકકથાથી કર્યો છે. આ લોકકથા વડે સ્વ. શ્રી. મેઘાણીએ પ્રતિપાદન કર્યું છે કે ભારતની લોકવાર્તાઓનો જન્મ થયો પૈશાચી ભાષામાં, અને 'એ પૈશાચી વાણીની વાર્તાઓ સંસ્કૃત ભાષામાં ઊતરીને **बृहत्कथामञ्जरी** (क्षेमेन्द्र) નામે ગ્રન્થારૂઢ થઈ છે : એ **बृहत्कथामञ्जरी**નો આધાર લઈને તે પછીના યુગમાં સોમદેવે **कथासरित्सागर**ની રચના કરી છે.'

એ પૈશાચી વાણી તે જ લોકવાણી. તેમાં રચાયેલ અને સંઘરાયેલ લોકવાર્તાઓ માટે સ્વ. શ્રી. મેઘાણી કહે છે : '...આ વાર્તાઓ તો કાને કાને રમશે; લખેલ શબ્દની ગરજ નથી. એ તો કંઠોપકંઠ જીવશે—જો જીવવાલાયક હશે તો. ને વિલય પામશે તો એ શી આપત્તિ છે!'

લોકવાર્તા અંગેનો માપદંડ વ્યાખ્યાતાએ આમ આપી દીધો કે લોકવાર્તા લોકવાણીમાંથી, લોકો વડે અને લોકોના માટે જન્મ લે છે અને કંઠોપકંઠ જીવી જાય જો તેનામાં જીવવાની (Survive) તાકાત હોય તો!

પણ ત્રીશીના યુગમાં ગુજરાતના ઉન્નતભ્રૂ સાક્ષરોનો ખ્યાલ હતો કે સાહિત્ય નામ આપી શકાય એવું સર્જન તો માત્ર સંસ્કૃત ભાષામાં અને આ ઉન્નતભ્રૂ સાક્ષરોએ સર્જેલ સંસ્કૃતમય ગુજરાતી બાનીમાં જ છે. સ્વ. શ્રી. મેઘાણીને આ મ્હેણાનો જબરો ડંખ લાગ્યો હોય તેવું તેમના પ્રથમ વ્યાખ્યાનમાંના સ્વ. નરસિંહરાવાદિના વિધાનનો આપેલ ઉત્તરમાં જોવા મળે છે. સ્વ. શ્રી. મેઘાણી તેમના આ કથન અને ઉત્તરમાં સ્પષ્ટ, સુસ્પષ્ટ અને વિશદ બન્યા છે. તેમના મતના પુરસ્કર્તા તરીકે અને સાહેદીકામ માટે સ્વ. ડૉ. વેરિયર એલ્વિન અને વિલીઅમ આર્ચર જેવા લોકસંસ્કૃતજ્ઞ અને લોકશાસ્ત્રકોનો વ્યાખ્યાતાએ આમ સથવારો સાધ્યો છે, અને ડૉ. વેરિયર એલ્વિનના નૃવંશશાસ્ત્ર અને લોકશાસ્ત્રને લગતા ગ્રન્થોમાંથી અવતરણો ટાંકીને તેમના કથનને પુષ્ટ બનાવ્યું છે, તો ગુજરાતના આ કથ્ય સાહિત્યના સીમાડા અતિ વિસ્તીર્ણ હતા, તેવું પણ પ્રતિપાદન સ્વ. શ્રી. મેઘાણી આ જ વ્યાખ્યાનમાં કરે છે અને તેમ કરવામાં તેઓ પંજાબ,

રાજસ્થાન, મહારાષ્ટ્ર ઇત્યાદિ પ્રદેશોનાં લોકગીતોમાંથી અવતરણો આપીને ગુજરાતી લોકગીતો સાથે સરખાવી ગુજરાતના લોકસાહિત્ય સાથેના સંબંધો સ્થાપી આપે છે. માનવભાવોથી અને ભાષાકીય સંબંધોથી આ બધા પ્રદેશો સાથે ગુજરાત સુબદ્ધ હતો તેવું સ્વ. શ્રી. મેઘાણી પ્રતિપાદિત આ રીતે કરી આપે છે, પણ જો આ જ વ્યાખ્યાતાને પોતાની બીજી આવૃત્તિનું સંપાદન કરવાનું આવ્યું હોત તો જમ્મુની ડુંગરમાળની ડોગરી બોલી, કુલુની પહાડી બોલીઓ અને ગઢવાળની ગઢવાળી બોલીઓમાં પણ આ કથ્ય ભાષાનો વપરાશ છે, તેમ ત્યાંનાં લોકગીતોના સંગ્રહ વાંચતાં કથી શકાય તેમ છે, અને માનવના માટે પશ્ચિમના કોઈક ચિંતકે આવું કહ્યું છે: "Man is one and the same all over the world." તે જ માનવ આ વ્યાખ્યાનમાં પાને પાને જડે છે, પેલી લોકગીતની ટાંકેલ પંક્તિઓમાં !

અને લોકવાર્તારૂપી—બાળકથા ટાંકીને, પણ લોકસમુદાયની આ પ્રવૃત્તિ આખા ય ઉત્તર-પૂર્વ ભારતમાં સરખી અને સમાંતર હતી, તેવું વ્યાખ્યાતા તારવી આપે છે.

જે સામ્ય મેઘાણીભાઈએ તારવી આપ્યું છે તેના મૂળમાં અપભ્રંશ ભાષા હતી, તેમ પણ તેઓ કથે છે. તે ભાષામાંથી ગુજરાત-રાજસ્થાનની બોલીઓને જે અનેક જુદા જુદા શબ્દો મળ્યા, તેની નોંધ આપતાં લખે છે: '...કંઠસ્થ લોકવાણીને ગાય અથવા બકરીનું બિરુદ આપી શકાય. એ વાણી સ્થળકાળના સીમાડાને ઓળંગીને ઠેકઠેકાણે જઈ, વિકટમાં વિકટ જગ્યાઓ પર પહોંચીને ચરતી રહી છે. એનું દૂધ એટલા માટે જ આપણને સુપથ્ય બન્યું છે...ઘરઆંગણે રહીને પ્રજાનાં બાળહૈયાંને પુષ્ટ કરે છે." આવી આ ભાષા કચ્છ-સૌરાષ્ટ્રથી માંડીને પ્રયાગ સુધીના વિસ્તારને છાવરી બેઠી હતી. તે વાણી બોલાતી વાણીના વારિધિ સમ હતી, જેમાં કોઈ પણ પ્રકારના ભાગલા ન પાડી શકાય. તે અંગે સ્વ. શ્રી. મેઘાણી લખે છે: 'લોકસાહિત્ય એ બોલાતી જનવાણીનો નિચોડ છે. સાહિત્યવાણીને વારંવાર એ લોકવાણીએ પોતાનાં મેઘજળ પિવાડીને વહેતી રાખી છે."

બીજા વ્યાખ્યાનમાં આ જ બોલી દ્વારા લોકસંસ્કૃતિ અને લોકસંસ્કાર જે જે અનુષ્ઠાનો અને લોકવિધિઓ દ્વારા પ્રગટેલ છે તે તે લોકગીતોની પંક્તિઓ, તેમ જ લોકગીત કે કથાના પ્રસંગો ટાંકી તેને વ્યાખ્યાતા છતી કરી રહેલ છે. તો સ્વ. શ્રી. બ. ક. ઠાકોર જેવા મૂર્ધન્ય પંડિતોના મત ટાંકીને પણ તેમનાં કથન અને મતને તેઓ પુષ્ટ કરે છે. વચ્ચે વચ્ચે તેમના લોક-સાહિત્ય પરના વિચારકણો વેરાયે જ જાય છે. તો સાહિત્ય પરના સ્વ. મેઘાણીના વિચારો તેટલી જ ઉદારતાથી તેઓ વેરતા જોવા મળે છે. આ ગ્રન્થમાં તેમની આ રીતિ તેમની શૈલીનું કાઠું પકડે છે.

મેઘાણીભાઈએ આ સંસ્કારને પ્રગટ કરાવનાર જુદાં જુદાં બળોમાં વર્ણાન્તર લગ્નો, નિષેધને કોરાણે મૂકી ઉજવાયેલ લગ્નો, ધાર્મિક અને કોમી દિલાવરી, મુસલમાન કોમ પ્રત્યે સમાદર, અંત્યજ માટે સમાદર, સોરઠી વીરત્વ–સંસ્કારનો પોષક ને નિયામક સંતસંસ્કાર, પશ્ચાત્તાપનું અને શરણાગતિભાવનું સંવેદન, સોરઠી નારી ઇત્યાદિને ગણાવ્યાં છે. સોરઠી નારીના બળને વિગતે અને વિશદપણે બતાવતાં અને સમજાવતાં તેઓ લોકકથા, પ્રણયકથા, કે લોકગીતની પંક્તિઓ ટાંકીને તેમના આ કથનને રસાન્વિત પણ બનાવે છે. લોકગીતની પંક્તિઓ છૂટથી ટાંકીને વિશદ-પણે તે બળને પ્રગટ કરે છે. તો તે સંસ્કારમાં પુરુષ પણ છે જ એમ કથી સમજાવી ઘોડાને અને ભેંસને પણ અનેક સંસ્કારબળમાંનું એક છે, એમ શ્રી. મેઘાણી કથે છે અને સમજાવે છે. ઘોડાને

એક સંસ્કારબળ તરીકે ઘટાવે તેમાં સ્વ. શ્રી. કેનફેડ તેમના પ્રેરણાપુરુષ હોય અને ભેંસને ઘટાવવામાં કાઠી અને ચારણી સાહિત્યનો અભ્યાસ જો મેઘાણીને ગોપજનોની પાસેથી સવિશેષ લોકગીતો સાંપડ્યા હોત, કૃષિકારો પાસેથી સાંપડ્યા હોત, તો ગાયને તેમ જ બળદને પણ તેઓ ગણાવી શક્યા હોત. ગૃહશણગાર, દેહશણગાર, અને પશુશણગારને પણ આમાં જ ગણાવે છે અને તેઓ વિધાન તારવે છે કે: "એ સર્વ સંસ્કારોના સમુચ્ચયમાંથી કેવળ ખડકલામાંથી નહિ, પણ સપ્રમાણ ગૂંથણમાંથી જે નીપજે તેને હું સંસ્કારિતા કહું છું. એ સંસ્કારિતા આપણા સ્થિર જીવનવાસીઓની સંસ્કારિતાથી જુદેરી, ભ્રમણશીલ જીવનની સંસ્કારિતા હતી, પણ હતી જ હતી; અને એ સંસ્કારિતા એક અનોખા સાહિત્યની જન્મદાત્રી હતી."

અને ત્રીજા વ્યાખ્યાનમાં કેડી પાડનારાઓમાં 'ગુર્જર લોકસાહિત્યના અન્વેષણ–વિવેચનનો ઇતિહાસ' તેઓ આપી દે છે. આ કેડી પાડનારમાં પ્રથમ એક ગોરો જડજ, નામે કિન્લોક ફાર્બસ. ફાર્બસ સાહેબની સાથે હતા ક. દ. ડા. તેમનો આવા પ્રકારનો ગ્રન્થ તે, 'ગુજરાતના કેટલાએક ઐતિહાસિક પ્રસંગો,' પ્રસિદ્ધ થયા સાલ ઈ. સ. ૧૯૩૩. સ્વ. શ્રી. મેઘાણી ક. દ. ડા.ના ગ્રન્થને આમ વિસરી ગયા લાગે છે, પણ કવિ નર્મદનો ઉલ્લેખ ઉચિત રીતે થયો છે. ગુજરાતમાં લોક-સાહિત્ય અને લોકસંસ્કારનો પહેલો સંશોધક નર્મદ જ, અને લોકનાટ્યના મહીપતરામ નીલકંઠ. ત્યારે લોકવાર્તાના પ્રથમ સંશોધક ફ. બ. આ સૌની વેળાસરની અને યોગ્ય મૂલવણી સ્વ. શ્રી. મેઘાણીએ જરૂર કરી છે, પણ કવિ નર્મદનું મહત્ત્વ લોકસાહિત્યના સંશોધનનાં ક્ષેત્રે અન્ય રીતે ઉલ્લેખનીય છે. દક્ષિણ ભારતમાં ચાર્લ્સ ગોવરે ઈ. સ. ૧૮૭૨માં આ પ્રવૃત્તિ શરૂ કરી તેથી આ શાસ્ત્રના શાસ્ત્રજ્ઞોમાં એમ મનાય છે કે તેઓ આ કાર્યના અગ્રણી છે, પણ ભારતીય લોક-સાહિત્યમાં તે સ્થાનનો સત્યતઃ અધિકારી નર્મદ છે તેટલું તારવ્યું હોત તો?

તો The Folklore Notes on Gujaratના લેખક સ્વ. શ્રી. એલ. પી. જેકસન, The Tribes and Castes of the Bombay Presidency Vol. III, The Imperial Gazetter, Vol. VI, ગુજરાત સર્વસંગ્રહ, કાઠીઆવાડ સર્વસંગ્રહ અને સ્વ. શ્રી. જેઠાલાલ દુબળ–સંપાદિત Folk Tales of Gujarat આના લેખકો અને સંપાદકો કેડી પાડનારમાં વિસરાઈ જવા પામેલ છે. ગુજરાતની લોકસંસ્કૃતિને અને લોકસાહિત્યને સમજવા માટે The Folklore Notes....આધારભૂત ગ્રન્થ લેખી શકાય, તો Folk Tales of Gujarat ગુજરાતની લોકવાર્તાનો અંગ્રેજીમાં પ્રતિનિધિત્વ સાચવી શકે તેવો એક માત્ર ગ્રન્થ છે.

સ્વ. શ્રી. રણજિતરામ, વિદુષી પારસણ બાઈ પૂતળીબાઈ, સ્વ. શ્રી. ગિજુભાઈ, પટાવાળા ખીમજી, કહાનજી ધર્મસિંહ, સ્વ. શ્રી. હરગોવિંદ પ્રેમશંકર અને સ્વ. શ્રી. રાયચુરાની આ ક્ષેત્રની કામગીરીની મેઘાણીભાઈએ નોંધ લેતાં લેતાં તેઓની સેવાની મૂલવણી પણ કરી છે.

તો ઉન્નતભ્રૂ સાક્ષરોમાંથી જેઓએ લોકસાહિત્ય પ્રત્યે અનુરાગ બતાવીને વિવેચના ને મૂલવણી કરી-કરાવી તેમના ય કાર્યની મૂલવણી તેમણે અત્ર કરી છે, અને આ સૌ સાક્ષરો લોકસાહિત્ય તરફ કેમ આકર્ષાયા? તો સ્વ. શ્રી. મેઘાણી લખે છે: 'ધરતીનો નેહ અમને ધરતીની માટી તરફ—એ માટીની સુગંધ તરફ લઈ ગયો.'

તેઓને આ સાહિત્યસ્રોત સજીવન અને સ્વતંત્ર ભાસ્યું તેવું પ્રસ્થાપિત કરવા શ્રી. મેઘાણી નર્મદનું ગોપકાવ્ય 'નાહોલિયાને આજીજી'ને આગળ ધરી લોકસાહિત્યની કૃતિનાં ઘટક તત્ત્વો–Salient Features, તારવે છે. ચોથા વ્યાખ્યાનમાં તેઓ લોકગીતના અંતઃતત્ત્વના માટે આ સૌને જરૂરી માને છે:

(૧) શીલ અને સદાચાર લોકગીતમાં જીવનપુષ્પની ખુશબો રૂપે મળવાં જોઈએ.

(૨) '...લાઘવ એ એનો મોટો ગુણ છે.'

(૩) લોકસાહિત્યને દાંભિકતા ન ખપે.

(૪) લોકગીતમાં સરળતા જોઈએ, સમષ્ટિ માટેનું તે સર્જન હોવું જોઈએ.

(૫) લોકસાહિત્યને ખપે છે નરી વાસ્તવિકતા.

(૬) તેમાં નવી નવી ઉપમાઓ હોય.

અર્થાત્ "એ સંઘસાહિત્ય છે, એકલ ઉપભોગની નહિ, પણ પ્રકટપણે સમૂહ વચ્ચે માણવાની સામગ્રી છે. એથી કરીને એની અંદર સલજ્જતાનું અંગ સચવાઈ રહે છે."

આમ, લોકસાહિત્યના રચનાસૌંદર્યને છતું કરવા જ જાણે આ વ્યાખ્યાન ન આપ્યું હોય? તેના માટે સ્વ. શ્રી. મેઘાણીએ જ તારવ્યું છે: તે સાહિત્યનું રચનાસૌંદર્ય આપણા નવાજૂના કોઈ સાહિત્યની સર્જનકળાથી જુદી એવી મૌલિક કળાને ખોળે જન્મ્યું અને ઝૂલ્યું છે એટલે એને એનું નિજત્વ વરેલું છે."

લોકસાહિત્યના ભિન્ન ભિન્ન પ્રકારોનો પરિચય કરાવવા માટે છેલ્લું વ્યાખ્યાન પ્રયોજાયું હોય તેવું લાગે છે. કહેવતો, ઉખાણાં, લોકગીત, વ્રત–જોડકણાં, વ્રત–કથાઓ, ફટાણાંગીતો, રાસડા અને ગરબાઓ, મરશિયા-ગીતો, ઇત્યાદિ સ્ત્રીમુખે ગવાતાં ગીતોનો પરિચય મેઘાણીરીતિએ આપી તેના સ્વરૂપની પણ ચર્ચા કરે છે, અને પુરુષગીતોના પ્રકારો પણ તેમણે તારવી આપ્યા છે. સૌરાષ્ટ્રમાં પુરુષો ગરબી ગાય છે તે ગરબીને ટૂંકાણમાં પતાવી દુહાબદ્ધ વારતાઓના સાહિત્યપ્રકાર તરફ નિર્દેશ કરી ખેડુગાનમાં ચંદ્રાવળાને તેઓ સમજાવે છે. સાથોસાથ લોકગીતના માંડનારે તેના સંપાદન માટે અને પાઠશુદ્ધિ માટે કઈ કઈ ખેવના લેવી જરૂરી છે તે ય બતાવવાનું મેઘાણી ચૂક્યા નથી. આ પ્રકારની સમજૂતી આ ક્ષેત્રના તાજા બાવાને ખૂબ ખપમાં લાગી શકે. વિશેષમાં વ્યાખ્યાતા કથે છે કે લોકગીતને માત્ર પાઠશુદ્ધિ ખપતી નથી, પણ સાથોસાથ ઘાટ હોવો જરૂરા છે માટે જ લખે છે: 'ઘાટ વગર શું રસકૃતિ હોઈ શકે? અણઘાટીલું તે કંઈ સાહિત્ય કહેવાય?

અને ગ્રંથાંતે નોંધ્યું છે: 'શિષ્ટ વ્યક્તિસર્જ્યું સાહિત્ય આપણને જે મુકામે લઈ જાય છે તે જ મુકામ પર લોકસાહિત્યનું પણ મહાપ્રયાણ છે. શિષ્ટ સાહિત્યનું ઉત્પાદકબળ જો સંસ્કારિતા છે, તો લોકસાહિત્યની રોપણકચારી પણ તળપદી, રૂપાળી, નિરાળી લોકસંસ્કારિતા જ છે... વ્યક્તિપ્રતિભાનો સર્વથા અભાવ, એ જ લોકસાહિત્યનો મોટો ગુણ છે. સમષ્ટિની જ એ ઉત્પત્તિ ને સંપત્તિ છે; અને એનું સર્વોચ્ચ સામર્થ્ય તો એની શ્રાવ્યતા છે. સાચા અર્થમાં એ વાઙ્ગમય છે. વાણી એ મુખ્યત્વે શ્રુતિનો વિષય છે. નાદને આપણે બ્રહ્મ કહીએ છીએ. લોકસાહિત્યનો વાહક એ નાદ છે, કાગળ પર થીજતા ટાઢાબોળ અક્ષરો નહિ."

આ વ્યાખ્યાનોની માંડણી અને નિરૂપણરીતિ અંગે સ્વ. શ્રી. મેઘાણીના ચિત્તમાં આ જ ખ્યાલ રમી રહ્યો હોય, તેવું ગ્રંથના અંતે તારવી શકાય છે, અને પરિણામે ચાલુ ચીલાના વિવેચકનાં બાની, શૈલી અને ઘાટ ન મળ્યાના કારણે એકવિધતા (monotony)થી આ ગ્રંથ અળગો રહેવા પામ્યો છે અને નવીનતાને સાધી શક્યા છે. તો આ જ લોકબાનીના કારણે અને મેઘાણીભાઈના અભ્યાસશીલતાના લીધે તેમાં રોચકતા, સુરુચિકરપણું અને ઊંડાણ પ્રવેશી શક્યાં છે.

પણ આ ગ્રંથમાંના થોડા વિગતદોષો અભ્યાસીઓને જરૂર ખટકે. ઉ. ત. પૃ. ૨૩૩ પર લુહારિયાં ને ગાડલિયાંનો ઉલ્લેખ છે. સ્વ. મેઘાણીના મતે તેઓ 'મૂળ થરાદ બાજુના.' ના, તેમ નથી પણ તેઓ મૂળ મેવાડના છે. પૃ. ૯ પર સ્વ. ડૉ. શ્રી. વે. એલ્વિનના ગ્રંથોમાંથી 'બૈગા'નો ઉલ્લેખ છે. સ્વ. મેઘાણીએ તેનો ઉલ્લેખ લોકગીતોના કાવ્યગ્રંથ તરીકે કર્યો છે. વસ્તુતઃ તે બૈગા જાતિનો નૃવંશશાસ્ત્રને લગતો અભ્યાસગ્રંથ છે. પૃ. ૧૪ પર લખ્યું છે: 'થરાદ, મારવાડ તો આપણું અડોઅડ પડોશી.' અહીં દોષ દેખાય છે ભૌગોલિક દૃષ્ટિએ. આપણા એટલે કોના? ગુજરાતના કે? થરાદ તો ગુજરાતમાં જ છે. તેને પડોશી કહી શકાય?

છેલ્લે પ્રશ્ન થાય છે કે આ પુસ્તકના માટે સંપાદકની શી જરૂર હતી? સંપાદકે તે અંગે ખ્યાલ આપ્યો છે. 'મુદ્રણદોષો અને જોડણીની અશુદ્ધિઓ' સુધારવા, કેટલેક સ્થળે અર્થ યોગ્ય ઠેકાણે નહોતા અપાયા, તે આપવા, 'મરાઠી છંદનું નામ ઓવીને બદલે બધે જ ઓંવી કહેવાયું હતું' તે સુધારવા અને 'આપણા દેશનાં રાજ્યોનાં નામ હવે ફરી ગયાં છે,' તે પણ સુધારવા સંપાદકની જરૂર જણાઈ.

પ્રથમ દોષ આ આવૃત્તિમાં નિવારી શકાયો છે, પણ તે દોષ ગંભીર રીતે નવી આવૃત્તિમાં પ્રવેશને પામ્યો પણ છે. ઉ. ત. પૃ. ૨૫ પર ઓલ્વિન છપાયું છે, ત્યાં એલ્વિન જોઈએ. આ દોષ પ્રૂફરીડરના કારણે રહી જવા પામ્યો હોય તો જોડણીની અશુદ્ધિઓ પણ તેવા જ કારણે પ્રથમ આવૃત્તિમાં રહી જવા ન પામી હોય? આ સંપાદકે વિશેષમાં, પાદટીપમાં અધિકારી વાચકો માટે શંકાઓ જન્માવી છે. ઉ. ત. પૃ. ૪૦ પાદટીપમાં નોંધ છે: ઉ. ત. વલભિના રાજા ધરસેન, ગુહસેન વગેરે. વલભિની ગાદી પર ધરસેન ચાર થયા છે, તેમાં અહીં કયો અભિપ્રેત છે, તેની સ્પષ્ટતા સંપાદકે કરવાની જરૂર છે.

આ ગ્રંથમાં સંપાદકે ગ્રંથના અંતે ટિપ્પણ, ગ્રંથસૂચિ, શબ્દસૂચિ, વ્યક્તિપરિચય, ગીત-પંક્તિસૂચિ વગેરે આપવાનું કર્તવ્ય બજાવીને આ ગ્રંથને વધુ અભ્યાસમંડિત બનાવી શક્યા હોત.

તેમ છતાંય 'લોકસાહિત્યનું સમાલોચન' ગૂજરાતનો મહામૂલો ગ્રંથ છે, તેટલું તો ભારતભરના આ શાસ્ત્રના વિદ્વાનોએ સ્વીકારવું પડશે, વિવેચક દૃષ્ટિના કારણે, મઘમઘતી તાજી લોકબાનીવાળી શૈલીના કારણે.

**પુષ્કર ચંદરવાકર**

* * *

**ઉપહાર :** સંપાદક : ડૉ. સુરેશ દલાલ; પ્રકાશક : કે. જે. સોમૈયા કૉલેજ પ્રકાશન સમિતિ, ઘાટકોપર, મુંબઈ-૭૭, પૃ. ૧૭૮; મૂલ્ય રૂા. ૭=૫૦.

પ્રણયના વિષાદની વસંતને તથા માનવમનના પ્રાથમિક આવેગને અપૂર્વ રીતે અપાયેલું અભિજાત સ્વરૂપ, ભાષાની સફાઈ, ઇન્દ્રિયસંતર્પકતા, લોહીના લયના આક્રમણને ધર્માચરણના નિકષ પર કસવાનો પૂરેપૂરો પ્રયાસ કરનારાં (ખંડકાવ્યોમાંનાં) પાત્રોનું આબેહૂબ આલેખન અને તેમનાં તીવ્ર મનોમંથનોને ઝીલનારાં વિશદ સુરેખ શબ્દચિત્રો; શિલ્પ, આકાર, પદાવલિ, પદવિન્યાસ, વ્યંગ, છંદોલય વગેરે અનેક દૃષ્ટિએ અનવદ્ય સર્વાંગસંપૂર્ણ ગણાતી 'સાગર અને શશી' જેવી કૃતિનું કાવ્યસૌન્દર્ય અને તેમાં કવિકર્મની ઉત્કૃષ્ટતા; સંસ્કૃત રૂપબંધ વૃત્તોનો મનોહર વૈવિધ્ય-ભર્યો વિનિયોગ; જીવનમાં અને કવનમાં એક સરખા-પણ ગૌરવયુક્ત—સ્તરને પ્રકટ કરતી ઉચ્ચ પ્રકારની ગંભીરતાયુક્ત કરુણતા; મુખ્ય ખંડકાવ્યોમાં પાત્રોના માનસ દ્વારા ડોકાતી કવિની ઊંડી રસજ્ઞતા અને મર્મજ્ઞતા,...અને છેલ્લે ગુજરાતી ભાષાની શક્તિને તથા અદૃષ્ટ નિયતિ સાથેના સંઘર્ષમાં ખુલ્લી પડતી માનવીની મર્યાદા(અ)શક્તિને અનાયાસ પ્રાપ્ત થતી ઉત્કટ અભિવ્યક્તિઃ— આ અને બીજાં અનેક દૃષ્ટિબિન્દુઓ તથા નૂતન પ્રસ્થાનોને લીધે આપણા અગ્રણી કવિ કાન્ત, આજના બદલાતા જતાં મૂલ્યોની વચ્ચે પણ, આપણા આદરના અને અભ્યાસના અધિકારી તરીકે 'ગમે તો સ્વીકારે..'નો પડઘો પાડતા અડગ અને અણનમ ઊભા છે.

નવેમ્બર ૧૯૬૭માં કવિ કાન્તની જન્મશતાબ્દી ઉજવાઈ. કેટલેક સ્થળે-વર્તમાનપત્રો જણાવે છે તે સાચું હોય તો—જનતાને અમૂલ્ય કવિતાસમૃદ્ધિ આપનાર કવિ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાનો અવસર એળે પણ ગયો. એ જાણી ગ્લાનિ થાય છે! પરંતુ આકાશવાણી ઉપરાંત, વડોદરા, મુંબઈ જેવાં કેટલાંક સ્થળોએ સહૃદય સાહિત્યકારોએ કવિને ભાવભીની અંજલિ આપી તેના કવિકર્મને મૂલવવાના જે સન્નિષ્ઠ પ્રયત્નો કર્યા તે પ્રશસ્ય છે. 'ઉપહાર'નું પ્રકાશન એ રીતે ખરેખર આવકાર્ય અને અભિનન્દનીય છે. એમાં લગભગ વીસેક વિદ્વાનોના અભ્યાસપૂર્ણ લેખો અને ત્રણ કાન્તવિષયક કાવ્યોનું સંકલન કરવામાં શ્રી. સુરેશ દલાલનો અથાગ ઉત્સાહ, શ્રમ અને કવિની કવિતાને સમજવાની સૂઝ સ્પષ્ટપણે તરી આવે છે.

'ઉપહાર'નું ઉદ્‌ઘાટન કરનાર કાકાસાહેબ કાલેલકરના લેખમાં, કવિના ધર્મપરિવર્તનને નિમિત્ત બનાવી, દેશકાલીન સાંસ્કૃતિક અને સામાજિક પરિબળોના સંદર્ભમાં ધર્માન્તરવિષયક ચર્ચા જ વધુ થયેલી છે. તેમણે વિવેચન કે વિશ્લેષણ કર્યા સિવાય માત્ર બેચાર વાક્યોમાં જ સ્વકીય મત સૂચવ્યો છે કે કાવ્યકલા, રસિકતા અને ઈતર દૃષ્ટિએ 'વસંતવિજય' કરતાં 'દેવયાની' વધારે ચઢિયાતી અને આકર્ષક કૃતિ છે, તથા 'વસંતવિજય' કરતાં 'દેવયાની'નો પ્રેમવિજય વધારે પ્રતિભાશાળી છે. મને લાગે છે કે આ અભિપ્રાય ઉચ્ચારવામાં કાકાસાહેબની નીતિમાનસની સર્વોપરિતા જ જવાબદાર હશે! છતાં યુવાન વિવેચકોને આ વિધાન બન્ને કાવ્યોના તુલનાત્મક અભ્યાસની તક પૂરી પાડે છે, એ સાહિત્યક્ષેત્રે લાભની જ વાત છે!

'કાન્તના કાવ્યમાં કરુણરસ: એક નોંધ'માં શ્રી સુરેશ જોષી, કાન્તે અંગત જીવનમાં ઉત્કટ રીતે અનુભવેલા શ્રેય-પ્રેય વચ્ચેના સંઘર્ષને કરુણના ઉત્પાદક વિષાદ માટે જવાબદાર ગણે છે. 'વસંતવિજય', 'ચક્રવાકમિથુન', 'દેવયાની' અને 'અતિજ્ઞાન'ની પાત્રસૃષ્ટિ શાપિત છે, પણ એમાંથી નિષ્પન્ન થતો કરુણ સંયત હોઈ એમાં જ એનું ગૌરવ રહેલું છે. "એમનો કરુણ

વસ્તુલક્ષી, પાત્રલક્ષી, નાટ્યાત્મક બને છે. ઊર્મિ ઉદ્ગારરૂપે નહીં પણ પાત્રમાનસમાં સંઘર્ષનું રૂપ પામી નાટ્યાત્મક રૂપે પ્રકટ થાય છે." એમાં જ કવિની કાવ્યસૂઝમાં રહેલી સૂક્ષ્મતાનો આપણને પરિચય થાય છે. નાનકડી 'નોંધ' વિષય પર વેધક અને માર્મિક પ્રકાશ નાખે છે.

અત્યાર સુધી આપણને 'સાગર અને શશી' વિષે શ્રી બલવંતરાય ઠાકોર, શ્રી સુરેશ દલાલ, શ્રી સુરેશ જોષી, શ્રી હસમુખ પાઠક, અને શ્રી હર્ષદ ત્રિવેદીનાં અભ્યાસપૂર્ણ વિવેચનો મળ્યાં છે. 'ઉપહાર'માં શ્રી નિરંજન ભગતના લેખથી એક વધુ આસ્વાદ-લેખ મળે છે. અલબત્ત એ લેખ 'સંસ્કૃતિ'માં અગાઉ પ્રકટ થઈ ચૂક્યો હતો. 'ચક્રવાકમિથુન', 'અતિજ્ઞાન', 'વસંતવિજય', 'દેવયાની' અને 'સાગર અને શશી'—એ ક્રમમાં પાંચે કાવ્યોમાં એક કાવ્ય જોઈને શ્રી નિરંજન તેમાં કાન્તના દર્શનની અશેષ અખિલાઈ અને કવિનો જીવનદૃષ્ટિનો વિકાસ જોવાનું સાહસ કરે છે. તીવ્ર સંઘર્ષો અને મનોમંથન તથા અપાર હૃદયવ્યથાના અનુભવની પરાકાષ્ઠા પછી, થોડોક સમય સ્વીડનબૉર્ગના પ્રેમભક્તિપંથમાં સાન્ત્વન-સમાધાનરૂપી ચારુ ચાંદનીનો આહ્લાદ અનુભવ્યા પછી એક પૂર્ણિમાની રાતે કાન્તે જલધિજલદલ પર ચન્દ્રનો ઉદય-ઉત્કર્ષ નિહાળ્યો; મનોહર ચાંદનીની અને જલતરંગોની ભરતીને અનુરૂપ ચિદ્ગગનમાં પણ શાંતિના શશીનો ઉદય અને હૃદયસાગરમાં ભાવની ભરતીનો ઉદ્રેક અનુભવ્યો. જે ક્ષણને કાન્ત જીવનભર ઝંખતા હતા તે ક્ષણ એમના જીવનમાં આવી, એ ક્ષણે આ કાવ્ય જન્મ્યું અને જીવનની એ વિરલ ક્ષણે સમગ્ર જીવનના પ્રશ્નનો ઉત્તર મળી ગયો, રહસ્યનો પડદો ખસી ગયો, પછી કાવ્ય કરવાનું કાન્તને કોઈ પ્રયોજન જ નથી. "આ કાવ્ય અને એની પ્રેરણા રૂપ ક્ષણ કાન્તના જીવનમાં જન્મ્યા પછી એમની એ ગહન સરસ્વતી એકાએક લુપ્ત ન થઈ જાય તો જ નવાઈ! (અને એ ગહન સરસ્વતી શું સાચેસાચ એકાએક લુપ્ત થઈ ગઈ છે?) 'સાગર અને શશી' લખ્યા પછી પણ કાન્તે 'મનોહર મૂર્તિ' અને 'આપણી રાત' એ બે કાવ્યો લખ્યાં એની જ નવાઈ'! (આ બંને કાવ્યોનો 'સાગર અને શશી'ની પૂર્તિરૂપે અભ્યાસ કરવા જેવો છે.)" (પૃ. ૧૨૧)

અને પછી તો પ્રો. ઠાકોર વગેરેનાં આ કાવ્ય સંબંધના અભિપ્રાયો આપી લેખક પોતાનું આગવું અર્થઘટન આપીને, વિરોધ વિષમતા અને વિસંવાદમાંથી સંવાદ, સૌન્દર્ય અને શાંતિ સિદ્ધ કરવાની કવિની રીતિ, તે માટે છંદોલય અને ઝૂલણાનો સવિશેષ ઔચિત્યપુરઃસરનો વિનિયોગ કરવામાં કાન્તની સૂક્ષ્મ સુરુચિ, અને તે દ્વારા કાવ્યમાં સધાતી વસ્તુ અને સ્વરૂપની અભિન્નતા—વગેરે તત્ત્વો પર પ્રશંસાનાં પુષ્પો વેરે છે, અને છેવટે કહે છે:

"કવિ તરીકે, કલાકાર તરીકે, સર્જક તરીકે, કાન્તની આ સર્વશ્રેષ્ઠ સિદ્ધિ છે. આથી જ કાન્ત આપણા એકમાત્ર કલાકાર કવિ છે, અને 'સાગર અને શશી' આપણી ભાષાનું સર્વોત્તમ અદ્વિતીય સંગીતકાવ્ય છે, અને મારું ગમતું કાવ્ય છે." (પૃ. ૧૨૪)

આશ્ચર્યની વાત તો એ છે કે આ જ સંપાદનમાં 'કાન્તની કવિતામાં પ્રકૃતિ' એ લેખમાં, શબ્દાલંકારોની આકર્ષક પ્રચુરતા નીચે ઢંકાતી કવિની પ્રેરણા-કલ્પનાની મંદતા, હર્ષોલ્લાસની તીવ્રતાની ઊણપ ઢાંકવા માટે કવિએ માંડેલો વાગ્વિલાસ તથા વક્તવ્યમાં ધ્વનિરીતિનો અભાવ, અને વક્તવ્ય તથા ભાવને પ્રકટ રીતે રજૂ કરવાની રીતિ—આદિ કારણોથી શ્રી જયન્ત પાઠક અતિપ્રતિષ્ઠિત 'સાગર અને શશી' કાવ્યને કાન્તની શ્રેષ્ઠ કૃતિ ગણવાનો સ્પષ્ટ ઇન્કાર કરે છે! તેમણે માત્ર મુદ્દાનો જ નિર્દેશ કર્યો છે તેને બદલે આ કાવ્ય વિશેના સ્વતંત્ર લેખ દ્વારા

વિવેચકોના અભિપ્રાયોની સવિગત મૂલ્યપરીક્ષા કરી હોત તો વધુ યોગ્ય થયું ગણાત. તેમના મતે કાન્તની કવિતામાં પ્રકૃતિ ઘણુંખરું ભાવની અભિવ્યક્તિમાં કે વૃત્તાન્તનાં રૂપવાતાવરણ સર્જવામાં સહાયક તરીકે પ્રયોજાઈ છે. તેમાં કવિના સ્વતંત્ર પ્રકૃતિવિષયક સંવેદનનો અભાવ વરતાય છે. 'ઉપહાર'માં અસ્પષ્ટતા કે દુર્બોધતાથી, અને 'મારી કિસ્તી' કે 'માનસસર' જેવાં કાવ્યોમાં આંતરવૃત્તિ–સ્થિતિના પલટાને પ્રકૃતિના પરિવેશમાં રજૂ કર્યા છતાં પ્રસ્તુતના અપરોક્ષ સ્ફોટને લીધે તથા તેમાં ગદ્યાળુતા અને આયાસના અંશોને લીધે, કવિતાકલા ઝંખવાઈ ગઈ છે. શ્રી પાઠકના મતે, ખંડકાવ્યોમાં માત્ર 'દેવયાની'માં જ સુરેખ શબ્દચિત્રો અને અલંકારવૈભવથી સંપન્ન એવું રંગરાગી છટાદાર વિપુલ ને તાજપવાળું પ્રકૃતિનિરૂપણ ભાવકને માણવા મળે તેમ છે.

કાન્તનાં ખંડકાવ્યોમાંનાં વિવિધ ઉદાહરણોથી કેટલાક સામાન્ય મુદ્દાઓ તારવતો શ્રી વિનોદ અધ્વર્યુનો 'ચક્રવાકમિથુન' વિષેનો અભ્યસનીય લેખ અવલોકનના નવા અભિગમથી આસ્વાદ્ય બન્યો છે. તેમનો પ્રધાન મુદ્દો સ્વલ્પમાં એ રીતે સમજી શકાય કે, ખંડકાવ્યના સ્વરૂપની સિદ્ધિની દૃષ્ટિએ તથા અભિવ્યક્તિના સામર્થ્યવિકાસની કે ચિંતનાર્થસંભારની દૃષ્ટિએ – અન્ય ખંડકાવ્યોની અપેક્ષાએ—'ચક્રવાકમિથુન'માં કવિની સર્જક પ્રતિભાનો નવો સવિશેષ પ્રતીત થતો નથી, પરંતુ તેમાં રૂપાન્તરે–શબ્દાન્તરે પુનરાવર્તન જ પ્રતીત થાય છે. પણ આ પુનરુક્તિ સમર્થ અને સુભગ છે, તથા સમાન ભાવોની ઉપરાંત તે ભાવો માટે વપરાયેલાં પ્રતિરૂપો કે પ્રતીકોની પણ છે. આથી 'વસંતવિજય'માં સર્જનયાત્રાનું અંતિમ શિખર સર થયા પછી 'ચક્રવાકમિથુન'માં લેખકને કાન્તની "સર્જનશ્રેણીનું પૂર્ણવિરામ" જણાય છે.

કાન્તનાં કાવ્યોમાં પ્રવર્તમાન નૈરાશ્યના હેતુરૂપ દૈવપ્રતિકારિણી નિરુપાય દૃષ્ટિશૂન્યતાને વ્યક્ત કરવા કવિએ રાત્રિનાં અને એને આનુષંગે અંધકારનાં પ્રતીકોનો ઉપયોગ જુદાં જુદાં કાવ્યોમાં ભિન્ન ભિન્ન અર્થસંદર્ભમાં જે રીતે કર્યો છે તેની, તથા કાન્તનાં સંઘર્ષપીડિત સંવેદન-શીલ પાત્રો પણ નિયતિની અંધશક્તિ સામે જાણે સંવેદનઅંધત્વ-મૂર્છા અનુભવતા હોય છે તેની, સોદાહરણ ચર્ચા કરીને લેખકે 'કાલતત્ત્વ'ના પ્રભાવને નિરૂપ્યો છે. તે કહે છે કે "ચક્રવાક-મિથુન"માં તો કાલતત્ત્વ જ સમગ્ર ઘટનાનું કેન્દ્રીય બળ છે એ રીતે તો કાન્ત 'કાલ'-ગ્રસ્ત લાગે! (Time haunted!)" (પૃ. ૪૮) કલ્પના, જ્ઞાન અને પ્રેમ-સૌન્દર્ય જેવાં જીવનધારક મૂલ્યોની આરાધનામાંથી જન્મતી કરુણતા 'વસંતવિજય'માં પ્રબળ પરાશક્તિ સામે ઝઝૂમતા પૌરુષના અનુભવને લીધે Tragic બની તેના કરુણાન્તમાં ભવ્યતા ઉમેરે છે, જ્યારે 'ચક્રવાક-મિથુન' તો માત્ર Pathos સુધી જ લઈ જાય છે. લેખકનું આ મન્તવ્ય વધુ સ્પષ્ટતા અને ચર્ચા માગી લે છે!

શ્રી. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે 'દેવયાની' કાવ્યમાં અતિચર્વિત દેવયાનીના ભાવસંક્રમણના મુદ્દાને ચર્ચાથી દૂર રાખી, ટૂંકા લેખમાં, કચની ભાવસ્થિતિ અને ભાવગતિનો ઊહાપોહ્ય મુદ્દો ઉકેલ્યો છે. કયી અવસ્થાએ કચમાં પ્રેમનો ઉદય થયેલો જોવો કે ન જોવો તથા કયાં સુધી કચની તટસ્થતાને પ્રમાણિત માનવી વગેરેમાં તેમણે સર્વશ્રી ડોલરરાય માંકડ, રામનારાયણ પાઠક, ચન્દ્રકાન્ત ટોપી-વાલા, મનસુખલાલ ઝવેરી અને રતિલાલ જાનીના અભિપ્રાયોની જાણે પુનઃતપાસ કરવાનો સરસ

પ્રયત્ન કર્યો છે. દેવયાનીની સરળ ભાવગતિની સાથે (કે સામે ?) કચની સંકુલ ભાવગતિને નિરૂપવામાં જ શ્રી. બ્રહ્મભટ્ટ કવિકર્મનો વિશેષ જુએ છે.

અભ્યાસનાવીન્ય અને મૌલિકતાની દૃષ્ટિએ સૌથી ધ્યાનપાત્ર લેખ શ્રી રામપ્રસાદ બક્ષીનો છે. તેમાં બે વિરોધાભાસી જણાતા વિચારોની ઝીણવટભરી દૃષ્ટિથી પરીક્ષા-પર્યેષણા કરવામાં આવી છે એટલું જ નહીં પણ તેમાંથી સ્પષ્ટ રીતે નિષ્કર્ષ પણ તારવી શકાયો છે. “ખરેખર સંસ્કૃત કવિતાના પણ મોટા ભાગને કચરો જ ગણતો થયો છું.” (પૃ. ૩૦) એમ સ્પષ્ટપણે જાહેર કરનાર કાન્તના કાવ્યવિષયક રુચિતંત્ર ઉપર અંગ્રેજી કવિતાનો અને કવિતાવિવેકનો પ્રબળ પ્રભાવ હતો; છતાં વસ્તુબીજની ખોજ અને તેનું રૂપનિર્માણ, કવિસમય (Poetic convention)નો યથાતથ સ્વીકાર, વૃત્ત-વાણીની વિશુદ્ધિ અને શબ્દની વ્યાકરણસિદ્ધિનો આગ્રહ, સ્વરૂપવિકૃતિ કર્યા વિના લયને સરલવાહી રાખી અર્થસમૃદ્ધ કરનાર યથાર્થ શબ્દોની પસંદગી અને તેના સુભગ પ્રયોગો, (દા. ત. ઉદ્‌ગ્રીવ, સાંપ્રત, વિરતિ, નિરવધિ, સ્વપ્નસ્મિત, વિદ્યુદ્‌લ્લિ, વસન્તપ્રસર, લુબ્ધક, અનિષ્ટભાજન, યોગાંધત્વ, સુરસદન, સ્નેહઘન વગેરે), લલિત કોમલચારુ પદાવલી, ‘દેવયાની’ વગેરે કાવ્યોમાંના કેટલાક સઘન સુભગ શ્લોકોની નિર્મિતિ, અને કેટલીક ઉપમાઓમાંની ઉપમાનસામગ્રી...આ બધાં કાન્તની કવિતાકલાની પરાકાષ્ઠાને સૂચવતાં વિજયચિહ્નો કવિના સંસ્કૃત સાહિત્યનાં સૂક્ષ્મ પરિશીલન અને તેના પ્રભાવની જ ચાડી ખાય છે. લેખના અંતમાં લેખક કહે છે:

“કાન્ત વિષે સ્વ. રામનારાયણ પાઠકે લખ્યું હતું કે ‘તેમની રસવૃત્તિ અને તેમના હૃદયના પ્રવર્તક સંસ્કારો અંગ્રેજી કાવ્યોના છે. × × × એ સંસ્કારોની નીચે મણિભાઈની કાવ્યરસિકતા ઘડાઈ અને કેળવાઈ હતી’ એ ખરું છે, પણ સાથોસાથ આ પણ ખરું છે કે એમની એ રસવૃત્તિનો કાવ્યમય આવિર્ભાવ વસ્તુ, વાણી અને વૃત્ત પરત્વે સંસ્કૃતનો પ્રભાવ ઝીલીને જ ઉચ્ચ કોટિએ પહોંચી શકયો હતો.” (પૃ. ૩૭) વિદ્વતાપૂર્ણ આ લેખમાં કાન્ત અને નરસિંહરાવની શબ્દપસંદગી તથા પ્રકૃતિ પ્રત્યેની કવિદૃષ્ટિ વિષે કરેલી તુલના—કોઈને—અપ્રસ્તુત અથવા વિષયાંતર જેવી પણ લાગવાનો સંભવ છે.

કદાચ કલાપીના સતત સંસર્ગને લીધે તથા રંગીન કલ્પનાયુક્ત મસ્ત દિલ હોવાને લીધે ગઝલરચના કરવાને પ્રેરાયેલા કાન્તની પંદરેક કૃતિઓ સાચા અર્થમાં ગઝલો નથી. તે નિષ્ફળ નઝમો અને ગીતો છે. ગઝલરચનાની ઉચ્ચ કક્ષા કે ચોટ, તેનું વૈવિધ્ય, ચિંતનનું ઊંડાણ કે જીવનની સાચી ગંભીરતાની અભિવ્યક્તિનો અભાવ હોવાથી, કારીગરીની કચાશને પ્રકટ કરતી એ બધી રચનાને પ્રયોગયુગની હોવાના શ્રી મીનુ દેસાઈના મત સાથે સૌ કોઈ સંમત થશે.

શ્રી નલિન રાવળે કરેલી ‘ઉપહાર’ સૉનેટની સૂક્ષ્મ સમાલોચનામાં કાન્તની વિનમ્રતા ઉપરાંત, પ્રિયા પ્રકૃતિ અને સખાનો પ્રેમ અંતે પ્રભુપ્રેમમાં એટલે કે તેના ‘સકલમય સ્વરૂપ’માં લય પામે છે એ પ્રકારના કાન્તના પ્રણયરસની પર્યેષણા કરી છે. તો શ્રી ચંદ્રકાન્ત મહેતાએ કાન્તનાં મૈત્રીવિષયક ચૌદ કાવ્યોમાં અતૃપ્ત પ્રેમ કેવી રીતે કરુણનું ઉપાદાન બને છે એ સમજાવતાં, પ્રો. ઠાકોરે જાણે, કાન્તના સમગ્ર પ્રેમાભિષેકનો પૂરતો પ્રત્યુત્તર નહીં વાળીને કાન્તને અન્યાય કર્યો હોવાનો ધ્વનિ સંભળાતો હોવાનું જણાવ્યું છે ! પ્રો. ઠાકોરનાં પણ મૈત્રીવિષયક કાવ્યોનો અભ્યાસ આની સાથે જ થવો જોઈએ, એમ લાગે છે.

'કવિ કાન્તની શલ્યશય્યા 'માં શ્રી ચુનીલાલ મડિયા, શેષ જીવનમાં કાન્તની પ્રતિભા સર્જન-પ્રદાન ન કરી શકી તેને માટે બિચારા સ્વીડનબૉર્ગને જવાબદાર ગણે છે! "ખ્રિસ્તીઓ ભલે કાન્તને 'નવીન દેવાલયના શહીદ' તરીકે બિરદાવે; આપણી દૃષ્ટિએ તો તેઓ ગુજરાતી કવિતા-મંદિરના જ શહીદ બની ગયા છે." (પૃ. ૧૩૮). આ ગૃહીત દૃષ્ટિબિન્દુના આરોપણથી તેમણે કાન્તની રચનાઓમાં 'અપરાધનો ડંખ' જોવાનો પ્રયત્ન કર્યો છે...અને એ રીતે આ લેખની કક્ષા ઊતરતી હોવાનું પ્રતીત થાય છે.

'વસંતવિજય' પર શ્રી ઉશનસ્‌નો, 'પૂર્વાલાપ: છંદની દૃષ્ટિએ' ભૃગુરાય અંજારિયાનો; 'કારુણ્ય કાન્તનું અને મેથ્યૂ આર્નોલ્ડનું' શ્રી મહેન્દ્ર પંડ્યાનો લેખ, તથા 'કાન્તમાલાના પારદર્શક પત્રોમાંથી કાન્તનુ હૃદયદર્શન કરાવતો શ્રી જનક દવેનો લેખ પોતપોતાની શૈલીમાં કાન્તનાં જીવન અને કવનની ઠીક ઠીક ચર્ચા પૂરી પાડે છે.

કવિપત્ની પતિની સાથે ધર્માન્તર કરવા ઉદ્યુક્ત ન થવાથી, કવિહૃદયને જે આઘાત પહોંચેલો તેની–કવિની તીક્ષ્ણ મનોમૂંઝવણની—તેમની કવિતા પર કેટલી અસર પહોંચી છે તેની ચર્ચા શ્રી ચન્દ્રવદન મહેતાએ 'નેહને નવેસરથી નાણતાં' એ લેખમાં કરી છે.

છેવટમાં શ્રી રમેશ જાનીએ 'ગહનનાં અવગહન 'માં કાન્તની કવિતા વિષે થયેલાં વિવિધ વિવેચનોમાંથી મહત્ત્વના મુદ્દાઓને સંકલિત કરવાનો સુંદર પ્રયાસ કર્યો છે એટલુંજ નહીં પણ લેખને અંતે લગભગ ૧૦ પાનની સંદર્ભસૂચિ આપી છે તે દરેક અભ્યાસીને—વિદ્યાર્થી કે પ્રાધ્યાપકને—ઘણી જ ઉપકારક નીવડે તેમ છે. આ કાર્ય ખરેખર અવિરત અને અથાગ પરિશ્રમ માગી લે છે.

કવિના કવિકર્મને દૃષ્ટિ સમક્ષ રાખીને કરાયલા આ બહુમૂલ્ય સંપાદન માટે શ્રી સુરેશ દલાલ તથા પ્રકાશકો ધન્યવાદના અધિકારી બને છે. અંતમાં, શ્રી સુરેશ દલાલનો એક મુદ્દો (મને લાગે છે કે તદ્દન નવો જ) ચિંતન માટે રજૂ કરીશ :

"કાન્તની કવિતાના વિષયની આસપાસ એમના જમાનાની આબોહવા વીંટળાઈ વળી છે. ગોવર્ધનરામ અને ન્હાનાલાલ જેવા સર્જકોએ નવલકથા અને નાટકના માધ્યમદ્વારા આત્મા અને શરીરની, સ્નેહલગ્ન અને દેહલગ્નની જે વાત કરી 'તી એ જ વાતને કાન્તે 'પૂર્વાલાપ 'માં કાવ્યમય વાચા આપી છે. ન્હાનાલાલે આત્માની વાતો તારસ્વરે કરી. એટલે જ એમ કહેવાનું મન થાય છે કે, ન્હાનાલાલની કવિતાની પ્રકૃતિ અંતર્મુખ લાગે છે. કાન્તની કવિતા અંતર્મુખ છે. ગોવર્ધનરામે આત્મા અને શરીરની વાતો વાચાળ રીતે ન કરતાં, કલાકારની રીતે, આત્મા અને દેહની સૃષ્ટિને એકમેકની પડછે મૂકી માત્ર સર્જકનું સાક્ષીકાર્ય કરી બતાવ્યું. કાન્તે વળી આ વિષય પરત્વે જુદો જ અભિગમ બતાવ્યો. આજે જ્યારે બધા એક જ ખડિયામાંથી બોળીને લખતા હોય એવું લાગે છે ત્યારે ગોવર્ધનરામ અને ન્હાનાલાલ જેવાઓની વચ્ચે રહીને પોતાનો મૌલિક અભિગમ બતાવનાર આ કવિ માટે અવશ્ય માન થાય. શરીરદ્વારા શરીરને અને આત્માને પામવાની શક્યતાનો બેવડો ઇશારો કાન્તની કવિતામાં છે." (પૃ. ૧૬૫)

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)**

* * *

**ગીતાંજલિ :** (રાજસ્થાની), અનુવાદક : શ્રી. રામનાથ વ્યાસ 'પરિકર', પ્રકાશક : રાજસ્થાન સાહિત્ય અકાદમી, ઉદયપુર, ૮.૮"×૫.૨". પૃષ્ઠ ૧૦+૪+૧૪૪+૧ છવિફલક, કિંમત રૂા. ૨ = ૫૦.

સ્વ. કવિવર રવીન્દ્રનાથ ટાગોરની રચનાઓનો અનુવાદ પ્રાયઃ જગતની બધી જ ભાષાઓમાં થયો છે. પ્રસ્તુત પુસ્તક પણ આપણા એ રાષ્ટ્રકવિને વિશ્વકવિ તરીકેની પ્રસિદ્ધિ સર્વપ્રથમ અપાવનાર નાનકડા પ્રાર્થનાસંગ્રહ 'ગીતાંજલિ'નો રાજસ્થાની અનુવાદ છે. નોબેલ પ્રાઇઝ તો ટાગોરે પોતે જ કરેલા મૂળ બંગાળીના અંગ્રેજી અનુવાદને પ્રાપ્ત થયેલું; જ્યારે આ પુસ્તક મૂળ બંગાળી 'ગીતાંજલિ'નાં એકસો ને ત્રણ ગીતોનો ગદ્ય અનુવાદ રજૂ કરે છે. રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં બોલાતી ભાષામાં થોડોઘણો ભેદ છે; પરંતુ મારવાડની ભાષાને તેની મધુરતા, પ્રસાદપૂર્ણતા તથા વ્યાપક શબ્દશક્તિને કારણે ગદ્યરચના માટે આદર્શ લેખીને આ અનુવાદ મારવાડીની અસલ બિકાનેરી શૈલીમાં કરવામાં આવ્યો છે.

સુંદર કલ્પનાશીલ સહજ ઉક્તિ આ ગીતોની વિશેષતા છે. કાવ્યમાં જીવનનું સાચું સ્વરૂપ પ્રકટ કરવાની રવીન્દ્રનાથની શક્તિ સાહજિક છતાં અદ્ભુત છે. આ લઘુકાવ્યોમાં તેમણે અનન્ત જીવનવ્યાપારનું વિશદ વિવેચન સાંગોપાંગ રીતે કરીને, કવિતા અને દર્શનનો સુંદર સુમેળ સાધીને, પોતાની કલમના જાદુ વડે જાણે એક નવીન જ ભાવલોકનું સર્જન કર્યું છે, જેમાં વિરાટ અને જીવના—પરમાત્મા અને આત્માના—મિલનની ઝાંખી થાય છે. આ ગીતો દિવ્ય ભાવનાઓથી ભરેલાં હોવા છતાં એક સામાન્યમાં સામાન્ય મનુષ્ય પણ તેમાં પોતાના હૃદયનો ઝંકાર સાંભળી શકે છે. નિરાશા કે હતાશા તો તેમાં શોધી જડે તેમ નથી. આશા, આહ્લાદ અને ઉત્સાહના આલોકની આભા જ તેમાં આપણને સાંપડે છે. આથી આ ગીતો વાંચતાં વેદનાં સૂક્તોનું સ્મરણ થઈ આવે છે. એ આર્ષદર્શનની ઝળકનો અહીં પણ સાક્ષાત્કાર કરી શકાય છે. ખરેખર, 'ગીતાંજલિ' ભારતીય સાહિત્ય, દર્શન તથા સંસ્કૃતિની એક અનુપમ રસમયી ત્રિવેણી બની ગઈ છે, અને આટલાં ગીતો ગાયા પછી પણ કવિ તો નમ્રભાવે કહી નાખે છે : "હે પ્રિયતમ ! જે ગીતો ગાવાને માટે હું તારી સભામાં આવ્યો હતો એ ગીતોને તો અદ્યપર્યન્ત ગાઈ શકયો જ નથી ! આ જીવન તો કેવળ પોતાની વીણાના તારોના સ્વરનું સંધાન કરવામાં જ વીતી ગયું !" અનુવાદક શ્રી. પરિકર યોગ્ય રીતે જ આ ગીતોને જેમાં કરુણા, માધુરી અને સમર્પણના હિલોળા ઊઠે છે એવી નયનજલની પરનાળ તરીકે નવાજે છે.

કવિ કરતાં અનુવાદકનું કાર્ય કઠિનતર હોય છે, કારણ કે તેને મૂળ કવિની ભાવનાની ઉચ્ચ ભૂમિકાએ પોતાના માનસને પ્રતિષ્ઠિત કરવું પડે છે. શ્રી. પરિકરે પદ્યનો મોહ છોડી ગદ્યનો જ આશ્રય સ્વીકાર્યો છે તે ઉચિત છે. પદ્યના બન્ધનમાં મૂળના ભાવને પૂર્ણ રીતે વ્યક્ત કરવો એ અત્યન્ત કઠિન કાર્ય છે. તેમાં યે સરળ શબ્દોના પટમાં ભાવોનાં અત્યન્ત ઊંડાં ઝરણાંને પ્રવાહિત કરતાં આવાં ગીતોનો અનુવાદ સવિશેષ દુર્ઘટ ગણાય. ટાગોરે પોતે કરેલો અંગ્રેજી અનુવાદ તેમ જ સ્વ. કાન્ત આદિએ કરેલા ગુજરાતી અનુવાદો પણ ગદ્યમાં જ છે ને! જો કે ભાવની ઉત્કટતા એ ગદ્યને પ્રવાહી બનાવી પદ્યનું લાલિત્ય અર્પી શકે.

પ્રસ્તુત ગદ્ય અનુવાદમાં પણ મૂળ બંગાળીનું સંગીત ઊતરી આવ્યું છે તે અનુવાદની એક સિદ્ધિ છે. ગીતે ગીતે વાચકની ઊર્મિ ઉત્તેજિત થયા વિના રહેતી નથી. આ સંગ્રહમાંના અંતિમ

કાવ્યની થોડી પંક્તિઓના મૂળ બંગાળી પાઠ, ટાગોરે કરેલ અંગ્રેજી અનુવાદ તથા શ્રી. પરિકરના રાજસ્થાની ભાષાન્તરની તુલના કરવાથી આ વિધાનની યથાર્થતા સમજાશે :

**મૂળ બંગાળી :**

"નાના સુરેર આકુલ ધારા,
મિલિયે દિયે આત્મ-હારા
એકટિ નમસ્કારે પ્રભુ! એકટિ નમસ્કારે,
સમસ્ત ગાન સમાપ્ત હોક્ નીરવ પારાવારે.
હંસ જેમન માનસ-યાત્રી,
તેમનિ સારા દિવસ-રાત્રી.
એકટિ નમસ્કારે પ્રભુ! એકટિ નમસ્કારે,
સમસ્ત પ્રાણ ઉડે ચલુક્ મહા-મરણ પારે."

**અંગ્રેજી અનુવાદ :**

"Let all my songs gather together their diverse strains into a single current and flow to a sea of silence in one salutation to Thee.

Like a flock of homesick cranes flying night and day back to their mountain nests let all my life take its voyage to its eternal home in one salutation to Thee."

**રાજસ્થાની અનુવાદ :**

"હે પ્રભુ! મ્હારૈ-ન્યારૈ સુરાં રી આકળ-વ્યાકળ ધારાવાં નૈ, એકોકાર મિલા'ર, એક નિમસ્કાર મેં ઈ, મ્હારા સગળા ગીત ઈ સાંતી રે સાગર મેં ડૂબતા જાવૈ !

હે પ્રભુ! હંસ જિંયાં માનસરોવર રી જાતરા મેં રાતદિન ઉડતા જાવૈ, ઉણ માફક મ્હારા ઐ સરબ પ્રાણ મહામરણ રૈ પાર—એક ઈ નિમસ્કાર નૈ લિંયા ઉડતા જાવૈ !"

મધ્યયુગીન 'મારુ ગુર્જર'ના આધુનિક સાહિત્ય પર્યન્તના પ્રવાહસાતત્યમાં એક સીમાચિહ્ન બની રહે તેવી આ અનુવાદની ગદ્યરચના છે. 'મારુ ગુર્જર' ભાષાની સાહિત્યપરમ્પરા સમૃદ્ધ છે. ગુજરાતી તથા રાજસ્થાની ભાષાઓ એ તેની બે શાખાઓ છે. રાજસ્થાની ભાષાના સાહિત્યખેડાણ માટેનું એક સબળ વલણ હમણાં જાગ્રત થતું જાય છે. પ્રશિષ્ટ ગ્રન્થોના અનુવાદો એ વલણનું પોષણ તેમ જ પરિમાર્જન કરી શકે. આ અનુવાદ આધુનિક રાજસ્થાની ગદ્યના સ્વરૂપનિર્ધારણમાં ઉપયોગી થશે એવી શ્રી પરિકરની આશા અસ્થાને નથી.

રાજસ્થાન સાહિત્ય અકાદમી જેવી સંસ્થા આવી ઉત્તમ કૃતિઓના પ્રૌઢ શૈલીમાં કરાયેલા આવા અનુવાદો પ્રગટ કરે તે સર્વથા સમુચિત છે એટલું જ નહિ, પરન્તુ રાષ્ટ્રીય ભાવના કેળવવા માટે આવશ્યક પણ છે.

**જયન્ત ઠાકર**

* * *

## સાભાર સ્વીકાર

૧ **ખંભાતનો અકીક ઉદ્યોગ:** શ્રી નર્મદાશંકર ત્ર્યંબકરામ ભટ્ટ, પ્રકાશક: શ્રી ખંભાત અકીક ઉદ્યોગ સહકારી મંડળી, ખંભાત, પૃ. ૭૩ + ૧૦.

૨ **ગુજરાત કે કવિયોંકી હિન્દી કાવ્ય-સાહિત્યકો દેન:** લેખક: ડૉ. એન. એ. વ્યાસ; પ્રકાશક: વિનોદ પુસ્તક મંદિર, આગ્રા, પૃ. ૩૩૩; કિંમત: રૂ. ૧૨ = ૦૦.

૩ **દી. બ. નર્મદાશંકર મહેતા (સ્મારક ગ્રન્થ):** સંપાદકો: પ્રો. ઉમાશંકર જોષી, અનંતરાય રાવળ, યશોધર મહેતા; પ્રકાશક: શ્રીમતી ઇલાબેન પીયૂષ દીવાન, શિવસદન, શાહીબાગ, અમદાવાદ; પ્રાપ્તિસ્થાન: ગુર્જર ગ્રન્થ રત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧; પૃ. ૩૪૪.

૪ **દાદાની દેણ:** સંપાદક: હરિશ્ચન્દ્ર; પ્રકાશક: વ્રજલાલ પરીખ, બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પૃ. ૧૯૫ + ૮, કિંમત: રૂ. ૪ = ૦૦.

૫ **શાંતિનિકેતન:** અનુવાદક: નગીનદાસ પારેખ; પ્રકાશક: બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧; પૃ. ૨૯૬ + ૧૬; કિંમત: રૂ. ૫ = ૦૦.

૬ **લોકસાહિત્યનું સમાલોચન:** વ્યાખ્યાતા: ઝવેરચંદ મેઘાણી; સંપાદક: અમૃતલાલ યાજ્ઞિક; પ્રકાશક: મહામાત્ર, મુંબઈ વિશ્વવિદ્યાલય, મુંબઈ-૧; કિંમત: રૂ. ૮ = ૦૦.

૭ **માનસિક સ્વાસ્થ્ય:** લેખક: અહમદહુસેન આઈ. લાલીવાલા, પ્રકાશક; સન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ-૧; પૃ. ૩૪; કિંમત: રૂ. ૧ = ૨૫.

# સ્વાધ્યાય

પુસ્તક ૫ : અંક ૩ — મે, ૧૯૬૮

અક્ષયતૃતીયા — વિ. સં. ૨૦૨૪

## અનુક્રમ

પૃષ્ઠાંક

૧. ગૂર્જરદેશરાજવંશાવલી—અંબાલાલ પ્રેમચંદ શાહ ... ... ૨૪૧–૨૬૦

૨. પશ્ચિમી ક્ષત્રપોઃ રાજવંશો અને સમયનિર્ણય—રસેશ જમીનદાર ... ૨૬૧–૨૭૪

૩. ઇતિહાસમાં કાર્યકારણભાવ [ઇતિહાસમીમાંસાનો એક પ્રશ્ન]—
રસિકલાલ છો. પરીખ ... ... ... ... ૨૭૫–૨૯૧

૪. નાનાસાહેબ પેશ્વાની ઉત્તરાવસ્થા—ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ... ... ૨૯૨–૨૯૬

૫. યુગચક્રપ્રવર્તક શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... ... ૨૯૭–૩૨૨

૬. ગુજરાતના મુખ્ય શૈવ આચાર્યો—જીવણલાલ પ્ર. અમીન ... ... ૩૨૩–૩૬૧

૭. મધ્યકાલીન સાહિત્યમાં સંવાદકાવ્યોની પરંપરા—અનસૂયા ભૂપેન્દ્ર ત્રિવેદી ... ૩૬૨–૩૭૨

૮. રોગ માત્રનું એક કારણ-પ્રજ્ઞાપરાધ—બાપાલાલ ગ. વૈદ્ય ... ... ૩૭૩–૩૮૦

૯. ઓખામંડળ પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ અને સ્થળનામો—
કલ્યાણરાય ન. જોશી ... ... ... ... ૩૮૧–૩૮૮

૧૦. વડનગરનાં સ્થળનામો—કનૈયાલાલ ભાઈશંકર દવે ... ... ૩૮૯–૪૧૦

૧૧. પ્રભાસપાટણનું સૌમ્યસરોવર—મધુસૂદન ઢાંકી, હરિશંકર પ્ર. શાસ્ત્રી ... ૪૧૧–૪૧૫

૧૨. ક્વૉન્ટમ મિકેનિક્સની પૂર્વભૂમિકા—નરસિંહ મૂળજીભાઈ શાહ ... ૪૧૬–૪૨૧

૧૩. ગ્રન્થાવલોકન :

૧. લોકસાહિત્યનું સમાલોચન ... ... ... ... ૪૨૨–૪૨૬

૨. ઉપહાર ... ... ... ... ... ૪૨૭–૪૩૧

૩. ગીતાંજલિ ... ... ... ... ... ૪૩૨–૪૩૪

જ્યોતિ

## પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દૃષ્ટિએ જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪"વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિઃ કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવઃ ૩૦૦ ફૂટ સુધી.



*Quality is our Creed*

**જ્યોતિ લિમિટેડ, વડોદરા-૩**

JY-884-GJ EVEREST




# એ માત્ર પાંચ વર્ષનો છે

## —અને અત્યારથી કમાય છે!

હોંશિયાર છોકરો? બનવા જોગ છે. પરંતુ માતા-પિતા શાણા છે. તેમણે પુત્રના નામનું સગીર બચત ખાતું બૅન્ક ઑફ બરોડામાં ખોલાવ્યું છે. એ છે પુત્રની વર્ષગાંઠ ઉપર પિતાની ભેટ.

જ્યારે તે મોટો થશે ત્યારે તેના શિક્ષણ માટે પૂરતા નાણાં તેની પાસે હશે. તબીબી વિજ્ઞાન? કાયદા શાસ્ત્ર? એન્જીનિયરીંગ! એ જે નક્કી કરે તે.

બૅન્ક ઑફ બરોડા તમારા બાળકને પણ ભવિષ્યની બચત માટે મદદ કરી શકે છે. આજે જ તેના નામનું સગીર બચત ખાતું ખોલાવો.

- ફક્ત એક જ રૂપિયાથી તમે સગીર બચત ખાતું ખોલાવી શકો છો... અને ૪% વ્યાજ મેળવી શકો.
- બાળક ૧૪ વર્ષનું થાય ત્યાં સુધી તેનું ખાતું તમે સંભાળો. પછી એ પોતાનું ખાતું પોતે સંભાળશે—અને એમ શરૂ થશે કરકસરનું શિક્ષણ.

ચિર સમૃદ્ધિનું પ્રતીક

**ધી બૅન્ક ઑફ બરોડા લિમિટેડ**

(સ્થાપના: ૧૯૦૮) રજી. ઑફિસ: માંડવી, વડોદરા
ભારત અને પરદેશોમાં ૩૦૦થી વધુ શાખાઓ

તમારી નજીકની શાખામાંથી અમારી મફત પુસ્તિકા "સેવા કરવા સદા તત્પર"ની નકલ માગો.

shilpi bob 12A/67 Guj

# દેના બેંક

## રાષ્ટ્રની સેવામાં



ખેતીવાડી



ઉદ્યોગ
અને નાના પાયાના
ઉદ્યોગો



આયાત-નિકાસ
અને
વાણિજ્ય



બચત
અને
સગીર બચત

---

**૧૩ રાજ્યોમાં ૧૮૫ થી વધુ શાખાઓ દ્વારા દેશની સેવા બજાવે છે**

કુલ વર્કિંગ ફંડ
રૂ. ૧ અબજ ૧૦ કરોડથી
વધુ

**દેના બેંક લિમિટેડ**
રજિસ્ટર્ડ ઑફિસ : દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હૉર્નિમેન સર્કલ, કોટ, મુંબઈ-૧

પ્રવીણચંદ્ર વ. ગાંધી,
ચૅરમૅન

DB/G/83

# ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે




મધુર સ્વાદવાળું

# ગ્લાયકોડીન

## ટર્પ વસાકા

તબીબી વિજ્ઞાન દ્વારા સ્વીકૃત ગ્લાયકોડીનની "ફોર્મ્યુલા" ખાંસીને તેનાં અનેક પીડિત સ્થાનોમાંથી હાંકી કાઢે છે. આ રહી ગ્લાયકોડીનની વિવિધ અને અસરકારક કાર્યશક્તિ:

- **મગજમાં**—ગ્લાયકોડીન ખાંસીના હુમલાનું યોગ્ય સમયે-હાનિવિના અને અસરકારક રીતે-નિયંત્રણ કરે છે.
- **ગળામાં**—ગ્લાયકોડીન કફનો ભરાવો દૂર કરે છે, બળતરા અને પીડાને શાંત પાડે છે અને ગળાની અંદરના નાજુક ભાગોને કીટાણુઓ સામે રક્ષે છે.
- **છાતીમાં**—ગ્લાયકોડીન બંધ શ્વાસનળીઓ ખોલી નાંખે છે, જકડાયેલા છાતીનાં સ્નાયુઓને આરામ આપીને સહેલાઇથી શ્વાસ લેવામાં મદદ કરે છે.
- **ફેફસામાં**—ગ્લાયકોડીન ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છુટા પાડીને, ઊંડામાં ઊંડે રહેલી હઠીલી ખાંસીને દૂર કરે છે; અને જામેલા કફના ભરાવાને બહાર કાઢે છે.

**હંમેશા ગ્લાયકોડીનની શીશી આપની પાસે રાખો.**




ગ્લાયકોડીન—૩૦ ઉપરાંત વર્ષોથી સૌથી વધુ વેચાણ ધરાવતો ખાંસીનો ઘરગથ્થુ ઈલાજ

ચાર સાઈઝમાં મળે છે * એલેમ્બિકનું ઉત્પાદન **Alembic**

everest/363d /ACW gj

*With best compliments from*

## RAINBOW TEXDYES CORPORATION

*Manufacturers & Exporters of Coal Tar Dyes*

ARTEXSOLS ( R )
( Solubilised Vat Dyes )

ARTEX VAT PASTES
( Superafix Pastes )

ARTEXGENS ( R )

ARTEX VAT M/F POWDERS
( Colloidal Vat Powders )

ARTEX FASTS ( R )
( Stabilised Azoics )

ARTEZOLS
( Reactives Dyes )

ARTEX VATS ( R )
( Vat Dyes )

ARTEX PIGMENTS
( Printing Pigment Emulsions )

( R ) REGISTERED TRADE MARKS

**Pratapnagar Road,**
**BARODA-4.**

Grams : " **RAINBOW** "

Phone : 3762, 3036


એક દીવાથી બીજો દીવો પેટાય છે... એક નાનકડી જ્યોત ઘર આખામાં અજવાળું કરી મૂકે છે...
આપ રોજ એક એક પૈસો કે એક એક રૂપિયો બચાવતા જાઓ તો એ નાનકડી બચતમાંથી મોટી રકમ બનીને રાષ્ટ્રનાં ઉપયોગી કાર્યોમાં મદદરૂપ થાય છે.
નાની બચત
નાનેરા પ્રયાસોનું મોટેરું પરિણામ
ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકાશિત
RPC 1215

**Statement about the ownership and other particulars about newspapers**

**SVADHYAYA**

(To be published in the first issue every year after the last day of February

FORM IV

(See Rule 8)

| | | |
|---|---|---|
| 1 | *Place of the Publication*: | Oriental Institute, M. S. University of Baroda, Baroda. |
| 2 | *Periodicity of its Publication*: | Three months—October, February, May, August. |
| 3 | *Printer's Name*: | Shri Ramanlal J. Patel |
| | *Nationality*: | Indian |
| | *Address*: | Limda Pole, Raopura, Baroda |
| 4 | *Publisher's Name*: | Dr. B. J. Sandesara |
| | *Nationality*: | Indian |
| | *Address*: | Adhyapak Nivas, Pratap Gunj, Baroda |
| 5 | *Editor's Name*: | Dr. B. J. Sandesara, |
| | *Nationality*: | Indian |
| | *Address*: | Adhyapak Nivas, Pratap Gunj, Baroda. |
| 6 | *Names & addresses of Individuals who own the newspapers and partners or shareholders holding more than one percent of the total capital* | The M.S. University of Baroda, Baroda. |

I, B. J. Sandesara, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**B. J. Sandesara**
*Signature of Publisher*

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **કહેવત કથાનકો**—સ્વામી પ્રણવતીર્થજી | ૬=૫૦ |
| ૨ | **પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા | ૪=૭૫ |
| ૩ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૪ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૫ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૬ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ, દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૭ | **મીરાંબાઈ–એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર | ૬=૭૫ |
| ૮ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૯ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૧૦ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૧૧ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૧૨ | **માનવસર્જિત વસ્તુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૩ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૪ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૫ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૬ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૭ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૮ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |

## શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

| | | |
|---|---|---|
| ૧ | **ઘઉં**—શ્રી. માર્તંડ શિવભદ્ર પંડ્યા | ૩=૦૦ |
| ૨ | **આબાદીને માર્ગે**—શ્રી. કેશવલાલ વ્યાસ | ૧=૭૫ |
| ૩ | **લોકનાટ્ય અને આમકું**—શ્રી. જશવંત ઠાકર | ૧=૨૦ |
| ૪ | **ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—શ્રી. કાન્તિલાલ સી. પટવા | ૨=૩૦ |
| ૫ | **સમાજશિક્ષણ**—શ્રી. શાન્તિલાલ શાહ | ૨=૮૦ |

પ્રાપ્તિસ્થાન:

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**

**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**

**વડોદરા**




તારાદેવી—કુર્કિહાર( બિહાર )માંથી મળેલી.

[ પટણા મ્યૂઝિયમના સૌજન્યથી ]